# Table of Contents


1st Page

જીવન ચરિત્ર

પ્રસ્તાવના

વાત :- ૧ થી ૧૦

વાત :- ૧૧ થી ૨૦

વાત :- ૨૧ થી 30

વાત :- ૩૧ થી ૪૦

વાત :- ૪૧ થી ૫૦

વાત :- ૫૧ થી ૬૦

વાત :- ૬૧ થી ૭૦

વાત :- ૭૧ થી ૮૦

વાત :- ૮૧ થી ૯૦

વાત :- ૯૧ થી ૧૦૦

વાત :- ૧૦૧ થી ૧૧૦

વાત :- ૧૧૧ થી ૧૨૦

વાત :- ૧૨૧ થી ૧૩૦

વાત :- ૧૩૧ થી ૧૪૦

વાત :- ૧૪૧ થી ૧૫૦

વાત :- ૧૫૧ થી ૧૬૦

વાત :- ૧૬૧ થી ૧૭૦

વાત :- ૧૭૧ થી ૧૮૦

વાત :- ૧૮૧ થી ૧૯૦

વાત :- ૧૯૧ થી ૨૦૦

વાત :- ૨૦૧ થી ૨૧૦

વાત :- ૨૧૧ થી ૨૨૦

વાત :- ૨૨૧ થી ૨૩૦

વાત :- ૨૩૧ થી ૨૪૦

વાત :- ૨૪૧ થી ૨૫૦

વાત :- ૨૫૧ થી ૨૬૦

વાત :- ૨૬૧ થી ૨૭૦

વાત :- ૨૭૧ થી ૨૮૦

વાત :- ૨૮૧ થી ૨૯૦

વાત :- ૨૯૧ થી ૩૦૦

વાત :- ૩૦૧ થી ૩૧૦

વાત :- ૩૧૧ થી ૩૨૦

વાત :- ૩૨૧ થી ૩૩૦

વાત :- ૩૩૧ થી ૩૪૧

# ભાયાત્માનંદ સ્વામીની વાતો

**Shree Swaminarayan Gurukul Rajkot**

## જીવન ચરિત્ર

સર્વાવતારી સર્વોપરિ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીસહજાનંદ સ્વામીના આદર્શ સંતવૃંદમાં કોઈ જ્ઞાની તો કોઈ ધ્યાની, કોઈ જીતેન્દ્રીય તો કોઈ સ્થિતપ્રજ્ઞ, કોઈ આત્મદર્શી તો કોઈ આજ્ઞાંકિત, કોઈ કવિ તો કોઈ પંડિત, કોઈ મુનિ તો કોઈ સદ્‌ગુણી ને કોઈ ત્યાગી, વૈરાગી, તપસ્વી એમ પ્રગટ શ્રીહરિની પ્રેમલક્ષણા ભક્તિએ યુક્ત અનેક સંત સિતારાઓ વિશિષ્ટ રીતે ચમકતા રહેતા. એમાં સાધુતાના શણગારરુપ સદ્. ભાયાત્માનંદ સ્વામી તો ભારે અનુભવી, આત્મદર્શી ને આજ્ઞાંકિત સંત હતા.

આ વયોવૃદ્ધ તેમજ વર્તનશુદ્ધ સંતવર્યનો જન્મ મારવાડની મરુ ભૂમિમાં થયો હતો. પૂર્વજન્મના યોગી એવા આ મુમુક્ષુ સંતનું ચિત્ત સંસારમાં ચોંટયું જ નહોતું. સદ્‌ગુરુની શોધમાં એ ઘર છોડીને તીર્થ સ્થાનોમાં ફરતા હતા ત્યારે ઉદ્ધવાવતાર સદ્. રામાનંદ સ્વામીનો એમને યોગ થયેલો. દીક્ષા લઈને સાધુ થયેલા. સદાવ્રતની સેવામાં સતત પ્રવૃત રહેતા. મેઘપુરમાં એમને મહારાજના પ્રથમ દર્શન થયા ને ભાઈ રામદાસજીએ શ્રીહરિના કહેવાથી એમને ધ્યાનમાં બેસાર્યા, ત્યારથી એમનું ચિત્ત નરહરિમાં ચોંટી ગયું ને એમના અનુભવના ઉજાસમાં ભારે ઉમેરો થયો. ૬૦ વર્ષની અવસ્થાએ પહોંચેલા આ આત્માનંદજીએ ૨૦ વર્ષના યુવાન સહજાનંદ શ્રીહરિનું શિષ્યત્ત્વ સ્વીકારી લીધું અને એમના નવી હથરોટીવાળા સદાચાર મૂલક ભાગવત ધર્મના પ્રચાર કાર્યમાં એણે પોતાની જાતને ઉમંગભેર સેવામાં સમર્પી દીધી.

## ભાઈનું બિરુદ પામ્યા

ગુરુ રામાનંદ સ્વામીના દીક્ષિત શ્રી મુક્તાનંદ સ્વામી, પરમ ચૈતન્યાનંદ સ્વામી, શ્રી રામદાસજી, સુખાનંદજી તથા મૂળજી બ્રહ્મચારી આદિક સંતોને શ્રીજી પોતાના વડીલ ગુરુભાઈઓ ગણીને એમનું માન જાળવતા. એમાંય સદ્. મુક્તાનંદ સ્વામી પ્રત્યે ગુરુભાવ રાખતા ને સ. ભાઈ રામદાસજી પ્રત્યે વડીલ બંધુની ભાવના સવિશેષ રાખતા એટલું જ નહિ પણ રામદાસજીને તો ભાઈરામદાસજી કહીને પોતે સન્માનથી બોલાવતા. ભાઈ રામદાસજીએ દેહ મૂક્યા પછી થોડા દિવસ શ્રીજીએ ઉદાસીનતા સેવેલી. આથી એક દિવસ સ. મુક્તાનંદ સ્વામીએ કહેલું, 'મહારાજ, આપ આમ કેટલાક દિવસ ઉદાસ રહેશો ?' આ સાંભળી શ્રીજીએ કહ્યું, 'સ્વામી, ભાઈની યાદ અમોને સતાવે છે. હવે અમે ભાઈ કોને કહીશું ?'

'આ ગુરુભાઈ સંતોમાંથી આપને જે યોગ્ય લાગે એને આપ ભાઈ બનાવી લ્યો બીજું તો અમે શું કહીએ.' મુક્તમુનિએ કહ્યું.

'હા, સ્વામી, આપે અમોને એ ઠીક યાદ કરાવ્યું. હવે આમાં અમારી નજર તો મોટા આત્માનંદ સ્વામી ઉપર ઠરે છે. ભાઈના સ્થાનને એ વધારે શોભાવે એવા છે. આપ શું કહો છો ?' હા મહારાજ, આપે યોગ્ય પસંદગી કરી. ભાઈ રામદાસજીને પણ આત્માનંદજી ઉપર ભારે હેત હતું.' મુક્તમુનિએ પોતાનો પ્રતિભાવ આપતાં કહ્યું.

'તો પછી આત્માનંદ સ્વામીને જ ભાઈરામદાસજીની ગોદડી અને ગાદલી આપીએ.' મહારાજે સહર્ષ કહ્યું.

પછી વસ્તાખાચરને મહારાજે ભાઈની ગોદડી આપીને કહ્યું, 'આત્માનંદ સ્વામી ઝમરાળે છે તેને આપજો અને કહેજો કે તમોને ભાઈની આ ગોદડી આપી છે. તેથી સહુ હવે ભાઈ કહીને બોલાવશે.'

ત્યાર પછી આત્માનંદ સ્વામી જ્યારે ગઢડે આવ્યા ત્યારે મહારાજે એમને ભાઈ રામદાસજીની ચાદર ઓઢાડીને સંતોની સભામાં બહુમાન કર્યું તથા થાળની પ્રસાદી આપી. આ પુનિત પ્રસંગ પછી તેઓ ભાઈસ્વામી તરીકે વિશેષ ઓળખાવા લાગ્યા.

## વચનમૂર્તિ

ભાયાત્માનંદ સ્વામી સમજુ તેમજ ભારે આત્મનિષ્ઠ સંત હતા. શ્રીજીના સદ્‌પદેશ તેમજ સહવાસથી એમની દેહ દશા ટળી ગઈ હતી. એકવાર ભાઈસ્વામી સંત મંડળ સાથે વાળાક દેશમાં ફરવા ગયેલા હોવાથી રામનવમીના ઉત્સવ ઉપર વડતાલ આવી શકયા નહોતા, તેથી મહારાજના દર્શનની એમને અંતરમાં ભારે તાણ થઈ આવી. ગઢપુરની સીમમાં પીપળાવાળી વાડીએ રાત રહ્યા ને રામજી પટેલને પૂછયું કે મહારાજ હમણાં ક્યાં વિરાજે છે ? પટેલે કહ્યું મહારાજ તો અહીં ગઢડામાં જ છે પણ સંતોને હમણાં દર્શનની બંધી છે, એથી આપને દર્શન થશે નહિ. એટલે ભાઈ સ્વામીએ એને કહ્યું, 'ભાઈ, દર્શનનું કાંઈ નહિ તમે દર્શને જાવ ત્યારે મહારાજને અમારા જય સ્વામિનારાયણ કહેજો.

પટેલ તો વાળું કરીને મહારાજના દર્શને ગયા. મહારાજ પાસે જઈને કહ્યું, 'પ્રભુ, ભાઈસ્વામીએ આપને જે નારાયણ કહ્યા છે.' ત્યારે શ્રીજીએ કહ્યું, 'ભાઈસ્વામી કયાં છે ?' પટેલે માહિતી આપતા કહ્યું, 'પીપળાવાળી વાડીએ રાતવાસો રહ્યા છે.' 'એમ ! અત્યારે તો એ થાકયા હશે એટલે ભલે સૂતા પણ પ્રભાતે અહીં દરબારગઢમાં ઝોળી માગવા આવે એમ કહેજો.' શ્રીહરિએ કહ્યું.

પટેલે સંતોને આ સમાચાર કહ્યા એટલે બીજે દિવસે પ્રભાતે ભાઈસ્વામી અને તદ્રુપાનંદ સ્વામી દરબારગઢમાં આવી ઉંચે સ્વરે 'નારાયણ હરે ! સચ્ચિદાનંદ પ્રભો' એમ બોલ્યા એટલે મહારાજે નાન ભગતને મોકલીને પોતાની પાસે

એમને બોલાવ્યા. આથી આ બંને સંતો મહારાજને દંડવત કરીને પાસે બેઠા. મહારાજે એમને હેતથી જમાડયા અને પછી કયાં કયાં ફર્યા એ બધું પૂછયું. ભાઈ સ્વામીએ બધી વાત કરી. પછી શ્રીજીએ ભાઈસ્વામીને પૂછયું, 'તમે અત્યારે કોણ છો ? ભાઈસ્વામીએ કહ્યું, 'મહારાજ, અમે તો આપની ચિઠ્ઠીના ચાકર અને વચનમાં વર્તનારા છીએ.'

આ સત્સંગમાં આવીને તો વચનરુપ થયા પણ સત્સંગમાં આવ્યા મોર્ય કોણ હતા ?' શ્રીજીએ હસતાં હસતાં કહ્યું, 'મોર્ય તો માયાનો જીવ હતો' ભાઈસ્વામીએ સ્પષ્ટતા કરતાં કહ્યું.

'હમણે માયાનો જીવ હશે કે ટળી ગયો હશે ?' શ્રીજીએ ઊલટ તપાસ કરતાં કહ્યું.

આ સાંભળી ભાયાત્માનંદ સ્વામી મૌન રહ્યા એટલે શ્રીજીએ કહ્યું, 'અમારી આજ્ઞા પ્રમાણે વર્તે અને અમારાં વચનમાં વિશ્વાસ રાખે એ વચનરુપ થાય. માટે વચન પ્રમાણે વર્તવાનું તાન રાખવું.'

શ્રીજીનો આ સદ્ઉપદેશ આત્માનંદસ્વામીના અંતરમાં ઠેઠ ઊંડે સુધી ઉતરી ગયો. પછી તો શ્રીજીની આજ્ઞાનું દૃઢ અનુસરણ એ જ એમના જીવનનું પરમ લક્ષ્ય બની ગયું. નાનાં તેમજ મોટાં વચનોની એમને ભારે ખટક રહેવા લાગી. દૈહિક દુઃખમાં એ કદી દાઝતા કે અકળાતા નહિ. ખબડદાર થઈને નિયમોનું પાલન કરતા. એમના મુખે હિંમત વિનાની કે મોળી વાત કદી સાંભળવા મળતી નહિ. દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણના ભાવને એ દબાવીને વર્તતા. એમના અંતરમાં આઠે પહોર આત્મવિચાર સ્થિર રહેતો. ઈન્દ્રિયો અને અંતઃકરણ તથા પંચ વિષયરુપ જે માયાનું ટોળું એનાથી એમનો આત્મા સદાય નિરાળો રહેતો. 'તન કરી નાખે રે ગુરુ વચને ચૂરેચૂરા.' ખરેખર આવા સાચા અર્થમાં એ વચનમૂર્તિ સંત બની રહ્યા હતા.

ગઢડા અંત્યના ૨૪મા વચનામૃતમાં મોટેરા પરમહંસ તથા હરિભક્તોના અંગ ઓળખાવતાં શ્રીજી સ્વમુખે કહે છે, 'મોટા આત્માનંદ સ્વામીને અમારા વચનનું ઉલ્લંઘન થાય નહિ એવું અંગ' આમ શ્રીમુખનાં વચનની એમને મહોર છાપ લાગી ગઈ હતી.

## કઠણ વ્રતે પૂરા

એકવાર મહારાજે સહુ સંતોને ઉદ્દેશીને કહ્યું, 'સંતો, તમારામાંથી જેણે પોતાના દેહને અર્થે કોઈ પાસે કાંઈ પણ માગ્યું ન હોય એ બોલો ?'

આ સાંભળીને એક સંત ઉભા થઈને બોલ્યા 'મહારાજ, મેં કોઈ પાસે કાંઈ પણ માગ્યું નથી !'

'તમે !! ઓલા પીપળિયા ગામમાં લુવાર વેલા પાસેથી તમારું ધોતિયું સાંધવા સોય–દોરા માગ્યા હતા કે નહિ ? બોલો, કાંઈ યાદ આવે છે ?' એમને યાદી આપતા શ્રીજીએ કહ્યું.

'હા મહારાજ, લૂગડું સાંધવા સોય–દોરો માગ્યાં હતાં ખરા.' પોતાની સ્મૃતિને સતેજ કરીને ભૂલનો એકરાર કરી લેતા સંતે કહ્યું.

અંતર્યામી આગળ કોનો ગજ વાગે ? સહુ પોતપોતાનાં અંતરનો ચોપડો તપાસવા માંડયા. સભા સ્તબ્ધ બની ગઈ. કોઈ કશું બોલતું નહોતું. એવામાં આગલી હરોળમાં બેઠેલા ભાઈસ્વામી ઉભા થયા એટલે સહુની નજર એમના પર નોંધાણી. બે હાથ જોડીને એમણે વિનમ્ર સ્વરે કહ્યું, 'મહારાજ, મેં મારા દેહને અર્થે કોઈની પાસે કાંઈ પણ માગ્યું નથી.' એમના આ શબ્દો સહુના કાનમાં ગૂંજી રહ્યા અને પ્રગટ પરબ્રહ્મ પરમાત્મા સહજાનંદ શ્રીહરિ તરફથી એનો પ્રતિભાવ સાંભળવા ઉત્સુક બનેલા સહુ પ્રભુના મુખ સામે તાકી રહ્યા.

'હા !! તમે ખરા !! તમે કોઈ પાસે કશું માગ્યું નથી, ભાઈ સ્વામીની વાતને માન્ય રાખીને સહુની અધિરાઈનો અંત આણતા ને પોતાની પ્રસન્નતા બતાવતા અવિનાશી બોલી ઉઠયા. એમણે સહુ સંતોને સાનુકૂળ ટકોર પણ કરી જેનો ઉલ્લેખ કરતાં સદ્. નિષ્કુળાનંદ સ્વામી ભક્ત ચિંતામણિના ૭૧ના પ્રકરણમાં લખે છે કે :–

પછી નાથ કહે સંત શૂરા, આમાં કોણ કઠણ વ્રતે પૂરા;
જેવા છે આ આત્માનંદ, એવા હો તે બોલો મુનિ ઈન્દ.
પછી સંત ઉઠયા જોડી હાથ, જેમ કહો તેમ કરીએ નાથ;
એમ હિંમત છે મનમાંય, તમે કહો તે કેમ ન થાય.

## સજાગ સંત

વર્તમાન પાલનમાં પોતે ભારે સજાગ અને સાવધાન રહેતા. હું કાંઈ ભૂલતો તો નથી ને ? એવું એમને હમેશાં અનુસંધાન રહેતું. એકવાર કારિયાણીમાં વસ્તા ખાચરના દરબાર ગઢમાં શ્રીજી શેરડીનો મેવો આરોગતા હતા ને ભાઈ સ્વામી તથા વ્યાપકાનંદ સ્વામી દર્શને આવ્યા. દંડવત કરીને સન્મુખ બેઠા એટલે શ્રીજીએ શેરડીના મેવાની તાંસળી એમની તરફ ઠેલી અને કહ્યું, બંને જમો. ત્યારે ભાઈ સ્વામીએ હાથ જોડયા ને કહ્યું, 'આપે મેઘપુરમાં ગળ્યા ચીકણાની બંધી કરી છે એટલે આ નહિ જમીએ.' આ સાંભળી શ્રીજીએ કહ્યું, 'તમે ખરા સજાગ સંત છો. હવે અમે પ્રકરણ બદલાવ્યું છે ને સહુ સંતો જમે છે માટે તમે પણ શેરડીનો પ્રસાદ જમો.'

શ્રીજી વિવિધ પ્રકરણો બદલતાં જેનું અનુસરણ તેઓ તુર્ત જ કરતા પરંતુ એમાં નિવૃત્તિ તો ખાત્રી થયા પછી જ લેતા. 'રખે વચનનો લોપ થઈ જાય' એવો હરણ ફડકો એ કાયમ રાખતા. વચનમાં તલભાર ફેર પડવા દેતા નહિ એથી એમને સંતવૃંદમાં વણતોળી મોટપ મળી હતી. શ્રીજી પણ એમની પર ખૂબ પ્રસન્ન રહેતા.

## પ્રસન્નતાનું પાત્ર

લોયામાં શાકોત્સવ પ્રસંગે શ્રીજીએ એમની ધર્મ પાલનની ધગશ, શ્રદ્ધા અને દૃઢતા જોઈને એમનું પૂજન કર્યું. પુષ્પના હાર પહેરાવ્યા. અરે ભાઈ સ્વામીએ ના પાડવા છતાં શ્રીજીએ એમને ગજરા તોરા ધારણ કરાવ્યા ને પોતાના હાથે જ બાજુબંધ પણ બાંધી દીધા હતા. વડતાલમાં પણ શ્રીજીએ એમની પર આવી પ્રસન્નતા દાખવી હતી જેનો ઉલ્લેખ સદ્. નિષ્કુળાનંદ સ્વામી ભ. ચિં. પ્ર. ૮૪માં કરતાં લખે છે કે :

એક વૃદ્ધ સાધુ વિકાર વિના, નાથની નજરે આવિયો;
પ્રસન્ન થઈ પોતે પછી, સુંદર સ્વાંગ પહેરાવિયો.

એકવાર સભામાં મહારાજે હારને સુદર્શન ચક્રની પેઠે ચક્કર ચક્કર ફેરવીને ભાયાત્માનંદજી ઉપર નાખ્યો એટલે બ્રહ્મમુનિએ પોતાનો પ્રતિભાવ આપતા કહ્યું, 'મહારાજ, હાર યોગ્ય જગ્યાએ જ ગયો કારણ કે હાર જેમ આંગળીને આધારે ફરતો હતો તેમ આ ભાઈસ્વામી પણ આપના વચનને આધારે જ ફરે છે. માટે એ હારના યોગ્ય અધિકારી તો એ જ છે.

જેતલપુરમાં પણ એક વખત શ્રીજીએ સંતોની સભામાં આત્માનંદ સ્વામીના વર્તમાન પાલનની ભારે પ્રશંસા કરી હતી. શ્રીજીની આવી પ્રસન્નતા ને પ્રશંસાનો અંતરમાં અહં ન આવી જાય એ માટે તેઓ પોતાના અંતરના ચોપડાને કાયમ તપાસતા રહેતા હતા. આવા અડગ આજ્ઞાકારી સંત પ્રભુની અદકેરી પ્રસન્નતાનું પાત્ર બની રહે એમાં શું કહેવું !

શ્રીજીએ જેમને ભાઈ સ્વામીનું બિરુદ આપ્યું એ સદ્. ભાયાત્માનંદ સ્વામી સાધુતાના સ્થંભ હતા. સંતોના વૃંદમાં એમની સાધુતાની સહુ કોઈ તારીફ કરતા. ધર્મ પાલનની એમની એવી ધગશ હતી કે શ્રીજીની નાની મોટી તમામ આજ્ઞાઓનું ચુસ્તપણે પાલન કરતા. સંતોની કસોટી માટે શ્રીજીએ પ્રારંભમાં અનેક પ્રકરણો ફેરવ્યા હતા. ભાયાત્માનંદ સ્વામી એનું બહુ ચીવટપૂર્વક કડક પાલન કરતા. શ્રીજીના મુખો મુખનાં વચનમાં બાંધછોડ કરવાનું એમને પાલવતું નહિ. આ અંગેનો એમના જીવનનો એક પ્રસંગ અત્રે નોંધવા જેવો છે.

## પ્રેરક પ્રસંગ

એક વખત મુક્તાનંદ સ્વામી પચાસેક સાધુઓનું મંડળ લઈ મારવાડ તરફ સત્સંગ પ્રચાર અર્થે ગયેલા. સાથે ભાઈ આત્માનંદ સ્વામી પણ હતા. થતો સંપ્રદાય ને આજના જેવા મંદિરો કે સત્સંગીના ગામડાં ન હોવાથી તે દિવસોમાં ઠેકઠેકાણે સત્કારને બદલે સાધુઓનો અનાદર વધારે થતો. ખાખી વેરાગીઓનો માર પણ સહન કરવો પડતો. ભિક્ષા મળવી ઘણી વાર દુર્લભ થઈ પડતી.

મારવાડ જેવા દેશમાં આ સંતોને ભિક્ષા ન મળવાને કારણે લગલગાટ ત્રણ ઉપવાસ થયા. ચોથે દિવસે કોઈ શ્રદ્ધાળુ બ્રાહ્મણે આ સાધુને સુપાત્ર જાણી પોતાને ઘેર ભોજન કરવા આવવાનું કહ્યું. આ સાંભળી મુક્તમુનિએ કહ્યું, 'અમારે સંતોને ગળ્યું ચીકણું ખાવાના નિયમો છે માટે જો એકલી ખીચડી જ કરો તો આવીએ. જોજો, ખીચડીમાં ઘી પણ નહિ નાખવાનું!'

આવી સાધુતાને જોઈને પેલો બ્રાહ્મણ બહુ રાજી થયો. એણે હોંશથી ખીચડી બનાવી. સંતોને જમવા બેસાર્યા. સ્વામિનારાયણ નારાયણ નારાયણ... ધૂન શરુ થઈ. પેલા ભૂદેવે સંતોને પત્તરમાં ખીચડી પીરસવા માંડી. સજાગ ભાયાત્માનંદ સ્વામીને સુગંધ ઉપરથી ખીચડીમાં ઘી હોવાનો ભાસ થયો એટલે ધૂનને અંતે જેવી જે બોલાણી કે તુર્ત જ એ એમની ટેવ પ્રમાણે બોલી ઉઠયા, 'અનીડો, ખીચડીમાં ઘી નાખ્યુ હોય એમ લાગે છે ?'

આ સાંભળી તમામ સંતોના હાથ થંભી ગયા. સદ્. મુક્તાનંદ સ્વામીએ પેલા ભૂદેવને પૂછયું, 'તમે ખીચડીમાં ઘી નાખ્યું છે ?'

'ના મહારાજ, તમારા નિમિત્તે તો મુદ્દલ ઘી નાખ્યું નથી પણ વિષ્ણુને નૈવેદ્ય ધરાવવા કાઢેલ ખીચડીમાં થોડુંક ઘી નાખ્યું હતું ખરું. પછી પ્રસાદીની એ ખીચડી આ બધી ખીચડીમાં મેળવી દીધી છે.' ભૂદેવે ચોખવટ કરતાં કહ્યું.

આ સાંભળતાં ભાયાત્માનંદ સ્વામી તો તુર્ત જ ઉભા થઈ ગયા અને બોલ્યા કે આ ખીચડી મને તો નહિ જ ખપે ! માટે મારાથી જમાશે નહિ. આથી બીજા સંતો પણ અટકયા એટલે સમય અને સંજોગનો વિચાર કરી સદ્. મુક્તાનંદ સ્વામીએ સંતોને ખીચડી ખાઈ લેવા આગ્રહ કર્યો. અંતમાં ઉમેર્યું આપણા માટે એણે ઘી નાખ્યું નથી પણ દેવને ધરાવવા માટે નાખેલું. આ ઘી પ્રસાદીરુપે અલ્પ માત્રામાં ખીચડીમાં ભળ્યું હોવાથી એ ખાવામાં બાધ નથી. વળી સહુ સંતોને ત્રણ દિવસના કોરા કડાકા છે અને પાછું આ ખીચડીનો બગાડ થાય તો આ શ્રદ્ધાળુની શ્રદ્ધાને ધક્કો લાગે ને આપણો અભાવ આવે એ જુદ્દું, માટે ભલા થઈને કોઈ ઉઠી જશોમા. 'વચનમૂર્તિ' ભાયાત્માનંદ સ્વામીનો વાદ લઈને ઉઠી જવું એ ઠીક નથી છતાં નિયમ ભંગ થયાનો કાંઈ બાધ આવશે તો મહારાજ પાસે હું બધા વતી ક્ષમા યાચીને તેનુ પ્રાયશ્ચિત માગી લઈશ.

મુક્તમુનિની વિનયવાણીથી સહુ સંતો જમ્યા પણ વચનમૂર્તિ આત્માનંદ સ્વામી શ્રીજીની આજ્ઞામાં મક્કમ રહ્યા ને ચોથો ઉપવાસ ખેંચી કાઢયો. એ કાંઈ નાની સૂની વાત નથી. ગઢપુર આવી શ્રીજીના દર્શને ગયા ત્યારે મુક્તમુનિએ પોતાનાથી થયેલ આજ્ઞાલોપની સઘળી વાત કહી સંભળાવી અને અંતમાં ક્ષમા માગી ત્યારે શ્રીજીએ ભાયાત્માનંદ સ્વામીની આજ્ઞા પાલનની દૃઢતાની ને મુક્તમુનિની સત્સંગના સમાસની સૂક્ષ્મ દૃષ્ટિની ભારોભાર પ્રશંસા કરી.

## વિસ્મૃતિની વિટંબણા

એક વખત શ્રીજીએ સભામાં સંતોને કહ્યું, 'ખાણ ગામ તરફ જાય એવા કોઈ છે ?' ત્યારે ભાયાત્માનંદ સ્વામીએ કહ્યું, 'ભલે મહારાજ, હું જાઉં.'

'તો હું તમને કાગળ લખી દઉં.' 'આપને જે કહેવું હોય એ મોઢે કહો કાગળિયું અમારે ભેળું કયાં સાચવવું?'

'શંભુદાનજીનો સંદેશો હતો કે આ બાજુ સંતોને મોકલો તો સત્સંગનો લાભ મળે એટલે એમને ત્યાં ખાણ ગામ જવાનું છે ને એમને અમારા નારાયણ કહેજો. ખાણ ગામ આબુની તળેટીમાં આવેલું છે. તમે એ બાજુ ક્યારેય ગયા ન હો એટલે કહો તો ઠામ ઠેકાણું ચિઠ્ઠીમાં લખી આપીએ.' શ્રીજીએ ફરીથી આગ્રહપૂર્વક કહી જોયું.

'ના મહારાજ આમાં કાંઈ ચિઠ્ઠી લખી આપવાની જરુર નથી આટલું તો યાદ રહેશે જ જેમ જારની ખાણ, ધૂળ કે પથ્થરની ખાણ એમ આ ખાણ ગામ એ હવે નહિ ભુલાય જાય.'

બીજે દિવસે ભાયાત્માનંદ સ્વામી એક સંતને સાથે લઈને એ તરફ રવાના થયા. આગળ જતાં દિશા ભૂલી જવાથી આબુથી આગળ નીકળી ગયા. એક ઠેકાણે વૃક્ષ નીચે બાટી પકવવા જતાં ધુમાડો થતાં ભમરીયું મધ ઉડયુંને માખીઓના ડંખથી બચવા તળાવમાં પડયા. હેરાન થયા. જ્યાં જવું તું એ ખાણ ગામનું ઠામ ઠેકાણુંને નામ પણ ભૂલી ગયા. ભિક્ષા ન મળવાથી ત્રણ ચાર ઉપવાસ થયા. વિપ્ર વેશે આવીને મહારાજ સહાય કરી ને ખાણ ગામને રસ્તે ચડાવી ગયા.

ભાઈ સ્વામી જ્યારે આ પ્રસંગની વાત કરતા ત્યારે બહુ દિલગીર બની જતા અને કહેતા કે મેં મહારાજની મરજી કયારેય નહોતી લોપી પણ આ એક વખત પ્રભુની મરજીને હું સમજી ન શકયો ને મન ધાર્યું કરવા ગયો એમાં બહુ હેરાન થયેલો.

## કેટલાક પાવન પ્રસંગો

એક વાર મહારાજ ભુખણ ભાવસારને ત્યાં મેઉ ગામ પધાર્યા. ત્યાં પ્રતિવાદીઓએ મહારાજને પ્રશ્નો પૂછેલા તેમાંથી ‘કમેવાદ્વિતીય બ્રહ્મ એ પ્રશ્ન શ્રીજીએ આત્માનંદ સ્વામીને સંભળાવ્યો ને પૂછયું તમે આમાં કેમ સમજો છો ? ત્યારે ભાયાત્માનંદ સ્વામી બોલ્યા જે 'અમને તો તમે જે મળ્યા તે અદ્વિતીય બ્રહ્મ જ છો.' આ સાંભળી મહારાજે હસતાં હસતાં કહ્યું, 'તમે બીજી રીતે સમજ્યા છો ને એ લોકોની સમજણ બીજી છે.' ત્યારે સ્વામીએ કહ્યું, 'મહારાજ અમારે એની સમજણનું શું કામ છે ? અમારે તો આ મળ્યા એ જ અદ્વિતીય બ્રહ્મ હવે બીજે ફાંફાં શા સારુ મારવા ?'

એક વાર ભાઈસ્વામી ફરતા ફરતા ધોરાજી આવ્યા ને વરસાદ ચાલુ થયો એટલે ભિક્ષા માગવા જઈ શકાયું નહિ ને એક ખંડિયેર મકાનના ખૂણામાં ભજન કરતા બેસી રહ્યા. વરસાદ ચાલુ હતો. રાત પડી ગઈ. પોતે પલળી ગયા

હોવાથી ટાઢમાં ધ્રુજતા હતા પણ મનમાં વિશ્વાસ કે આપણે તો મહારાજનો આશરો એટલે આપણી ફીકર એમને છે. એ બધાય સારા વાનાં કરશે. રાતના ૧૦ વાગ્યે શ્રીજી છત્રી ઓઢીને વિપ્ર વેશે આવ્યા. સ્વામીને ખીચડી કઢી જમાડી ગયા. આવી કટોકટીમાં પણ એમની આસ્થા ડગતી નહિ.

સત્સંગ પ્રચાર અર્થે નીકળેલા ભાયાત્માનંદ સ્વામી ને સાથેના ત્રણ સંતો જલસેણ ગામે આવ્યા ને ધર્મશાળામાં મૂકામ રાખી મુમુક્ષુઓને પ્રગટ ભગવાનની વાતો કહીને કલ્યાણના સન્માર્ગે વાળી રહ્યા હતા. એ દેખીને અદેખાઓને દિલમાં દાજય ઉપડી. આ સંતોનું કાસળ કાઢી નાખવા સારું ભિક્ષાના અન્નમાં કાતિલ ઝેર ભેળવીને આપી દીધું. અજાણતા સંતોએ ખાધું ને ખાતા વેંત હળાહળ ઝેર જઠરમાં વ્યાપી ગયું. કંઠ રુંધાઈ ગયો ને ઉગરવાની કોઈ આશા રહી નહિ. રગરગમાં વ્યાપેલ કાતિલ ઝેરથી વ્યથા પામતા આ સંતોના અંતરમાંથી આર્તનાદનો પોકાર નીકળ્યો. અંતર્યામીએ એકદમ આવી ચારેય સંતોની આ પ્રાણઘાતક કષ્ટમાં રક્ષા કરીને અપૂર્વ પરચો પૂર્યો જેનો નિષ્કુળાનંદ સ્વામીએ ભ. ચિ. પ્ર. ૧૩૫માં ઉલ્લેખ કરેલ છે.

સ્વધામ પધારી જવા મહારાજે મંદવાડ ગ્રહણ કર્યો ત્યારે સંત હરિભક્તોના હૈયામાં ફાળ પડી. અંતીમ દર્શન માટે સહુ ગઢપુર આવે ને આવી વસમી વેળામાં ભાઈ સ્વામીને મંદિરનાં કામકાજે ધોલેરા જવાનું થયું, શ્રીજીના દર્શન કરીને નીકળ્યા તો ખરા પણ મનમાં વેદના થવા લાગી. 'કદાચ મહારાજ સ્વધામ પધારી જશે તો હું અંતિમ દર્શન વિના સદાયનો અભાગિયો રહી જઈશ. આ ઉચ્ચાટથી ૯૦ વર્ષની વયે પણ ભાઈ સ્વામી ગઢડાથી ચાલીને ધોલેરે જઈને કામ પતાવી બીજે દિવસે પાછા આવીને તુરત શ્રીજીના દર્શને ગયા. નિત્યાનંદ સ્વામી મહારાજ પાસે બેઠા હતા. શ્રીહરિના મુખારવિંદ ઉપરથી ચાદર જરા ઊંચી કરીને દર્શન કરાવ્યા એ એમના અંતિમ દર્શન. બીજે દિવસે તો શ્રીજી સ્વધામ પધારી ગયા હતા.

**દેહ ત્યાગ**

ભાયાત્માનંદ સ્વામી શ્રીજીની આજ્ઞાથી ધોલેરા મંદિરની સેવામાં રહ્યા હતા અને શ્રીજી સ્વધામ પધાર્યા પછી સ્વામી વાગડ ગામમાં રહેતા ત્યાં માંદગીમાં બોટાદના શિવલાલભાઈએ સ્વામીની મહિમાથી સેવા કરેલી. ધામમાં જતાં પહેલા સ્વામીએ એમને વર માગવા આગ્રહ કર્યો ત્યારે શિવલાલભાઈએ માગ્યું કે આપ ધામમાં જાવ તે પછી સાતમે દિવસે મને તેડવા આવજો.

આ સાંભળી સ્વામી ચોંકી ઉઠયા ને કહ્યું, 'શિવલાલ તું હજુ નાનો છો એ સિવાય બીજું કાંઈક માગી લે.'

ત્યારે શિવલાલભાઈએ કહ્યું, 'ના સ્વામી, બીજું મારે નથી માગવું. આપ પ્રસન્ન થયા હો તો એ જ આપો.'

આ પછી બીજે દિવસે સ્વામી દેહ મેલી ધામમાં ગયા ને વાયદા પ્રમાણે મહારાજ સાથે શિવલાલભાઈને તેડવા પણ આવ્યા હતા. આ સમર્થ સંત સવાસો વર્ષ જીવ્યા હતા.

અંતમાં આ સ્થિતપ્રજ્ઞ અણીશુદ્ધ આજ્ઞાપાલક સંતનું પવિત્ર જીવનચરિત્ર સહુને પ્રેરણાદાયી બની રહો

## પ્રસ્તાવના

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પૂજ્યપાદ્ સદ્‌ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ ઈષ્ટદેવ શ્રીહરિની પરમ કૃપા અને જૂના સંતોના શુભાશીર્વાદથી સત્સંગ સમાજની ઉન્નતિ થાય એવી અનેકવિધ જનહિતની મંગળ પ્રવૃત્તિઓ સતત ચાલુ રાખી છે. તેમાં સત્સંગના સાહિત્યને વેગ મળે, સંપ્રદાયની પુષ્ટિ થાય અને જનસમાજને શિષ્ટ પ્રેરણાદાયી વાચન મળે એવા શુભાશયથી સદ્‌વિદ્યા માસિક સાથે સાથે સંપ્રદાય માન્ય વિવિધ સદ્‌ગ્રંથોનું પ્રકાશન પણ થતું રહે છે.

આ નવા વર્ષના પ્રારંભમાં રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સાહિત્ય પ્રકાશન વિભાગ તરફથી શ્રીહરિના લીલા ચરિત્રોથી સભર એવી સદ્. ભાયાત્માનંદ સ્વામીની વાતોનું આ પુસ્તક સત્સંગ સમાજને ચરણે ધરતાં આનંદ અનુભવીએ છીએ.

મૂળ હસ્તલિખિત ગ્રંથમાંથી સંશોધન કરી પ્રૂફ તપાસવાની સેવા પ્રવૃત્તિમાં સાધુ લક્ષ્મીનારાયણદાસજી તથા શ્રી વશરામ ભગત તથા પ.ભ. શ્રી સુરેશભાઈ ભટ્ટ સાહેબે ઉત્સાહથી સેવા બજાવી છે. પેઇજ સેટિંગ સાધુ રસિકવલ્લભદાસજીએ કરેલ છે. આ લીલા ચરિત્રો સહુને શાંતિ ને પ્રેરણાદાયી બની રહો. અંતરની એ જ અભ્યર્થના.

શ્રીજી મહારાજનાં ચરિત્રો જે રીતે એ બેઠા ઊઠયા હોય ને જે રીતે બોલ્યા હોય એ આદિક જે લીલાચરિત્રો તે મારી બુદ્ધિ અનુસારે જેમ મેં દીઠાં છે ને જેમ મને સાંભરે છે તે પ્રમાણે લખું છું.

તેમાં પ્રથમ પહેલાં મારે મેઘપુરમાં મહારાજનાં દર્શન થયાં, તે સોનીના ફળિયામાં પોતિયાભર બિરાજેલા હતા. તે સમામાં છોકરાંને સમાધિ કરાવતા હતા. પછી મને મહારાજે કહ્યું જે તમે ધ્યાનમાં બેસો. ધ્યાનમાં બેસીને ધ્યાન કર્યું. ત્યાર પછી સાંજને વખતે નાહવા ગયા તે નાહીને આવ્યા પછી મહારાજે રામદાસજીને કહ્યું જે આત્માનંદ સ્વામીને ધ્યાનમાં બેસારો. ત્યારે ધ્યાનમાં બેસાર્યા અને ભજન કરવાની રીત બતાવી, જે અંતરમાં દૃષ્ટિ રાખો અને જીભ હલાવ્યા વગર ભજન કરો. પછી ભજન કર્યું ત્યારે એમણે પૂછયું જે ભજન થાય છે ? ત્યારે મેં કહ્યું જે ભજન કરીએ તો થાય; ત્યારે એમણે કહ્યું જે, આ રીતે ભજન સ્મરણ કરજો ને અંતરદૃષ્ટિ રાખજો (૧)

પછી મહારાજે આજ્ઞા કરી જે સરધાર જાઓ ને નિઃસંશય રહેજો ને આનંદમાં રહેજો, એટલું વચન કહ્યું. તે સમામાં મેઘપુર ગામે બ્રાહ્મણોને છ મહિના ચોરાશી કરીને જમાડયા. (૨)

પછી કેટલેક દિવસે પાછા મેઘપુર પધાર્યા. એક દિવસે સાધુ નાહવા ગયા હતા, ત્યાં શેરડીનો સાંઠો વાડમાં પડયો હતો; તે એક સાધુએ ચૂસ્યો ને પછી કોસિયાને આપ્યો. તે કોસિયે લઈને સાધુને માર્યો, ત્યારે સાધુએ કહ્યું જે, તું મહારાજને કહીશમા; તો પણ તે કોસિયે કહ્યું જે તમારા સાધુ રાધાચરણદાસજીએ શેરડી ભાંગી; ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, શેરડીમાંથી જે નિપજે તે સાકર, ખાંડ, ગોળ ખાવું નહિ. એમ શ્રીજી મહારાજે આજ્ઞા કરી. (૩)

પછી ત્રીજીવાર મહારાજને દર્શને આવ્યો, ત્યારે તે સમામાં લાડકીબાઈને સમાધિ કરાવતા હતા. તે બાઈએ કહ્યું જે, મારે પરણવું નથી. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, જોરે પરણાવશે ત્યારે શું બળ કરીશ ? ત્યારે તેણે કહ્યું જે, દેહનો ત્યાગ કરી દઉં. ત્યારે મહારાજે કહ્યું જે, દેહ મૂકવો તે શું તારા હાથમાં છે, તે દેહ મૂકીશ ? અને મુકાવો તો મારા હાથમાં છે; તો પણ વાદ કરીને હઠને જોરે નાડી પ્રાણ તાણવા માંડયાં. ત્યારે મહારાજે જાણ્યું જે, દેહ મૂકી દેશે તો પાછી એ દેહમાં નહિ આવે. તે સારુ મહારાજે કંઠે આવતાં ઝાલી રાખી. તેણે દેહ મૂકવાના ઉપાયો તો ઘણા કર્યા પણ દેહ મુકાયો નહિ, તે માટે દેહમાં રહી. (૪)

ત્યાર પછી તો ભાટ લોકોને અદાવત બહુ થઈ ને મહારાજને જમવા સારુ નોતરું દીધું ને મારવાને સારુ વણથલીથી ભાવરને તેડાવ્યા. તે ભાવર આવ્યા ને મહારાજ તો જમવા ગયા. ભાવરે ઝાંપે આવતાં ભક્ત મૂળજીને

ગોળી મારી. ભાઈ મૂળજી તો સમાધિનિષ્ઠ હતા. તે નેત્રમાં જીવને રાખી રહ્યા અને ત્યાં તો હોકારો બહુ થયો ને મહારાજે એમ જાણ્યું જે આ તો દગો થયો. પોતે સાબદા થયા ને કોઠા ઉપર જે ચઢયા હતા તેને કહ્યું જે હેઠા ઉતરો; ત્યારે તે હેઠા ઉતર્યા. પછી મહારાજ બોલ્યા જે, સાબદા થઈને કમાડ ઉઘાડીને બહાર નીકળો; નહિ તો માણસ બહુ થશે તો નીકળાશે નહિ, માટે સામા થાઓ. પછી સામા થયા. મુળુભાઈ બંધિયાવાળે હાકલ કરીને જામગરીઓ હોલવી નાખી ને સોંસરા નીસર્યા તે ઝાંપે આવતાં મૂળજી ભક્તને પડેલો ભાળ્યો, તે નેત્રમાં જીવ રાખી રહ્યો હતો. તેણે મહારાજના દર્શન કરીને દેહ મૂકી દીધો. કાઠી પાછા વળ્યા, જે આ તો બહુ ખોટું થાય છે ને અમારી લાજ જાય છે, માટે અમે તો પાછા વળીશું પણ શ્રીજી મહારાજે એમને જાવા ન દીધા સમ દઈને પાછા વાળ્યા, ત્યાર પછી મહારાજે એમ કહ્યું જે અમારા સાધુ સત્સંગી હોય તેમણે આ ગામનું અન્નજળ લેવું નહિ. એમ કહીને ચાલી નીસર્યા. (૫)

એકવાર ગામ ફણેણીમાં દર્શન કરવા સારુ ગયા. મહારાજના દર્શન કરીને બેઠા ત્યારે શ્રીજી મહારાજે પૂછયું જે તમે રાત કયાં રહ્યા હતા? ત્યારે અમે કહ્યું જે ધોરાજીમાં હતા; ત્યારે શ્રીજી મહારાજે પૂછયું જે, રઘુનાથદાસજી કાંઈ બોલ્યા ? ત્યારે મેં કહ્યું જે, હે મહારાજ, અમને એમ કહ્યું જે ઠામ મંગાવ્યાં છે. ત્યાર પછી વળી શ્રીજી મહારાજ દક્ષણાદે મુખારવિંદે ઢોલિયા ઉપર બિરાજમાન થયા અને દર્શન કરીને બેઠા. મનમાં પૂછયાનું તો ઘણુંયે થાય પણ સંકોચે કરીને બોલાય નહિ; વળી શ્રીજી મહારાજ અંતરનું જાણીને લઘુશંકાને મિષે કરીને વાડામાં ગયા. પછી મેં રામદાસજીને પૂછયું; ત્યાં તો મહારાજ પાછા આવીને ઢોલિયા ઉપર બેઠા ને પોતે જ બોલ્યા જે આત્માનંદ સ્વામી શું પૂછતા હતા ? પછી રામદાસજીએ કહ્યું જે કાંઈક સવૈયા જેવું કહેતા હતા. પછી શ્રીજી મહારાજ હસતા થકા બોલ્યા જે કયો સવૈયો, કોનો કરેલો છે ? ત્યારે આત્માનંદ સ્વામી બોલ્યા જે એ તો દિલ્હીમાં ચરણદાસ થઈ ગયા તેનો કરેલ છે ! ત્યારે મહારાજ બોલ્યા જે એને શુકજી મળ્યા છે ? ત્યારે મેં કહ્યું જે એના મતવાળા કહે છે જે શુકજી મળ્યા છે. પછી મહારાજ બોલ્યા જે એ સવૈયામાં શી વાત છે ? ત્યારે મેં કહ્યું જે મૂળ શોધીને અપાન વાયુને પાછો તાણે, પછી પાન અપાનને ભેળા કરીને દશમે દ્વાર ચઢી જાય ત્યાં કાળનો ભય નહિ. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે એ તો હઠજોગની વાત છે. તમને શું શું શીખવ્યું હતું? ત્યારે કહ્યું જે નેતિ, ધોતિ, ગજક્રિયા, શંખપ્રક્ષાલન, નોલિ, કુંભક, રેચક આદિ ક્રિયા શીખવી હતી. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે પૂર્વે મોટા થયા તેમણે હઠજોગ પ્રવર્તાવ્યો છે. તે ક્રિયા કરતા કોઈકને સિદ્ધ થઈ છે અને આજ તો કૃપાસાધ્ય છે. માટે અનંતને સમાધિ થાય છે; તે આ બ્રહ્માંડમાં પ્રસિદ્ધ છે; માટે આજ તો હઠજોગી કોઈ નથી અને જો હોત તો આવ્યા વિના રહેત નહિ. શા માટે જે ગોરખનાથ હઠજોગી હતા, તે કબીરની વાણી સાંભળીને કાશીમાં ગયા; ત્યાં એ બેના સંવાદનો ગ્રંથ છે. (૬)

એટલી વાત કહીને પછી હરિજનને ઘેર જમવા પધાર્યા; તે હરિજન પ્રેમી હતા તેથી ઘી અઢી શેર હતું તે પતરમાં પીરસ્યું, ત્યારે રામદાસજી બોલ્યા જે એટલું બધું કેમ પીરસ્યું? ત્યારે મહારાજે કહ્યું, 'મર પીરસે,' પછી મહારાજ એમને એમ પી ગયા. ત્યાર પછી જમીને ઉતારે આવ્યા. પછી ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજ્યા. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, આ કાગળ મોકલવો છે તે કેના ભેળો મોકલીશું? મારી સામું જોઈને કહ્યું જે તમે સરધાર જાઓ. ત્યારે હું પગે લાગીને ચાલ્યો, ત્યારે મહારાજ બોલ્યા જે આજ તો ધ્યાન, ધારણા, સમાધિ તે ભગવાનની આજ્ઞામાં રહી છે. તે પછી મારે સમાધિની ઈચ્છા ને સંકલ્પ મહારાજની ઈચ્છાથી ટળી ગયા.(૭)

એકવાર મહારાજને દર્શને ગયો. ગામ બંધિયામાં ડોસા વાણિયાના ફળિયામાં રામાનંદ સ્વામી છતાંની ઓરડી હતી તેમાં ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા ને વેદસ્તુતિનું પાનું લઈને વાંચતા હતા. શ્રીજી મહારાજ બોલ્યા જે, 'જગતમાં જે ભાગવત સાંભળે છે તે એમ સમજે છે જે, રાજા પરીક્ષિતને શુકજીએ એમ કહ્યું; પણ એમ ન સમજે જે આપણે રાજા પરીક્ષિત છીએ ને આપણને શુકજી કહે છે એમ નથી સમજતા.'(૮)

પછી મેં પૂછયું જે, જીવનું રુપ કેવું હશે ? મહારાજ દીવા સામું જોઈને બોલ્યા જે આ દીવો શી વસ્તુ છે ? કોડિયું, વાટય, અગ્નિ, તેલ એ સર્વે મળીને દીવો એવુ ંનામ છે ને એ અગ્નિ કેવો સમર્થ છે તો સર્વને બાળે એવો છે. તેમ એ જીવ તે સમર્થ છે, ચૈતન્ય છે; પણ દેહને અભિમાને કરીને અહંમમતાએ કરીને જન્મમરણ ભોગવે છે. (૯)

પછી રામદાસ નામે સાધુ હતા તેણે શ્રીજી મહારાજને પૂછયું જે ભગવાનને ભગવાન જાણ્યા ને સાધુને સાધુ જાણ્યા પછી જાણે અજાણે કોઈ દિવસ સત્સંગથી નોખા પડી ગયા, ત્યારે એની શી ગતિ થાય ? શ્રીજી મહારાજ બોલ્યા જે આ મુખમાં જીભ રહી છે, તે અજાણે દબાય તો પીડા થાય છે કે નહિ ? તે કહે પીડા તો થાય. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, "જીભને ઠેકાણે જીવ છે ને દાંતને ઠેકાણે વર્તમાન છે; માટે જે આજ્ઞામાં વર્તે છે તે સુખિયા થાય છે, જાણે અજાણ્યે આજ્ઞા બહાર વર્તે છે તે દુઃખિયા થાય છે.(૧૦)

એક વખત માંગરોળમાં વેરાગીએ સાધુને બહુ માર્યા, તે ખબર મહારાજની પાસે આવી, ત્યારે મયારામ ભટ્ટને કહ્યું જે તમે જાઓ ને નળિયાં, કાટમાળ એ આદિક વેચીને બ્રાહ્મણને જમાડી દ્યો અને સાધુ સર્વે સદાવ્રતની જાયગામાં છે તે સર્વે અહીં આવે પછી સાધુ સર્વે આવ્યા. તેમને એમ કહ્યું જે આનંદ સ્વામીની આજ્ઞામાં રહો. પછી આનંદ સ્વામીને કહ્યું જે કાઠિયાવાડ તથા ભાલ તથા ગુજરાત સુંસરા નીસરો ને આ દિશની તમે વાત કરજો જે સત્સંગી નહાવા જાય તે હથિયાર બાંધીને જાય ને કીર્તન ગાતા જાય ને બીજી વાત જે વાલજી સુતારને સમાધિ કરાવીને કહ્યું જે "નાડીમાં નાડી પ્રવેશ કરો." પછી નાડી નાડીમાં પ્રવેશ કર્યો. પછી તેની બહાર આવીને વાત કરી જે નાડી નાડીમાં કીડા ભર્યા છે. આવીને એવી વાત કરી, તે વાત સાંભળીને જે જે પાસે હતા તે સર્વેને ઊલટી થઈ ગઈ. તે અન્નપાણી પેટમાં રહ્યું નહિ." એ રીતે દેહના અભાવની વાતો કરજો.(૧૧)

પછે અમે સંતો એ અંગની વાતો કરતા ડાકોર ગયા. ડાકોરમાં વેરાગીએ ટંટો બહુ કર્યો. ત્યાંથી ચાલ્યા તે ગામ પાદરે ચોમાસું રહ્યા. પછે બોચાસણ આવ્યા, ત્યાં કાશીદાસને સત્સંગ થયો ને ત્યાંથી ચાલ્યા તે ખંભાત થઈને કારિયાણી આવ્યા. તે ગામમાં કેટલાક દિવસ રહ્યા ને ચોમાસું ભાવનગર રહ્યા. પછી પાછા કારિયાણી આવ્યા. તે ગામમાં શ્રીજી મહારાજ મહારુદ્ર કરાવીને તળાવ ખોદાવતા હતા. ભોજો ચારણ ધાંગધ્રે વાતો કરવા ગયા હતા, તેને માંહોમાંહી વાદ થયો ને તેનો કાગળ મહારાજ પાસે આવ્યો. પછી મહારાજે મુક્તાનંદ સ્વામીનું મંડળ ત્યાં મોકલ્યું અને કહ્યું જે નિર્માની વર્તમાન રાખજો. પછી ત્યાં જઈને વેરાગીની જાયગામાં ઉતર્યા. તે વેરાગીએ જઈને સરકારને કહ્યું જે એ તો પાખંડી છે. ત્યારે સરકારે કહ્યું જે કાઢી મેલો. પછી આખો દિવસ ભૂખ્યા રાખ્યા ને સવારમાં છોડી મેલ્યા. પછી વેરાગી ને કોળીઓએ ભેળા થઈને ગાઉ એક જાતાં લૂંટયા ને માર્યા. પછી બાબાજીના લશ્કરમાં ગયાં ત્યાં બાબાજી ઉપર મોસલ થયા. વિષ્ણુદાસે છત્રીસ હજાર રુપિયા લાંચ આપી તેથી સરકાર ફરી ગયા. પછી સારાં મનુષ્ય હતાં તેણે કહ્યું જે વેરાગી તમને મારશે માટે જોઈને ચાલજો. પછી મારગ મૂકીને ચાલ્યા તે જોડીયે ગયા ત્યાંથી રણ ઉતરીને બાંટીયે ગયા. એવી રીતે ફરીને વેલાલ આવ્યા. ત્યાં શ્રીજી મહારાજને ભેળા થયા ને ત્યાં કેટલાકને પરમહંસ કર્યા.(૧૨)

પછી શ્રીજી મહારાજ કચ્છમાં પધાર્યા, ત્યાં કેટલાક દિવસ રહીને ધોરાજી સમૈયો કરવાની કંકોતરી ફેરવી. સાધુ તથા સત્સંગી સર્વે ધોરાજી આવ્યા. બીજે દિવસે મહારાજની સામે ગયા, તે નદી ભાદરે ભેળા થયા. મહારાજ ઘોડેથી હેઠા ઊતર્યા ને સર્વે સાધુને મળ્યા. પછી સંતે કહ્યું જે ઘોડે બેસો, ત્યારે મહારાજ બોલ્યા જે પગ અકડાઈ ગયા છે તે પગપાળા ચાલીશું. પછી શ્રીપાત્ દેવાનંદ સ્વામી પ્રત્યે મહારાજ બોલ્યા જે સ્વામી આ સમામાં સત્સંગનું કામ ભારે છે, જેમ કોઈ

મોટો શાહુકાર હોય તે માલ ખરીદવા સારુ જહાજ લઈને જાય, પછી તે મોટું જહાજ ઊંડા પાણીમાં રાખીને હોડીએ બેસીને ઉતરે પછી કાંઠે આવીને માલ વોરે તે શા માટે જે માલે કરીને માલ લાવે તે પ્રથમ સારો માલ લાવે, તેથી ન ભરાય તો તેથી ઊતરતો લાવે, તેથી ન ભરાય તો તેથી ઊતરતો લાવે તેથી ન ભરાય તો પા'ણા પણ ભરે.

તેમ સત્સંગરુપી મોટું જહાજ આવ્યું છે. તેમાં જે જે મોટામોટા સંત છે તે બીજા મતરુપી મોટું શહેર છે, તેમાંથી ઉત્તમ મુમુક્ષુ રુપી માલ લાવે છે પછી મધ્યમ મુમુક્ષુને લાવે છે, પછી કનિષ્ઠ મુમુક્ષુરુપી માલ લાવે છે. પછી શ્રીજી મહારાજ એમ બોલ્યા જે આ દરિયાથી લઈને ઉજેણ સુધી કોઈ જીવને નરકે જાવા દેવો નથી. એમ વારતા કરતાં કરતાં મહારાજ ગામમાં આવ્યા ને પછી ગરાસિયાની ડેલીએ ઉતરાદે મુખારવિંદે ઢોલિયા ઉપર બિરાજમાન થયા ને સાધુ હરિભક્તની સભા થઈ ને બામણવા ગામના હરિભક્તે કહ્યું જે, મારે સાધુ થાવું છે. પછી મહારાજે કાતર મંગાવીને એની ચોટી કાપી ને વૈષ્ણવાનંદ સ્વામી નામ પાડયું. પછી સર્વે સાધુ સામું જોઈને, પછી મારી સામું જોઈને કહ્યું, જે એ સાધુને ભણાવજો. (૧૩)

પછી મહારાજ રાત રહીને સવારમાં બોલ્યા જે ગામમાં માણસ નહિ સમાય તે સારુ બહાર ઉતારા કરીએ. પછી બહાર આવીને એક મોટો વડ હતો ત્યાં આવીને ઉતારા કર્યા. ત્યાર પછી વેલ્ય ઉપર આવીને આથમણે મુખારવિંદે ચાદર ઓઢીને બેઠા હતા. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, આજ તો એકાદશી છે. તે સર્વે હરિજનને પૂજા કરવાની મોકળ્ય છે તે પૂજા કરો. પછી શ્રીજી મહારાજની પૂજા કરવા સારુ સર્વેએ આવીને ફૂલહાર પહેરાવી ચંદન ચરચીને પૂજા કરી. પછી મોટા મોટા સાકરના ગાંગડા લઈને મુખમાં દેતા હતા તે મહારાજ હસતા જાય ને જમતા જાય. એવી રીતે પૂજા કરતાં કરતાં થોડોક દિવસ રહ્યો, ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે અમે તો થાકી ગયા. પછી રામદાસભાઈને કહ્યું જે, વિસામો દેવાડો. પછી ભાઈ વેલ્ય ઉપર બેઠા ને મહારાજ સાધુમાં આવીને બેઠા. તે પછી પૂજા કરી.

ત્યારે રામદાસજી બોલ્યા જે હે મહારાજ, આ તમારું કામ તો તમથી થાય ને બીજાથી ન થાય. એમ કહીને હેઠા બેઠા. પછી મહારાજ હસતા થકા પાછા વેલ્ય ઉપર આથમણે મુખારવિંદે બેઠા. પછી પૂજા કરતાં જે બાકી રહ્યા હતા તેણે પૂજા કરી. પછી પડદો કરીને મહારાજને સાધુએ ઊને જળે કરીને નવરાવ્યા ને પછી સાધુએ રસોઈ કરી, તે જમવા બેઠા ને જમી રહ્યા પછી બુટાદાર કિનખાબનો જામો પહેર્યો હતો અને કસુંબલ રેટો જરીયાની છેડાનો બાંધ્યો હતો અને જરિયાની છેડાનો રેટો ખભે નાંખ્યો હતો અને મસ્તક ઉપર જરિયાની પાઘ બાંધી હતી અને હાથમાં સોનાનાં કડાં પહેર્યાં હતાં અને કોટને વિષે ઉતરી પહેરી હતી ને હસતા થકા વેલ્ય ઉપર આવીને બેઠા અને શ્રીજી મહારાજ બોલ્યા જે, વડ હેઠે તો અંધારું છે માટે બીજે ઉતારા કરીએ. લ્યો અમે જોઈ આવીએ, ત્યારે સાધુ બોલ્યા જે તમે બેસો અમે ગાડી તાણીએ; પછી ગાડી તાણીને એક ખેતરમાં લઈ ગયા ને ઉત્તરાદે મુખારવિંદે બેઠા. પછી મહારાજ બોલ્યા જે ઢેફાં તો છે, પણ સૌ સૌનાં આસન સમાં કરશે. પછી સંત સૌએ આવીને ઉતારો કર્યો; તે એકકોરે સાધુ ઊતર્યા ને એકકોરે સત્સંગી ઊતર્યા ને

એકકોરે બાઈઓ ઊતરી. પછી સાંજને વખતે નિષ્કુળાનંદ સ્વામીએ આરતી તૈયાર કરી, તે થાળીમાં ત્રણ માળની કરી ને પછી મુક્તાનંદ સ્વામીને ઊતારવા આપી, તે સ્વામી ઊતારતા હતા તે ઉતારતે થકે સામટી સળગી; તે પછી મહારાજના ડાબા હાથમાં રુમાલ હતો તે મુખારવિંદે આડો રાખીને જમણો હાથ હલાવતા ને હસતા થકા બોલ્યા જે રહેવા દ્યો, રહેવા દ્યો. પછી સ્વામીએ આરતી મૂકી દીધી ને સાધુ સર્વે ધૂન્ય બોલ્યા, પછી મહારાજ બોલ્યા જે સૌ બેસી રહેજો; અમે માણસને ચોકીએ બેસારીએ. પછી મહારાજ સંઘ ફરતી ચોકી બેસારીને આવ્યા ને પછી વેલ્ય ઉપર બેઠા ને તાળી દઈને બોલ્યા જે સૌ સૌ ગામના ઓળખીતા ઓળખીતા પાસે પાસે પથારી કરજો ને જેને ન ઓળખતા હોય તેને ના પાડવી; એમ પથારી કરતાં કરતાં એક કાઠી અજાણ્યો નીસર્યો; તેને કોઈ ઓળખે નહિ, પછી મહારાજે શેખજીને કહ્યું જે એ તો ચોર છે, તેને સરકારમાં લઈ જાઓ; પછી સાન કરી જે કાઢી મેલો. પછી મહારાજ બોલ્યા જે ઓળખીતો આવે તેને આવવા દેવો ને અણઓળખીતાને ન આવવા દેવો, પછી રાતે સૂઈ રહ્યા ને પછી દ્વાદશીને દિવસ બ્રાહ્મણોની ચોરાસી કરી ને સાધુને જમાડયા ને તેરસને દિવસ જમીને જૂનાગઢ ગયા. (૧૪)

પછી નવાબને ખબર કરી જે સ્વામિનારાયણ આવે છે, તે નાગરે નવાબને ભરાવ્યું કે કાઠી કોળી ભેળા છે તે ગઢ લેશે; પછી નવાબે કહ્યું જે "ફકીરને દિયા હે, ને ફકીર લેગા તો કયા ચિંતા હે, આવવા દ્યો." પછી મહારાજ શહેર સુંસરા પધાર્યા. હમણાં જ્યાં મંદિર છે ત્યાં ઉતારો કર્યા પછી જાંબુડાનાં ઝાડ હેઠે ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા ને એનાં એ વસ્ત્ર પહેર્યાં હતા ને સંત હરિભક્તની સભા થઈ ને સર્વે હરિભક્તે મહારાજની ચંદન પુષ્પે કરીને પૂજા કરી. ત્યાર પછી નાગરોને નોતરું દીધું ત્યારે નાગરોએ બંધી કરી જે સ્વામિનારાયણનું સીધું લે તે નાત બહાર. પછી મહારાજે હરિભક્તોને કહ્યું જે ગામમાં કોઈ સીધું લેવા જાશોમા, અહીંથી લેજો, સૌ સૌને ખપતે ચોકે રસોઈ કરીને જમો. તે પછી દામોદર કુંડમાં નાહવા ગયા. નાહીને શિવને મંદિરે ગયા. શિવની આગળ કેટલીક કોરીઓ મેલી ને એક ભારે છત્ર હતું તે આપ્યું ને પછી ઉતારે આવ્યા. (૧૫)

વળી એક દિવસ મહારાજ હરિભક્તની પંગતમાં એનાં એ વસ્ત્ર પહેરીને પીરસતા હતા, એ રીતે સાત દિવસ સર્વે સંઘને જમાડયો ને સાતમે દિવસે શહેર બહાર ઉતારા કર્યા, ત્યાં મહારાજ વેલ્ય ઉપર આથમણે મુખારવિંદે ઊભા હતા ને શહેરનાં મનુષ્ય તથા હરિભક્ત સર્વેએ મળીને ચંદન પુષ્પાદિકે કરીને મહારાજની પૂજા કરી. ત્યાં રાત રહ્યા ને સવારમાં ચાલ્યા તે મારગમાં નદી આવી ત્યાં નાહ્યા ને ટીમણ કર્યાં પછી કોટડે ગયા, ત્યાં ગામથી ઉગમણા ઉતારા કર્યા ને એક વાણિયે રસોઈ કરાવી ત્યાં જમવા ગયા, પછી મહારાજ સારુ હરિભક્ત ઢોલિયો લાવ્યા તે ગામથી ઉત્તરાદિ કોરે ઉતારા કર્યા; ત્યાં મહારાજ ઉગમણે મુખારવિંદ બેઠા બેઠા દાતણ કરતા હતા, ત્યાંના હરિભક્ત બે ગાડાં શેલડી લાવ્યા, ત્યારે મહારાજે કહ્યું જે વહેંચો. (૧૬)

પછી મહારાજ બોલ્યા જે, લાંબો ટૂંકો, જાડો પાતળો, જોવો નહિ; જેને જેવો આવે તે લેવો; એક એક સૌ તાણી લ્યો. પછી સૌએ એક એક તાણી લીધો, પછી મધ્યાહ્ન નમતે રસોઈ થઈ તે મહારાજ ને સંત જમવા પધાર્યા, મહારાજે સાધુની પંગતમાં ચાર પાંચ વાર શીરો પીરસ્યો; પછી સર્વે બોલ્યા 'મહારાજ, પૂર્ણ થયા.' ત્યારે પોતે જમવા બેઠા ને હરિભક્તને કહ્યું જે તમે ખીચડું ફેરવો, ત્યારે તેમણે ખીચડું ફેરવ્યું. ત્યારે સાધુએ ખીચડું લેવા માંડયું, પછી મહારાજ બોલ્યા જે બધાય કહેતા હતા જે 'પૂરણ થયા મહારાજ' ને ખીચડું તો લઈ લઈને બેઠા છો. તે બધાય નિઃસ્વાદી વર્તમાન ચૂક્યા, એની એ વાત કરતા ઉતારે આવ્યા. પછી મહારાજ ઢોલિયા ઉપર ઉગમણે મુખે બેઠા; પછી કૈવલ્યાનંદ સ્વામી બોલ્યા જે કહો તો આંકડો ખાઈને રહીએ, કહો તો લીમડો ખાઈને રહીએ, કહો તો રાખ ઘોળીને પીઈને રહીએ; પણ શીરો તો ન ભાવે. પછી મહારાજે મૂળજી બ્રહ્મચારીને કહ્યું જે નિત્યે આપણે શીરો કરવો, પછી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે ઠીક મહારાજ, શીરો કરાવો. શું કરીએ ? જો તમારો ખપ હશે તો શીરો ખાઈને રહેશું. પછી મહારાજ હસ્યા ને બીજે દહાડે ગામ નડાલે ગયા અને તડકો હતો તે ગામમાં સૌ ઊતર્યા ને મહારાજ કાઠીને ઘેર ઊતર્યા. પછી સર્વે સાધુ ભેળા થઈને કહે જે કહો તો ફરીને મહારાજને પૂછીએ જે નિઃસ્વાદી વર્તમાનમાં ચૂક્યા, એમ તમે કહ્યું ત્યારે તેનું પ્રાયશ્ચિત જે તમે કહો તે કરીએ; એમ જઈને પૂછીએ, ત્યારે સર્વે સાધુ બોલ્યા જે 'અમે ન પૂછીએ' તમે પૂછો, ત્યારે કહ્યું જે હું પૂછું. પછી મહારાજને આત્માનંદ સ્વામીએ હાથ જોડીને પૂછયું જે કાલ આપે કહ્યું જે નિઃસ્વાદી વર્તમાન તમે સર્વે ચૂકયા ત્યારે, તેનું પ્રાયશ્ચિત કહો તે કરીએ, ત્યારે મહારાજે કહ્યું જે "અમે કહ્યું ત્યારે ચૂક્યા ? નહિ તો ન ચૂક્યા? માટે જાઓ, સૌ સૌના મનમાં વિચારો. પછી વિચારીને કહ્યું; નથી ચૂક્યા. કેમ જે શીરો જમ્યા પછી ખીચડું નથી લીધું માટે નથી ચૂક્યા. (૧૭)

પછી સાંજને સમે ગામ બહાર ઉતારા કર્યા અને સર્વે સંઘ ફરતી ચોકી બેસારીને સંઘથી આથમણા શ્રીજી મહારાજ આવીને બેઠા. ત્યાં વસ્ત્ર પાથર્યું, તે ઉપર આડે પડખે થયા અને બોલ્યા, 'આત્માનંદ સ્વામી, ધર્મ કેનો રહેશે ? જે ભગવાનને અંતર્જામી જાણશે જે, આપણા ઘાટ સંકલ્પને જાણે છે ને આપણે જે ક્રિયા કરીએ છીએ એને દેખે છે એમ જે સમજશે તેનો ધર્મ રહેશે.' એ દિશની ઘણી વાત કરીને પછી વેલ્યે જઈને પોઢયા. (૧૮)

પછી બીજે દિવસે કરિયાણા આવ્યા ને ઉતારા કર્યા, પછી મહારાજ જમ્યા ને સાધુને જમાડયા ને સાંજને સમે નદીને વિષે સર્વે સંઘ સહિત ઉતર્યા ને મહારાજ વેલ્યમાં આથમણે મુખારવિંદે વિરાજમાન થયા. સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા પછી શ્રીજી મહારાજે કહ્યું જે, લ્યો મંડળી બાંધીએ. જે ભણેલા ન હોય તે બીજાને વળગાડીએ, એમ કહીને બોલ્યા જે–સંસ્કૃત, ગીતા, ભાગવત ભણ્યા હો તે સર્વે જુદા બેસો. પછી મશાલ ઊંચી રખાવીને મુક્તાનંદ સ્વામી આદિક ભણેલા સાધુને એક કોરે બેસાર્યા. પછી આત્માનંદ સ્વામી સામું જોઈને બોલ્યા; આનંદાનંદ સ્વામી, આમનું કેમ ? ત્યારે મેં ફરીને

કહ્યું જે હે મહારાજ, હું તો નથી ભણ્યો. આનંદ સ્વામીએ કહ્યું જે, સંસ્કૃત તો નથી ભણ્યા ત્યારે મહારાજ બોલ્યા જે એ તો સર્વે ભણ્યા છે, માટે આવો, ભણેલા ભેળા બેસો પછી રાત રહી બીજે દિવસે ગઢડા પધાર્યા.(૧૯)

અને ગઢડાથી ઉત્તરાદિ દિશે જીવા ખાચરની વાડીએ ઉતારા કર્યા, ત્યાં ઢોલિયો ઢળાવીને ઉગમણે મુખારવિંદે શ્રીજી મહારાજ વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતા ને બાઈ ભાઈ સર્વેની સભા ભરાઈને બેઠી હતી ને પછી ડાંગરાના એક હરિભક્તને મહારાજે કહ્યું જે તમે કોણ છો ? ત્યારે તે કહે જે હું આત્મા છું, ત્યારે મહારાજે કહ્યું જે તમે દેહ નહિ ? ત્યારે તે કહે જે દેહ નહિ. ત્યારે મહારાજે કહ્યું જે–દેહને કોઈ કાપે કે બાળે તો ? તેણે કહ્યું જે મરને બાળે. પછી મહારાજે તેનો હાથ ઝાલીને તેના હાથ ઉપર દેવતા મૂકયો. તે મહારાજ સામું જોઈ રહ્યો, પછી મહારાજ કહે જે, કેમ છે ? ત્યારે તે કહે જે, મરને બળે, મારે ને દેહને ક્યાં સિહારો છે ? પછી દેવતા ઊતારી નાખ્યો ને મહારાજ જમ્યા ને સાધુને આજ્ઞા કરી જે બોટાદ જાઓ ને ઝોળી માગજો ને માણસ શું કહે છે તેની ખબર રાખજો ને પરમ દહાડે રોજીદ આવજો.(૨૦)

સવારમાં મહારાજ ને સાધુ જમીને ચાલ્યા. તે સાંજે કુંડળ આવીને રાત રહ્યા. ત્યાંથી શ્રીજી મહારાજ ચાલ્યા તે રોજીદની ભાગોળે ઉતર્યા ને રસોઈ થવા માંડી ને મહારાજ ગાડા ઉપર ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા. ત્યાં બોટાદથી સાધુ કૈવલ્યાનંદ સ્વામી ને સદાનંદ સ્વામી આવ્યા ત્યારે મહારાજે તે સાધુને કહ્યું જે બોટાદમાં માણસ કાંઈ બોલ્યા ? પછી સદાનંદ સ્વામી બોલ્યા જે "હે મહારાજ, કયા બોલે આ મહાપુરુષે તો કોપિન પછેડી કાઢીને ગોટો વાળીને બગલમાં રાખી ઝોળી માગી !" તે પછી મહારાજ બોલ્યા જે, અમારે એટલું જ જોઈએ છે. તે શા માટે જે જેને સ્ત્રી–પુરુષનું ભાન નહિ એટલું જ જોઈએ છીએ.

પછી સમાધિવાળા ચાર પાંચ પરમહંસને બોલાવ્યા ને પછે મહારાજ કહે જે આ શો સમાસ કરે ? વગડામાં બેઠા હોય તો ત્યાં શિયાળિયાં ખાઈ જાય. કાં તો કૂવામાં પડી મરે. કાં તો નદીમાં તણાઈ જાય ત્યારે લોકમાં અપકીર્તિ થાય. માટે "આવી સમાધિ કરાવવી કઠણ નથી પડતી; પણ સમજણ રુપી સમાધિ કરાવવી એ કઠણ પડે છે, શા માટે જે સમજુ હોય તે પોતે સુખી રહે ને તેની સંગે અનંત જીવનું કલ્યાણ થાય." પછી એ દિશની ઘણીક વાર્તા કરી. (૨૧)

પછી બ્રહ્માનંદ સ્વામીને કહ્યું જે–એક શાલિગ્રામ તમે રાખો, એમ કહીને પછી અરુપાનંદ સ્વામી બ્રહ્માનંદ સ્વામીને સોંપ્યા ને મુકુંદાનંદ સ્વામી તે મુક્તાનંદ સ્વામીને સોંપ્યા. પછી રસોઈ થઈ એટલે મહારાજ ને સાધુ જમવા પધાર્યા. (૨૨)

પછી જમીને ભીમનાથ જઈને મઠથી ઉગમણે ઉતારા કર્યા, તે શ્રીજી મહારાજ ગાદલા ઉપર વિરાજમાન થયા, પછી બાવો માનગર શેરડીના ભારા લેવરાવીને દશ વીશ માણસ ભેળાં લઈને મહારાજ પાસે આવ્યો, મહારાજ ઊભા થઈને મળ્યા ને પછી માનગરે કહ્યું જે હે મહારાજ, અહીં કેમ ઉતર્યા ? અમારો મઠ છે ત્યાં ઉતરોને? એમ ઘણીક તાણ કરી, પછી શ્રીજી મહારાજે કહ્યું જે હરિભક્તને સારું ન લાગે, માટે વળતાં આવીશું. પછી રાત રહીને સવારમાં ચાલ્યા તે ખરડ ગામે દિવસ ઉગ્યો ને તળાવથી ઉગમણા વેલ્યથી ઉતર્યા ને પછી દાતણ કરવા બેઠા ને કાઠીઓને સાન કરી એટલે કાઠી પાછા વળ્યા ને ઘોડી મહારાજે રખાવી તે ઘોડીએ ચઢીને સંઘથી જમણે હાથે નીકળી 'હર હર મહાદેવ' એમ કહીને કાઠીઓ ભેળા થઈને ભીમનાથ આવ્યા ને ત્યાંથી ગઢડે મહારાજ પધાર્યા ને ગઢડે કેટલાક દિવસ રહીને મહારાજ કચ્છ પધાર્યા ને ત્યાં કેટલાક દિન રહ્યા. (૨૩)

પછી સિદ્ધપુર સમૈયો કરવો તેની કંકોતરી લખી જે ગામ ઊંઝે આવજો, સર્વે સાધુ ને સત્સંગી ઊંઝે આવ્યા. મહારાજ સર્વે સાધુને મળ્યા ને ગામ બહાર વડ હેઠે ગાદલું નાખ્યું તે ઉપર વિરાજમાન થયા, પછી મહારાજે કહ્યું જે વરસો વરસ મંડળી બાંધવી પડે છે, માટે બબે જણાં ભેળા થઈ થઈને આવો તે દેશ વહેંચીએ; પછી સૌ સૌનું સંભાળે, પણ કહેવું ન પડે એટલે ગોવિંદ સ્વામી તથા વિશ્વચૈતન્યાનંદ સ્વામી આવ્યા. પછી મહારાજે કહ્યું જે ગોવિંદ સ્વામી, તમોને સોરઠ દેશ આપ્યો, પછી આત્માનંદ સ્વામી તથા આધારાનંદ સ્વામી આવ્યા, ત્યારે મહારાજે કહ્યું જે તમોને સિરોઈથી લઈને વાગડ દેશ આપ્યો. એમ કહીને મહારાજ હસ્યા ને બોલ્યા જે આત્માનંદ સ્વામીને બહુ મોટો દેશ આપ્યો. પછી આત્માનંદ સ્વામીએ હાથ જોડીને કહ્યું દેશ તો બહુ મોટો આપ્યો પણ રોટલા તો માગ્યા નહિ મળે; પછી મહારાજ હસ્યા ને સર્વે હસ્યા; પછી રસોઈ થઈ એટલે મહારાજ જમ્યા અને સર્વે સાધુને જમાડયા. પછી સિદ્ધપુરને માર્ગે ઘોડીએ ચઢીને ચાલ્યા, તે માર્ગને વિષે આગળ સાધુ ઝાંઝપખાજ લઈને ગાતા જાય તેને વાંસે સર્વે હરિભક્ત ને બાઈયુંને વચ્ચે મહારાજ ગુલાલ ઉડાડે. તે ગુલાલે આકાશ છાઈ રહ્યો; એટલામાં ગાયોનો એક સમૂહ આવ્યો, ત્યારે શ્રીજી મહારાજે સર્વેને છાના રાખ્યા ને કહ્યું જે બોલશોમા, હાલશોમા. પછી ગાયો આવીને બે પ્રદક્ષિણા કરીને આવી હતી તે માર્ગે પાછીવળી ત્યારે ભરવાડ બોલ્યો જે મારી ગાયો વાંભ ઓલંઘે નહિ, પણ આ સંઘમાં કોઈક મોટા છે, પછી મહારાજ હસીને બોલ્યા જે, બહુ ડાહ્યો દીસે છે. પછી સિદ્ધપુર મહારાજ પધાર્યા ને કપિલ મુનિનો આશ્રમ છે ત્યાં કુંડ છે ત્યાં નાહ્યા ને પાછા વળ્યા ત્યાં બ્રાહ્મણ આવીને મહારાજના ઘોડાની સરક ઝાલીને બોલ્યો જે મહારાજ, મારે છોકરાને જનોઈ દેવી છે ને ઘરમાં કાંઈ નથી, એમ કરગર્યો; એટલે મહારાજ ઘોડેથી ઊતરીને કહે જે તું આ ઘોડો લઈ જા. એમ કહીને મેથાણના પુંજાજી પાસે ઘોડો રુપિયા આપીને પાછો લેવરાવ્યો. (૨૪)

પછી સરસ્વતીને કાંઠે આવીને આંબા હેઠે ઉતારા કર્યા ત્યાં બ્રાહ્મણ આવ્યા, તે એમ બોલ્યા જે મહારાજ, તમારા સત્સંગી બ્રાહ્મણને કોઈ આપતા નથી. પછી મહારાજ બોલ્યા જે તમે એકેકાને સો સો બાઝો છો, માટે કોને કોને આપે ? સર્વે એક થઈને આવો, અમે અપાવીએ; પછી બ્રાહ્મણ વિચારીને આવ્યા ને એમ બોલ્યા જે–મહારાજ, દક્ષિણા તો સૌ આપે છે, પણ હે મહારાજ, અમારી નાત સારુ બે વાસણ મોટાં આપો. તે એક ફેરે શીરો, દાળ થાય, એવાં મોટાં આપો. પછી મહારાજે વિશનગરના હરિભક્ત ઉપર કાગળ લખીને આપ્યો, જે વાસણ લઈ આપે. પછી રસોઈ થઈ એટલે મહારાજ જમવા પધાર્યા ને સાધુને જમાડયા. પછી સાંજ થઈ એટલે આરતી, ધૂન્ય કરીને ચોકી બેસારીને પછી કીર્તન ગવરાવ્યાં ને વળી ફરીને ધૂન્ય કરવા માંડી જે "રામસીતા, રાધેકૃષ્ણ, હરે વિઠોબા રુકમાઈ" એ રીતે ધૂન્ય ઘણીક કરીને માણસ સર્વે થાકી ગયાં પણ મહારાજ આળસ્યા નહિ. પછી ભાઈ રામદાસજી આવીને પગે પડયા એટલે મહારાજ કહે જે રંગમાં ભંગ પાડયો. પછી રામદાસજી કહે જે આ માણસ સર્વે થાકી ગયા છે ને તમારે તો કાંઈ નહિ. પછી સવારમાં વહેલી રસોઈ કરાવીને જમીને ચાલ્યા તે સાંજે માર્ગમાં ગામ આવ્યું. તે ગામની ભાગોળે મહાદેવની દહેરી હતી ત્યાં પાટ

હતી, તે ઉપર મહારાજ વિરાજ્યા. સૌએ પથારી કરી ને મહારાજ બેઠા હતા. ત્યાં અમદાવાદના હીરાચંદ ચોકસીને કહ્યું જે કોઈ પ્રશ્ન કરો. હમણા સુતાં, રાત કેમ જશે ? પછી એ કાંઈ ન બોલ્યા ત્યારે મહારાજ કહે લ્યો, અમે પૂછીએ. જે વાંસમાં કપૂર ક્યાંથી આવે છે ? તમે કહેશો જે પૃથ્વીમાંથી આવે છે, ત્યારે વાંસ બધાય પૃથ્વી ઉપર છે ને એકમાં જ કેમ આવ્યું? ત્યારે તમે કહેશો જે જળમાંથી આવ્યું. ત્યારે બધાય જળ પીએ છે, ત્યારે એકમાં કેમ આવ્યું? ત્યારે તમે કહેશો જે વાયુમાંથી આવ્યું, ત્યારે વાયુ તો બધાય સોંસરો વાય છે, પણ એકમાં કેમ આવ્યું? ત્યારે તમે કહેશો જે આકાશમાંથી આવ્યું, ત્યારે બધાય વાંસ આકાશમાં છે. ત્યારે એકમાં કેમ આવ્યું ? પછી એમ કહીને બોલ્યા જે કપૂર હાથમાં રાખીએ છીએ, તે દેખતાં ક્યાં ગયું? માટે કઈ રીતે આવ્યું ને કઈ રીતે ગયું; તેનો એક નિરધાર ન થયો. તેમ ભગવાન પૃથ્વીને વિષે અવતાર ધારે છે તેનો કોઈ નિરધાર કરે, જે આવી રીતે દેહ ધારે, કે આવી રીતે દેહ મૂકે; તેનો નિર્ણય કરવા કોઈ સમર્થ નહિ. એટલી વાર્તા કરીને પોઢયા. (૨૫)

સવારમાં ઊઠીને ચાલ્યા તે માર્ગમાં વાર્તા કરી જે જેમ કોઈને કાંટો વાગ્યો હોય તે તો નરેણીએ નીકળે, કાંઈ બરછી તરવારે ન નીકળે, એ તો કાંટા જેવું ઝીણું રાછ હોય તેણે નીકળે; પછી મહારાજ બોલ્યા જે “કંટકં કંટકેનૈવમાટે કાંટે કાંટો નીકળે. તેમ આ જીવને કાંટો વાગ્યો છે, માટે ભગવાન પણ દેહ ધારીને મનુષ્યને અનુસરતાં ચરિત્ર કરે છે, તે આ જીવનો અહંમમત્વ મુકાવવા સારુ કરે છે. એવી ઘણીક વાર્તા કરી.(૨૬)

પછી વિશનગર આવ્યા, ત્યાં હવેલી ઉપર દક્ષિણાદે મોઢે બારી છે ત્યાં બેઠા ને સાધુને કહ્યું જે અમારી વાટ જોશોમા આપણે જેતલપુર ભેગા થઈશું. પછી જમીને સાધુ ચાલી નીસર્યા અને મહારાજ જમીને ચાલ્યા તે વિજાપુર, પ્રાંતીજ, જેતલપુર થઈને સાધુની મોર મહારાજ વેલાલ્ય પધાર્યા તે સાધુએ અમદાવાદમાં સાંભળ્યું જે મહારાજ વેલાલ્ય પધાર્યા છે, એવું જાણીને વિચાર્યું જે આપણે વેલાલ્યે જઈશું ને મહારાજ જેતલપુર જશે એમ જાણીને સાધુ પાધરા જેતલપુર આવ્યા તે ગામથી ઉત્તરાદિ કોરે વડ છે, ત્યાં આવીને સાધુ સૂઈ રહ્યા. (૨૭)

પછી સવારમાં નહાવા વખતે મહારાજ પધાર્યા ને પછી સૌ સાધુને મળ્યા પછી અહીં ડોલ બાંધ્યો ને તે ડોલ માંહી ઠાકોરજીને પધરાવ્યા ને સાધુએ ડોલ ઉપાડયો ને ઝાંઝ પખાજ લઈને ગાજતે વાજતે ચાલ્યા ને વચમાં મહારાજ ગુલાલ ઉડાડતા જાય છે. એવી રીતે મહારાજ મંદિરમાં પધાર્યા ને મહારાજ પાટ ઉપર વિરાજ્યા અને વચમાં એક વળી બંધાવી તે એક કોરે ભાઈ અને એક કોરે બાઈયું. બાઈઓ સોંસરી આવીને એક બાઈ મહારાજને પગે લાગી ત્યારે મહારાજે કહ્યું જે સત્સંગી છો ? ત્યારે કહે ના મહારાજ, સત્સંગી નથી. ત્યારે મહારાજ કહે સત્સંગ કરશો? ત્યારે તે કહે હા મહારાજ, સત્સંગ કરવો છે. મહારાજ કહે વાતો સાંભળવી છે ? ત્યારે તે કહે હા. મહારાજ કહે અમે કહીએ તેમ કરશો ?

ત્યારે તે કહે તમે કહો તેમ કરવું છે. અમે તો કહીએ છીએ જે પરણેલા ધણીનો ત્યાગ કરો. ત્યારે બાઈએ કહ્યું જે હા, મહારાજ ત્યાગ કરું. ત્યારે મહારાજ કહે ક્યાં લાંબી વાત છે ? લ્યો કળશિયો. ત્યાં કળશિયો લીધો પછી કળશિયો તેમ ને તેમ રખાવ્યો ને પછી સૌને કહ્યું જે નવા સત્સંગીનું બળ તો જુઓ, પરણેલા પતિનો ત્યાગ કરે છે ! જૂના તો કેટલાક સળી ગયા છે. જૂના છે પણ બાઈડી મરે છે ત્યારે પોક મૂકે છે. પછી મહારાજે કહ્યું જે પરણ્યો એ પતિ, બીજો ભાઈ, બાપ જાણજો. એમ કહીને બોલ્યા જે તમે બેસો. પછી મહારાજે વાત કરી જે, કોઈ પૂછે જે તમારો શો મત ? ત્યારે કહે જે જીવનમુક્તા અને બાયડી મરે ત્યારે પોક મૂકે. ત્યારે જીવનમુક્તાનો શો અર્થ છે ? જેમ કોઈકને ઘા વાગે ત્યારે લગારેક જીવન રહી ગયું હોય તેમ એટલું સાંભરે જે સ્ત્રી મરી ગઈ, તે જેમ પારકી ને પોતાની બરોબર સાંભરે જે મરી ગઈ તેમ જ છોકરો મરે ત્યારે પોતાનો ને પારકો બરાબર ને ખાતર પડે ત્યારે પોતાનું ને પારકું બરોબર સાંભરે તેટલું જીવનમુક્ત; એટલુ ન સાંભરે તો વિદેહ મુક્ત. (૨૮)

પછી મહારાજે બીજી વાર્તા કરી જે અમે કાલે વેલાલ્ય જાતાં ગામ કણભામાં ગોવિંદ સ્વામી કહે જે મારું માથું દુઃખે છે, પછી હરિભક્તને ભલામણ કરી જે ખબર રાખજો. એમ કહીને મહારાજ વેલાલ્ય ગયા ને પાછા વળ્યા ત્યારે ખબર કાઢી. ત્યારે જાણ્યું જે ગોવિંદ સ્વામી જેતલપર ગયા. પછી મહારાજે દૃષ્ટાંત દીધું જે કાગડા હોય તે બાર ગાઉ ચારો કરવા જાય ને સાંજે પાછા બાર ગાઉ ચારો કરીને માળે આવે. ત્યારે શું બાર ગાઉની માંહેલી કોરે એવું ઝાડ નથી ? પણ વાસના બંધાણી તે વિના સુવાણ થાય નહિ તેમ ગોવિંદ સ્વામીને કયાં ખોટ હતી, પણ જેતલપર આવ્યા ત્યારે સુવાણ થઈ. (૨૯)

પછી રસોઈ થઈ એટલે મહારાજ જમ્યા અને સંતને જમાડયા. પછી ફૂલડોળના ઓચ્છવને સારુ રાતે રસોઈ કરવા માંડી, પછી સવાર થયું એટલે વિધવિધના પકવાન્ન, ઝાઝાં શાક તૈયાર થયાં. પછી મહારાજને કહ્યું જે મહારાજ રસોઈ તૈયાર છે પછી મહારાજ પાકશાળામાં પધાર્યા. પછી જોઈને કહ્યું જે નજર પ્રસાદી થઈ, અમારે તો નથી બેસવું પંગત કરો ને મેળાવજો એમ કહીને તળાવ ઉપર મહારાજ પધાર્યા ને વાંસે હરિભક્ત ચાલ્યા એટલે મહારાજ કહે અમારી વાંસે આવશો નહિ ને સાધુના દર્શન કરો. પછી હરિભક્ત સૌ પંક્તિ ફરતા ઊભા રહ્યા ને પછી સાધુ પત્રાવળામાં પકવાન અને શાકપાક સર્વે ભેળું કરીને જમવા બેઠા. પછી હરિજન જોઈને મહારાજ પાસે ગયા. ત્યારે મહારાજે પૂછયું જે સાધુ જમ્યા ? ત્યારે હરિભક્તે કહ્યું જે શું જમ્યા ? સર્વે ભેળું કર્યું ! પછી મહારાજે કહ્યું જે સાધુ જમતા નથી. એ તો વાત કરે છે શા માટે જે આ સર્વે બ્રહ્માંડમાં વાતો થાશે; પછી સર્વે સંતમંડળ વેર્યા એક મંડળ વિશનગર ગયું ને મહારાજ કાઠિયાવાડ પધાર્યા. (૩૦)

પછી કેટલાક દિવસ રહીને ભૂજ પધાર્યા. સાધુ ફરતા ભૂજ ભેળા થયા ત્યાં પરમહંસ કરીને વેર્યા. તે પછી કેટલેક દિવસે ગઢડે મહારાજ પધાર્યા ને ગઢડે વસંતપંચમી કરી. ગાડાની સામસામી હાર કરીને કડાઈમાં રંગ ભર્યો ને સામસામા સાધુ પિચકારી લઈને રમ્યા અને મહારાજ એક કોરે ગાડા ઉપર ઊભા રહ્યા ને મોઢા ઉપર આગળ ઢાલ રખાવી. એવી રીતે રમ્યા. નિત્યે રસોઈ થાય ને પોતે જમીને સાધુને જમાડતા. (૩૧)

એક સમે ઘેલેથી નાહીને મહારાજ અને સાધુ આવતા હતા, તે દરવાજા બહાર ઓટો હતો તે ઉપર બેઠા. પછી સાધુએ પ્રશ્ન કર્યો જે–કોઈને લક્ષ થાય છે ને કોઈને નથી થાતો તેનું શું કારણ છે ? ત્યારે મહારાજે વાત કરી જે કૌરવ અને પાંડવના છોકરાને દ્રોણાચાર્ય ધનુર્વિદ્યા ભણાવતા હતા. પછી એક ભીલનો છોકરો આવ્યો. તેણે કહ્યું જે મારે ભણવું છે. ત્યારે દ્રોણાચાર્યજીએ તેનું અંતર જોઈને વિચાર્યું જે આ તો સમર્થ થાશે ને કૌરવનો પક્ષ લેશે ને અર્જુનનો પાડયો નહીં પડે. એમ વિચારીને કહ્યું અમે શૂદ્રને નથી ભણાવતા પછી તે વનમાં ગયો. ત્યાં ગારાના દ્રોણાચાર્ય કરીને નિત્ય પૂજે ને પ્રદક્ષિણાઓ કરે ને કહે જે– 'હવે મને આજ્ઞા છે? બાણ નાખું?' એમ નિત્ય અભ્યાસ કરે તે મહા બાણાવળી થયો.

એક સમાને વિશે કૌરવ ને પાંડવના છોકરા ઘોડે ચઢીને શિકારે નીકળ્યા. તે વળતાં પાછા ભીલને પડખે નીકળ્યા ને અંધારું થયું, ત્યાં ભીલે બાણ નાખ્યું; તેનો ટંકાર થયો ત્યારે ટંકાર સાંભળીને કૂતરે હાઉ કર્યું, ત્યાંતો કૂતરાના ડાચામાં ત્રણ ચાર બાણ ભરી દીધાં, પછી ઘોડાવાળા પાછા ફર્યા, જે આ તે શું થયું?–આટલામાં કોઈ બાણાવળી છે. પછી મરડીને બાણ આવ્યાં તેની કોરે ગયા, પછી એને ઓળખ્યો ને પૂછયું જે આ શું છે ? ત્યારે કહ્યું જે આ તો અમારા દ્રોણાચાર્ય છે. પછી તે ઘોડાવાળે આવીને કહ્યું જે– હે દ્રોણાચાર્ય, એ ભીલ તો મહા શબ્દવેધી થયો છે.

પછી વિદ્યાર્થી અને દ્રોણાચાર્ય સવારમાં આવ્યા ને કહ્યું જે તું કોણ છે ? ત્યારે કહ્યું જે–મહારાજ ભીલ છું ને આ કોણ છે ? ત્યારે કહ્યું જે–અમારા દ્રોણાચાર્ય છે. અલ્યા મેં છતાં ગારાના કર્યા ? ત્યારે કહ્યું હા મહારાજ, હું તમારો છું. અમારો છો, તો માગીએ તે આપ. ત્યારે કહ્યું જે–હા, મહારાજ, જે કહો તે આપું. ત્યારે કહ્યું જે–જમણા હાથનો અંગૂઠો ઉતારી દે, પછી ઉતારી દીધો ને પાછા આવ્યા.

સૌ વિદ્યાર્થીએ પૂછયું જે–રાતે બાણ નંખાય કે ના ? ત્યારે દ્રોણાચાર્ય કહે જે, હા. પછી દ્રોણાચાર્ય રાતે જોવા ગયા જે અભ્યાસ કરે છે કે નથી કરતા, ત્યારે બીજા સર્વે સૂતા ભાળ્યા ને અર્જુનને જોવા ગયા ત્યાં ધનુષનો ટંકાર સાંભળ્યો, તે કમાડ સોંસરું જોયું જે દીવો છે કે નથીઃ પછી જોયું જે દીવા વગર ઘા કરે છે.

પછી એક સમાને વિષે ભીષ્મે દ્રોણાચાર્યને કહ્યું જે વિદ્યાનો કાંઈ ચમત્કાર દેખાડો કે કેવા ભણ્યા છે; ત્યારે દ્રોણાચાર્ય કહે કાલ દેખાડીશું. બીજે દહાડે સૌ વિદ્યાર્થીઓને વગડે તેડી ગયા ને ઝાડ ઉપર કાગળનો હોલો બાંધ્યો, પછી દ્રોણાચાર્યે કહ્યું જે, એકુકો ઘા કરો ને જુઓ હું કહું તેમ પંખીને ભાળો છો ? ત્યારે કહેઃ હા; ઝાડને ભાળો છો ? ત્યારે કહે હા; આ સર્વે ઊભા તેને ભાળો છો? ત્યારે કહેઃ હા, ત્યારે ઘા કરશોમા. એવી રીતે સર્વેનું પારખું લીધું તે સૌ એમ બોલ્યા, પછી અર્જુનને કહ્યું જે તું સુરત બાંધ, ત્યારે અર્જુને સુરત બાંધી, ત્યારે કહ્યું જે પંખીને ભાળો છો ? ત્યારે હા પાડી–ને ઝાડને ભાળો છો ? ત્યારે ના પાડી; ત્યારે દ્રોણાચાર્ય કહે જે એક માથા સામું જુઓ. પછી માથા સામી સુરત બાંધી, ત્યારે કહ્યું જે, હવે પંખીને ભાળો છો ? ત્યારે કહે ના, એકલું માથું ભાળું છું. ત્યારે ત્રીજી તાળીએ માથુંપાડયું.

પછી મહારાજે કહ્યું જે દ્રોણાચાર્ય સૌને સરખું શીખવતા હતા, પણ અર્જુનને આવડયું. શા માટે જે અભ્યાસેન તુ કૌન્તેય. એમ ભીલે અભ્યાસ કર્યો તે શબ્દ વેધી થયો. માટે પુરુષ પ્રયત્નવાળા ઉપર ભગવાન પ્રસન્ન થાય છે. એટલી વાત કરે છે ત્યાં પૃથ્વી હાલી; પછી મહારાજ કહે, જુઓ પૃથ્વી હાલતાં કેટલી વાર લાગી ? માટે લક્ષ થાતાં તો વાર નથી, પણ પાત્ર ક્યાં? એ દિશની મહારાજે ઘણી વાત કરી, પછી રસોઈ થઈ તે જમવા પધાર્યા ને પછી જમીને સાધુને પીરસ્યું. એમ કેટલાક દિવસ સાધુને રાખ્યા ને પછી સાધુને વેર્યા. (૩૨)

કેટલાક દિવસ પછી જેતલપુર જગન કર્યો. તે દિવસે રસોઈ થાય ને સાંજે સભા થાય. એક સમે મંચ ઉપર શ્રીજી મહારાજ વિરાજ્યા ને સભા ભરાઈને બેઠી હતી. પછી મહારાજે કહ્યું જે, અમારા સાધુ ફરે છે ને વાતો કરે છે. તે ચાર વાનાને નીંદે છે. તે ચોરી, છીનાળી, દારુ ને માંસ, તેને નીંદે છે. તેનું શાસ્ત્રમાં પ્રતિપાદન હોય તો અમારા સત્સંગીને પ્રસિદ્ધ કરાવીએ, ત્યારે વિરમગામના આશારામ શાસ્ત્રી બોલ્યા જે, એનું કાંઈ પ્રતિપાદન હોય ? પછી તે શાસ્ત્રીને મહારાજ કહેઃ તમે તો બેઠાબેઠા બોલ્યા, ઊભા થઈને બોલો તો સર્વે સાંભળે. ત્યારે તે ઊભા થઈને બોલ્યા જે ચોરી, છીનાળી, દારુ, માંસ એનો તો શાસ્ત્રમાં નિષેધ છે; ત્યારે મહારાજે કહ્યું જે, એવું કરતો હોય તેને શું કહેવું? ત્યારે આશારામ કહે, એવું કરે તેને ચંડાળ કહીએ. પછી મંચ પર મહારાજે ઊભા થઈને તાળી દઈને કહ્યું જે, વિરમગામના શાસ્ત્રી કહે છે જે, ચોરી, છીનાળી, દારુ, માંસ ભક્ષણ કરે, તે ચંડાળ છે તેમ કહે છે. માત્ર અમે જ નથી કહેતા. ત્યારે પ્રતિપક્ષી બોલ્યા જે વેદમાં હિંસામય યજ્ઞ કહ્યા છે; ત્યારે મહારાજ બોલ્યા જે, હિંસામય યજ્ઞ કહીને વાંસેથી શું કહ્યું, એ વિચારો કાં જે જેમ શાહુકાર હજાર રુપિયાની હૂંડી લખી આપે અને વાંસેથી લખે જે દેશોમા. માટે વાંસેનું વચન સાચું થાશે. (૩૩)

પછી જે દુષ્ટમતિવાળા હતા તેને વસમું લાગ્યું તે અમદાવાદ ભાઉ સાહેબ આગળ વાત કરીજે, સ્વામિનારાયણ બ્રાહ્મણને જમાડે છે તે પોતાનો મત ચલાવવા સારુ જમાડે છે ને શક્તિમાર્ગ આદિક બીજા મતને ખોટા કહે છે. એ રીતે ભાઉ સાહેબ આગળ વાત ભરાવી. (૩૪)

એક સમે બ્રહ્મભોજનમાં ઘી ખૂટી રહ્યું; ત્યારે મહારાજ કહે આટલાં કુડલાં છે તેમાં જુઓ ને કાંઈક હશે. પછી જોયું તે કુડલાં મધ્યે એક અર્ધું ભર્યું નીકળ્યું; પછી રસોઈ ચાલતી થઈ. તે ઘી ખૂટયું નહિ, પછી ઘીનાં ગાડાં આવ્યાં. એવી રીતે અઢાર દિવસ સુધી જમાડયા, પછી બ્રાહ્મણો કહે જે કાંઈક દક્ષિણા અપાવો તો ઠીક, પછી મહારાજ બોલ્યા જે બ્રાહ્મણ છ મહિના એક ઠેકાણે જમે ત્યારે મહારુદ્ર કહેવાય માટે મો'રથી દક્ષિણા શી ? (૩૫)

પછી પૂર્ણાહુતિને મો'રલે દિવસ વાત કરી જે અમારી પાસે જે રહેતા હોય તે ગાંઠનું ખાય તે રહે, નહિ તો ઘેર જાય. તે વાત સાંભળી ડાંગરવાના ડાભીએ વિચાર્યું જે–આપણ ઘેર જાશું તો કહેશે જે ખાવાનું બંધ કર્યું, તે ન રહ્યા; માટે આપણે ગાંઠનું ખાઈને રહેવું. સવારમાં મહારાજ દાતણ કરવા બેઠા હતા, ત્યાં ડાભી આવીને ઊભા રહ્યા. પછી ડાભી પાસે ઘોડી મંગાવીને ઘોડીએ અસ્વાર થઈને બોલ્યા જે લાડવા સૂઝે એ લઈ જાઓ ને વધે તે તળાવમાં નાખો. એમ કહીને ગામડીએ પધાર્યા. તે ગામની ભાગોળે જઈને પોતે ઘોડીએથી ઊતરીને કહ્યું. જે આ લ્યો તમારી ઘોડી, અમદાવાદને માર્ગે ચાલ્યા જાઓ, પાછું વાળી જોશોમા. ત્યારે ડાભીને થયું જે કાલના મહારાજ કહે છે તે કાંઈક છે ખરૂં. પછી અમદાવાદને માર્ગે ચાલ્યા અને થાણું ચઢયું તે પડખે નીકળ્યું. ત્યારે બાઈ બોલી જે અમારા ધણીના મારતલ જાય છે, ત્યારે ઓલે હાકલ કરી જે તારાના મારતલ બીજા છે ને હવે બોલીશ તો તું પણ મરીશ. પછી થાણું જેતલપુર આવ્યું ને કહે, સ્વામિનારાયણ કયાં છે ? ત્યારે કહ્યું જે ગામડીએ ગયા; પછી થાણં ુ ગામડી ગામે આવ્યું તેણે પૂછયું, ઓ ડાંગરવાના ડાભી કયાં? પછી મહારાજે કહ્યું જે હાલ સંઘને શીખ દીધી તે સૌ સૌને ઘેર ગયા ને અહીં હોય તો જુઓ. પછી થાણું ગયું ને મહારાજ જેતલપુર પધાર્યા ને સર્વે સાધુને વેર્યા. (૩૬)

પછી મહારાજ કાઠિયાવાડ ભણી ચાલ્યા, પણ સાભરથી પાછા અમદાવાદ ગયા. પેશ્વા બ્રાહ્મણે ભદ્રમાં સભા સારુ મહારાજને તેડાવ્યા. તે તેલના ટાંકા ઉપર મહારાજ સારુ ગાદલું નાખ્યું ને મહારાજને તેડવા આવ્યા. પછી મહારાજ કહે ભાઉ સાહેબ આવે તો આવીએ. પછી કહે ભાઉ સાહેબ આવશે અને ભાઉ સાહેબને કહે તમે આવશો નહિ પછી મહારાજ પધાર્યા ને દગો કરીને આસન નાખ્યું હતું, તે ઉપર મહારાજ ન બેઠા. પછી મહારાજે કહ્યું જે પૂછવું હોય તે પૂછો. ત્યારે બોલ્યા જે તમે શૂદ્ર છો, તમને શું પૂછીએ ? ત્યારે મહારાજે કહ્યું જે અમે શું આકાશમાંથી પડયા છીએ ? કયાંઈક તો જન્મ ધર્યો હશે ને ? ત્યાંથી અમારી જ્ઞાતિના બ્રાહ્મણ દશ હજાર તેડીને જગન કરીએ, તેનો ઠરાવ કરો. જે હારે તે સરકારને દંડ આપે. ત્યારે તે બોલ્યા તમારા ભાઈ બ્રાહ્મણ હશે, પણ ત્યાગી થઈને જગનગોર કેમ થયા ? ત્યારે મહારાજે કહ્યું જે અમે કયાં જગનગોર થયા છીએ ? અમને તો હરિભક્તે તેડાવ્યા જે દર્શન થાય, તે સારુ અમે આવ્યા. પછી બ્રાહ્મણોએ આડું અવળું બોલવા માંડયું, એટલે મહારાજ ચાલી નીકળ્યા ને તે ભાઉ સાહેબ બેઠો હતો ત્યાં થઈને નીકળ્યા ને તે સામું

જોઈને મહારાજ બોલ્યા જે અમે તો સાધુ છીએ, તે અમારે કાંઈ નહીં; પણ ભગવાન છે તે નહિ ખમે, એમ કહ્યું ત્યારે ભાઉ સાહેબ બોલ્યા જે અમારા રાજમાં જગન નહિ. પછી મહારાજ કહે તમારો અમલ હોય ત્યાં સુધી નહિ, કાંજે જેને ઘેર હાથી હશે તેને એટલી જગા બાંધવા નહિ મળે ? એમ કહીને ચાલી નીકળ્યા. (૩૭)

પ્રથમ મહારાજ પ્રગટ થયા તે દિ' સમાધિનું પ્રકરણ બહુ ચલાવ્યું ને પછી અમદાવાદ પધાર્યા ને ત્યાં ભટ પંડિત ભેળા થયા ને સભા થઈ, ત્યારે પ્રશ્ન કર્યો જે કળિમાં સમાધિ હોય નહિ ને જેને હોય તેને છો ઊર્મિ ન વ્યાપે. પછી કહે જે કર્મ બળ્યાં કેમ જાણીએ? પછી મહારાજે ગોપાળાનંદ સ્વામીને સમાધિ કરાવીને પગ ઉપર દેવતા મૂકયો ને પછી મહારાજ કહે જે એને કઈ ઊર્મિ છે ? ને સંચિત, પ્રારબ્ધ, ક્રિયમાણ, એમાં કિયાં કર્મ છે ? પછી સૌએ કહ્યું જે દેહમાં જીવ નહિ. ત્યારે શી ઊર્મિ ને કર્મ કહેવાય ? (૩૮)

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે મોટાને આશરે જાય ને તન, મન, ધન ને અનેક જન્મનાં કર્મ અર્પણ કરે, ત્યારે દેહ પડી જાય. ત્યારે કોઈ ગામમાં ગરવા દે નહિ, જે આ તો માણસ મારો છે ને કોઈ પાસે બેસવા આવે નહિ, ત્યારે જીવનું કલ્યાણ કેમ થાય ? માટે સંચિત કર્મ બળે છે અને મોટાની આજ્ઞા પ્રમાણે રહે ત્યારે ક્રિયમાણ કર્મ વળગે નહિ અને પ્રારબ્ધ કર્મ રહે છે, તે કેવાં? જે શેકેલ ચણા જેવાં તે ચણા ખાધે ભૂખ જાય પણ વાવે તો ઊગે નહિ. તેમ દેહ છે તે પ્રારબ્ધને આધારે રહે છે પણ દેહને અંતે જન્મમરણ નહિ એ દિશની શ્રીજી મહારાજે ઘણીક વાર્તા કરી. (૩૯)

એક સમે શ્રીજી મહારાજે કાલવાણીએ તુલસીવિવાહ કર્યો ને એક કણબીને ઘેર શ્રીજી મહારાજ ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં પછી એક બાઈ કહે, રસોઈ કરું ને મારે ઘેર જમવા પધારો. ત્યારે મહારાજ કહે બાઈના હાથનું તો અમારે નહિ ખપે. અમારે સાધુ રસોઈ ઠીક કરે છે. પછી બાઈ કહે તમે કહો તો નાહીને કરું. પછી શ્રીજી મહારાજે કહ્યું ના, ના બાઈ માણસને તો નિયમ નહિ, એ તો પાણી ભરવા જાય ને ઠામ પડયાં મૂકીને દિશાએ જાય ને પાણી લીધા વગર બેડું ભરીને ચાલી આવે અને રસોઈ કરતી હોય ને ચૂલા આગળ છોકરું ઝાડે ફરી જાય, પછી એક હાથમાં કળશિયો લઈને એક હાથમાં છોકરાનું બાવડું ઝાલે. પછી છોકરાને ધુએ, પછી એક હાથ ધુએ, તે ન ધોયા જેવો ને પાછી રોટલા કરવા બેસે ને આગળ વિષ્ટા ઉપર માખો બેસે ને તે માખો રોટલા ઉપર બેસે; માટે અમને નથી ગમતું; પછી ભાઈ બેઠા હતા તે રાજી થયા, જે મહારાજે સારી શિખામણ દીધી. (૪૦)

પછી તે ભાઈને કહે જે વગડામાં નદી છે ? ત્યારે કહે ના મહારાજ, વગડામાં નદી નથી. ત્યારે પાણીનું કેમ કરો છો ? ત્યારે કહે ભંભા ભરીને લઈ જઈએ છીએ ત્યારે મહારાજે કહ્યું જે દિશાએ જાવુ હોય અને તરસ લાગી હોય ને પાણી થોડું હોય, તેનું કેમ કરો ? ત્યારે કહે જે બે ઘડી પ્યાસ વેઠીએ પણ પાણી લઈને જાઈએ; ત્યારે છોકરાં પડખે બેઠાં હતાં તે કહે ના મહારાજ. પાણી કોઈ લેતા નથી. પછી મહારાજે કહ્યું જે અમારા સત્સંગી કળશિયો લઈને જાય ને તેણે સતરવાર હાથ માટીયાવવા ને નાહીને જમવું. એ દિશની ઘણીક વાર્તા કરી. (૪૧)

પછી એક સમે શ્રીજી મહારાજ ગોંડલ પધાર્યા તે ગામના રાજા દેવાજી તેણે કહ્યું જે મહારાજ અમને સમાધિ દેખાડો. ત્યારે મહારાજે કહ્યું જે સમાધિ કહો તો મહિનાની કરાવીએ ને કહો તો છ મહિનાની કરાવીએ ને કહો તો બાર મહિનાની ને બાર વરસની તમે કહો તેટલા દિવસની કરાવીએ ને તેને પટારામાં પૂરી રાખો. તમે કહ્યું તે અમે કરીએ ને અમે કહીએ તેમ તમે કરો.

ગરાસિયા દીકરી ન મારે, તમારા રાજમાં ગોઢલા ન કરે અને વગડામાં બોકડા ન મૂકે ને તમારું રાજ હોય ત્યાં હરણિયાં ન મરે એટલી તમે બંધી કરો તો તમે કહો એટલા દિવસની સમાધિ કરાવીએ.

પછી બ્રાહ્મણે રાજાને શીખવ્યું જે સ્વામિનારાયણ તો કહેશો તેમ કરશે પણ તમારું નીમ નહિ રહે માટે તેમાંથી ભૂડું થાશે. પછી રાજાએ કહ્યું જે હમણાં મુક્તાનંદ સ્વામીને મૂકી જાઓ તેમની વાતો સાંભળીએ માટે સમાધિ રહેવા દો. (૪૨)

એક સમે મહારાજ જેતપર પધાર્યા હતા ને સૌ શ્રાવક ભેળા થઈને મહારાજ પાસે આવ્યા પછી એમ કહ્યું જે તમારા સેવક કહે છે જે અમને કેવળિક મળ્યા પણ કેવળિક તો આજ હોય નહિ શા માટે જે આજ પાંચમો કઠણ આરો છે તે આજ કેવળીક હોય નહિ પછી મહારાજ બોલ્યા જે તમારાં શાસ્ત્રમાં કોઈ એંધાણ છે જે કેવળીક હોય તેમાં આવા ગુણ હોય? ત્યારે શ્રાવક બોલ્યા જે કેવળીક હોય તે એની ઈચ્છાએ માવદે ખેતર જાય પછી મહારાજે એક સાધુ સામી સાન કરી તે સાધુ સમાધિ કરી ગયા પછી મહારાજે કહ્યું જે આ સાધુ માવદે ખેતર ગયા. હવે તમારે ઈચ્છા આવે તો પાણીમાં નાખો અથવા કાષ્ટમાં બાળી નાખો ને સૂઝે તો ભૂમિમાં દાટો. એ તો માવદે ખેતર ગયા. પછી શ્રાવકે સાધુની નાડી જોઈ, શ્વાસ જોયો તે ન મળે. પછી બીન્યા તે મહારાજને કહ્યું જે એ સાધુને ઊઠાડો પછી મહારાજે કહ્યું જે મૂઆ માણસ કાંઈ જીવતા થાય ? માટે તમે બાળતાં બીતા હો તો અમારા સત્સંગી બાળે. એમ કહીને સત્સંગીને કહે લાવો લાકડાં પછી

શ્રાવકે હાથ જોડીને કહ્યું જે મહારાજ, એમને ઊઠાડો. પછી મહારાજ કહે અમારા ઉઠાડયા કેમ ઊઠે ? તમે કહ્યું જે કેવળિક હોય તે માવદે ખેતર જાય, તે ગયા. હવે તમે એમ કહેતા હો જે એ કેવળિક ખરા, તો ઊઠાડીએ. પછી શ્રાવકે હાથ જોડીને કહ્યું જે મહારાજ તમારી પાસે જે કોઈ બેઠા હોય તે સર્વે કેવળિક છે પછી સાધુ ઉઠયા ને સર્વે રાજી થયા. (૪૩)

એક સમે સાધુને રોગ આવ્યો તે હાથ પગ સૂજી ગયા ને દાંત ઉપર અવાળું ફરી વળ્યા તે વાત શ્રીપાત્ દેવાનંદ સ્વામીએ મહારાજ આગળ કરી. જે સાધુને રોગ થયો છે તે કળાતો નથી. રોગ જાણ્યા વિના ઔષધ પણ કેમ થાય ? પછી મહારાજ બોલ્યા જે, આ સાધુ આ બ્રહ્માંડના નથી અને આ બ્રહ્માંડમાં એવું ઔષધ પણ નથી. એમ કહીને મહારાજે કહ્યું જે ઘેંસ, રોટલો છાશમાં ચોળીને ખાય ને પ્યાસ લાગે ત્યારે છાશ પીએ. પછી દેવાનંદ સ્વામીએ કહ્યું જે મહારાજ વાયુનો રોગ છે ને હાથપગ પણ સૂજ્યા છે તેને છાશ કેમ પીવાય ? પછી મહારાજે કહ્યું જેનો દેહ રહેનારો હશે તેનો રહેશે ને પડનારો હશે તેનો પડશે. માટે છાશ પાઓ. પછી માંદા હતા ત્યાં છાશ પ્રવર્તી એટલે રોગ જાતો રહ્યો. (૪૪)

એક સમે શ્રીજી મહારાજ ભુજનગર પધાર્યા હતા. પછી ત્યાંથી કાગળ કાઠીઓ ઉપર લખ્યો જે અમારું વચન માનતા હો તે પરમહંસ થઈને આવજો. પછી કાગળ સાંભળી માંચો ખાચર, વીરો પટેલ, અલૈયો ખાચર, માતરો ધાધલ, સુરો ભક્ત, નાજો જોગિયો, હાથીઓ પટગર, મામૈયો પટગર, મૂળુ લંઘો એ આદિ થઈને દશ બાર જણ ગામ પ્રાંતિજે ભાઈ રામદાસજીને ભેગા થયા અને આત્માનંદ સ્વામી ભેગા થયા પછી સર્વે મળીને ભુજ ગયા તે સર્વેને મહારાજ ભેગા થઈને મળ્યા ને બહુ રાજી થયા, પછી સૌને રસોઈ કરાવીને દહાડી દહાડી જમાડે ને બહુ રાજી થાય. એક દિવસ મહારાજ ઢોલિયા ઉપર ઉતરાદે મુખારવિંદે વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને મુખારવિંદ આગળ સભા ભરાઈને બેઠી હતી ને એક છોકરો મોઢા આગળ ઊભો હતો તેનું નામ કાનુડો. પછી તેને મહારાજ કહે તારું નામ કાનુડો છે કે ? ગોકુળે ગાયું તું ચારતો તે કે ? ગોપીયુનું દહીં દૂધ તું લૂંટી ખાતો તે કે ? એ રીતે હાસ્યવિનોદ રમૂજ કરતા ત્યાં એક ચકલો આવીને બેઠો તે આકળો થાય તે ચકચક કરે, પછી મહારાજે તે ચકલા સામું જોયું. પછી ચકલે મહારાજ સામું જોયું ને ચકલો ઠરી ગયો તેને કાનુડો ઉડાડવા ગયો ત્યારે મહારાજે હાકલ કરી જે ઉડાડીશ નહિ. પછી મહારાજે પરમ ચૈતન્યાનંદ સ્વામીને કહ્યું, જે શેખજીને કાંઈક પ્રશ્ન પૂછો, તે બોલ્યા નહિ પછી મહારાજે બે ત્રણ ફેરા પૂછો પૂછો કહ્યું પણ બોલ્યા નહિ ત્યારે શેખજી બોલ્યા જે મહારાજ એ હમકું કયા પૂછેગા? પછી મહારાજે આત્માનંદ સ્વામીને કહ્યું જે તમે પૂછો ત્યારે આત્માનંદ સ્વામીએ પૂછયું જે, મહારાજ પાસે બેઠા હોઈએ ત્યાં સુધી જેવો મલાજો રહે છે, ઈંદ્રિય, અંતઃકરણ સંકોચમાં રહે છે, તેમ સો ગાઉ છેટે જાઈએ તોય પણ એમનું એમ કેમ રહે ? પછી મહારાજે શેખજીને કહ્યું જે તમે આનો ઉત્તર કરો. ત્યારે એ બોલ્યા જે હે મહારાજ, એ તો મારા અંતરકી લેઈકર બોલ્યા, સો ઈસકા ઉત્તર તો આપ કરો. ત્યાર પછી મહારાજે વાત તો ન કરી પણ એક કડી બોલ્યા જેઃ–

"કોઈ કહે સોહાગણ નારી રે, પ્રેમગલી દેખલારી રે."

એ જ કડીમાં ભાવ દેખાડયો. પછી સંતને કેટલાક દિવસ રાખીને વેર્યા. કાઠીઓને રાખ્યા ને વાતો કરીને સમજાવ્યા, જે તમે ઘેર જાઓ; શા માટે જે તમારે જોગે કરીને ગરીબ ગરબાં સૌ ભજશે. પછી મહારાજની આજ્ઞાએ કરીને ઘેર આવ્યા ને સૌએ વાનપ્રસ્થનો ધર્મ રાખ્યો. (૪૫)

પછી મહારાજે જેતલપર બીજી વાર જગનનો સામાન ભેળો કરાવ્યો ને પોતે પધાર્યા. તે સાંજે પોતે જમ્યા ને સર્વે સાધુને જમાડયા પછી મહારાજે વાત કરી જે અમે સપ્તઋષિને આરે કોઈ'દિ નાહ્યા નથી, માટે હાલ અગિયારસ છે તે નહાવા જાશું; માટે હથિયારબંધ આ સામાનની ખબર રાખજો ને કોઈને ઢૂંકડા આવવા દેશોમા. પછી મહારાજ સાબદા થયા ત્યારે સર્વે બોલ્યા જે મહારાજ અમે આવીએ? ત્યારે મહારાજે કહ્યું ચાલ્યાની પહોંચ હોય તો આવો તેની ના નથી. પછી સર્વે સાધુ સંઘ સહિત મહારાજ રાતે પધાર્યા ને સવારમાં થાણું આવ્યું. શા માટે જે બ્રાહ્મણે એવું ભરાવ્યું જે પ્રથમ જગન કર્યો ત્યારે બાબાજી મૂઆ ને હવે જગન કરશે તો તમારે માથે ઘાત છે. તેવું અવળું સમજાવ્યું તે સારુ મહારાજ ઉપર દગો કરીને થાણું આવ્યું પછી પાળા હતા તે બંદૂકો લઈને સામા ઉભા રહ્યા ને કહ્યું જે ઢૂંકડા આવશો તો ગોળીએ મારશું. પછી થાણાવાળે કહ્યું જે કોળીઓના ઘોડા ફર્યા, સાંભળીને ચઢયા, તો પણ ગોકીરો ખોટો થયો ત્યારે જાણ્યું જે સ્વામિનારાયણના દર્શન કરતા જાઈએ. પછી પાળે કહ્યું જે સ્વામિનારાયણ અહીં નથી ઢૂકડા આવશો નહિ ત્યારે થાણાવાળો કહે સ્વામિનારાયણ કયાં ગયા ?

ત્યારે પાળાએ કહ્યું જે કાલની સાંજે મહારાજ ચઢયા તે કયાં ગયા તેની ખબર નથી. પછી થાણું પાછું ગયું ને મહારાજ સાંજે પધાર્યા ને પછી થાણું આવ્યું હતું તેની સર્વે વાત મહારાજને સંભળાવી. પછી સવારમાં મહારાજ ખેડે પધાર્યા ને સાહેબને કહ્યું જે અમારે બ્રાહ્મણ જમાડવા છે પણ ભાઉ સાહેબ ના પાડે છે માટે તમારો હુકમ હોય તો જમાડીએ ત્યારે સાહેબે કહ્યું જે ત્યાં અમારો અમલ નથી. અહીં લાવીને જમાડો પછી મહારાજે કહ્યું જે એટલો ભાર શી રીતે અહીં લેવાય ? ત્યારે સાહેબે કહ્યું જે ગાડાં ભરી લાવો નાકું નહિ લેગા પણ એટલાં ગાડાંબળદ કયાંથી લાવીએ ? આ માલ અહીં કેવી રીતે લાવ્યા હતા ? એ તો અમારા સેવક ગામ ગામથી સામાન પહોંચાડી ગયા. ત્યારે સાહેબે કહ્યું ત્યાં તો અમારો હુકમ નહિ ત્યારે મહારાજે કહ્યું અમારે બળે કરીએ ? ત્યારે સાહેબે કહ્યું જે તમારે બળે કીસ તરે કરોગે ? ત્યારે મહારાજે કહ્યું જે અમે હુકમ કરીએ તો એક રાતમાં લાખ કામઠીઓ ભેગી થાય પછી સાહેબે કહ્યું જે એસા તો ના કરના પછી મહારાજે જેતલપર કાગળ લખ્યો જે વેરાગી, અતીત, બ્રાહ્મણ મારવાડી મઉ જે હોય તેને ખવરાવી દેજો. એ પછી પોતે ડભાણ પધાર્યા. (૪૬)

ડભાણ એક દિવસ રહી ગઢડે આવીને હોળી રમ્યા. પછી કચ્છ પધાર્યા ને સર્વે સાધુને તેડાવ્યા; ને માંડવીએ મહારાજ ને સાધુ આવ્યા. પછી મહારાજે કહ્યું જે, કોઈ પૂછે જે તમારામાં મોટેરો કોણ છે ? ત્યારે બ્રહ્માનંદ સ્વામીને કહેજો. પછી ખયો આવ્યો ને પૂછયું જે, તમારામાં કોણ મોટેરા છે ? પછી સાધુ બોલ્યા જે આ અમારા મહંત છે. પછી ખયે પ્રશ્ન પૂછયો જે–ઈંગલા, પીંગલા, સુષુમણા એ ત્રણ નાડીઓ આ દેહમાં છે, તેમાં કઈ નાડીમાં જીવ છે ? પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે એનો અમે શો ઉત્તર કરીએ ? એનો ઉત્તર તો આ બેઠા એ કરશે. એમ કહીને મહારાજને બતાવ્યા. પછી મહારાજે એનો ઉત્તર કર્યો. પછી ખયે એમ જાણ્યું જે, સર્વેના કારણ આ છે. પછી મહારાજને એમ વિચાર થયો જે આ સાધુ સર્વેને વેદાંત ભણાવીએ તો ઠીક ને ભણ્યા પછી માંડવીમાં છો છો મહિના રાખવા. તે ધર્મમાં કુશળ રહે ને પ્રશ્ન ઉત્તરમાં સૌને જીતે ને પછી દેશ પ્રદેશમાં ફરે તે કયાંઈ બંધાય નહિ, ત્યારે અમારે નિરાંત થાય. (૪૭)

પછી મહારાજ સાધુ સહિત ગામ કાળેતળાવ પધાર્યા. તે ગામ નાનું તે ઠામની ખોટ ને સાધુ તો ઝાઝા હતા. તે સારુ પાણી પીવાને અર્થે કુંડ એક ફળિયામાં કર્યો હતો, તેને રાખે લીંપ્યો હતો; તે ગામમાં હરભમ સુતાર હતા ને બીજા ભાવર રહેતા હતા. તેણે સૌને બંધી કરી જે સાધુને અર્થે પાણી ભરી લે, ત્યાર પછી આપણે પાણી ભરવું; પછી સાધુ સારુ સવારમાં પાણી ભરી રાખતા અને નિત્યે કથા કરાવતા, તે એક દિવસ મહારાજે કહ્યું જે, મુક્તાનંદ સ્વામીને વિષે અમારે ગુરુભાવ છે; પણ હું તો ગરુને કહું ખરો. પછી કથા બેઠી તેમાં મુક્તાનંદ સ્વામીને ઝોકું આવ્યું ત્યારે મહારાજે કહ્યું જે, કથામાં ઊંઘે તેનું કામ નહિ; માટે બહાર જાઓ; પછી મુક્તાનંદ સ્વામી બહાર ગયા, ત્યાં તો શ્રીપાત માધવાનંદ સ્વામીને ઝોકું આવ્યું ત્યારે મહારાજ બોલ્યા જે, ઊઠો સ્વામી;પછી શ્રીપાત માધવાનંદ સ્વામી ઉઠયા, તે ભાગોળે ગયા. પછી આત્માનંદ સ્વામીની આંખોમાં ઊંઘ આવવા માંડી ત્યારે મહારાજે કહ્યું જે, ઊઠો મહારાજ, ત્યારે મે કહ્યું જે ઊઠયા મહારાજ. પછી મહારાજ બહુ હસ્યા ને એમ બોલ્યા જે, ઊંઘ તો નહોતી, પણ કહ્યું એટલે ઊઠયા; પછી અમે ત્રણે ભાગોળે જઈને બેઠા. (૪૮)

પછી મુક્તાનંદ સ્વામી તો ગોદડી ઓઢીને ભાગોળે સૂઈ રહ્યા અને અમે બે જણે તો બહુ શોચ કર્યો, પછી બપોર નમતાં રસોઈ થઈ, તે મહારાજે અમને જમવા સારુ તેડાવ્યા; પછી મહારાજે પૂછયું જે સ્વામી, કેમ થયું? ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, હે મહારાજ, હું તો જઈને સૂઈ ગયો, પછી માધવાનંદ સ્વામી બોલ્યા જે, હે મહારાજ, એવી ઊંઘ ન હોય; એ તો તમારી માયા છે, પછી મહારાજ બહુ હસતા હવા અને પછી હસીને બોલ્યા જે, આગળ મોટા થયા તેણે ગ્રંથોમાં વાતો તો બહુ કરી છે; પણ પાળ્યું તો કેણેય નથી. આજ તો સર્વે શાસ્ત્રમાં કહ્યું છે તે પ્રમાણે પાળવું છે ને સર્વેને પળાવવું છે. એ રીતનાં મહારાજનાં વચન સાંભળીને સર્વે સાધુ બોલ્યા જે, હે મહારાજ, જેમ તમે કહેશો તેમ અમારે સર્વેને કરવું છે. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, તમારે એક એક સંતને દશ દશ હજાર જીવનું કલ્યાણ કરવું, એ રીતનું

સર્વે નીમ લ્યો. ત્યારે સૌએ નીમ લીધું. ત્યારે નિષ્કુળાનંદ સ્વામી બોલ્યા જે, આ દેહે કરીને પૂરા ન થાય તો તેનું કેમ કરવું? ત્યારે મહારાજ બોલ્યા જે બીજો દેહ ધરીને પૂરા કરવા. એમ કહીને વળી શ્રીજી મહારાજ બહુ હસ્યા. વળી મહારાજ બોલ્યા જે અમારે આ દેહે અસંખ્ય જીવનું કલ્યાણ કરવું છે. પછી સાધુ જમવા બેઠા. (૪૯)

સાધુ જમી રહ્યા પછી કથા બેઠી. પછી મહારાજે કહ્યું જે; ૭કઃ ઉત્તમ શ્લોક ગુણાનુવાદત્પુમાન્ વિરજ્યેતુ વિના પશુધ્નાત્ ।। એ શ્લોકનો અર્થ કરો. પછી કોઈ બોલ્યું નહિ, પછી શ્રીજી મહારાજે કહ્યું જે, કથામાં ઊંઘવું નહિ. એ દિશની ઘણીક વાત કરી. પછી શ્વેત ધર્મવાળા હતા તેને શ્રીજી મહારાજે પૂછયું, જે આ તમને દોરે છે તે દેહપર્યંત નિભાવશે ? ત્યારે સૌ બોલ્યા જે, નભાવશે. ત્યારે મહારાજે કહ્યું જે, તમને તો એ દોરશે પણ એને જોયાનું વર્તમાન રહે નહિ. માટે એમ કરો જે સ્વપ્નમાં સ્ત્રી દેખાય તો એક ઉપવાસ ને ધૂમટાનું વર્તમાન રહેવા દ્યો. (૫૦)

પછી મહારાજ બોલ્યા જે અમે ના હોઈએ તો તમે કેમ કરો તે કહો. ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે. તમારે તો એમ બોલવું ઘટતું નથી. તમારે તો સૌને ભેળા લઈને જાવું. પછી તો તમારી મરજી ને અમારે તો એમ છે જે તમે મરજાદા બાંધી તે પ્રમાણે અમારે રહેવું છે ને અમારું જે માનશે તેને ધર્મ મરજાદામાં રખાવવા છે. પછી સર્વે સાધુ એમ બોલ્યા જે, મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં વરતવું. પછી નિર્વિકલ્પાનંદ સ્વામી બોલ્યા જે હે મહારાજ, તમે જે દિવસ ન હો તે દિવસ દેહ રહે નહિ. ત્યારે મહારાજે કહ્યું જે, કેમ થાય ? ત્યારે નિર્વિકલ્પાનંદ સ્વામી બોલ્યા જે ઝાડે ચઢીને અથવા કૂવે પડીને દેહ મૂકી દઈએ. (૫૧)

એ રીતની ઘણીક વાત થઈ. વળી મહારાજ નિત્યે તે ગામની ભાગોળે આવીને બેસતા ને તાળી દઈને કીર્તન બોલતા શીખવતા હતા અને જ્યારે જ્યારે બેસવા બહાર આવતા ત્યારે એમ બોલતા જે બારભાયા આવો. ત્યારે સર્વે આવીને મહારાજની પાસે બેસતા. મહારાજે તેમની આગળ વાત કરી જે, કોઈ માંદો હોય, કોઈ ભૂખ્યો હોય; તેને જેટલો જોઈએ તેટલો કહીએ. પાંચનું કહ્યું હોય ને દશ જણા બેસીએ, ત્યારે પૂરું થાય નહિ, ત્યારે તેની લાજ જાય માટે જોઈએ એટલું મંગાવીએ. એવી રીતે કેટલીક વાર્તા કરી. (૫૨)

બીજે દિવસે જમીને તેરે ગયા. પછી ધનજી સુતારનું નોખું ઘર હતું ત્યાં જઈને ઊતર્યા. પછી સર્વે હરિભક્ત મહારાજને દર્શને આવ્યા. મહારાજ ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા. પછી મહારાજે વાત કરી જે, અમારા સાધુ હાલ માગવા જાશે, તે જેને ઘેરથી ખાલી પાછા આવશે તેની લાજ જાશે. ત્યારે હરિભક્ત બોલ્યા જે શું લાજ જાશે ? કહો તો એક ઘેરથી બધા સાધુનું પૂરું કરીએ. ત્યારે મહારાજ બોલ્યા જે, સાધુ તો ઝોળી માગવા જાશે. શા માટે જે, સાધુ ઘણા છે તે માગવા જાશે, તે જેને ઘેરથી ખાલી જાશે તેની લાજ જાશે. એવી રીતે ઘણીક વાર હાસ્ય વિનોદ કરીને ઘણીક વાતો કરી. પછી સવારમાં બોલ્યા જે સાધુ બારભાયા આવો, ત્યારે સર્વે સાધુ આવ્યા. ત્યારે મહારાજે બારભાયાને કહ્યું જે તમે એક શિષ્ય લઈને ઝોળી માગવા જાઓ, પછી માગવા ગયા. તે હરિભક્તને ગમ નહિ જે ઝાઝા આવશે; માટે પહેલા આવ્યા તેની ઝોળી ભરી આપી અને વાંસે આવ્યા તે ખાલી ગયા એ રીતે સૌ ઝોળી માગીને આવ્યા તે ઝોળીનું અન્ન ભેળું કરીને ગોળા વાળ્યા. પછી મહારાજ હરિભક્ત સામું જોઈને બોલ્યા જે, જુઓ, સાધુ ખાલી આવ્યા. એમ કહીને મહારાજ હસતા હવા ને બોલ્યા જે કહેતા હતા જે એક ઘેર પુરું કરીએ ને આતો ખાલી આવ્યા. પછી સાધુ ગોળા લઈને જમવા બેઠા ને પછી મહારાજ પોતે એક હાથમાં ગોળો લઈને જમવા બેઠા. તે એક ને એક હાથે જમતા હતા ને સાધુ પ્રત્યે એમ બોલ્યા જે, પરમહંસને બે હાથ શું એંઠા કરવા ? એ રીતે પોતે જમતા થકા બોલતા હવા પછી એમ બોલ્યા જે

આત્માનંદ સ્વામી હજી કેમ ન આવ્યા ? એમ કહેતા હતા ત્યાં હું આવ્યો. પછી મહારાજે મને કહ્યું જે, ઝોળી ખીંટીએ ભરાવી દ્યો ને જમવા બેસો, પછી હું તો જમવા બેઠો. પછી મહારાજ કહે ઝોળી ખાલી કેમ ? ત્યારે મેં કહ્યું જે, ગામમાં બધેય ફર્યો પણ કાંઈ ન મળ્યું. પછી મહારાજ બોલ્યા જે તમે કહેતા હતા જે ઝાઝા છે તે શી ફિકર છે ? પણ જુઓ, આ સાધુ ખાલી આવ્યા. (૫૩)

પછી મહારાજ બોલ્યા જે પગબળણું કેવું છે ? ત્યારે મેં કહ્યું જે ઝાઝું જણાતું નથી. પછી મહારાજ બોલ્યા જે તુંબડાં ભરી લ્યો, શા સારુ જે હરિજન સર્વે ખોટી થાય છે, સૌએ પાણી ભરી લીધું, પછી સૌ જમીને ચાલી નીસર્યા. પછી આત્માનંદ સ્વામી વાંસે રહ્યા તે જમીને કેડે ગયા ને મહારાજ તો ગામથી બહાર ગયા. તે છેટે જઈને ઊભા રહ્યા ને તડકો હતો તે સાધુએ પગ હેઠે ગોદડી નાખી આપી. તે ઉપર શ્રીજી મહારાજ ઊભા રહ્યા ને માથા ઉપર ઉંચી ગોદડી ઝાલી રાખી. પછી આત્માનંદ સ્વામી વાંસે હતા તે આવ્યા, તે આવતાં વેંત બથમાં ઘાલીને મળ્યા. પછી સાધુ સર્વેને મળ્યા. પછી મહારાજે કહ્યું જે બાપુ નાગર પાસેથી કાગળ ખડિયો જે જોઈએ તે લેજો ને પુસ્તક મહંત રાખે ને બીજાને સવારમાં ભણવા આપવું ને સાંજે પાછું લેવું. એમ કહીને શ્રીજી મહારાજ બોલ્યા જે અમારું વચન અમદાવાદ સુધી ડંડાકાર થયું છે, તે વચનરુપી પાજ ઉપર ચાલ્યા જાઓ. ત્યાં જઈને ખટભાષા ભણજો તેમાં પ્રશ્ન ઉત્તર સારા છે. એમ કહ્યું એટલે સાધુ ચાલી નીસર્યા ને મહારાજ પાછા કાળેતળાવ પધાર્યા. (૫૪)

પછી કેટલેક દિવસે ગઢડે આવ્યા ત્યાંથી કારિયાણી આવ્યા ને કારિયાણીથી કંકોતરી ફેરવી. તે સાધુ આવ્યા તથા સત્સંગી આવ્યા. ઉત્તરાદે બાર ઓરડાની ભીંત ઉપર ગોદડું નંખાવીને ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા ને ચોફેર સાધુ હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી મહારાજની ચંદન પુષ્પાદિકે કરીને પૂજા કરી અને આગળ સાકર આવી તે સર્વેને વહેંચી આપી. પછી રસોઈ થઈ તે મહારાજ અને સાધુ જમ્યા. બીજે દિવસે ફળિયામાં સભા થઈ ને મહારાજ ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા. પછી મહારાજ બોલ્યા જે માંહોમાંહી એક બીજાના સ્વભાવની વાત કરો. (૫૫)

પછી સદાનંદ સ્વામી બોલ્યા જે હે મહારાજ, સ્વભાવની કહાં વાત કરે ? આ આત્માનંદ સ્વામી છે તે ગરીબને ટોકે છે અને આનંદ સ્વામીએ ચિયા ખાયા સો ન કહ્યા. પછી મહારાજ બહુ હસ્યા ને પછી બોલ્યા જે અલૈયા ખાચર કંઈ સમજ્યા ? પછી અલૈયો ખાચર બોલ્યા જે અમારા દેશમાં તો ચિયા દેડકાને કહે છે, એમ સમજાય છે. પછી મહારાજ બોલ્યા જે ચિયા તો આંબલિયાને કહે છે પછી આત્માનંદ સ્વામી બોલ્યા જે મેં તો આનંદ સ્વામીને કહ્યું જે સ્વામી, રોટલા મળ્યા છે કે નહિ ? લાકડાં કેમ ચાવો છો ? પછી મહારાજ બોલ્યા જે અંતરજામી પણે જે વરતે તે ઉપર કેણ નહિ, શા

માટે જે એને અંતરજામી કહેશે અને બીજાનો એક નોર કરીએ. પછી મહારાજ બોલ્યાઃ જે અંતરજામીપણે વર્તો તે ઊભા થાઓ, પછી કોઈ ન ઊઠયા પછી શ્રીજી મહારાજ બોલ્યા જે કેમ ઉઠતા નથી ? અમે હાથે ઝાલીને ઊઠાડીશું ત્યારે કેમ ઉઠશો ? પછી સુખાનંદ સ્વામી બોલ્યા જે, હે મહારાજ કહા ઉઠે, અંતરજામીકા તો કાંઈ ઠેકાણા નહિ હે. ઘડીકમાં કામી હોતા હે, ઘડીકમાં ક્રોધી હે. પછી નિત્યાનંદ સ્વામી બોલ્યા જે હે મહારાજ, અમારે સાધુમાં બે રીત ન જોઈએ. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, લ્યો, એક પ્રકરણ કરીએઃ જે બે જણસ ભેળી હોય ત્યારે મેળાવીને જમવું એક જણસનું કાંઈ નહિ. એ રીતે સૌનું એક પ્રકરણ કર્યું. (૫૬)

વળી એક દિવસ સાધુને નોખા નોખા વાતો કરવા બેસાર્યા. પછી હરિભક્ત સાંભળવા બેઠા ત્યારે મહારાજે બાઈઓને કહ્યુંઃ તમે બેબે, ચાર ચાર બેસો પછી બાઈઓ આવીને વાતો સાંભળવા બેઠી પછી સાધુ ઉઠી નીસર્યા. પછી મહારાજ બહુ હસ્યા ને એમ બોલ્યા જે કેમ ઉઠયા? પછી સાધુ બોલ્યા જે બાઈઓ સાંભળતાં વાતો ન કરવી. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે ઠીક સમજો છો આજથી બાઈઓ સાંભળતાં વાતો ન કરવી. (૫૭)

પછી સાધુ બોલ્યા જે વેદાંતમાં એમ કહ્યું છે જે "ચેતન કે એક દેશમાં માયા, સા માયા, ગુણ સમતા." ત્યારે ચેતન તો સર્વ વ્યાપક છે તે કિયો દેશ ખાલી છે તેમાં માયા રહી છે,એ સમજાતું નથી. ત્યારે શ્રીજી મહારાજે તેનો ઉત્તર કર્યો જે ગોડિયો સીંદરીનો સાપ કરે છે, પીંછાનું પારેવું કરે, ધૂળના ચોખા કરે છે; એ આદિક ગોડિયાની કેટલીક કળા એના અંગમાં રહી છે. તે કાંઈ કળાય છે જે એના હાથમાં છે કે એના પગમાં છે ? તેમ ચેતનને વિષે માયા રહી છે, પણ એમ ન કલ્પાય જે અહીં રહી છે પછી સંતે કહ્યું જે બીજું એક આ નથી સમજાતું જે "ઘટકું ઘટ કહે મૃતકા તું હે સબ ઘટ દેખ મૃતિકા હે" ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે એ તો એમ કહે છે જે ઘડો ઘડાને કહે છે જે તું મૃત્તિકાનો છે સર્વે ઘડા મૃત્તિકાના છે. હું પણ મૃત્તિકાનો છું પછી મહારાજે સૌને આજ્ઞા કરી તે સૌ સૌને ઘેર ગયા. (૫૮)

અને મહારાજની પાસે રુપિયા આવ્યા હતા. તે કોઈક ભોજો ચારણ લાવ્યો હતો તે મહારાજે વસ્તા ખાચરને કહ્યું જે રુપિયા રાખો. ત્યારે વસ્તા ખાચર બોલ્યા જે અમારે વપરાય જાય ને તમો તો ક્યારેક માગો ને અમારે હાથ ન હોય માટે ન રખાય. પછી મહારાજે રાઘવ પટેલને કહ્યું ત્યારે તેણે ના પાડી. પછી મહારાજ ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા ને રુપિયાની મૂઠી ભરી ભરીને ફગાવી દીધા અને કહ્યું જે હવે કાંઈ ચિંતા છે ? (૫૯)

પછી કેટલેક દિવસે ખોખરા મહેમદાવાદ ગયા. ત્યાં મહારાજને રસ રોટલી બ્રાહ્મણોને જમાડવી હતી પણ તેમાં ટંટો થયો તે મહારાજે સાધુને કહ્યું જે સુરત જાઓ. પછી મહારાજ, મુક્તાનંદ સ્વામી, આનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિર્વિકલ્પાનંદ સ્વામી એ ચાર સાધુ, પાળા અને આધોઈના ગરાસિયા એ સર્વે મળીને કચ્છમાં ગયા. તે સમે આત્માનંદ સ્વામી તો ઉદેપુર ગયા હતા. તે માર્ગમાં આવતાં વાત સાંભળી જે સ્વામિનારાયણને અને વેરાગીઓને ટંટો થયો. પછી હું તો કચ્છમાં ગયો તે મહારાજ ગામ તેરામાં વિરાજમાન હતા. તે સાધુની ઓરડીએ આથમણે મુખારવિંદે આસન ઉપર વસ્ત્રે કરીને ઢીંચણ બાંધીને બેઠા હતા. પછી હું તો આવીને પગે લાગ્યો ત્યારે મહારાજ બોલ્યા જે આવો આત્માનંદ સ્વામી બીજો કોઈ ભેળો છે? બીજા તો તમે છો. પછી મહારાજે કહ્યું જે તમારે કેમ થયું? ત્યારે મેં કહ્યું જે દરવાજે બંધી છે તે ભેખધારીને જાવા નથી દેતા એટલે મેળાપ ન થયો ત્યારે મહારાજે કહ્યું જે અમને પૂછયા વિના ગયા, નહિ તો કાગળ કરી આપત જે અમારો ઓળખીતો બ્રાહ્મણ હતો તે તમને દરબારમાં તેડી જાત. પછી કહ્યું જે મને તો સાધુએ બારોબાર કહ્યું જે તમે ઉદેપુર જાઓ. એમ મહારાજની આજ્ઞા છે પછી હું તો ચાલી નીસર્યો પછી મહારાજે કહ્યું જે નિર્વિકલ્પાનંદ સ્વામીની પાસે તમારે સુવાણ હોય ત્યાં સુધી રહેજો, નહિ તો ફરવા જાજો. મુક્તાનંદ સ્વામી સોરઠમાં ગયા. આનંદ સ્વામી સુરત ગયા. બ્રહ્માનંદ સ્વામી આધોઈ ગયા માટે તમારે રહેવાય એટલા દિવસ રહેજો પછી ધનજી સુતારને ઘેર ઉતારો હતો ત્યાં મહારાજ પધાર્યા અને ડુંગરજી અને સામત ચારણ બે પાળા હતા તે કમાડે ચોકી રાખતા. (૬૦)

ને મહારાજની આગળ પ્રાગજી કથા કરતા. તે કથામાં એ વાત આવી જે નંદજીને ઘેર નિત્ય યજ્ઞ થાતા અને બ્રાહ્મણને શણગારીને ગાયોની દક્ષિણા દેતા. પછી મહારાજે કહ્યું જે, જુઓને, જગતમાં કોઈ બ્રાહ્મણ જમાડતા હોય તે નાનાં છોકરાંને રાજી કરે અને શ્રીકૃષ્ણે ગોવાળિયાને અન્ન લેવા મોકલ્યા, તેને ન આપ્યું. માટે એ તો મહિમા સમજવો અને નંદજીને ઘેર તો દશ પંદર ગાયો હતી. અને શ્રીકૃષ્ણ તો ગોપીઓ સંગે રાસ રમ્યા. તે ધાતુ જાવા દેતા નહોતા એવી કળા તો ગોપાળાનંદ સ્વામીમાં છે, એમ શ્રીજી મહારાજ બોલ્યા. (૬૧)

દિવસમાં એકવાર મહારાજ દર્શન દેવા સાધુની ઓરડીએ આવતા અને જ્યારે બહાર નીસરતા ત્યારે એક ચાદર થીંગડાની કરી હતી તે ઓટયા વિનાની બાજુ બહારલી કોર રાખીને ઓઢતા. એક દિવસ પ્રાગજી ભેળે દરબારે કહેરાવ્યું જે, અમે દર્શને આવીએ ? ત્યારે મહારાજે કહ્યું જે આવે. પછી મહારાજ સાધુની જાયગામાં આવ્યા પછી મોઘું પથરાવીને મહારાજ આવીને આથમણે મુખારવિંદે વિરાજમાન થયા અને હું તો મહારાજના મુખારવિંદની આગળ બેઠો હતો. પછી દરબાર આવ્યા, તે આવીને મહારાજને પગે લાગીને બેઠા. પછી હું તો મહારાજની વાંસે આવીને બેઠો ત્યારે મહારાજે મારો હાથ ઝાલીને આગળ બેસાર્યો, ને કહ્યું જે આ સાધુ કાલ ઉદેપુરથી આવ્યા છે, તે ઉદેપુરમાં બહુ સત્સંગ થયો. બહુ વાતોના કરતલ છે કેમ પ્રાગજી? ત્યારે કહે, હા મહારાજ, બહુ વાતોના કરતલ છે. પછી મહારાજે કહ્યું જે, આત્માનંદ સ્વામી, તમે વાતો કરો. ત્યારે મેં વાત કરી જેઃ

"એક ક્રોડ ગજરાજ અરબ દશ તુરી તુરંગમ,
છત્રીસ ક્રોડ પચાસ પાયદલ લક્ષ અઢાર;
ધરણ છત્રકી છાંહ સુણે ઈંદ્રાસન બાજાં,
તે રાવણ સંગ ચલે, પાંચ ક્રોડ પંદર હજાર રાજા;
ચલત સુર અંધેર અતિ, અંતકાલ એસો ભયો,
રોહો રોહ જીવ, ન કર ગર્વ, કહો રાવણ કે દિશે ગયો ?"

એ છપ્પો બોલીને એ દિશની ઘણીક વાત કરી. પછી રાજા બોલ્યા જે હે મહારાજ, લંકા સોનાની કહે છે ને સોનાનો ગઢ છે, ને વિભીષણ રાજ કરે છે, એમ કહે છે. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, એ તો વાત ખોટી છે, ને અમારા સાધુ જોઈ આવ્યા છે ત્યાં તો ધૂળનો ગઢ છે ને ભીલ રહે છે; પછી ફિરંગીના વહાણ આવ્યા તે ભીલ ભાગી ગયા. પછી બધે જોયું તે કાંઈ ન દીઠું, ને એક ખાણ છે તેમાં સોનું થાય છે, તે ઉપર ચોકી છે. ત્યારે તે રાજા બોલ્યા જે, ત્યાં તો પાણી ભમરી ખાય છે ત્યારે મહારાજે કહ્યું જે, ભમરી ખાય છે. તે તો ઓ કોરેથી રઘુનાથજી જે દી લંકા ગયા તે દી પાજ બાંધી

ત્યાં પાણી છે, તે પાણી અથડાઈને ભમરી ખાય છે અને એ ફિરંગીઓનાં વહાણ તો આથમણી કોરેથી આવ્યાં છે. એ દિશની ઘણીક વાત કરી.(૬૨)

પછી મહારાજ ઉતારે ગયા અને નિર્વિકલ્પાનંદ સ્વામી બોલ્યા જે હવે ઠીક થયું; હવે આપણે ભેળા રહીશું. ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, મારે સુવાણ હશે ત્યાં સુધી રહીશું. પછી તેણે કહ્યું જે રહેજો. ત્યારે મેં કહ્યું જે, મહારાજે કહ્યું એમ કરવું છે.

પછી મેં એને કહ્યું જે, તમારે ભણવાની વાસના છે. શા માટે જે, મુક્તાનંદ સ્વામી સોરઠમાં ગયા, તે સત્સંગીરુપી ગંગામાં ઝીલવા અને આનંદ સ્વામી સુરત ગયા તે સંતમંડળમાં અને બ્રહ્માનંદ સ્વામી આધોઈ ગયા, માટે તમે અહીં ભણવા રહ્યા. ત્યારે વિદ્યા નથી, એ જ અવિદ્યા છે સંતથી નોખા પડયા. પછી મહારાજ સાંજે આવ્યા ત્યારે નિર્વિકલ્પાનંદ સ્વામી બોલ્યા જે, હે મહારાજ, મારે તો વાસના નથી અને આત્માનંદ સ્વામી કહે છે, તમને ભણવાની વાસના છે. ત્યારે મહારાજે કહ્યું જે, મુક્તાનંદ સ્વામીને વાસના ન હોય. એ રીતની ઘણીક વાર્તા કરી પછી કહ્યું જે એને વ્યાકરણ આવડે છે ? ત્યારે કહેજે આવડે. ત્યારે મેં કહ્યું જે શું આવડે ? મૂળગો કકોય આવડતો નથી. ત્યારે મહારાજે કહ્યું જે કકો તો ભણવો. ત્યારે મેં કહ્યું જે, હા હવે મારે કકો ભણવો છે. (૬૩)

પછી મહારાજને અર્થે હરિભક્ત ગુજરાતથી ચોખા, દાળ, મોરબ્બો લાવ્યા હતા જેથી મહારાજ બહુ રાજી થયા ને હાથમાં ચોખા, દાળ લઈને બોલ્યા, એમ ને એમ જમી જાય એવા છે. જુઓને કોઈ અણી ખંડિત છે ? એ તો નખે વીણેલ છે. દાળ જુઓને કોઈ ખંડિત છે ? દાળ પણ વીણેલ છે. શા માટે એને રેંટિયાની રીત નથી માટે નવરાશે અમારે અર્થે વીણીને મૂકયા છે. પછી શ્રીજી મહારાજે એક મોરિયામાંથી મોરબ્બો પ્રાગજીને આપ્યો તે પ્રાગજી જમી ગયા ને બહુ વખાણે. ત્યારે બીજો આપ્યો. તે જમ્યા પછી મહારાજે કહ્યું જે ચોખા, દાળ, મોરબ્બો તે દરબારમાં થોડો મોકલીશું. પછી એક મારવાડનો ચારણ બેઠો હતો તેણે કહ્યું જે, આપવા જાય તે બે દાણા દરબાર દેખતાં મોઢામાં નાખે. શા માટે જે છેટેની વસ્તુ આવે તે ભ્રમ પડે નહિ. ત્યારે મહારાજે કહ્યું જે સારા સારુ આપીએ, તેમાં ભ્રમ પડે ત્યારે શીદ આપીએ ? પછી ચારણે કહ્યું જે, હે મહારાજ, રાજા રહ્યા છે. એમ કહીને દોહરો બોલ્યો જે :–

'કળિયુગ આવ્યો ઠાકુરે વાજતે ઢોલે,
ઠાકોર ભૂલ્યા ગોલીયે ઠકરાણી ગોલે.'

પછી વચમાં કેટલીક વાત થઈ પછી પ્રાગજી શ્લોક બોલ્યા જે–
નૃપત્યન્નં ન ભુવ્યં કંઠપ્રાણગતેરપિ ।

ગૌમાંસં સમં ચાત્ર સુરાપાનં સમં જલમ્ ।।

પછી મહારાજે મારા સામું જોઈને એમ કહ્યું જે, એ દિશની વાત કરજો, પણ રહેશે નહિ. (૬૪)

પછી પ્રાગજીએ એક વાત કરી જે, મારે ઘેર ઘોડિયામાં છોકરું રુએ ને સ્ત્રી તો સમાધિમાં છે; મેં ઉઠાડી પછી તે સ્ત્રી બોલી જે, છોકરો મૂઓ ને તમે મરો; મને આવા સુખમાંથી ઉઠાડી ! હું તો મહારાજના દર્શન કરતી હતી તે સુખનાં વખાણ કર્યાં. ત્યારે પ્રાગજી કહે : મને સમાધિ કરાવો. પછી મહારાજ બોલ્યા તમને થાશે. ત્યારે કહે; ના, ના, મહારાજ, મને સમાધિ કરાવો પછી મહારાજ બોલ્યા જે, મારા સામું જોઈ રહો. પછી મહારાજ સામું જોયું. ત્યારે નાડી તણાવા માંડી, ત્યારે આંખ મીંચી ગયા પછી મહારાજે કહ્યું જે કેમ ? ત્યારે કહેઃ એમ તો નહિ. મહારાજે કહ્યુંઃ આંખ મીંચીને અંતર સામુ જુઓ. પછી આંખ મીંચી, ત્યારે નાડી તણાવા માંડી; ત્યારે તરત ઊઘાડી. ત્યારે મહારાજ કહે : કેમ થયું? ત્યારે કહેઃ મહારાજ એમ નહિ. મહારાજ, મને તો ઊંઘમાં સૂતો હોઉં ને એમને એમ દર્શન થાય. ત્યારે મહારાજ કહે : ભજન કરતા રહો સમાધિ થશે. (૬૫)

પછી એક દિવસ મહારાજ કથા કરાવતા હતા. ત્યાં એક બ્રાહ્મણ આવ્યો. ત્યારે મહારાજે કહ્યું જે ક્યાં રહો છો ? ત્યારે તે કહે અમદાવાદ રહીએ છીએ. કઈ પોળમાં રહો છો ? પછી તેણે પોળનું નામ દીધું, ત્યારે મહારાજ કહે : આ તો ઠેકાણાના બ્રાહ્મણ છે. મહારાજે ખાંડનું સીધું દેવરાવ્યું. ત્યારે તે બોલ્યો જે લાકડાં નથી. ત્યારે મહારાજે કહ્યું જે, તમે ઉતારે જાઓ. સુતાર પુગાડશે, તમે ક્યાં ઉપાડશો ? પછી બ્રાહ્મણ ગયો. પછી મહારાજે ધનજીને કહ્યું જે, એ તો વૈરાગી છે ને બ્રાહ્મણનો વેષ લીધો છે. તું લાકડાં લઈને જા ને કહેજે જે, આજનું સીધું લેખે આવ્યું છે. શા માટે જે, મારે સ્ત્રી છે, તે સ્વામિનારાયણે કંઈક કર્યું છે, તે કોઈને લોટની ચપટી આપે નહિ પણ આજ તો સ્વામિનારાયણે કહ્યું, ત્યારે આપ્યું છે; માટે મારું રુડું થાનાર તે તમ જેવાને અર્થે કામ આવ્યું છે પણ મહારાજ, આ પાપ ક્યારે જાશે? ત્યારે વેરાગી બોલ્યો જે કુછ ફિકર રખના નહિ. હમ પચાસ જણ વેષ લઈને ફરતે હૈ પણ ક્યાંય ખૂણામાં ઘૂસ જાતા હૈ પણ કાંઈ કામમાં નથી આવતા. પછી ધનજી સુતારે આવીને બધી વાત કરી, ત્યારે ડુંગરજી બોલ્યા જે, હે મહારાજ, એને થોડી શિખામણ દેશું? ત્યારે મહારાજે ના પાડી તો પણ પરોઢીએ માર્ગ રોકયો પણ વેરાગી બીજે માર્ગે ગયો, તે ભેળો ન થયો. (૬૬)

એક દિવસ ગોંસાઈજીના મંદિરમાં કથા વંચાતી હતી ત્યાં ગયા. પછી મહારાજને ચંદન ચર્ચવાને અર્થે કટોરો લીધો. ત્યારે પ્રાગજીએ લઈ લીધો. પછી ઓરસીઓ ધોઈને ચંદન ઉતારી, મહારાજને ભાલે અરચા કરી. પછી આત્માનંદ સ્વામીને અરચા કરી ને પોતે પણ કરી ને નાગદમનની વાત આવી; તે અધ્યાય પૂરો થયો. પછી મહારાજે

ઊઠવાનું કર્યું, ત્યારે પુરાણી બોલ્યા જે, અમારે માંહોમાંહી વાદ થયો છે ન બ્રહ્મભયાનિ તીર્થાનિ એ શ્લોકનો એમ વાદ છે જે, એક એમ કહે છે જે, ઉરુકાલેન અને એક કહે છે ઉરુ કાલે ફલે. ત્યારે મહારાજ એમ બોલ્યા જે, અમે તો વેદ ભણ્યા નથી અને આ પ્રાગજીને પૂછો. ત્યારે પ્રાગજીએ કહ્યું જે એમ થાય, પછી મહારાજ ચાલી નીસર્યા.(૬૭)

પછી પ્રાગજીએ મહારાજને કહ્યું જે, આજે તો દરબાર પૂછતા હતા જે સ્વામિનારાયણને પૂછજો જે વરસાદ આવશે કે ગયો ? ત્યારે મહારાજે કહ્યું જે, અહીંથી જાઈયે તો આવશે. પછી મહારાજ તો ઉતારે ગયા અને મને નિર્વિકલ્પાનંદ સ્વામીએ કહ્યું જે, પાટીમાં જુઓ ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે પાટી તો કપાળમાં લખી છે; પણ આજ તો તમારે બોલવું નહિ. મહારાજનાં દર્શન કરવા દ્યો. પછી મહારાજ સાંજે ઓરડીએ આવ્યા. ત્યાં ઉદેપુરથી સાધુ નોખો પડયો હતો તે આવ્યો, ત્યારે મહારાજે કહ્યું જે, આવો મહાપુરુષ, કેમ છે? પછી ધ્યાનાનંદ સ્વામી બોલ્યા જે, હે મહારાજ, મારે તો આજથી નવો સત્સંગ કરવો છે. પછી મહારાજે કહ્યુંઃ આ નિર્વિકલ્પાનંદ સ્વામી ભેળા રહો. પછી બીજે દહાડે દિવસ ઊગતે મહારાજ ચાખડીમાં ઘૂઘરીઓ ખણખણ કરતા આવ્યા. અમે ત્રણ જણ ઓરડામાં બેઠા હતા ને નિર્વિકલ્પાનંદ સ્વામી વાતો કરતા હતા.

પછી મહારાજે કહ્યું જે, કાલે આવ્યા તે સાધુ તમારી પાસે રહેશે અને આત્માનંદ સ્વામી તો અમારા ભેળા આવે. પછી મહારાજે કહ્યું જે, જમી લ્યો, પછી હું ગયો. તે જમીને મહારાજ બેઠા હતા. તે અર્ધો રોટલો ને દાળ પડી હતી. ત્યાં હું જમવા બેઠો ને મહારાજ વેલ જોડાવીને ચાલી નીસર્યા; પછી મેં પણ ઉતાવળ કરી ને વાંસે દોડયો. પછી દરવાજે નીસરતાં છેટેથી દીઠા; તે ધોળા બળદને વેલ્યે જોડયા છે ને ધોળે વસ્ત્રે સહિત વેલ્યમાં બેઠા ભાળ્યા, પછી મહારાજે પાળાને કહ્યું જે, ઊભા રહો. એ દોડી મરશે. પછી મહારાજે અમને કહ્યુંઃ તમે બે જણા ધીરે ધીરે આવજો. શા માટે જે બાચું બેઠી છે તે તમારે ઠીક નહિ પડે.પછી કાળે તળાવ ભેગા થયા; પછી છોટી શી છાપરી તેમાં ઢોલિયો સમાય તેટલી જગ્યા હતી, તેમાં ઢોલિયા ઉપર ગોદડું પથરાવીને સૂઈ રહ્યા અને હું તો પાસે બેઠો વા નાખું ને મહારાજ તો વારંવાર મારી સામું જુએ. એમ પ્રસન્ન હતા. ત્યાં આકાશમાં એક ખાટલાક જેવડી વાદળી થાતીક ને મોટે મોટે ફોરે વરસાદ વરસવા માંડયો. પછી મહારાજ બેઠા થયા, વાદળાં ફેલાઈ ગયા ને બહુ વરસવા લાગ્યો પછી મહારાજ બહુ રાજી થયા ને જે આવે તેને પૂછે જે વરસાદ થયો ? ત્યારે તે કહે જે થયો. ત્યારે મહારાજ કહે, સાંતી ચાલે એવો થયો ? ત્યારે કહે, હા, મહારાજ. પછી મહારાજે કહ્યું જે અમે જાઈએ તો આવે. માટે આવ્યો ખરો.(૬૮)

અને રવજી સુતાર રામાનંદ સ્વામી છતાંના સત્સંગી હતા ને સમાધિનિષ્ઠ હતા ને બાલ બ્રહ્મચારી હતા પણ સમાધિએ કરીને સ્વતંત્ર થઈ ગયા, પછી હરિભક્ત બાઈ ભાઈ, જેને બ્રહ્મમહોલમાં જાવું હોય તેને તેડી જાય; પછી સુંદરજીએ ભુજથી મહારાજ ઉપર કાગળ લખ્યો જે, રવજી તો પોતે પ્રભુ થયો છે, તે કાગળ કુંડળ મહારાજ પાસે વાલજી

લાવ્યો. ત્યાં મહારાજ ઉગમણે મુખારવિંદે મામૈયા પટગરની ઓસરી ઉપર ઢોલિયા ઉપર વિરાજમાન હતા. મૂળજી બ્રહ્મચારી, આત્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી ત્યાં બેઠા હતા, ત્યાં વાલજી સુતારે કાગળ આપ્યો. તે કાગળ મહારાજે વાંચવા માંડયો. ત્યારે વાલજીએ કહ્યું જે, એક કોરે બેસીને વાંચો તો ઠીક. પછી મહારાજે ઢોલિયેથી ઉતરીને એકાંતે વાંચ્યો, વાંચીને ફાડી નાખ્યો ને આવીને હસતા હસતા ઢોલિયે બેઠા. પછી મારી સામું જોઈને કહ્યું જે, તમે રવજીને ઓળખો ? ત્યારે મેં કહ્યું જે, નામે સાંભળ્યા છે, પણ ભેળા થયા નથી. પછી મહારાજે કહ્યું જે, એ તો પ્રભુ થયો છે, જુઓ છો ને? જીવનો સ્વભાવ ! જેને પ્રતાપે એ ધામ પમાય છે, તેને તો વિસારી મેલે છે ને પોતે ધામી થઈને બેસે છે. એમ કહીને હોઠ દાબીને થોટ ઉપાડીને કહ્યું જે, તમે ભુજ જાઓ. બે થોટ મેલજો ને કહેજો જે તું કોઈકની નાડી તાણ કાં હું કોઈકની નાડી તાણું, કાં તું બ્રહ્મમહોલમાં તેડી જા, કાં હું તેડી જાઉં. પછી મહારાજે દૃષ્ટાંત દઈને વાત કરી જે, એક લીંબડો ઘૂંટીને તાસળી ભરી હોય અને એક સાકર ઘોળીને તાંસળી ભરી હોય; એમાં ક્યું ગળ્યું? એ વાત સમજાવા સારુ દશ વાર કરી. ત્યારે સૌએ કહ્યું જે, સાકર ગળી. પછી મહારાજે કહ્યું જે, રોગીને લીંબડો ગુણ કરે ને રોગ ગયા કેડે સાકર ગુણ કરે. તેમ અમારાં વચન લીંબડા જેવાં લાગે છે, પણ મન, કર્મ, વચને કરીને જે દિવસ માનશે તે દિવસ સુખીયા થાશે અને બીજું દૃષ્ટાંત દીધું જે, જેમ બાદશાહ ઓરડામાં બેઠા હોય ને તેની પછીત કાચની હોય અને જેવો ઘરેણે વસ્ત્રે સહિત બેઠો હોય, તેવો ને તેવો તે પછીતમાં પ્રતિબિંબે દેખાય, ત્યારે પાદશાહને સલામ કરવા આવે તે પ્રતિબિંબને સલામ કરે. ત્યારે પાદશાહને કેવો સારો લાગે ? ત્યારે સહુએ કહ્યું જે, કાંઈ સારું ન લાગે. પછી મહારાજ બોલ્યા જે, સારો શુ ંલાગે, તેને તો તત્કાળ તોપને મોઢે બાંધે. કાં જે હું સાક્ષાત્કાર બેઠો ને મારા ઓછાયાને પગે લાગે ? તેમ જીવને સમાધિમાં કાંઈક ચમત્કાર જેવું દેખાય છે. ત્યારે ત્યાં મોહ પામી જાય છે; પણ એમ નથી જાણતો જે, મને સમાધિ કરાવી છે તેના હાથમાં અનંત ચમત્કાર રહ્યા છે; એ દિશની ઘણીક વાત કરી. પછી આત્માનંદ સ્વામીને કહ્યું જે, તમે ભુજ જાઓ અને રવજીને અહીં મોકલજો અને અહીં ન આવે તો સત્સંગમાં નહિ. (૬૯)

મહારાજે કુંડલમાં થોટ ઉપાડી, ત્યાંથી સમાધિ તો ટળી ગઈ ને મોરે હતો એવો ન રહ્યો. પછી બહુ મંદ થયો, ત્યારે ગોંડલમાં મહારાજ પાસે આવ્યો ને કહ્યું જે, મહારાજ, ભૂલ આવી. પછી મહારાજે હરભમ ઉપર કાગળ લખ્યો જે એને બળદ લઈ દેજો અને રહેવા સારુ ખોરડું કરી આપજો. તે રવજી કાળે–તળાવ રહેતા અને મહારાજ કાળેતળાવ આવ્યા તે વાત પ્રથમ કહી છે ને આ વાત પ્રસંગને અર્થે કહી છે.(૭૦)

મહારાજ તો ત્યાં જ હતા અને એક દિવસ મહારાજને જમવા સારુ, રસોઈ કરવા સારુ પોતાના ભાઈને ઘેર સીધું દેવાને જાતો હતો. પછી મહારાજ સામું જોતા હતા અને પાછો આવતાં જોઈ રહ્યા. પછી મહારાજે કહ્યું જે, એને તો પ્રભુ નથી સાંભરતા, એમ કહીને પછી મહારાજ બોલ્યા જે, રવજી ? ત્યારે તેણે કહ્યું જે શું કહો છો મહારાજ ? ત્યારે મહારાજે કહ્યું જે, ઓરા આવો. ત્યારે મોંઢા આગળ આવીને બેઠો. ત્યારે મહારાજે કહ્યું જે, તમને પ્રભુ સાંભરે છે કે નથી સાંભરતા ? ત્યારે રવજી બોલ્યો જે, કોઈક દિવસ સાંભરે છે. પછી મહારાજે કહ્યું જે, જુઓ છોને, બ્રહ્મમહોલમાં જાતા ને બીજાને તેડી જાતા, એવા હતા પણ જો વચન ઉલ્લંઘન કર્યું તો પ્રભુ વિસરી ગયા. એ દિશની ઘણીક વાત કરી. (૭૧)

પછી મહારાજે કહ્યું રોટલાનું કેમ કરો છો ? પછી રવજીએ કહ્યું જે, સાંતી હાંકવા જાઉં ત્યારે ટાઢો રોટલો બાંધી જાઉં ને કોઈક દિવસ આળસ થાય તો અમથો જાઉં, તે સાંજે આવીને ખાઉં. પછી મહારાજે કહ્યું જે, રોટલા કરવાવાળી આવી છે કે નહિ ? તો કહે એના બાપને ઘેર ગઈ છે અને હોય ત્યારે કહું જે, રોટલા કરો. તો ખીચડી કરે અને ખીચડી કરજે કહું તો, રોટલા કરે અને દાળ કરવાનું કહું ત્યારે કહે, નિસ્વાદી વર્તમાન શાનું પાળો છો ? પછી મહારાજ બહુ હસ્યા અને કહ્યું જે એ તો તને ઠીક ગુરુ મળી. હવે અમે કોઈક દિવસ ભેળા થાશું તો તને પરમહંસ કરી મેલશું. તે તમને પછી કોઈ દિવસ નહિ સંભારે, પછી મહારાજ બોલ્યા જે મોરે સત્સંગમાં ફરતા ત્યારે જમ્યાનું કેમ કરતા ? ત્યારે કહ્યું જે, સવારમાં તો મોતિયા, જલેબી, દૂધ, પેંડા વગેરેનું ટીમણ કરતા ને પછી મધ્યાહ્ને હરિભક્તોને ઘેર જમવા જાતા. ત્યાં પાકી રસોઈયું થાય, તે પાક, શાક, અથાણાં એ રીતે જમતા અને સાંજે દૂધ, સાકર ને ચોખા, એ રીતે જમતા. પછી મહારાજે કહ્યું જે, જુઓને ખાવાનું આવું સુખ હતું, તે પણ ન રહ્યું, એ દિશની ઘણીક વાત કરી; પછી મહારાજ જમવા પધાર્યા.(૭૨)

પછી બીજે દિવસે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતા અને સભા ભરાઈને બેઠી હતી, પછી સાધુની મંડળી આવી તથા મૂળજી બ્રહ્મચારી આવ્યા. તે સાધુએ મહારાજની આગળ કેરી મેલી ત્યારે મહારાજે કહ્યું જે, કેરી સુધારી લાવો. ત્યારે મૂળજી બ્રહ્મચારી કેરી લઈને ચાલ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, પાછા આવો. એમ કહીને સાધુને કહ્યું જે આ કેરી તમે ક્યાંથી લાવ્યા ? ત્યારે સાધુ બોલ્યા જે, અમે મોથારે રાત રહ્યા, તે આંબા તળે સૂતા હતા, તે સવારમાં પડી ભાળી, તે લીધી. પછી મહારાજે હરિભક્તને પૂછયું જે, અહીં કેરીની છત ખરી ? ત્યારે સર્વે હરિભક્ત બોલ્યા જે, હે મહારાજ, અહીં તો કોઈક ગામમાં કયાક આંબો હોય; ત્યારે મહારાજે કહ્યું જે, અહીં કેરી લેતાં ભાળ્યા હોય તો ? ત્યારે હરિભક્તે કહ્યું જે, એ તો મારે. ત્યારે મહારાજે કહ્યું જે, આ તો ચોરીની કેરી તે ન ખપે. પછી

મહારાજ બોલ્યા જે, સુધારી લાવો. આ તો પ્રથમ ચોરી કરવા શીખે છે. માટે પ્રથમની ચોરીનું થોડું પાપ હોય; પછી મહારાજ કેરી જમ્યા અને પછી એમ વાત કરી જે, કેરીની જ્યાં છત હોય ત્યાંથી સૂઝે તે લો કોઈની બંધી નહિ. જેમ કોઠાંનું રખોપું ન હોય તેમ આંબાનું રખોપું ન હોય ત્યાં લેવી. (૭૩)

પછી મૂળજી બ્રહ્મચારી કાગળ લાવ્યા હતા તે કાગળ મહારાજે વાંચ્યો. તે મહારાજ ઉપર કાગળમાં બાઈએ એમ લખ્યું હતું, જે તમે પરણીને જાઓ. ત્યાં હું એકવાર આવીશ. એવો તમે કોલ દીધો હતો ને આવ્યા નહિ, હવે અમારો વાક કાઢતા નહિ. પછી મહારાજ બોલ્યા જે, દેહ નહિ રાખે, માટે દેહ રાખે એવો કાગળ લખીએ. એમ કહીને મહારાજે કાગળ લખ્યો જે, અમે કોલ દીધો છે, ને ન આવ્યા એ અમારી ભૂલ; પણ હમણાં તો રાજકોટમાં મૂળજી બંધીયાવાળા, તેની બહેન લખુબા, તે કર્મજોગીના વર્તમાન પાળે છે. તેમ તમે કર્મજોગીના વર્તમાન પાળશો. તે વાત સાંભળીશું ત્યારે અમે આવીશું. પછી સાધુ બોલ્યા જે દેહ નહિ રાખે. ત્યારે મહારાજે કહ્યું જે, અમારા હરિભક્ત હોય તે એકલા ન ચાલે, દિવસ આથમ્યા કેડે ઘર બહાર ન નીસરે; ને આત્મઘાત ન કરે. એ રીતની ઘણીક વાત કરી ને કાગળ લખીને હણમતિએ મોકલ્યો. (૭૪)

બીજો એક કાગળ વિશલનગર મોકલ્યો. જે કાગળમાં લખ્યું તેમ ભજનમાં બેસજો, અને પછી રવજીને એમ કહ્યું જે, તમારે વગડામાં જે દિવસ રાત રહો તે દિવસ ધ્યાનમાં બેસવું, અને ઘેર રાત રહો તે દિવસ કથા કરવી. સર્વે બાઈભાઈ સાંભળે. એ રીતનો અભ્યાસ રાખજો.(૭૫)

પછી મહારાજ ગાડા હેઠે બેસવાનું કરતા હતા ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, હેઠે ગરમી બહુ છે; માટે ગાડા ઉપર ગાદલું નખાવીને બેઠા અને આત્માનંદ સ્વામીને બીજા ગાડા ઉપર સાદડી નાખી દીધી તે ઉપર બેઠા અને મહારાજે કહ્યું જે, પ્રગટની વાતો કરો પછી મેં વાતો કરી અને બીજે દિવસ પરોઢીયે મહારાજ પોઢયા હતા અને તેરાના હરિભક્ત કીર્તન ગાતા આવતા હતા, તે સાંભળીને મહારાજ બેઠા થયા, ને બોલ્યા જે, કોણ કીર્તન બોલે છે ? ત્યારે પ્રાગજીએ કહ્યું જે, તેરાના હરિભક્ત આવવાના હતા તે આવ્યા હશે. પછી હરિભક્ત આવ્યા, તે મહારાજને પગે લાગીને બેઠા. પછી કહ્યું જે, અમારે ગામ ચાલો. પછી મહારાજ બોલ્યા તમારે ગામ તો ચાલીએ, અમારી ગાંઠનું ખાવા દ્યો તો આવીએ. શા માટે જે, અમારી પાસે માણસ બહુ આવે, તથા સાધુ આવે; તે ખરચ બહુ થાય માટે ગાંઠનું સીધું લઈએ તો ઠીક પડે. ત્યારે હરિભક્ત બોલ્યા જે, સૂઝે તેટલા હરિભક્ત ને સાધુ આવે, તે ભલે આવે, પણ કઠણ નહિ પડે. પછી બહુ તાણ કરી ત્યારે મહારાજે કહ્યું જે, એક ટક તમારે ત્યાં જમીશું, અને એક ટક અમારી ગાંઠનું કરાવીશું. પછી સૌએ હા પાડી. પછી રસોઈ થઈ તે જમીને તેરે પધાર્યા. (૭૬)

પછી મહારાજ ધનજીને ઘેર ઉતર્યા, અને સાધુ સાધુની ઓરડીએ ઉતર્યા. પછી બીજે દિવસ સાધુ ઝોળી માગીને જમ્યા ત્યાં એક મુક્ત અતીતને વેષે આવ્યો તે હાથમાં રામપતર ને એવો થકો આવીને ઊભો રહ્યો પછી આત્માનંદ સ્વામીએ કહ્યું જે અમે જમી રહ્યા ને જરાક વહેલા આવ્યા હોત તો વહેંચી ખાત. પછી ડુંગરજી બોલ્યા જે લંગોટા અહીં શું ધર્યું છે ? એમ કહ્યું તોય એ ખસ્યો નહિ, ત્યાં મહારાજ આવ્યા તે મહારાજ સામું એણે જોયું અને મહારાજે તેના સામું જોયું પછી દર્શન કરીને ચાલી નીસર્યો પછી મહારાજે કહ્યું જે કેમ વઢતા હતા ? પછી મેં કહ્યું જે મહારાજ હું તો કાંઈ વઢતો નહોતો મેં તો કહ્યું જે અમે તો જમી ઊઠયા અને ડુંગરજી કાંઈક બોલ્યા. પછી મહારાજે કહ્યું જે તમને કોઈ ઓળખે ? ત્યારે મેં કહ્યું જે અમને કોણ ઓળખે ? પછી મહારાજે કહ્યું જે તમને કોઈ ન ઓળખે તેમ તમે એને ન ઓળખો. (૭૭)

પછી મહારાજ ઉતારે પધાર્યા પછી બ્રહ્માનંદ સ્વામી આવ્યા ને સાધુ તો ઘણા ભેગા થાય અને મહારાજ ધનજીને ઘેર પ્રાગજી પાસે કથા કરાવતા હતા મહારાજ એક સોપારી રાખતા, તે જે ઊંઘે તેને સોપારી મારતા અને વિશનગરનો કાગળ આવ્યો તે કહ્યું જે મહારાજ તમે કાગળ મોકલ્યો હતો તે કાગળ વાંચીને સૌ હરિભક્ત ભજનમાં બેઠા તે બાઈભાઈ સહુને સમાધિ થઈ તે વાત સાંભળીને એક સાધુના મનમાં સંકલ્પ થયો જે છોકરા ખોળામાં ઝાડે ફરે અને મૂતરે છે તેને સમાધિ થાય છે અને પિંડબ્રહ્માંડનો નિર્ણય કરીએ છીએ તેને નથી થાતી. ત્યારે મહારાજ બોલ્યા જે જુઓને બેઠાબેઠા મનમાં કેવા સંકલ્પ કરે છે. ત્યારે સાધુએ કહ્યું જે ખરું જ તો ! ત્યારે મહારાજ બોલ્યા જે એણે તો મોરે પુરુષ પ્રયત્ન કર્યો તેમાં કાંઈક કસર રહી છે તે માટે દેહ ધર્યો છે અને થોડીક મહેનત કરી એટલે સમાધિ થઈ છે કાં તો એ ગૃહસ્થ છે તે નવરા નથી; માટે એને ભગવાનની કૃપાથી સમાધિ થઈ અને તમે તો નવરા છો તે તમારી પાસે મહેનત કરાવવી છે અને મહેનત કરીને નિર્વાસનિક થાશો તે દિવસ સમાધિ થાશે કાંજે કોઈ ધણીનો ધણી છે ? જે એને સમાધિ થઈ ને ઓને ન થઈ. તે શું કોઈના અંતરજામી છો ? એ પૂર્વના સંસ્કારી હશે તો તમે કાંઈ ઓળખો છો ? અને અમને જો રામચંદ્ર જેવા જાણતા હો તો હનુમાનના જેવું વચન માન્યું જોઈશે અને જો શ્રીકૃષ્ણ જેવા માનતા હો તો ગોપીયુંના જેવું વચન માન્યું જોઈશે અને જો એમ ન જાણતા હો તો અમે કાંઈ કહેતા નથી. (૭૮)

પછી વિશ્વચૈતન્યાનંદ સ્વામીને કહ્યું જે, દેહપર્યંત આરતમાં રહેવું એમ કહ્યું હતું અને કેમ આવ્યા ? ત્યારે એમણે કહ્યું જે અમને તો સ્વરુપાનંદ સ્વામીએ કહ્યું જે દર્શને જાઓ એટલે આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે સ્વરુપાનંદ સ્વામીએ કહ્યું કે તમે કહ્યું જે, હમકું દર્શને મોકલો. એ તો વચન માન્યું ન કહેવાય. એ તો મનાવ્યું કહેવાય એ દિશની ઘણીક વાત કરી. (૭૯)

પછી ગોવિંદ સ્વામી બોલ્યા જે, મહારાજ ઉપવાસ કઠણ પડે. ત્યારે મહારાજે કહ્યું જે તમારે સ્ત્રી અડી જાય તો ઉપવાસ ન કરવો. ત્યારે ગોવિંદ સ્વામી બોલ્યા જે હે મહારાજ, મારે તો નહિ; એ તો નૃસિંહાનંદ સ્વામી કહેતા હતા ત્યારે એમનેય મોકળ. અડી જાય, બોલાય તોય મોકળ છે. એમ કહીને બોલ્યા જે, ઢૂંઢિયા બે બે માસના ઉપવાસ કરે છે અને તમને એક દિવસ ઉપવાસ કરવો કઠણ પડે છે ત્યારે સાધુ બોલ્યા જે, એ તો દેહાભિમાની છે તે કરે છે. ત્યારે મહારાજે કહ્યું જે તમારે નારદ સનકાદિકનું અભિમાન નથી. આત્માનું અભિમાન નથી ? એ દિશની વાત કરી. (૮૦)

પછી મહારાજે એક દિવસ કહ્યું જે, ભજન કરો છો ? ત્યારે કહ્યું જે હે મહારાજ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, કરીએ છીએ. ત્યારે મહારાજ કહે અમને કરી દેખાડો. પછી સૌને મોઢા આગળ બેસાડયા અને મહારાજ બાજોઠ ઉપર બેઠા અને મોરનાં પીછાંની એક ચમરી હાથમાં લઈને બેઠા ને કહ્યું જે, અમારી સામું જોઈ રહો મટકું મારશોમા. ત્યારે સાધુ એક નજરે જોઈ રહ્યા, તે આંખમાં ને નાકમાં પાણી ચાલ્યા ત્યારે મહારાજે હાકલ કરી જે, મર ફૂટી જાય. એ રીતે કેટલીકવાર બેસાર્યા. પછી મહારાજ કહે ઊઠો, શું ભજન કરશો ? હજી તો આસન સ્થિર નથી, માટે આસન જીતો અને આસન સ્થિર થાશે ત્યારે ભજન એની મેળે થાશે. ભજનમાં બેસવું ત્યારે સિદ્ધાસને બેસવું. જમવા બેસવું તથા ભજન કરવા બેસવું ત્યારે સિદ્ધાસને બેસવું એ દિશની ઘણીક વાત કરી.(૮૧)

અને એક દિવસ જેઠા બ્રહ્મચારીએ મહારાજ સારુ રસોઈ કરી, જે ઘઉંની રોટલી ને તાંદળજો સવારમાં સુધારીને મૂક્યો હતો તે પાધરો વધાર્યો. તે પછી મહારાજ આરતી કેડે જમવા પધાર્યા,પછી આસન નાખ્યું તે ઉપર બેઠા અને થાળીમાં રોટલી મેલી ને તાંસળીમાં ભાજી મેલી પછી મહારાજે કહ્યું જે દીવો ઢૂંકડો લાવો પછી દીવો લાવ્યા ત્યારે મહારાજે તાંસળી સામું જોયું ને બોલ્યા જે આ શાક તો બ્રહ્મચારી જમે એવું છે. પછી મહારાજના સારૂ હરિભક્ત શાક લાવ્યા તે મહારાજ જમ્યા. (૮૨)

પછી એક દિવસ બાઈઓએ મહારાજને અર્થે મીઠાઈ મોકલી તે બ્રહ્માનંદ સ્વામીને કહેવરાવ્યું જે, મહારાજને જમાડે. પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, આ મીઠાઈ જમો ત્યારે મહારાજે કહ્યું જે જમાડો. ક્યાંય જમણવાર નથી, જ્યાં જમાડશો ત્યાં જમશું. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, ઠોર ઠોર આવો જમણવાર હોય અને કયાંય આવો સમાસ કરનેવાલો હોય ? ત્યારે મહારાજ કહે, કેમ ન હોય? આ થાંભલી સમાસ કરે, ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ હાથ જોડીને કહ્યું જે, આ થાંભલીમાંહી કોઈ જીવનું કલ્યાણ થાય એવું કાંઈ છે ? અને મહારાજના સામું જોઈને બોલ્યા જે, થાંભલી કાંઈ બોલે છે ? ત્યારે મહારાજે કહ્યું જે એ તો બોલે છે, પણ તમે સમજતા નથી. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, બોલ્યા વિના કેમ સમજાય? ત્યારે મહારાજે કહ્યું જે, આ થાંભલી એમ કહે છે જે, તમારે કલ્યાણનો ખપ હોય તો મારી આ સ્થિતિનું ગ્રહણ કરો, એ રીતની વાત કરી અને પછી મિઠાઈ હતી તે જમ્યા. પછી સાધુ વેર્યા અને આત્માનંદ સ્વામીને કહ્યું જે, તમે ચાર પરમહંસ મોરબી જાઓ; ત્યારે મૂળુલંઘે કહ્યું જે, બ્રહ્માનંદ સ્વામી જાય તો ઠીક. ત્યારે મહારાજે કહ્યું કે બ્રહ્માનંદ સ્વામી શું કરશે ? વાત તો વર્તમાન કરશે માટે તમે જાઓ. (૮૩)

એક સમે આધોઈમાં રાયધણજીની ભોજાઈએ મહારાજને કહ્યું જે આજ સાધુને ઝોળીએ જાવા દેશોમા, અમારે જમાડવા છે ત્યારે મહારાજે કહ્યું જે સાધુને ઝોળીએ જાવા દ્યો એ ઠીક છે; નહિ તો સાધુ ભૂખ્યા રહેશે તો બજારમાં જઈને પેટ ફૂટશે, જે રાયધણજીને ઘેર નોતરું દઈને ભૂખે માર્યા. ત્યારે તે બોલ્યા જે ભૂખ્યા રહે ત્યારે કહેજો. પછી રસોઈ કરી તે તૈયાર થઈ એટલે સાત કે આઠ સાધુ અને મહારાજ જમવા બેઠા અને સાધુને મહારાજે કહ્યું જે તમારે ના પાડવી નહિ. જે આલે તે લેવું પછી ભાઈ પીરસે છે ને મહારાજ જમે છે તે જમતે જમતે રસોઈ તો ખૂટવા આવી ત્યારે બાઈ કહે જે મારા પીટયા કોઈ ના પાડતા નથી ! ત્યારે મહારાજ કહે હવે બજારે જઈને પેટ ફૂટશે અને કહેશે જે રાયધણજીને ઘેર નોતરું દઈને ભૂખે માર્યા ત્યારે બાઈ કહે જે, કાંઈ ના હોય તો કહેને? ત્યારે મહારાજ કહે, હોય તો લાવો ને ત્યારે રાયધણજીએ કહ્યું જે કહોને અમે હાર્યા. પછી બાઈ પાડોશણને ઘેરથી ઘીનું ઠામ ઉછીનું ભરી લાવ્યા. એથી મહારાજ હસ્યા, 'અમે પારકા ઘરનું માગેલું નથી ખાતા' એમ કહીને બહુ હાસ વિનોદ કર્યો તે કેટલોક લખીએ. (૮૪)

વળી એક સમે મહારાજ માંડવીએ ચાંપશી સુતારને ઘેર રહેતા અને બીજું એક ઘર હતું તેમાં સાધુ ઉતરતા અને પછી આત્માનંદ સ્વામી આવ્યા તે મહારાજ સાધુ રહેતા હતા ત્યાં બાજોઠ ઉપર બેઠા હતા. ત્યાં જઈને પગે લાગ્યા પછી મહારાજ કહે ભૂખ્યા છો ? ત્યારે મેં કહ્યું જે હા મહારાજ, ત્યારે મહારાજે રોટલા મંગાવ્યા તે અમે જમ્યા પછી મહારાજ કહે અમે વેદાંત સાંભળવા જાઈએ છીએ તે સાંજે આપણે જાશું. ત્યાં તો એક બાઈ મહારાજને અર્થે પૂજા લાવી તે એક મીઠાઈની માટલી તથા ચંદનનો કટોરો તથા હાર તથા ગુલાલ તે લાવી પછી મહારાજ કહે હમણા મૂકો. ઘડી એક કેડે પૂજા કરાવીશું પછી બાઈ તો પૂજાનો સામાન મૂકીને ગઈ પછી એક મુક્ત જોગીને વેશે આવ્યો તે આવીને શબ્દ નાખીને ઊભો રહ્યો પછી મહારાજ કહે આવો ત્યારે મહારાજના મોઢા આગળ આવીને બેઠો પછી મહારાજ કહે અમારે અર્થે પૂજાનો સામાન હતો તે લાવો પછી મહારાજે મીઠાઈની માટલી હતી તે ઝોળીમાં ઠલવી દીધી પછી તેણે જમવા માંડયું. પછી મહારાજે બે હાર પહેરાવ્યા પછી ચંદનનો કટોરો હતો તે માથા ઉપર ઉંધો વાળ્યો પછી ગુલાલનું લોટ કુંપણ માથા ઉપર ઉંધું વાળ્યું તે બધે શરીરે અને ઝોળીમાં બધે ગુલાલ ગુલાલ થઈ ગયું પછી મહારાજ કહે જાઓ; ફરી આવશોમા; અમે રમતા રામ છીએ.(૮૫)

પછી સાંજના મહારાજ સાધુએ સહિત ચાલ્યા જાતા હતા. પછી માર્ગમાં ગોસાઈજીનું મંદિર આવ્યું અને ત્યાં સંધ્યા આરતી થઈ ત્યાં મહારાજ ગયા અને આરતી થઈ ત્યાં સુધી મહારાજ ઠાકોર સામા ઊભા રહ્યા પછી ત્યાંથી ચાલ્યા તે વેદની કથા થાતી હતી ત્યાં ગયા. પછી મહારાજને જોઈને કથા વાંચતા રહી ગયા, પછી મહારાજે કહ્યું જે, વાંચો ત્યારે તે બોલ્યા જે, પ્રશ્ન ઉત્તર કરો, ત્યારે મહારાજે કહ્યું જે, સર્ગ પૂરો કરો પછી પ્રશ્ન ઉત્તર કરીશું. પછી વસિષ્ઠસારનો સર્ગ પૂરો થયો પછી વેદાંતિએ પ્રશ્ન કર્યો તે પ્રશ્નમાં મહારાજે દોષ દેખાડયો. પછી વેદાંતિએ એક બીજાને વાર્યા, જે આપણને

તો પૂછતાંય ન આવડયું. પછી મહારાજે જાણ્યું જે, એ તો દબાઈ ગયા તે નહિ બોલે, એમ જાણીને રાયસુર ભક્તને કહ્યું કીર્તન બોલો પછી આ રાયસુર ભક્ત હલકથી લાંબે ઢાળે બોલ્યા જે–

એકવાર આવો રે હરિ મારે નેહડે રે; નહિ આવો તો નંદબાવાની આણ.

એ કીર્તન બોલ્યા. પછી ખયો ભક્ત બોલ્યા જે, કોણ કહે છે જે, આવો મારે નેહડે.પછી મહારાજે કહ્યું જે, ગોવાળ ને ગોપીઓ શ્રીકૃષ્ણ ભગવાનને કહે છે, જે અમારે નેહડે આવો. ત્યારે ખયો બોલ્યો જે, એ તો મોર્યની વાત છે. હમણે કોણ કહે છે જે અમારે નેહડે આવો. ત્યારે મહારાજ બોલ્યા જે આજ ભગવાનનો અવતાર હશે, તેના ભક્ત હશે; તે જે ગામમાં રહેતા હશે, તેને તે કહેતા હશે જે અમારે ગામ આવો. ત્યારે ખયો બોલ્યો જે, તે દી'તો ભગવાન નંદના દીકરા હતા અને આજ ભગવાન કેના દીકરા હશે ? ત્યારે મહારાજે કહ્યું જે, ધર્મના દીકરા છે. ત્યારે ખયો બોલ્યો જે, શ્રીકૃષ્ણે ગોવર્ધન તોળ્યો હતો તે આજ ગોવર્ધન શું? તથા ઈંદ્ર તે શું? તથા ઈંદ્ર કોપ્યો જે બહુ વરસાદ કર્યો, તે વરસાદ તે શું? અને વરસાદના પાણીને સુકવી નાખ્યું એ ચક્ર તે શું? પછી મહારાજ બોલ્યા જે ગોવર્ધન તે કામ. તે જે ભગવાનને આશરે આવ્યા તે ભગવાન એને સહાય છે. તેને કામ નથી પીડતો. ઈંદ્ર તે મતપંથ છે અને ઈંદ્ર કોપ્યો તે પાણી વરસ્યું. તેમ મતપંથી હજાર વચન કહે છે ત્યારે ભગવાનનો ભક્ત એક વચન બોલે તે બધાં વચન એનાં ખોટા થઈ જાય, એ ચક્ર છે. ત્યારે ખયો બોલ્યો જે, તે દી'તો કૃષ્ણનું ભજન કરતા ને આજ શું નામ લઈને ભજન કરે છે ? ત્યારે મહારાજ બોલ્યા જે, નારાયણ નારાયણ ભજન કરતા હશે, કે સ્વામિનારાયણનું ભજન કરતા હશે. ત્યારે ખયે કહ્યું જે, આ સ્વામિનારાયણ વાર્તા કરે છે તે કોઈ સમજ્યા ? ત્યારે બીજા બેઠા હતા તે બોલ્યા જે, સ્વામિનારાયણ બ્રહ્મની જ વાત કરે છે, તે આપણે મળતી આવે તે માનવી. ત્યારે ખયે કહ્યું જે, મને તમે કેવો જાણો છો ? ત્યારે તે કહે, તું તો પર્વત જેવો કોઈનો ડગાવ્યો ડગે નહિ. ત્યારે ખયે કહ્યું જે, પર્વત તે તો ડગ્યો, જે આજથી મારે તો હકડો સહજાનંદ, સહજાનંદ કર્યા કરવું. ત્યારે એક હેમો વાંઝો બોલ્યો જે, મને પણ જણાય છે જે, કોઈ મોટા તો ખરા ત્યારે ખયો બોલ્યો જે, આ એક બીજો પાણો ડગ્યો. પછી મહારાજ તો ત્યાંથી ઊઠયા ને ઊભી શેરીએ હસતા હસતા બોલ્યા જે, ભારે રાક્ષસને પાડયો ને હસતા હસતા ઉતારે આવ્યા તે આવીને ઢોલિયા ઉપર આડે પડખે થયા અને ભગવાનજી સુતાર આગળ વાત કરી જે, આજ તો ભારે રાક્ષસને પાડયો અને બહુ તો કાલે કાલ થાશે. ત્યારે ભગવાનજીએ કહ્યું જે એમાં તમારે શું આશ્ચર્ય છે ? તમે અનંત એવા રાક્ષસને પાડો એમ કહ્યું ને હસતા હસતા પોતાને ઉતારે પધાર્યા અને પછી ઢોલિયા ઉપર પોઢી ગયા.(૮૬)

પછી સવારમાં દિવસ ઉગતા મોર સાધુને ઉતારે મહારાજ આવ્યા. તે સાધુએ ઓસરી ઉપર આસન નાખી દીધું. ત્યાં દાતણ કરવા બેઠા. ત્યાં ઓસરી હેઠે ઊંટ ઘાણીએ ફરતો હતો. ત્યારે મહારાજે કહ્યું જે, તારો ઊંટ તો ભૂખ્યો દેખાય છે. ત્યારે ઘાંચી બોલ્યો જે, હા, મહારાજ, હું ચાર નીરવી આજ ભૂલી ગયો. દહાડી નીરતો પણ આજ ભૂલી ગયો. પછી મહારાજે કહ્યું જે, એ રોટલા ખાય કે નહિ ? ત્યારે ઘાંચીએ કહ્યું જે, રોટલા તો અમે નહિ ખિલાયા અને ખોળ તો ખાય છે

પછી મહારાજે રોટલા મંગાવ્યા અને બેવડ ચોવડ કરી દીધા તે ઝટ ખાઈ ગયો. ત્યારે મહારાજે કહ્યું જે, લે રોટલા ખાય તો છે. પછી એક ઝોળી રોટલાની હતી, તે ઘાંચીને આપી તે ઘાંચીએ ખવરાવ્યા. પછી મહારાજે કહ્યું઼ એને પાણી પા. ત્યારે તેણે પાયું. પછી મહારાજે કહ્યું, એને મધ્યાહ્ન સુધી નિરાંત થઈ, પછી મહારાજે ઘાંચીને કહ્યું જે, તમે નિત્ય સાંજના ક્યાં જાઓ છો ? ત્યારે તેણે કહ્યું જે, હાજી પાસે જાઈએ છીએ પછી મહારાજે કહ્યું જે, હાજી તમને શું કહે છે ? ત્યારે તેણે કહ્યું જે, હમને કલમા સંભળાવે. ત્યારે મહારાજ સાધુ સામું જોઈને બોલ્યા જે, કોઈને કલમા આવડે છે ? ત્યારે આત્માનંદ સ્વામી બોલ્યા જે, મને આવડે છે. ત્યારે મહારાજે ઘાંચીને કહ્યું જે, આવો અમે તમને કલમા સંભળાવીએ. ત્યારે ઘાંચી, એની સ્ત્રી ને દીકરી એ ત્રણે મહારાજના મોંઢા આગળ આવીને બેઠાં. પછી મહારાજે કહ્યું જે હવે તમે બોલો, પછી હું પંચ કલમા બોલ્યો. ત્યારે ઘાંચી બોલ્યો જે, તમારે ફકીરકું પંચ કલમા આતે હે. પછી તો તે કલમાની મહારાજે બહુ વાત કરી, પછી એની દીકરીને તો સમાધિ થઈ ગઈ.(૮૭)

પછી મહારાજ ને સાધુ નહાવા ગયા. પછી કુવે નહાયા અને ત્યાં એક શિવ છે, ત્યાં એક બાળક હતો. તેણે કહ્યું જે, તમે સૌ નહાયા, પણ આ શિવને કોઈએ ન નવરાવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, લે તારા શિવને નવરાવીએ. પછી મહારાજના હાથમાં કળશિયો ભર્યો હતો તેનાથી શિવને નવરાવ્યા. (૮૮)

પછી મહારાજ ને સાધુ નાહીને આવતાં દરવાજે સિપાઈએ રોકયા, જે શહેરમાં નહિ જવાય. ત્યારે મહારાજે કહ્યું જે, અમારા સાધુ ધન સ્ત્રીને અડે નહિ અને અગ્નિને અડે નહિ અને લાકડી રાખે નહિ, લીલું દાતણ તોડે નહિ. ત્યારે સિપાઈએ કહ્યું જે, તમે કહ્યું તે ઠીક હોય એમ પણ અહીં નહિ. ત્યારે મહારાજે કહ્યું જે, અમારી પોથી, ઝોળી એ આદિક સામાન પડયો છે. ત્યારે સિપાઈએ કહ્યું જે તે તો મર પડયો, પણ શેઠની આજ્ઞા નથી. ત્યારે મહારાજે કહ્યું જે અમારે સારુ ગૃહસ્થને ઘેર રસોઈ કરી છે તે બગડશે. ત્યારે સિપાઈ કહે મર બગડે, પણ અહીં નહિ. પછી મહારાજ ને સાધુ બીજે દરવાજે ગયા ત્યાં પણ સિપાઈ આડો ફર્યો. ત્યારે મહારાજે એની એ વર્તમાનની વાત કરી ત્યારે કહે જે તમારા એક જણને મેલો, તે સામાન લઈ આવે; પણ સબ નહિ પછી મહારાજે રાણસુર ભક્તને મોકલ્યા જે સામાન લઈને દોણને દરવાજે આવજો. પછી મહારાજ ને સાધુ ફરતા ફરતા દોણને દરવાજે આવ્યા. પછી દરવાજેથી મોકળા બેઠા. પછી મહારાજે આત્માનંદ સ્વામીને કહ્યું જે, તમે જાઓ ને જુઓ, કાંઈ બોલે છે ? પછી હુંતો થોડેક દૂર જોઈને પાછો આવ્યો અને કહ્યું જે, મને તો કોઈ બોલ્યા નહિ. ત્યારે મહારાજ કહે ચાલો ત્યારે સૌ ચાલ્યા. તે હાથ બે ત્રણ ચાલ્યા ત્યાં રાણસુર ભક્ત સામાન લઈને સામા આવ્યા પછી મહારાજે કહ્યું જે, ચાર જણાનું અમે નોતરું માન્યું છે. માટે આત્માનંદ સ્વામી, ચિદ્રૂપાનંદ સ્વામી, પરમ ચૈતન્યાનંદ સ્વામી એ ત્રણ રહે અને બીજા સર્વે ચાલો. શા માટે જે એને ઘેર અમે કોઈ દિવસ જમ્યા નથી માટે એની રસોઈ બગડી જાય, માટે જમીને આવીશું. પછી બીજા સાધુ દોણને માર્ગે ચાલ્યા, અને મહારાજ

ખયાને ઘેર આવ્યા, અને ખયાની માને કહ્યું જે ખયો ક્યાં ગયો ? ત્યારે તેણે કહ્યું જે શેઠ બજારે ગયા. ત્યારે મહારાજે કહ્યું જે, આવે ત્યારે મેઘજીને ઘેર મેલજો. એમ કહીને મહારાજ મેઘજીને ઘેર ગયા. ત્યાં મહારાજ ઢોલિયા ઉપર બેઠા હતા. ત્યાં ખયો આવ્યો. પછી મહારાજે વાત કરી જે શેઠે ના પાડી તે સિપાઈએ શહેરમાં ન ગરવા દીધા. પણ આ ગરીબની રસોઈ બગડી જાય તે સારુ અમે આવ્યા. ત્યારે ખયે કહ્યું જે મોરે તમે કૃષ્ણાવતારમાં દહીં દૂધ લૂંટી ખાતા. તેના ધણીને નોતરુરૂં દીધું. પછી મહારાજ બહુ હસ્યા, અને પછી મહારાજ બોલ્યા જે, મહા હરામજાદો છે ને પછી ખયે કહ્યું જે, શેઠને કહું જે નહિ રોકે. પછી મહારાજે કહ્યું જે, તારે ન કહેવું. એક વાણિયાનું નામ લીધું જે એ આવે તો અમે એને કહીશું. પછી તે વાણિયો આવ્યો, તેના આગળ મહારાજે સાધુના ધર્મની વાત કરી. પછી વાણિયે કહ્યું જે તમારી ઈચ્છા હોય ત્યાં સુધી રહો હું શેઠને જઈને કહું, તમને કોઈ ના પાડે નહિ. પછી મહારાજે કહ્યું જે હમણા ન કહેશો. અમે ફરીને આવીએ ત્યારે રોકે તે દિ વાત. પછી મહારાજ ને સાધુ જમવા ગયા તે મોતિયા લાડુ, દાળ, ભાત કર્યાં હતાં, તે પીરસ્યાં તે જમ્યા, અને મહારાજે જમીને થાળ સાધુને આપ્યો, તે જમ્યા અને જમી રહીને તે દોણને માર્ગે ચાલ્યા.(૮૯)

તે ખેતરવા ચાલ્યા, પછી મહારાજે કહ્યું જે, અમારે બહિર્ભૂમિ જાવું છે. પછી સાધુ ઝાડ તળે બેઠા. પછી મહારાજ બહિર્ભૂમિ જઈને આવ્યા, ત્યારે કહ્યું જે, અમને તો કાંટો વાગ્યો છે, તે કોઈને કાંટો કાઢતા આવડે છે ? ત્યારે આત્માનંદ સ્વામી બોલ્યા જે મને આવડે છે. પછી લીંબડાને ફરતો ઓટો હતો તે ઉપર પડખા ભર થયા. પછી મેં કાંટો ખોતર્યો તે કાંટો ઉંડો હતો તે લોહી આવી ગયું. પછી મહારાજે કહ્યું જે, ખોતરો. પછી મેં કહ્યું જે, લોહી આવી ગયું. પછી ત્યાં એક ફુલ બાગ હતો તેમાં પુરુષ હતો તેને મેં કહ્યું જે, હે બાગવાન તારી પાસે ચીપિયો છે ? ત્યારે તે કહે હા છે. ત્યારે મેં કહ્યું જે લાવ. પછી એ ચીપિયો લાવ્યો. પછી મેં કાંટો કાઢયો. પછી દોણને માર્ગે ચાલ્યા. તે ધોળો ખેસ પહેર્યો હતો, અને ચાદર કેડ સુધી લટકતી માથે બાંધી હતી અને બે હાથ છુટા મેલીને ચાલ્યા તે છેટું પડી ગયું. પછી આગળ જઈને ઊભા રહ્યા. પછી અમે ભેળા થયા ત્યારે મહારાજ બોલ્યા જે, અમારી તો આવી ઉતાવળી ચાલ છે, પણ તમારા સારુ ધીરા ચાલીએ છીએ. પછી દોણ ગયા ને ત્યાં રાત રહીને અમને ચારને તો માંડવીએ મોકલ્યા અને આત્માનંદ સ્વામી, પરમચૈતન્યાનંદ સ્વામી, નૃસિંહાનંદ સ્વામી, ધર્માનંદ સ્વામી એમને કહ્યું જે, તમે માંડવીએ રહેજો અને મહારાજે કહ્યું જે, અમે તેરે જાશું અને કાં તો તમને તેડાવીશું; અને કાં તો અમે આવીશું. પછી બે સંત તો મહારાજ પાસે ગયા અને અમે બે રહ્યા. તે ખયાની શાળામાં ત્રણ મહિના રહ્યા.(૯૦)

પછી મહારાજને ભુજ આવ્યા સાંભળ્યા એટલે અમે નારાયણ કહી મોકલ્યા પછી અર્ધ રાતે વાણિયે મહારાજને કહ્યું જે, તમને આત્માનંદ સ્વામીએ નારાયણ કહ્યા જે, તે સાંભળીને મહારાજ બોલ્યા જે, અમે માંડવીએ જાશું. ત્યારે હરિભક્તે કહ્યું જે, દરવાજા વસાઈ ગયા. ત્યારે મહારાજે કહ્યું જે, દરવાજા ઉઘડાવો. પછી દરવાજો ઉઘડાવ્યો અને માનકુવાના કેશવજી બ્રાહ્મણનો ઊંટ હતો તે ઉપર બેઠા. પછી ગાઉ બે એક જઈને કહ્યું જે, આ લે, તારો ઊંટ. અમને તો ઊંઘ આવે છે તે સૂઈ જાશું. પછી સવારે ચાલ્યા તે રોહા ગામમાં દરબારમાં રાત રહ્યા ને બહુ વાર્તા કરી. (૯૧)

પછી બીજે દિવસ માંડવીએ આવ્યા, તે મેઘજી સુતારને ઘેર આવ્યા. પછી અમને ખબર થઈ તે અમે ગયા. તે મહારાજ ઢોલિયા ઉપર વિરાજમાન હતા, અને થોડોક વરસાદ વરસ્યો હતો; તે પૃથ્વી લીલી હતી. તે હું તો હેઠો બેસવા મંડયો ત્યારે મહારાજે કહ્યું જે, ઉપર બેસો. ત્યારે મેં કહ્યું જે, ઉપર કેમ બેસાય ? પછી મહારાજે કહ્યું જે, 'બધેય રુપે પૃથ્વી છે.' તે વેદ સ્તુતિના ગદ્યમાં કહ્યું જે બૃહદુપલબ્ધમેતત્ પછી મહારાજ કહે, આજ તો અમે તરસે મરી ગયા. અમારે તો આ ભેળા છે તે કાંઈ પાણીનું ઠામ રાખતા નથી. ત્યાં કુબેરસંગ આવ્યા અને મહારાજની આગળ નાળિયેર મેલીને પગે લાગીને બેઠા. પછી મહારાજ કહે કયાં રહો છો ? ત્યારે કહ્યું જે ગોસાઈજી ભેળો રહું છું. ત્યારે મહારાજે કહ્યું જે કેમ સમજો છો ? ત્યારે કુબેરસંગ બોલ્યા જે એની ક્રિયા જોતાં તો કોઈ દિ કલ્યાણ થાય એવું નથી પણ નિત્યે મારું દર્શન થાય છે તે કયાક સારું થાશે.(૯૨)

વળી વેદાંતી ભેળા થયા પછી મહારાજે કહ્યું જે, કાંઈક પ્રશ્ન પૂછો ત્યારે સંઘનો વેદાંતિ હતો તેણે પૂછયું જે માયાનું રુપ કરો તેમાં પ્રથમ બ્રહ્મનું રુપ કરો ત્યારે મહારાજે પોતાની છાતીએ હાથ લગાડીને કહ્યું જે આ બ્રહ્મનું રુપ છે ત્યારે તેણે કહ્યું જે તમે બ્રહ્મ ? ત્યારે મહારાજે કહ્યું જે હા ત્યારે તેણે કહ્યું જે અમને બ્રહ્મ દેખાડો ત્યારે મહારાજે કહ્યું જે બ્રહ્મ એક કે બે ? ત્યારે તેણે કહ્યું જે એક ત્યારે મહારાજે કહ્યું જે એક છે તો આ છે. બીજો હોય તો તમને દેખાડીએ ત્યારે તે બોલ્યા જે એમ કેમ મનાય ? ત્યારે મહારાજે કહ્યું જે તમારે કાંઈ દેખવું હોય તો અમારા સાધુ સુરતમાં છે તે ભેળા રહો તમારે કાંઈ દેખવું હશે તે દેખાઈ આવશે ત્યારે તે બોલ્યા જે મોરથી કેમ રહેવાય કાંઈ દેખ્યા વિના ? પછી મહારાજે એક દૃષ્ટાંત દીધું, જે વાણિયાની દીકરીનો વિવાહ હતો તેની જાન આવી ત્યારે દીકરીએ કહ્યું જે આ શું છે ? ત્યારે તેના બાપે કહ્યું જે તને પરણાવવી છે ત્યારે દીકરી બોલી જે પરણીને શું કરે ? ત્યારે તે કહે જે, લઈ જાય. ત્યારે કહે જે, હું તો નહિ જાઉં ત્યારે કહે જે, શા સારુ નહિ જાય? ત્યારે તે બોલી જે, મને એક દીકરો મોરથી આપે તો જાઉં. ત્યારે મહારાજે કહ્યું જે

એ તે ડાહી કે મૂરખી? પછી સૌ બોલ્યા જે, મૂરખી જ તો ભાઈડાને ઘેર ગયા વિના દીકરો માગે છે માટે મૂરખી જ તો. પછી મહારાજે કહ્યું જે, અમારું વચન માનતા નથી અને અમે કહીએ તેમ કરવું નહિ, અને બ્રહ્મને જોવાને ઈચ્છે છે ! (૯૩)

પછી મહારાજે કહ્યું જે, અમે કાલે ચાલીશું. ત્યારે સૌએ કહ્યું જે, આજ આવ્યા છો ને કાલ સવારમાં ચાલ્યાનું કેમ કહો છો ? ત્યારે મહારાજે કહ્યું જે, તમારી નજરમાં આવે તે ગ્રંથ વાંચો અને અમે પ્રશ્ન પૂછીએ તેનો ઉત્તર કરીને સુંસરા નીસરો તો અમે સર્વે તમારા થાઈએ અને જો અમારા પ્રશ્નનો ઉત્તર ન થાય તો અમારામાં આવો અને કાં તો અમે તમે કહો તે ગ્રંથ વાંચીએ ને તમે પ્રશ્ન કરો તેનો ઉત્તર આપીએ ને સુંસરા નીસરીએ તો અમારા થાઓ ને તમારા પ્રશ્નનો ઉત્તર ન થાય તો અમે તમારા થઈએ; પછી વેદાંતિ બોલ્યા જે, અમારે તો એક ખયો હતો તે તમારો થયો, હવે પ્રશ્ન કોણ કરે ? પછી મહારાજ બોલ્યા જે, જ્યાં સુધી પ્રશ્ન ઉત્તર થાય ત્યાં સુધી ખયો તમારો. પછી કોઈ બોલ્યા નહિ, અને સૌ સૌને ઘેર ગયા. પછી મહારાજને સારુ રસોઈ તૈયાર થઈ, તે જમ્યા; પછી જમીને પોઢી ગયા પછી સવારમાં વહેલા ઉઠીને ગામ દોણ ગયા. (૯૪)

પછી અમને ખબર પડી જે મહારાજ ચાલ્યા. પછી અમે મનસૂબો કરતા હતા ત્યાં રોહના વોરા આવ્યા. તેણે પૂછયું જે, મહારાજ કયાં? ત્યારે અમે કહ્યું જે, મહારાજ તો દોણ ગયા. પછી એ વોરા પણ દોણ ગયા. પછી અમારે પણ સુવાણ થઈ નહિ તે પછી મોડેથી અમે પણ ચાલ્યા, પણ સંશય હતો જે, રખે કાંઈ કહે નહિ, ત્યાં તો ગાઉ બે ગાઉ ચાલ્યા ત્યાં વોરા સામા આવ્યા. તેણે કહ્યું જે, તમને મહારાજે તેડાવ્યા છે. પછી અમારે આનંદ થયો ને મહારાજ પાસે ગયા. પછી બ્રહ્માનંદ સ્વામી આવ્યા, તે માણસ ઝાઝાં થયાં. પછી બીજે દિવસ મહારાજે વાત કરી જે, અમારે એક વાત કઠણ પડે છે જે સાધુને મેલીને એકલા જમવા જાઈએ તો પણ ઠીક નહિ, સાધુએ સહિત જાઈએ તો ગૃહસ્થને કઠણ પડે; માટે સાધુ માગી ખાય અને ગૃહસ્થ આવે તે ગાંઠનું ખાય; તો અમારે ઠીક પડે. શા માટે, જે દર્શને આવે તેને ના ન કહેવાય. માટે સૌનું ખાય ને દર્શન કરે; તેની અમારે ચિંતા નહિ. પછી વળી એમ વાત કરી જે, મનની ભૂખે ન જમવું, તનની ભૂખે જમવું. પછી હું તો છાનોમાનો ઝોળી લઈને ગામમાં માગવા ગયો અને વાંસે પંગત બેઠી ત્યારે મહારાજ કહે, આત્માનંદ સ્વામી કયાં ગયા ? ત્યારે સાધુ બોલ્યા જે, તળાવ ઉપર ગયા હશે. પછી ગામમાં માગીને હું આવ્યો, ત્યાં એક સાધુ જમીને ઉઠયા, ત્યારે મહારાજે કહ્યું જે, આ ભાણા ઉપર બેસો, પછી હું બેઠો, અને ગામમાંથી લોટ માગીને લાવ્યો હતો તે થાળીમાં નાખ્યો; ત્યાં હરિભક્ત પીરસવા આવ્યા, તેણે કહ્યું જે, આ લોટ કયાંથી ? ત્યારે મહારાજ કહે, લોટ કયાંથી ? ત્યારે મેં કહ્યું જે, ગામમાં માગવા ગયો હતો. ત્યારે મહારાજે કહ્યું જે નોતરાની ખબર નહોતી ? ત્યારે મેં કહ્યું જે, ખબર તો હતી. પછી મહારાજ કહે, શીરો આપો; પછી શીરો પીરસ્યો તે લોટ ભેળો કરીને જમ્યો. પછી યોગાનંદ સ્વામીના મનમાં સંકલ્પ થયો જે, મન માગે છે, ત્યારે મહારાજે કહ્યું જે, એ માગે એને આપ; પછી પંગત જમી ઉઠી. (૯૫)

પછી મહારાજ ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા અને સાધુ હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી ભોજો ચારણ બગસરાનું કાળા છેડાનું ધોળું ધોતિયું લાવ્યો તે મહારાજના ખોળામાં મેલ્યું. પછી મહારાજ કહે, મૂળુ લંધો ને ભોજો ચારણ પરસ્પર ચર્ચા કરે અને સાધુ કહે જે આ જીત્યો. તેને ધોતિયું બંધાવીએ. પછી તેમની ચર્ચા જે એક બીજાને મેણાં માર્યા. ત્યારે મહારાજે સાધુને કહ્યું જે, એમાં કોણ સરસ ? ત્યારે સાધુએ કહ્યું જે, ભોજો ચારણ તો સાધુનું માને ને મૂળુ લંધો તો વાદી છે. ત્યારે મહારાજે કહ્યું જે, ભોજો ચારણ જીત્યા પછી મહારાજે ભોજા ચારણને ધોતિયું બંધાવ્યું પછી સાંજને ટાણે મહારાજ ઓસરી ઉપર ઉગમણે મુખે ચાદર ઓઢીને ઉભા હતા. પછી સાધુ આરતી ધૂન બોલ્યા અને પછી વેદસ્તુતિ બોલવા માંડી ત્યારે મહારાજના નેત્રકમળ ફૂલવાં માંડયા જેમ સૂર્ય ઉગતે કમળ ફૂલે તેમ નેત્ર કમળ પહોળાં થયાં. જાણીએ બ્રહ્માંડ સમાઈ જાશે કે શું? એવા મહારાજના અલૌકિક દર્શન થયાં. (૯૬)

પછી બીજે દિવસ જન્માષ્ટમીનો ઉચ્છવ કર્યો અને પ્રશ્ન ઉત્તર કર્યા. પછી મહારાજ વાડામાં લઘુશંકા કરવા ગયા. પછી બ્રહ્માનંદ સ્વામીએ મૂળુલંધાને કહ્યું જે, આ મીઠાઈ તું મહારાજને જમાડ, જો તારું વર્તમાન ચોખ્ખું હશે તો જમશે અને જો તારું વર્તમાન ગોબુરું હશે તો નહિ જમે એમ કહ્યું. ત્યાં તો મહારાજ હસતા હસતા આવ્યા ને મહારાજ બોલ્યા જે, શું કહે છે ? પછી મૂળુલંધો બોલ્યો જે, બાપ કરું આટલી મીઠાઈ કટોરામાં છે, તે જમો. પછી મહારાજ કહે, અમારે નથી જમવું, ત્યારે મૂળુલંધો બોલ્યો જે, અધુધુધુ બાપ કરુરું, ત્યારે તો માર્યો ગયો. એ રીતની ઘણીક દેશી લાવ્યો. મહારાજ હસ્યા ને પછી જમવા બેઠા. (૯૭)

પછી સાંજને વખતે એક બાઈએ મહારાજની પૂજા કરી અને પછી આરતી ઉતારી. પછી સવારે પારણાં કર્યા સારુ વહેલી રસોઈ થઈ, તે મહારાજ પ્રથમ જમ્યા અને પછી સાધુને જમાડયા. પછી મહારાજે બ્રહ્માનંદ સ્વામી, ભોજો ચારણ ને બીજા સાધુ કેટલાકને આજ્ઞા કરી જે, તમે હાલારમાં જાઓ, આપણે ડભાણ સમૈયો કરવો છે તે ખબર કરજો જે, સામાન ભેગો કરે, ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, આટલો સામાન ભેળો કરાવો છો તે જગનમાં વિઘ્ન થાશે કે નિર્વિઘ્ન થાશે ? ત્યારે મહારાજે કહ્યું જે, જગન નિર્વિઘ્ન થાશે પણ પાઘડી તો ઘણાની ઉડી જાશે. પછી બ્રહ્માનંદ સ્વામી માંડવી ગયા અને મહારાજ ભેળા સાધુ છો સાત હતા, તે સાધુ ને મહારાજ ભૂજને માર્ગે ચાલ્યા. પછી મહારાજે માર્ગમાં વાર્તા કરી જે, આપણા આત્માનંદ સ્વામી એક તુંબડું રાખતા, તેમાં પાણી પીતા અને તેમાં ભીક્ષા માગીને ચોળી ખાતા. તેમ આપણે પત્તર રખાવવાં છે. એવી ત્યાગ સંબંધી વાત બહુ કરી. (૯૮)

પછી વગડામાં એક ઈંટ ઊભી કરેલી. તેને સિંદુર ચોપડેલું ને આગળ નાળિયેરની કાચલીઓ પડેલી, તેને જોઈને મહારાજે કહ્યું જે, જુઓને આ ઈંટ છે તેને સિંદુર ચોપડયું છે. એમાં દેવની બુદ્ધિ લાવીને માનતાઈ કરે ત્યારે એનું ધાર્યું થાય તો એમ કહે કે મારું એ દેવે સારું કર્યું, એમ વાત કરતાં ગામ આવ્યું અને દિવસ તો થોડો રહ્યો, પછી મહારાજે ડુંગરજીને કહ્યું જે, ગામમાં જાઓ ત્યાં એક લુવાણાનો દીકરો સત્સંગી છે, તે ઘેર હોય તો આપણે રહીએ એમ કહી પોતે ભાગોળે બેઠા. પછી ડુંગરજી ગામમાં ગયા. તે એનો બાપ ઘેર હતો તે આવ્યો, તેણે કહ્યું મહારાજ, ગામમાં ચાલો. ત્યારે મહારાજે કહ્યું જે તારો દીકરો ઘેર નથી માટે નહિ રહીએ. ત્યારે લુવાણે કહ્યું જે, મહારાજ તમે ન આવો તો મને દીકરો વઢે પછી મહારાજ ગામમાં પધાર્યા, તે એક હાટમાં ઉતર્યા, પછી લુવાણે કહ્યું જે, મહારાજ રસોઈ કરાવું પછી મહારાજે કહ્યું જે, સૌ જમ્યા છે માટે રસોઈ નથી કરવી. પછી એ ખજુર ને દાળિયા લાવ્યો, પછી મહારાજ કહે, ખજુર પાછો આપો ને દાળિયા રાખો. (૯૯)

પછી ત્યાં એક બ્રાહ્મણ આવ્યો ત્યારે મહારાજે કહ્યું જે આત્માનંદ સ્વામી તમે વાત કરો. પછી વાત કરી જે;

"વિઠ્ઠલનાથ વસે જીય જાકે, વાકી રીત પ્રીત છબી ન્યારી;
ઉગ્ર સ્વભાવ પરમ પરમાર્થ, સ્વાર્થ લેશ નહિ સંસારી."

એ સૂરના કીર્તનની વાત કરી, પછી બ્રાહ્મણ કહે, મારે તો સંધ્યાનો વખત થયો છે માટે હું તો જાઈશ. પછી એ કીર્તનની વાત મહારાજે મારી આગળ વિસ્તારીને કરી જે, વિઠ્ઠલનાથ ભગવાને જેના હૃદયમાં વાસ કર્યો હોય તેની રીત પ્રીત છબી ન્યારી, એ દિશની ઘણીક વાર્તા કરી. (૧૦૦)

પછી મહારાજે કહ્યું જે, હમણે ઊંઘશો તો પ્રભાત ક્યારે થાશે ? માટે કોઈ પ્રશ્ન કરો. તો વાત કરીએ ત્યારે પરમચૈતન્યાનંદ સ્વામી બોલ્યા જે, કહ્ પ્રશ્ન કરના હે, આત્મા હે સો સત્ય હે? ત્યારે મહારાજે કહ્યું જે, એ તો તમે ઠીક કહો છો પણ દીવો એ અગ્નિ છે અને મશાલ એ અગ્નિ છે અને વિજળી એ અગ્નિ છે અને વડવાનળ અગ્નિ છે પણ દીવાને લગારેક વાયુ લાગે તો ઓલાઈ જાય અને વડવાનળ અગ્નિ પાણીને બાળે છે, પણ ઓલાતો નથી. એમ આત્મા આત્મામાં ભેદ છે એમ ઘણી વાત કરી. (૧૦૧)

પછી મહારાજ મોટ્ય પાથરી હતી તે ઉપર પોઢી ગયા. તે છોકરાને ભણવાની શાળા હતી. ત્યાં સૌ સૂઈ રહ્યા પછી સવારમાં ઉઠયા ત્યાં લુવાણો આવ્યો. તેણે કહ્યું જે, મહારાજ રસોઈ કરાવું, ત્યારે મહારાજે કહ્યું જે, લુવાણાનું તો અમે જમતા નથી. ત્યારે કહ્યું જે, બ્રાહ્મણ પાસે રસોઈ કરાવીએ. ત્યારે મહારાજે કહ્યું જે, બહુ સારું, કરાવો. એમ કહીને મહારાજ ને સાધુ નહાવા ગયા. પછી નાહીને આવ્યા ત્યારે રસોઈ તૈયાર થઈ પછી પંગત થઈ તે મહારાજ અને સાધુ જમવા બેઠા. પછી મહારાજ જમીને ઉઠયા. ઓસરીયે ખાટ ઉપર બેઠા. પછી કળશિયો હાથમાં લીધો ને લુવાણાનો હાથ ઝાલીને નીમ ધરાવીને કહ્યું જે તમારા સારુ રહ્યા છીએ. માટે આજથી હવે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરજો. (૧૦૨)

પછી મહારાજ ચાલી નીસર્યા. ગામ બહાર નીકળ્યા ને મધ્યાહ્નનો તડકો તેમાં ચાલતાં મહારાજે કહ્યું જે, સાધુને આવે વખતે ચાલવું શા માટે, જુઓને કોઈ જીવ જણાય છે ? ત્યારે આત્માનંદ સ્વામી બોલ્યા જે, હે મહારાજ, મોટા મોટા જીવ બળી મરે છે, તો બીજા જીવની શી વાત ? મહારાજ હસતા હસતા ચાલતા હતા અને કેડ સુધી ચાદર વાંસે લટકતી મૂકીને માથે બાંધી અને ધોતિયુ પહેર્યું હતું અને બે હાથ છૂટા મેલીને હાથને હલાવતા થકા ચાલતા હતા અને સાધુને પૂછવા માંડયું જે તમે કેટલીવાર રોટલી લીધી, કેટલીવાર દૂધપાક લીધો, કેટલીવાર દાળ લીધી, કેટલીવાર ભાત લીધો અને પછી મહારાજે સાધુને કહ્યું જે, તમે પંદર શેર ખાધું કોઈને કહ્યું કે તમે દશ શેર ખાધું, કોઈને કહ્યું તમે સાત શેર ખાધું, કોઈને કહ્યું તમે પાંચ શેર ખાધું. એવી રીતે સર્વે સાધુને મહારાજે કહીને પછી મહારાજે કહ્યું જે, તમે શું સાધુ છો ? પેટભરા છો. એ તો બ્રાહ્મણે સૌને સારુ રસોઈ કરી હતી, અમે ઉઠયા ન હોત તો બ્રાહ્મણને વાંસે પણ રહેત નહિ. એમ વાતો બહુ કરી. પછી તુલસીદાસનું આગમ પદ છે તે બોલ્યા જે, "હે મન, ધીરજ કયું ન ધરે; એક હજાર નવસે કે ભીતર એસો જોગ પરેગો." પછી માર્ગમાં ચાલતાં એક કૂવો આવ્યો. તેની પાસે બાવળ હતો તેની હેઠે કાંટા ને લાકડાનો એક થર જૂનો ગોર પડયો હતો તે ઉપર મહારાજ એમના એમ સૂઈ ગયા અને સર્વે સાધુને કહ્યું જે, જેને બહાર જાવું હોય તે બહાર જાઓ અને પાણી પીવું હોય તે પાણી પીઓ. પછી સાધુ ક્રિયા કરી રહ્યા ત્યારે મહારાજ ઉઠયા. પછી આત્માનંદ

સ્વામીએ મહારાજને બરડે હાથ ફેરવ્યો અને કહ્યું જે, લાકડાંના સળ બરડામાં ઉઠયા છે. પછી મહારાજ બોલ્યા જે એનું કાંઈ નહિ. (૧૦૩)

પછી ગામ ધાનડી આવ્યા અને સાધુને તો સુતારની કોઢયે ઉતારો આપ્યો અને મહારાજ સુતારને ઘેર ઉતર્યા. પછી સુતારને ઘેર ગળ્યા ચોખા કરાવ્યા અને સાધુને કહ્યું જે, વાળુ કરવા ચાલો. પછી સાધુ આવ્યા અને બાઈએ કહ્યું જે, ઠામ મંગાવો. ત્યારે મહારાજે કહ્યું જે, ઠામ અમારી પાસે છે.પછી બે બે ઝોળી પાથરી તે ઝોળીયુંમાં ચોખા પીરસ્યા. પછી આત્માનંદ સ્વામીએ કહ્યું જે, આટલું કોણ ખાશે ? ત્યારે મહારાજે કહ્યું જે, તમારે બોલવું નહિ. પછી સાધુ ઝોળીયુંને ફરતા જમવા બેઠા. પછી સૌએ જમવા માંડયું. તે આત્માનંદ સ્વામી તો થોડુક જમીને રહી ગયા. પછી મહારાજે કહ્યું જે, રાખો ને તાંસળીયો લાવો પછી હરિભક્ત તાંસળીયો લાવ્યા.પછી એક દોથો ભરીને ભાત તાંસળીમાં પીરસીને દૂધે ભરીને દીધી ને કહે એટલું જમીને ઉઠો. પછી સાધુ જમીને કોડયે જઈને સૂઈ રહ્યા અને મહારાજ તો સુતારને ઘેર પોઢી રહ્યા અને પછી સવારમાં ડુંગરજી આવ્યા. તેને મહારાજે કહ્યું જે, ચાલવા માંડો, અમે આવીએ છીએ. પછી સાધુ ગામ બહાર કૂવા ઉપર નહાતા હતા અને મહારાજ હસતા હસતા આવ્યા અને કહ્યું જે, આત્માનંદ સ્વામી કયા જોગ સાધ્યા ? બકરીજોગ સાધ્યા કે ઊંટજોગ સાધ્યા ? કે ભેંસજોગ સાધ્યા ? એમ મહારાજ હાસવિનોદ કરતા હતા. (૧૦૪)

પછી ગામ પુનડીએ આવ્યા અને સાધુને કહ્યું જે, તમે હાટમાં બેસો, અમે આગળ જગ્યા સમી કરાવીએ. પછી મહારાજ સુતારને ઘેર ગયા અને આડી મોદ્ય બંધાવી અને ઢોલિયો ઢળાવીને તે ઉપર મહારાજ બેઠા અને પછી સાધુને તેડાવ્યા. મને ચિદ્રુપાનંદ સ્વામીએ કહ્યું જે, ભાગવતમાં કહ્યું છે જે, જીવ ગર્ભમાં પાંચ મહિને આવે તે કેમ સમજવું? પછી અમે મહારાજ પાસે આવ્યા અને મોદ્ય પાથરી હતી તે ઉપર આસન કરીને બેઠા, પછી બાઈઓ આવી ને મહારાજને કહ્યું જે, રસોઈની આજ્ઞા કરો, તે રસોઈ કરીએ; પછી મહારાજે કહ્યું જે, રાતે મોડા જમ્યા છીએ તે કોઈને ભૂખ નથી લાગી. ત્યારે બાઈઓ બોલ્યા જે, રાતે જમ્યા છો ને ભૂખ નથી એમ કેમ હોય ? ત્યારે મહારાજે કહ્યું જે, અમે ગળ્યું ચીકણું તો નથી જમતા. બાજરાના રોટલા કરો અને મગની દાળ કરો તો જમીએ. પછી કહ્યું જે સારુ મહારાજ. પછી રોટલા ને દાળ કરી. પછી મહારાજ ને સાધુ જમવા પધાર્યા અને આત્માનંદ સ્વામીને મહારાજે કહ્યું જે, વાતો કરો. પછી મહારાજ જમીને આવ્યા પછી મને કહ્યું જે, તમે જમી આવો. પછી હું ગયો તે મહારાજ જમીને ઉઠયા હતા તે ડબરામાં દાળ અને થાળમાં અરધો રોટલો હતો તે હું જમ્યો. પછી જમીને સૌ આવીને બેઠા, ત્યારે મહારાજે કહ્યું જે, આત્માનંદ સ્વામી કેમ આ રોટલા કાઠિયાવાડી કે નહિ? ત્યારે મેં કહ્યું જે હા, મહારાજ. પછી મહારાજે કહ્યું જે, સાધુ દીઠ એવા બે રોટલા જોઈએ અને દાળ તથા ચોખા ચાપું હોય તે ગણવા નહિ અને એક વખત જમવું. સવારમાં અથવા માર્ગે ચાલ્યા હોય અથવા થોડું મળ્યું હોય, ત્યારે બીજી વખત જમવું મનની ભૂખે ન જમવું અને પ્રાણની ભૂખે જમવું. એ રીતે વાત કરી, પછી મહારાજ

બહિર્ભૂમિ ગયા. આત્માનંદ સ્વામી, પરમચૈતન્યાનંદ સ્વામી, કૈવલ્યાનંદ સ્વામી ને મહારાજ એ અમે ચારે પ્રથમ બહાર ગયા અને મહારાજ તો ઓરા રહ્યા, મહારાજ બહિર્ભૂમિ જઈને આવ્યા ને હાથ ધોઈને વડ હેઠે બેઠા, પછી અમે આવ્યા ત્યારે મહારાજ ને અમે ભેળા થઈને ગામમાં ગયા. મહારાજ ઢોલિયા ઉપર બેઠા અને વાત કરી જે, આજ તો અમે વડ તળે બેઠા હતા ને આકાશ સામું જોયું જે આકાશમાં એકલો જીવ ભર્યો છે. જેમ તળાવમાં ગારો હોય તેમાં ડોબું બેસે ત્યારે માગ થાય અને ઉઠે ત્યારે ગારો ભેળો થઈ જાય. માટે કોઈ કહે છે જે, જીવ પાંચમે મહિને ઉદરમાં આવે છે, તે વાત ખોટી છે, એ તો બીજ ભેળો જીવનો પ્રવેશ છે, એમ સમજવું. એવી રીતે મહારાજે વાત કરી. પછી આત્માનંદ સ્વામીને પૂછવાનો સંકલ્પ હતો તે મહારાજે અંતર્યામિપણે ઉત્તર કરી દેખાડયો. (૧૦૫)

પછી બાઈ વાળુનું પૂછવા આવ્યા ત્યારે મહારાજે કહ્યું જે, તમારે જમવું છે ? ત્યારે કોઈ બોલ્યા નહિ. ત્યારે મહારાજે કહ્યું જે, થોડીક ખીચડી કરો. પછી ખીચડી કરી, પછી કહ્યું જે, વાળુ કરવા ચાલો, મહારાજ કહે, ઉઠો મહાપુરુષો. ત્યારે સૌ ઉઠયા અને અમે બે જણ ઉઠયા નહિ અને બીજા સૌ જમવા બેઠા. મહારાજ બોલ્યા જે, આવો મહાપુરુષો, થોડા જમના ત્યારે પરમચૈતન્યાનંદ સ્વામી ગયા અને આત્માનંદ સ્વામી રહ્યા. પછી જમી આવીને ઢોલિયા ઉપર બેઠા, પછી બાઈએ વાંસેથી આવીને કહ્યું જે, એક સાધુ જમ્યા વિના રહ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, જમાડો. ત્યારે બાઈ કહે મારા જમાડયા કેમ જમે ? તમે જમાડો તો જમે; પછી મહારાજે કહ્યું જે, ઘઉંનો લોટ છે ? ત્યારે મારા મનમાં થયું જે, લોટ ફકાવવાના થયા છે. વળી મારા મનમાં એમ સંકલ્પ થયો જે વચન મનાવવું હશે તો લોટ પીશું પણ કાંઈ ભૂખ તો નથી. પછી મહારાજ બોલ્યા જે, લોટ રહેવા દ્યો. એમ કહીને વળી મહારાજે કહ્યું જે, આત્માનંદ સ્વામી, મનનો વિશ્વાસ ન કરવો, કેમ જે મન તો મહા હરામજાદું છે. ક્યારેક તો એ મન વનમાં ગયાનું તાકે અને ક્યારેક તો એ મન ઘરમાં ગયાનું તાકે માટે મનનો વિશ્વાસ ન કરવો ને સૂવું હોય ત્યારે શરીર લાંબું કરવું પણ ઉંઘનો સંકલ્પ લઈને ન સૂવું. એમ જે જે ક્રિયા કરવી તે સંકલ્પ જોઈને કરવી. પછી એવી રીતે સંકલ્પ ઉપર નજર રાખી એટલે અવસ્થા બદલાઈ ગઈ અને જીવ દેહથી નોખો જણાણો. (૧૦૬)

પછી મહારાજે કહ્યું જે, અમે કાલે ચાલીશું. તે સવારમાં માર્ગ દેખાડવા કોઈક માણસને ભેળો મેલજો. પછી મહારાજ સવારમાં ચાલ્યા અને ગાઉ બે ચાલ્યા ત્યારે દિવસ ઉગવાનો સમો થયો ત્યારે એક તેતર બોલ્યું. ત્યારે મહારાજ બોલ્યા જે, આ તેતર એમ બોલે છે જે, આજ મુક્તાનંદ સ્વામી ભુજ આવ્યા છે. પછી મહારાજ બોલ્યા જે હવે તો માર્ગ દેખાય છે. માટે હવે તમે પાછા વળો, ત્યારે તે માણસે કહ્યું જે, ટીમણ બંધાવ્યું છે તે સાધુ જમે પછી પાછો વળજે એમ કહ્યું છે. ત્યારે મહારાજે કહ્યું, બેસો મહાપુરુષો. ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, હે મહારાજ, પાણી આવે ત્યારે દાતણ કર્યા પછી જમીએ. ત્યારે મહારાજે કહ્યું જે, પરમહંસને દાતણ શું? અને દાતણ ચાવવું અને ટીમણેય ચાવવું.

પછી સાધુ તો જમવા બેઠા અને મહારાજને કહ્યું જે, તમે જમો. ત્યારે મહારાજે કહ્યું જે, અમે નહિ જમીએ અને આ સાધુ તો જમ્યા. પછી એ માણસ પાછો વળ્યો. (૧૦૭)

પછી સાધુ ને મહારાજ ચાલ્યા તે ગામ માનકુવાને ઢૂંકડા આવ્યા, ત્યારે મહારાજ લઘુશંકા કરવા બેઠા. તે લગારેક છેટું થયું. ત્યારે આત્માનંદ સ્વામીએ ડુંગરજીને કહ્યું જે, મહારાજને અર્થે દાતણ કાપી લેને. પછી મહારાજ છેટેથી બોલ્યા જે, અમારે વાસ્તે દાતણ તોડશોમા પછી અમે ઉભા રહ્યા અને કેરડાનું એક કઠણ દાતણ લઈને આવ્યા પછી કોગળો કરીને કેરડાનું દાતણ કરવા બેઠા અને મોઢામાં ઘાલ્યુંને ચાવવા માંડયું, ત્યાં લોહી આવી ગયું, પછી કોગળા કરી નાખ્યા પછી મહારાજ ને સાધુ ગામમાં ગયા. સાધુ ઓરડીએ ઉતર્યા અને મહારાજ સુતારને ઘેર ઉતર્યા. ત્યાં જમીને આવ્યા તે સાધુની ઓરડી પાસે ઢોલિયો નખાવીને વિરાજમાન થયા અને વેદાંતના અંગની વાત કરતા હતા. પછી આત્માનંદ સ્વામી તથા પરમચૈતન્યાનંદ સ્વામીને મહારાજે આજ્ઞા કરી જે તમે વેદાંતના પ્રશ્ન શીખો. તે અમો ઓરડામાં બેઠા પ્રશ્ન શીખતા હતા અને મહારાજની પાસે બાઈઓ આવીને બેઠી. પછી મહારાજે કહ્યું જે, અમારું વચન કોણ માને છે ? અમે સૌનું માનીએ છીએ. હમણાં કોઈ કહે જે હે મહારાજ, અમારે ઘેર જમવા આવો, ત્યારે જાવું પડે છે અને જો ન જાઈએ તો એને અભાવ આવે ને વિમુખ થાય. પછી આત્માનંદ સ્વામી બોલ્યા જે, કોણ નથી માનતું સૌ માને છે; ત્યારે મહારાજે કહ્યું જે, તમે માનો છો ? ત્યારે મેં કહ્યું જે માનીએ છીએ અને કહો તેમ કરીએ છીએ, પછી મહારાજ વાત કરતાં ધોતિયાને વળ દેતા હતા, તે ધોતિયું ઉંચું કરીને કહ્યું જે, આ તલવાર છે તે મનાય છે ? ત્યારે મે કહ્યું જે મહારાજ તલવાર છે. ત્યારે મહારાજે કહ્યું જે એ તો ઉપરથી કહો છો ત્યારે કહ્યું હા મહારાજ ઉપરથી. પછી મહારાજે એમ વાત કરી જે, રામચંદ્રજી જ્યારે લંકા ગયા. તે લક્ષ્મણને બાણ વાગ્યાં ત્યારે મૂર્છા આવી. ત્યારે વૈદ્યે કહ્યું જે દ્રોણાચળ પર્વતમાં સંજીવની જડીબુટ્ટી આવી છે, તે દિવસ ઉગ્યા મોર આવે તો જીવે ત્યારે રામચંદ્રજીએ સૌને કહ્યું તે કોઈએ હા પાડી નહિ અને હનુમાનજીને કહેતાં વેંત ચાલી નીસર્યા. તેમ અમે કહીએ જે ગિરનાર પર્વત ઉપાડી લાવો, ત્યારે ચાલી નીસરે, પણ ત્યાં જાય ત્યાં સુધી સંકલ્પ ન થાય જે કેમ થાશે ? એમને એમ નિઃસંકલ્પ થકા શેરનો પાણો ઉપાડે, તો અમે ગિરનાર ઉપાડયો માનીએ. પછી મુક્તાનંદ સ્વામી ભુજથી આવ્યા, પછી મહારાજ મળ્યા અને સાધુ પરસ્પર મળ્યા. પછી મહારાજે વાત કરી જે, વચન માન્યું કેને કહીએ જે, અમે દિવસ હોય ને કહીએ જે રાત્રિ છે, ત્યારે રાત્રિ જ દેખાય અને હોય રાત્રિ અને કહીએ જે દિવસ છે તો દિવસ દેખાય; ત્યારે માન્યું કહેવાય. એવી રીતે માને તે રહે અને ન માને તે અમારે પાસે નહિ. (૧૦૮)

પછી એ વાતની બહુ મૂંઝવણ થઈ. પછી મહારાજ કહે શીદ મૂંઝાઓ છો ? રાતની રાત તમને મોકળ છે, પછી અમને કેશવજીની ઓરડીએ જવાની આજ્ઞા કરી અને કહ્યું જે મનાય તો આવજો, નહિ તો પરબારા જજો. પછી તો આખી

રાત વિચાર્યું. તેનો એમ નિરધાર કર્યો જે, મહારાજે કહ્યું જે દિવસ હોય ને કહે જે રાત છે ત્યારે અંતરમાં તો હા પડે છે જે રાત છે પણ બહાર તો દિવસ દેખાય છે અને રાત હોય ને કહે જે આ તો દિવસ છે, ત્યારે અંતરમાં હા પડે છે જે દિવસ છે, પણ બહાર તો રાત દેખાય છે. પછી એમ વિચારીને મહારાજ પાસે આવ્યા. મહારાજ દાતણ કરતા હતા. તે સાધુ આવતા દેખીને હસ્યા અને પછી બોલ્યા જે શું સમજીને આવ્યા ? ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે મહારાજ, તમે જેમ કહો છો તેમ અંતરમાં હા પડે છે, પણ બહાર દેખાય છે તે ટળતું નથી. ત્યારે મહારાજે કહ્યું જે, અંતરમાં મનાય તે ખરું છે, પણ બહાર દેખાય તે તો ખોટું છે. પછી તો સાધુ રાજી થયા અને મહારાજ હસ્યા. (૧૦૯)

મહારાજ અને સાધુ જમીને ભૂજનગરમાં આવ્યા. તે સાધુની જાયગામાં પાટ ઉપર વિરાજમાન થયા હતા અને હરિભક્તની સભા બેઠી હતી. પછી સુંદરજીએ પ્રશ્ન પૂછયું જે, અમારું સંતની બરાબર કલ્યાણ થાય એમ જણાતું નથી. શા માટે જે એ નિવૃત્તિપરાયણ છે; માટે એના કલ્યાણમાં તો સંશય નથી અને અમે તો પ્રવૃત્તિ માર્ગમાં છીએ, તે હજારો જાતના વિક્ષેપ થાય છે. માટે સાધુની બરાબર કલ્યાણ કેમ થાય ? પછી મહારાજે કહ્યું જે તમારું ને સાધુનું બરાબર કલ્યાણ છે કેમ જે આ ભૂજનગર ઉપર લશ્કર આવ્યું હોય ત્યારે સરકારના ચાકર લડવાને સામા જાય. ત્યારે શાહુકાર શહેરમાં હોય, તે દારુગોળી, અન્ન, પાણી વગેરેથી તેનું પોષણ કરે છે. તેને બળે કરીને લડે છે. તેમ સાધુ ત્યાગી છે. તેની તમે અન્ન પાણીએ સેવા કરો છો તથા પુસ્તકપાનાદિકની તમે ખબર રાખો છો, માટે તમારે બળે નિરાંત થકા ભજન કરે છે, માટે તમારું ને સાધુનું બરાબર કલ્યાણ છે. શા માટે જે તમે સંતની સેવા કરો છો અને સંત સુખે ભજન કરે છે. એ વાત સાંભળીને સહુ રાજી થયા. (૧૧૦)

પછી રાતે મહારાજ પાટ ઉપર આડે પડખે થયા હતા ને પછી પેટ ઉપર હાથ ફેરવ્યો. ત્યારે સુંદરજીએ કહ્યું જે, કાંઈ ભૂખ લાગી છે ? ત્યારે મહારાજે કહ્યું જે, ભૂખ તો લાગી છે પણ રાત બહુ ગઈ માટે માણસ સૌ સૂઈ રહ્યાં છે તે જમ્યાનું ક્યાંથી મળે ? ત્યારે સુંદરજીએ બ્રાહ્મણને કહ્યું જે, કંદોઈની હાટેથી મીઠાઈની માટલી લાવ. ત્યારે તે બ્રાહ્મણ જલેબીની માટલી લાવ્યો, ત્યારે સુંદરજીએ લઈને હીરજીને આપી અને કહ્યું જે, તમે મહારાજને જમાડો અને તમે જમાડતાં થાકો છો કે હું મંગાવતા થાકું છું? પછી હીરજીએ મહારાજના હાથમાં માટલી આપી તેમાંથી જલેબી આપતા જાય અને મહારાજ જમતા જાય અને પૂછે જે હવે કેટલીક છે ? ત્યારે હીરજી કહે મહારાજ, તમે પૂરું જમ્યા ક્યાં છો ? જલેબી તો બધી પડી છે અને સુંદરજીને કહે જે, આ તો જમી રહ્યા છે. ત્યારે બીજી માટલી મંગાવી અને મહારાજ હસતા જાય અને પાટ ઉપર લાંબા થાય ને બેઠા થાય ને હસે અને વળી માટલી સામું જુએ. ત્યારે હીરજી કહે જે જો પડી રહેશે તો મારી લાજ જાશે અને મને એ નહિ રહેવા દે અને પછી મહારાજ એમ હસતા જાય અને હીરજી કહે જે, આ તો આવી રહ્યું તમથી એમનું પુરુ ન થાય. ત્યારે ત્રીજી માટલી મંગાવી. ત્યારે મહારાજે ના પાડી તો પણ મંગાવી. પછી હીરજી પીરસતા જાય અને મહારાજ જમતા જાય. ત્રીજી માટલી અર્ધી જમ્યા પછી વાંસે પડી રહી તે પ્રસાદી સાધુ હરિભક્તોને વહેંચી આપી. પછી મહારાજ હાથ ધોઈને કોગળા કરીને એલચી તજ જમ્યા, પછી પોઢી ગયા. (૧૧૧)

બીજે દિવસ સવારમાં હું નહાવા ગયો. ત્યાં એક મુસલમાન આગળ મેં વાત કરી, પછી જમાદાર મળ્યા તે આવ્યા. રસોઈ થઈ તે સાધુને તેડવા આવ્યા, તે સાધુ જમવા ગયા. પછી મહારાજને તેણે પૂછયું જે, ઊંડાથી ઊંડા ક્યા હે અને ઉંચાથી ઉંચા ક્યા હે ? પછી મહારાજ કહે જે, ચૌદ તબક હે, સો સાત ઉંચા હે અને સાત હેઠા હે. પછી મહારાજે ચૌદ તબકની રચનાની વાત કરી અને હેઠે પાતાલ સુધી ઊંડા હે અને ઉંચો સત્યલોક છે અને તીસકે ઉપર અરસ હે ત્યાં એકલું નુર હે, તીસકી બીચ કુરસી ઉપર સાહેબ બેઠા હે, એ ઉંચેથી ઉંચા હે. એ દિશની મહારાજે ઘણીક વાત કરી. પછી મિયાં બોલ્યા જે, અહો અમારી સમજણ કયાં અને તમારી સમજણ કયાં? અમે તો ઊંડાથી ઊંડા પેટ સમજતે થે અને ઉંચાથી ઉંચા દિલ સમજતે થે. પછી તે જમાદાર બોલ્યા જે, જન્મથી ભરતે હે પણ નહિ ભરાતા હે અને ઉંચાથી ઉંચી દિલ સો રાત દિન ચડાતા હે સો પાર નહિ આતા. એમ કહીને તે મિયાં બોલ્યો જે, તુમ તો આપોઆપ ખુદા હો. પછી એ મિયાં ગયા અને સાધુ જમીને આવ્યા, ત્યારે મહારાજ બોલ્યા જે, મુસલમાન આગળ કોણે વાત કરી હતી ? પછી હું તો બીન્યો એટલે બોલ્યો નહિ. ત્યારે હરિયાનંદ સ્વામીએ કહ્યું જે, આત્માનંદ સ્વામી વાત કરતે થે. પછી મહારાજ બહુ હેતે જોઈને બોલ્યા જે, મુસલમાન આગળ વાત કરશોમા શા સારુ જે એને કહીએ જે ખુદા અવતાર લે છે એમ કહીએ તો માથું કાપી નાખે. માટે એની આગળ વાત ન કરવી, એ દિશની ઘણીક વાત કરી. (૧૧૨)

પછી બીજે દિવસ મહારાજની પાસે એક વાણિયો આવ્યો, તે નાળિયેર મેલીને મહારાજને પગે લાગીને બેઠો પછી મહારાજે કહ્યું જે નાળિયેર ભાંગો. નાળિયેર ભાંગ્યું તે ખોરું નીકળ્યું. પછી વાણીયે પોતાના માણસને કહ્યું જે, બીજું નાળિયેર લાવ. ત્યારે મહારાજે કહ્યું જે, આ તો બહુ સારું છે, એનો અમે ધૂપ કરાવીશું, તે ઠાકોરજીને ઝાઝા દિવસ ચાલશે અને સારું હોત તો કટકો કટકો વહેંચી ખાત. પછી વાણીયે કહ્યું જે, તમે તો સાધુ છો તે તમારે તો એમ જ જોઈએ. કેમ જે એક ગામમાં મોટા સાધુ રહેતા તે ગામમાં એક વાણીયો રહેતો. તે સાધુને ચપટી કાંઈ આપે નહિ ત્યારે સંતે કહ્યું જે એનું કલ્યાણ નહિ થાય. માટે એના ઘરની જણસ સંતના ઉપયોગમાં આવે તો કલ્યાણ થાય. એક દિવસ હાટે કેરાં વીણતો હતો, તે સાધુએ જોયું જે, ડીંટા એને કામ નહિ આવે. એમ જાણીને વાણીઓ માંહેલી કોરે ગયો ત્યારે વાંસેથી સાધુએ ડીટાં લીધા. પછી એણે હાકલ કરી જે, કોણ એ ? તોય સાધુએ પાછું વાળી ન જોયું, પછી ગુરુ આગળ આવીને કહ્યું જે, વાણીયે આપ્યાં નથી, હું તો હાટમાંથી ઉપાડીને લાવ્યો છું. પછી ગુરુએ કહ્યું જે ઠીક. મીઠું, મરચાં, આદું નાખીને ચટણી કરીને સંતને ફેરવો. પછી બીજે દિવસે તે વાણીયે કહ્યું જે, હે સાધુ, એ ડીંટા તમારે કામ આવ્યા ? ત્યારે કહ્યું જે, એ તો ચટણીમાં નાખ્યાં, તે સંત રાજી થયા, પછી વાણીયે કહ્યું જે, તાંદલજાનાં ડાખળાં કામમાં આવશે ? ત્યારે હા પાડી. પછી ડાખળાં સુધારીને દાળમાં નાખીને જમ્યા. પછી ત્રીજે દિવસ વાણીયે કહ્યું જે, ડાખળાં તમારે કામમાં આવ્યા ? પછી સાધુએ હા પાડી. ત્યારે કહ્યું તાંદલજો લઈ જાઓને. પછી કહ્યું જે આજ તો સીધું લ્યો અને પછી કહ્યું જે અહીંથી સીધું નિત્ય લેતા જાઓ. એમ વાણિયાનું કલ્યાણ કર્યું ત્યારે મહારાજે ડાબે હાથે કરીને વાણીયાનો હાથ ઝાલ્યો અને જમણા હાથમાં કળશિયો લીધો અને કહ્યું જે, તે સાધુએ કેરાંનાં ડીંટાં ખાઈને કલ્યાણ કર્યું અને તમે તો નાળિયેર લાવ્યા છો, માટે લ્યો તમારું કલ્યાણ કરીએ. પછી મહારાજે કળસિયો ઉંચો કરીને કહ્યું જે, લ્યો નિયમ, અમે તમારું કલ્યાણ કરીએ, વાણિયો હાથ પાછો તાણે અને મહારાજ હાથ ઓરો તાણે. એવી રીતે બહુ હસ્યા અને બહુ રમુજ કરી. (૧૧૩)

બીજે દિવસ વાણીએ એની સ્ત્રીને કહ્યું જે, સ્વામિનારાયણ મોટા પુરુષ છે, તું દર્શને જા. પછી બાઈઓ પાંચ સાત ભેળી થઈને આવી. ત્યારે મહારાજે કહ્યું જે, અમારા સાધુ તો સ્ત્રીને જુએ, અડે કે બોલે નહિ. આ તો અમે છીએ માટે બેઠા છે અને તમારે વાત સાંભળવી હોય તો ગંગારામ મલને ઘેર બાઈઓ કથા કરે છે ત્યાં જાઓ. પછી કહ્યું જે સારું મહારાજ,પણ કાલે અમારે ઘેર જમવા આવજો. પછી બીજે દિવસ શાહુકારને ઘેર બ્રાહ્મણે રસોઈ કરી, તે મહારાજ ને સાધુ જમવા પધાર્યા. પછી ત્યાં જમ્યા. તે વાંસેથી ભાત પીરસીને મહારાજની આગળ મેલ્યા, ત્યારે મહારાજે કળશિયો લઈને ભાતમાં પાણી નાખ્યું. ત્યારે બાઈએ ખરખરો કર્યો જે, મહારાજ, દૂધ લાવે છે. ત્યારે મહારાજ કહે, અમારે તો દૂધ ને પાણી બરાબર છે. પછી મહારાજે જમીને થાળ અમારી આગળ ખેસવીને કહ્યું જે, ધીરે ધીરે જમજો. એમ કહીને મહારાજે એક સવૈયો બોલીને વાત કરી જે "છાંડ ભયે નર ભાંડકે દોના, આગે કછુ નેહી હાથ પર્યો પુની પીછે; બિગાર

ગયો નિજ ભોના." એની બહુ વાત કરી અને આ તો અમે છીએ તે સાધુ જમવા આવ્યા અને એકલા દોકલા કોઈને ઘેર જમવા ન જાય, એ દિશની ઘણીક વાત કરી અને પછી મહારાજ ને સાધુ પાછા ઉતારા ઉપર આવ્યા. (૧૧૪)

પછી રાતે મહારાજે આત્માનંદ સ્વામીને કહ્યું જે, તમે મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન પૂછો, ત્યારે મેં કહ્યું જે, મને તો નથી આવડતું, ત્યારે મહારાજે કહ્યું જે, અમે કહ્યું હતું જે વેદાંતનાં પ્રશ્ન શીખો. ત્યારે તમે કહ્યું જે એ તો મને આવડે છે ને આજ કેમ ના પાડો છો ? ત્યારે મેં કહ્યું જે, મુક્તાનંદ સ્વામીને કેમ પૂછાય ? ત્યારે મહારાજે કહ્યું જે, એ પ્રશ્ન શિખ્યા સારુ પૂછાય. પછી મહારાજ તો રાતે પોઢી ગયા. પછી સવારમાં જમીને આજ્ઞા કરી જે, તમે તુણે થઈને જાઓ, પછી તે ચાલી નીસર્યા. બીજે ત્રીજે દિવસ તુણા પાસે ગામ છે તે સુંદરજી સુતારનું છે, ત્યાં મહારાજને પોંક જમવા સારુ તેડી લાવ્યા. પછી મારી ખબર થઈ જે તુણે એક સાધુ છે. પછી મહારાજે માણસ મૂકીને મને તેડાવ્યો પછી મહારાજે કહ્યું જે, કેમ થયું? ત્યારે મેં કહ્યું જે, વહાણવાળે પૈસા માગ્યા તે ક્યાંથી લાવું? ત્યારે મહારાજે કહ્યું જે, કાંઈક લૂગડું દઈએ ને ઉતરી જાઈએ. તે દિવસ એકાદશી હતી અને સુતારની કોઢમાં જૂવા બહુ હતા. પછી ખાટલા લાવ્યા તે સૌ ખાટલા ઉપર સુતા. પછી રાત બહુ ગઈ ત્યારે ગામના માણસ વાતો સાંભળવા આવ્યા, ત્યારે હું બેઠો થયો અને બહુ વાતો કરી. પછી રાત બહુ ગઈ ત્યારે ઊઠયા પછી મહારાજે મને કહ્યું જે, વાત સારી કરતાં આવડે છે. (૧૧૫)

પછી અંજારનો બ્રાહ્મણ પહોંચ્યો, તે સવારમાં રસોઈ કરીને તેડવા આવ્યો. તે મહારાજ ને સાધુ અંજાર પધાર્યા.તે બ્રાહ્મણને ઘેર જમ્યા અને જમીને બેઠા ત્યારે એક સાધુ નરહરિયાનંદ સ્વામી સામું જોઈને કહ્યું.

'કાં ગઈ વે અક્કલ તેરી, કાં ગઈ વે અક્કલ તેરી;
સોઈ નહિ સંભારતા હે, ગાફલ મૂઢ ગમાર કુલ્યા કયું ફરત હૈ'

એ કીર્તન બોલ્યા. પછી મહારાજે કહ્યું જે, આ ગામમાં વેરાગી સુરદાસ વેદાંતી છે, પછી મહારાજ વેરાગીની જાયગામાં ગયા કહ્યું જે, સ્વામિનારાયણ આવ્યા છે. પછી તે વેરાગી આવીને મહારાજની પાસે બેઠો અને પછી પરસ્પર ચર્ચા કરવા માંડી. તેમાં વેરાગી જે જે વચન બોલ્યો તે તે વચનને મહારાજે ખોટાં કરી નાખ્યાં. પછી મહારાજના શરીર ઉપર હાથ ફેરવીને કહ્યુંઃ "આ તે મનુષ્ય નથી." પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે પાછા સુતારને ગામ આવ્યા, પછી રાત રહીને વહેલી રસોઈ કરાવીને જમાડીને શીખ દીધી, જે વહાણ મળે તો બેસી જાઓ, અમે આવીશું પણ અમારી વાટ જોશોમા. પછી સાધુ તો ચાલી નીસર્યા અને મહારાજને તો હરિભક્ત તેડીને ભૂજ ગયા. મહારાજને આવ્યાની તાણ તો બહુ પણ હરિભક્તે ચાલવા ન દીધા. (૧૧૬)

પછી એક દિવસ જગજીવન મહેતો આવ્યો અને મહારાજ આગળ એમ બોલ્યો જે, તમારા સેવક એમ કહે છે જે, સ્વામિનારાયણ સીતાપતિ છે. ત્યારે મહારાજે કહ્યું જે, હું સીતાપતિ છું, રાધાપતિ છું. પછી મહેતો મરડમાં ઉઠી ગયો ને પછી હીરજીએ કહ્યું જે, મહારાજ, એ તો મહા ભૂંડો છે અને એના ઘરમાં સ્ત્રીનું નામ સહજાનંદ પાડયું છે અને જમવા આવે ત્યારે સ્ત્રીને કહે સહજાનંદ, રોટલા થયા છે ? એમ બોલે છે અને સાધુની પાસે એણે પાણા ઉપડાવ્યા હતા, એવો કુપાત્ર છે; માટે તમે ગંગારામને ઘેર જાઓ તો ઠીક. પછી મહારાજે કહ્યું જે, મારે પગે ગૂમડું છે તે ચલાતું નથી પણ લાકડી લાવો તો ટેકતા જાઈએ. પછી મહારાજ ગંગારામ મલને ઘેર ગયા. પછી મહારાજે માનકુવે માણસ મૂકયું જે, અદાભાઈને કહેજો જે, રોટલા ખાતા હો તો અહીં આવીને હાથ ધોજો. પછી અદોભાઈ આવ્યા અને વાળુ વખત વીતી ગઈ; ત્યાં જગજીવન મહેતો આરબ લઈને આવ્યો, ત્યારે મલની ખડકીએ એક કોરે ગંગારામ મલ તલવાર લઈને ઉભા રહ્યા અને એક કોરે અદોભાઈ ઢાલ તરવાર લઈને ઉભા રહ્યા અને કહ્યું જે, એમના એમ ચાલ્યા આવો, પછી કોઈથી ન અવાણું, પછી ભૂંઠા પડીને પાછા ગયા. પછી સવારમાં ગંગારામ રાવ પાસે ગયા અને કહ્યું જે, અમે અહીંથી બીજે જાશું. શા માટે જે, જગજીવન મહેતો હલાં લઈને અમારા ઘર ઉપર આવ્યો હતો પછી રાવે મહેતાને ઠપકો દીધો. (૧૧૭)

પછી મહારાજ કેટલાક દિવસ રહીને ઝાલાવડ સુંસરા થઈને ગુજરાતમાં આવ્યાને ત્યાંથી ડભાણ ગામમાં મહારાજ આવ્યા. ડભાણના હરિભક્તે કહ્યું જે, વેરાગીની જમાત આવે છે, ત્યારે મહારાજે કહ્યું જે, ખેડે ખબર કરજો. પછી મહારાજ ઘોડાસર ગયા અને હરિભક્તે ખેડે ખબર કરી. તે ખેડેથી બે હમેલીયા મેલ્યા, પછી સ્વરુપાનંદ સ્વામી વાંસેથી ગયા, તે હાથરોલી ભેળા થયા, પછી સાધુએ રસોઈ કરી, તે ખીચડી ને રોટલા કર્યા પછી પંગત થઈ અને સાધુએ ખીચડી ને રોટલા ફેરવ્યા અને મહારાજ ઘી ફેરવવા મંડયા, તે એક ટીપું, બે ટીપાં પાડે; ત્યારે સાધુએ કહ્યું જે, હાં, હાં એવી રીતે મહારાજ પંગતમાં ફર્યા ત્યારે પટેલે કહ્યું જે, આ કુડલું ઘીનું કોણ ખાશે ? આ તો સાધુને અર્થે લાવ્યા છીએ, ત્યારે મહારાજ ફરીથી પંગતમાં ફર્યા અને કહ્યું જુઓને કોઈ લે છે? (૧૧૮)

પછી જમીને આંબલી હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન થયા અને હરિભક્ત તથા સાધુની સભા ભરાઈને બેઠી હતી, પછી મહારાજ બોલ્યા જે, કાઠિયાવાડથી કાગળ આવ્યો છે, તેમાં બાઈઓએ એમ લખ્યું છે જે, સાક્ષી તો સર્વજ્ઞ હોય ત્યારે બરલ્યાની (વિરહની) સાંખ્ય કેમ નથી પૂરતો? માટે પરમહંસને કહેવું જે, બ્રહ્મ હો તો ઉત્તર કરો અને કાં તો કહો અમે જીવ છીએ. પછી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું જે, એનો ઉત્તર કરો ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું; હે મહારાજ, એ તો મોટાઓની વાત છે, તે છો મહિના તો મનસુબા કરતાં થાશે, પછી મહારાજ બહુ હસ્યા. (૧૧૯)

પછી ત્યાંથી ઉઠયા અને ઘોડી મંગાવીને મહારાજ ઘોડીએ બેઠા અને કહ્યું જે, આજે આવ્યા હોય તે અમારી ભેળા આવો અને બીજા પાધરા ડભાણ જાઓ. પછી મહારાજની ભેળા સ્વરુપાનંદ સ્વામી તથા આત્માનંદ સ્વામી આદિ સાત આઠ જણા ભેળા ચાલ્યા અને મહારાજે શ્વેત ચાદર ઓઢી હતી અને શ્વેત ખેસ પહેર્યો હતો અને મીઠાઈની માટલી ભેળી લેવરાવી હતી. પછી બારમુવાડે ગયા, ત્યાં હરિભક્તના ફળીમાં ઢોલિયા ઉપર દક્ષિણાદે મુખારવિંદે વિરાજમાન હતા અને માથે પીળી પામડી બાંધી હતી. તે એક કાન ઉપર છોગું મેલ્યું હતું ને એક માથા ઉપર છોગું મેલ્યું હતું એ રીતે મહારાજ બેઠા હતા અને સાધુ મહારાજ સામું જોઈ રહ્યા હતા. પછી થોડો દિવસ રહ્યો ત્યારે મહારાજે કહ્યું જે, વગડેથી માણસ આવશે તે તમને અડી જાશે, માટે નદીને સામે કાંઠે જાઓ. પછી એક હરિભક્ત હતો તેણે કહ્યું જે, નદીને ઓલે કાંઠે તો ઝાડે ઝાડે સાવજ રહે છે માટે ચાલો હું સારી જાયગા બતાવું, જે વડ તળે તમે રહો એવી છે. પછી સાધુ તેની વાંસે ચાલ્યા, ત્યારે મહારાજ વાંસેથી મીઠાઈની માટલી ઉપડાવીને આવ્યા, પછી સાધુ ઉભા રહ્યા અને મહારાજ આગળ થયા, તે નદીમાં હેઠા ઉતર્યા, ત્યાં એક સરકટનું થૂમડું હતું, તે ઉપર બેઠા અને માટલી મીઠાઈની છોડી અને પછી મહારાજે સૌને જલેબી ફેરવી અને પોતે એક જલેબી લઈને જમ્યા અને કહ્યું જે, જલેબી બગાડી દીધી તે ઘી બહુ નાંખ્યું. પછી સૌ જમી રહ્યા પછી મહારાજે કહ્યું જે, નદીને સામે કાંઠે જાઓ, ત્યાં ઓલ્યો હરિભક્ત બોલ્યો જે, ત્યાં તો બહુ સાવજ રહે છે. પછી મહારાજ બોલ્યા જે, સાવજ માંહી નારાયણ રહ્યા છે, પછી પરમાનંદ સ્વામી બોલ્યા જે, એમાં નારાયણ રહ્યા છે પણ એ નારાયણ બીવરાવે એવા છે. પછી મહારાજે કહ્યું જે, એટલી બીક તો બધેય રહી છે, પછી તમારે અંતરજામી કહે ત્યાં રહો. એમ કહીને મહારાજ ચાલી નીસર્યા, તે ગામમાં આવ્યા. પછી સાધુએ વિચાર કર્યો, જે આ પ્રગટ અંતરજામી કહે છે, હવે બીજે કયાં અંતરજામી જોવા જાશું? પછી સૌ સામે કાંઠે ઉતર્યા. પછી હરિભક્તે જાયગા રહેવાની દેખાડી અને કહ્યું જે, વિચારીને ઉઠજો, નહીં તો કોતરમાં ચાલ્યા જાશો. પછી રાત રહ્યા અને સાધુ કીર્તન બોલ્યા. તે સાંભળીને મહારાજે કહ્યું જે, સાધુ બહુ કીર્તન બોલ્યા, પછી મહારાજે કહ્યું જે, ચાલો સાધુ પાસે જાઈએ. પછી મહારાજ નદીએ આવ્યા, ત્યાં સાધુ કીર્તન બોલતા રહી ગયા. પછી મહારાજ નદીમાં બેઠા અને કહ્યું જે, રાત ઘણી ગઈ છે અને સાધુ થાક્યા છે તે મર સૂઈ રહે. પછી મહારાજ પધાર્યા તે બારોબાર ઘોડાસર ગયા, પછી સાધુ સવારમાં ઉઠીને ગયા, ત્યારે હરિભક્તે કહ્યું જે, મહારાજ તો ઘોડાસર ગયા. પછી સાધુ પણ પરબારા ગયા. તે માર્ગમાં ગામ આવ્યું ત્યાં ઝોળી માગીને નદીને કાંઠે આવીને કાચો લોટ ચોળી ખાઈને ઘોડાસર ગયા. ત્યાં મેડી ઉપર દક્ષણાદિ દિશે બારીમાં મહારાજ બેઠા હતા ને મેડી હેઠે થઈને દર્શન કરીને સાધુ ઊભા રહ્યા ને મહારાજે કહ્યું જે ગામ સુંસરા ડભાણને માર્ગે ચાલો અમે વાંસે આવીએ છીએ.(૧૨૦)

પછી સાધુ ચાલ્યા તે આગળ ગામ આવ્યું ત્યાં સાધુ હતા તે ભેળા થયા અને વાંસેથી મહારાજ તથા ઘોડાસરના રાજા આવ્યા અને ત્યાં ડભાણથી કાઠીના ઘોડા આવ્યા તે મહારાજને મળ્યા. પછી સૌ ભેળા ચાલ્યા ને નદી આવી ત્યાં નાહ્યા, ત્યાં સાંજ વખત થઈ તે ડભાણથી હરિભક્ત મસાલો લઈને આવ્યા, પછી મહારાજ તો પડખે થઈને ગામમાં ગયા. પછી સવારમાં મહારાજ આવ્યા તે ઝરિયાની વસ્ત્ર સર્વે ધારણ કર્યાં હતાં અને પછી સૌને ઉતારા કરાવ્યા, તે ફરતી થોરની વાડ હતી અને જ્યાં માણસ આવે જાય ત્યાં ચોકી રાખી હતી. પછી સાધુને કહ્યું જે, તમે સર્વે સામાનની ખબર રાખો અને સીધું દેવું તેની ખબર રાખો ત્યારે સાધુ બોલ્યા જે, અમને વાણિયા અક્ષર ન આવડે ત્યારે મહારાજ બોલ્યા જે, વાણિયા અક્ષરનું શું કામ છે ? પાકે અક્ષરે લખો, પછી સાધુને તો દેવા લેવાને ઉપર રાખ્યા અને મહારાજ આંબાવાડીમાં મંચ ઉપર બેઠા અને સભા થઈ અને ત્યાં વેપારીનાં હાટ માંડયાં હતાં પછી હાટોમાં કોળીએ તરવાર કાઢીને હબોલો કર્યો તે ખબર મહારાજ પાસે આવી, પછી મહારાજ ઘોડીએ ચડીને આવ્યા અને સાધુને તેડાવ્યા તે વચ્ચે ભેળા થયા પછી મહારાજે કહ્યું જે, મહાપુરુષો, કોળી બહુ આવ્યા તે રસોઈ તમે કરો, ત્યારે સાધુએ કહ્યું જે, અગ્નિ, તાંબા, પિત્તળનાં ઠામને અડયાની તમે ના પાડી છે તે રસોઈ કેમ થાય ? પછી મહારાજે કહ્યું જે, એનું પાપ લાગે તે મારે માથે. તમે રસોઈ કરો. પછી આંબાવાડીમાં(રસોઈ) કંસાર કર્યો. પછી મહારાજે સંઘમાં રોટલા કરાવ્યા. તે આંબાવાડીએ લઈને હરિભક્ત આવ્યા. પછી કોળીઓને કહ્યું જે, આવો. પછી અર્ધો રોટલો ને ઉપર કંસાર મેલીને આપ્યો, એ રીતે સૌને જમાડયા. પછી મહારાજે ઘોડાસરના રાજાને કહ્યું જે કોળી તમારા જમાડયા અને અમે કેને ઓળખતા નથી માટે તમને ઓળખીએ છીએ તે સૌના નામ લખાવો અને કોઈનું કાંઈ જાશે આવશે તેની કોરનું તમને પૂછીશું. પછી જાલમસંઘે સારા સારા કોળીને બોલાવીને કહ્યું જે, બાપે સૌને જમાડયા અને દર્શન દીધાં, માટે સૌ સૌને ઘેર જાઓ, શા માટે જે કાંઈ જણસ જાય તો આપણે માથે આવે, માટે જાઓ. (૧૨૧)

બીજે દિવસ સવારમાં ખેડેથી પલટણ આવી. તે ઝાંપે ચોકીદારના રોકયા ન રહ્યા અને મહારાજને આવીને સલામ કરી. પછી મહારાજે કહ્યું જે, ઉતારા કરો અને સીધું દેવરાવીએ તે રસોઈ કરો. પછી તેમણે ના પાડી જે, અમારે રસોઈ નથી કરવી, અમે તો મહારાજને દર્શને આવ્યા છીએ. પછી મહારાજને પગે લાગીને ગયા. પછી બ્રાહ્મણોની પંગત બેઠી અને માંડવા ઉપર મહારાજ ઉભા હતા ને પતરાવળાં ફેરવવા ચાલ્યા ત્યાં બ્રાહ્મણોના મનમાં છળ હતો, તે લાકડીઓ પાસે રાખીને બેઠા હતા; મહારાજે કહ્યું જે, પતરાવળાં સામી કોરથી ફેરવતા આવો, તે કચરાય નહિ, પછી મોવડય બ્રાહ્મણ બેઠા હતા તેમણે પતરાવળાંવાળાને કીધું જે અમને દેતા જાઓ એમ કહીને બાઝયા અને પતરાવળાં ઝડપીને ભાંગી નાખ્યાં અને બે ત્રણ દડીઆના સુંડલા ભાંગી નાખ્યા. પછી શ્રીજી મહારાજે હાકલ કરીને પતરાવળાં

ફેરવવાં બંધ કર્યાં ને હથિયારબંધને હાકલ કરી તે સર્વે ફરતા આવીને ઉભા રહ્યા અને પછી સાધુને કહ્યું જે, લ્યો ધોકા અને પતરાવળાંનો થોકડો લઈને બ્રાહ્મણ ચાલે તે ભેળા જાવું. તે બ્રાહ્મણ હાથ ઉંચો કરે તો ધોકો હાથ ઉપર મેલવો અને કોઈક એમ કહેશે જે, બ્રાહ્મણને મારે તો પાપ થાય, પણ અમારે તો જમાડયે પુણ્ય થાય છે એટલું માર્યે પુણ્ય થાય છે. પછી બંદુકોનો ઠાલો શંભો માર્યો ત્યારે કેટલીક દાળની કોઠીઓ ફાટી. એમ બીક દેખાડી એટલે ટંટો ન થયો. પછી બ્રાહ્મણ જમ્યા. એમ નિરંતર બ્રાહ્મણ જમતા હતા. (૧૨૨)

એક દિવસ રાત્રિને સમે મહારાજ મંચ ઉપર પોઢયા હતા ને ચાર થાંભલીએ ચાર પાળા હથિયાર લઈને ઉભા હતા અને રાત્રિ અર્ધ ગઈ હતી, ત્યાં એક માણસ મહારાજના ઢોલિયા ઉપર જમણે પડખે સૂઈને મહારાજની છાતી ઉપર હાથ નાખ્યો તે ભેળા મહારાજ હાથ ઝાલીને બેઠા થયા ને કોણ છે એ ? એમ બોલ્યા. પછી સૌ જાગૃત થયા અને માણસને હેઠે ઉતાર્યો અને મહારાજે હાકલ કરી જે, એને કોઈ બોલશોમા. પછી મહારાજે પૂછયું તું કોણ છે ? ત્યારે તે કહે હું કણબી છું. તું કોના ભેળો આવ્યો છો ? તે કહે જે, સુરતના સંઘ ભેળો આવ્યો છું. તું સત્સંગી છે ? ત્યારે કહે જે, હા. તને કોણે વર્તમાન ધરાવ્યાં? ત્યારે કહે જે, મને આત્માનંદ સ્વામીએ ધરાવ્યાં છે. પછી મહારાજે કહ્યું જે, ક્યા આત્માનંદ સ્વામી ? ત્યારે મેં કહ્યું, આ રહ્યો હું, મહારાજ. પછી મહારાજે કહ્યું જે, આ એમ કહે છે જે મને આત્માનંદ સ્વામીએ વર્તમાન ધરાવ્યું છે. પછી મેં કહ્યું જે, હા મહારાજ, એની બહેનને ઘેર આવ્યો હતો અને અમારી પાસે બેસવા આવતો અને વાત સાંભળીને વર્તમાન ધાર્યાં. પછી એને ગામ અમને તેડી ગયો. પછી એને મેં ભજન સ્મરણની રીત કહી, ત્યારે ભજન સ્મરણ કરતાં એને લક્ષ્ય થયો. પછી એને માણસ ગાંડો ગાંડો કહેતાં, પછી મહારાજે સુરતના હરિભક્તને કીધું જે આ હરિભક્તને લઈ જાઓ.(૧૨૩)

પછી મહારાજ બોલ્યા જે, બધાયનાં માથાં કાપીને આવ્યો. પછી મુળજી બંધીયાવાળા બોલ્યા જે, માથાં કાપ્યા જેવું જ તો. ત્યારે મહારાજે કહ્યું જે, કાપ્યા જેવું કે ના કાપ્યાં! પછી ફરીને એમને એમ બોલ્યા જે, કાપ્યા જેવું જ તો. પછી મહારાજ બોલ્યા જે, તમે દેખતા હો તો ચઢવા દ્યો! તો કહે દેખતાં તો ન ચઢવા દઈએ. ત્યારે મહારાજે કહ્યું જે, ત્યારે માથાં કાપીને આવ્યો. ત્યારે સર્વેએ હા પાડી જે, અમારાં માથાં કાપીને આવ્યો. પછી મહારાજે મસ્તક ઉપરથી જરકસી પાઘ હેઠી નાખી દીધી. ઝામો, ઓઢવાનાં વસ્ત્ર, સુરવાળ, એ રીતે સર્વે બીજાં વસ્ત્ર નાખી દઈને ધોતિયા ભર બેઠા અને હેમના અલંકાર, ઉતરી, કડાં, વેઢ, વીંટી એ આદિક સર્વે આભૂષણ નાખી દીધાં અને એમ કહ્યું જે, એનો ભે છે. પછી મંચ ઉપર બેઠા ત્યારે ટાઢ બહુ પડતી હતી. પછી અલૈયો ખાચર ચઢીને ધડકી ઓઢાડવા ગયા, તે મહારાજે હાથે કરીને છેટે ફગાવી દીધી. પછી ભાઈ રામદાસજીએ ઉપર ચઢીને ધડકી ઓઢાડી, તે ધડકી મહારાજે છેટે ફગાવવા માંડી. ત્યારે રામદાસજીએ બે હાથે દાબીને હાંકલ કરી જે, આ શું લઈને બેઠા ? અને આવું કરવું હતું ત્યારે દેશદેશનાં માણસ શીદ

ભેળા કર્યા ? હવે એ કયાં જાય બાપડા ? પછી મહારાજ પોઢી ગયા, પછી બીજી ધડકી ઓઢાડી. પછી સવાર થયું પણ ઉઠયા નહિ, ત્યારે રામદાસજીએ કહ્યું જે, "આજ હરિ કેમ રીસાણા," એ કીર્તન કોઈ સાધુને આવડે છે ? ત્યારે સાધુએ ના પાડી. પછી બાઈઓને ખબર કઢાવી અને કહ્યું જે, આ કીર્તન નરસિંહ મહેતાનું હોય તો બોલો. ત્યારે બાઈઓ કીર્તન બોલ્યા જે,

કોઈ પૂછો રે અબોલડા શે ધરીયા;
કંઈ કામણગારી રે હરિના કાન જ ભંભેરીયા; હરિને પૂછો...

બાઈઓ એ કીર્તન બોલ્યા, ત્યારે મહારાજ બેઠા થયા, ત્યાર પછી શ્રીજી મહારાજે સર્વે અલંકાર આભૂષણ ધાર્યા જેથી સંઘમાં બાઈ ભાઈ સર્વેને આનંદ ઓચ્છવ જય જયકાર થાતો હવો. (૧૨૪)

પછી દેશ દેશના હરિભક્ત, સાધુ, તેમની મહારાજ આગળ સભા થઈ. પછી મહારાજની પૂજા દેશદેશના હરિભક્ત તેમણે વિવિધ પ્રકારનાં આભૂષણ વસ્ત્રે કરીને કરી. તેમાં કુંડલ કાનમાં આવે નહિ, ત્યારે પોતાને હાથે કરીને કાનમાં કુંડલ ધારતા હવા. પછી મહારાજની આગળ આવીને મલ રમતા હવા, પછી મહારાજ બહુ રાજી થયા અને પોતાના કુંડળ મલ્લને આપતા હવા પછી હરિભક્ત સૌ સૌને ઉતારે ગયા ને બ્રાહ્મણની પંગત થઈ અને સાધુ માધુકરી કરવા ગયા એ રીતે આઠ દિવસ સુધી બ્રાહ્મણ જમ્યા. (૧૨૫)

પછી સાંજની સભા થઈ, ત્યારે મહારાજે વર્ણાશ્રમ ધર્મ સંબંધી ઘણીક વાર્તા કરી. પછી મહારાજ લઘુશંકા કરવા ઉઠયા, ત્યાં એકાંતે સુરવાલની નાડી છોડવા ગયા પણ ન છૂટી. પછી મહારાજ આકળા થયા અને ગાંઠ નાડીની બેસી ગઈ ને બોલ્યા જે હવે કેમ થાશે ? પછી કૈવલ્યાનંદ સ્વામીએ દાંતે કરીને નાડી કાપી નાંખી. પછી મહારાજ લઘુશંકા કરીને સુખે કરીને મંચ ઉપર બેઠા અને ભાઈ રામદાસજીને કહ્યું જે, અમે કાલ સવારમાં ચાલીશું. માટે જેનાં ઠામ, મોદ્યું, જણસ લાવ્યા હો, તે સૌ સૌની સંભારીને આપજો પછી મહારાજ પોઢી ગયા ને પરોઢિયે ઊઠીને મહારાજે સર્વેને સૌ સૌને ઘેર ગયાની આજ્ઞા કરી. પછી મહારાજ દુર્ગપત્તન પ્રત્યે જાતા હવા. પછી સવારમાં ભાઈ રામદાસજીએ સર્વે જણસની ખબર કઢાવી, તેમાં મોદ્યું ન જડી. પછી ભાઈરામદાસજીએ કહ્યું જે, કળશિયામાં ઘી લઈ જાતાં સંતાડેલી મોદ્યું કયાં જાશે ? માટે એટલામાં ખોળો, દાટીયું હશે. પછી ખંડમાં જાળામાં ખોળતાં ન જડી. પછી કહ્યું જે, તળાવમાં જુઓ પછી તળાવમાંથી ઘણીક મોદ્યું નીકળી. પછી બ્રાહ્મણ માંહોમાંહી બોલ્યા જે, યજ્ઞમાં કશું વિઘ્ન થયું નહિ ! ત્યારે બીજો કહે જે, શું વિઘ્ન થાય, જે પાણી માગીએ ત્યાં ઘી આલે અને ગોળ માગીએ ત્યાં ખાંડ આપે, ખાંડ માગીએ ત્યાં સાકર આપે, ત્યારે

કહો કેમ વિધ્ન થાય? પછી કહે જે, એ ચોઘડીએ હું હોત તો જજ્ઞમાં પડીને વિધ્ન કરત. એ રીતે ખલેશ્વર વાણીને ઉચ્ચારતા હવા અને દીનાનાથ ભટ્ટની આરતી જે, જયદેવ જયદેવ, એમાં ડભાણની લીલાનો ભાવ છે. (૧૨૬)

કેટલાક દિવસ પછી દાદાખાચરનો વિવાહ આવ્યો ત્યારે દાદાખાચરે મહારાજને કીધું જે, મારે તો જાનૈયા અને માંડવીયા સાધુ છે માટે કંકોતરી મોકલીને સર્વે સાધુને તેડાવો.

દોહા

થાય રસોયું નિત્ય નવી, વિધવિધનાં પકવાન;
પંક્તિયું બેસે સંતની, પંડે પીરસે ભગવાન.
લાડુ જલેબી મોતિયા, બિરંજ અરુ દૂધપાક;
માલપૂવા ઝીણી રોટલી, અરુ વેંતાકનાં શાક.
સદા દિવાળી સંતને, ઓચ્છવ બારે માસ;
પ્રગટ દર્શન ભગવાનનાં, જક્તસુ રહે ઉદાસ.
એવી રીતે બે મહિના સંતને રાખ્યા. (૧૨૭)

પછી કેટલાક દિવસ કેડે વસંત પંચમીના સમૈયાનો આરંભ કર્યો અને સર્વ દેશના હરિભક્તને અને સાધુને કંકોતરી મોકલીને મહારાજે તેડાવ્યા. પછી રંગ ગુલાલે કરીને સારી પેઠે રમ્યા ને લીંબડે હીંડોળા ખાટ બાંધી હતી તે ઉપર મહારાજ બેઠા હતા અને સાધુ ઉપર ગુલાલ નાખતા હતા. પછી પીચકારીઓની બહુ ઝડી થઈ, ત્યારે મહારાજ હીંડોળા ખાટની દોરી ઝાલીને લીંમડે ચઢી ગયા. પછી પાળાએ ગુલાલની ફાંટ ઉપર પુગાડી. પછી મહારાજ ઉપરથી ગુલાલ નાખે અને હેઠેથી સાધુ પીચકારી મહારાજ ઉપર ચલાવે. એ રીતે સંત બહુ રમ્યા. (૧૨૮)

બીજે દિવસે હીંડોળા ખાટપર શ્વેત વસ્ત્ર ધારણ કરી દક્ષિણાદે મુખારવિંદે વિરાજમાન હતા, પછી હરિભક્ત વેષ લાવ્યા, તે વઢવાણનો દેવરામ વેરાગી બન્યો અને એક વેરાગણ બની અને એક વેલાલનો બ્રાહ્મણ ગોવિંદરામ વિસામણ બન્યો અને એક ઉંચો હાથ રાખીને તપસ્વી બન્યો અને એક મુનિ બન્યો, પછી સભા બેઠી તે એક કોરે બાઈઓ અને એક કોર ભાઈ બેઠા હતા તે વચમાં આવ્યા. તે આગળ વેરાગી માગ કરાવતો જાય અને એમ બોલે જે, મહાપુરુષ મહારાજ કે દર્શન કરનેકું આવતે હે. પછી એની વાંસે વેરાગણ આવતી હતી, તેની વાંસે વિસામણ ભક્ત આવતા હતા. તેણે વેરાગણનું લૂગડું ઝાલીને કહ્યું જે, કયું ઈસ કે વાંસે ફરતી હે? આવોને, ઠાકોરના દરબારમાં કોઈ વાતની બંધી ન

મળે, બધી વાતે મોકળ છે. ત્યાં વેરાગીએ પાછા વળીને થોટ મારી. પછી મહારાજે કહ્યું જે, બાપડીને શીદ મારો છો ? ત્યારે વેરાગીએ કીધું જે, રામકી કયું તેરી હે ? પછી મહારાજ બહુ હસ્યા. પછી સર્વે સભા હસી, પછી વેરાગણની કાખમાં છોકરો હતો તે રોવા માંડયો, બાઈઓ બોલી જે, મહારાજ, આ છોકરો ધાવણ વિનાનો રુએ છે, લાવોને કોઈ બાઈને આપીએ તે ધવરાવે. પછી મહારાજ વળી બહુ હસ્યા અને કહ્યું જે બાઈઓ તો એમ જાણે છે જે, આ છોકરો સાચો છે. પછી મહારાજે કીધું જે, આ તો ચીંથરાનો છે. પછી મહારાજના કંઠમાં ખાંડનો હારડો હતો અને એક ફૂલનો હાર હતો, પછી મહારાજ ત્યાંથી ઉઠયા ને કૃષ્ણાનંદ સ્વામીને હાર ગળામાં નાખ્યો અને ફૂલનો હાર હતો તે આત્માનંદ સ્વામીના ગળામાં પહેરાવ્યો. પછી મહારાજ જય સચ્ચિદાનંદ કહીને ઉઠયા. પછી બીજે દિવસે સવારમાં રસોઈ કરાવીને સંતને જમાડયા અને મહારાજે સંતોને કીધું જે સંત તમે ફરવા જાઓ અને હરિભક્તને કીધું જે, તમો સર્વે તમારે ઘેર જાઓ. (૧૨૯)

પછી કેટલાક દિવસ કેડે ગઢડે દિવાળીનો સમૈયો ઠરાવ્યો અને બધે સંત હરિભક્તને કહાવી મેલ્યું જે, દિવાળીના સમૈયા ઉપર ગઢડે આવજો; પછી દિવાળીને દિવસે ઉગમણે બાર ઓસરીએ ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા અને ચારેકોર દીપમાલ પૂરી હતી અને શ્વેત વસ્ત્ર મહારાજે ધારણ કર્યાં હતાં અને સાધુ ને હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સભામાં ગામ કુંડલનો મામૈયો પટગર આવ્યો. તે દરવાજે ગરતાં મહારાજનાં દર્શન થયાં. તે સમાધિ થઈ, તે ઓહોહો, એમ બોલ્યો. પછી મહારાજે કહ્યું જે, ઘોડી ઝાલો. પછી ઘોડી ઝાલીને હેઠે ઉતર્યા અને ઓહો હો હો, એમ કહીને, નળિયે નળિયે વિમાન છે અને નળિયે નળિયે મુક્ત છે ને વિમાને આકાશ ભરાઈ રહ્યું છે. એ રીતે મામૈયો દેખતો હવો પછી શ્રીજી મહારાજે પોતાની આગળ બેસાર્યો. પછી રસોઈ થઈ. સર્વે સંતને મહારાજે પીરસ્યું. સંત અતિ પ્રસન્ન થકા જમતા હતા. (૧૩૦)

મહારાજ સાંજને સમે સાધુ ને સત્સંગી સહિત ઘેલે નહાવા પધાર્યા પછી મહારાજે ઘોડા ઉપરથી ઉતરીને ઉન્મત્ત ગંગાને વિષે નહાવા પ્રવેશ કર્યો અને ખળખળિયામાં નહાવા બેઠા જેથી હેઠવાસ સાધુ અને હરિભક્ત નહાય ને ભગવાનના ચરણોદકનું પાન કરે અને કીર્તન ગાય, પછી જળમાં તાળી વજાડીને મહારાજ ભેળા ગાય એ રીતે જળને વિષે લીલા બહુ કરી, પછી મહારાજ જળને વિષેથી બહાર નીસરીને કોરાં વસ્ત્ર ધારણ કરતા હતા. પછી ઘોડે અસવાર થઈને સંત હરિજને વીંટયા થકા દાદાખાચરના દરબારમાં પધારતા હતા, પછી રાતે કીર્તન ઓચ્છવ થયો અને સવારમાં રસોઈ તૈયાર થઈ અને ઠાકોરજીની આગળ ઓતરાદે બાર ઓરડાની ઓસરીએ અન્નકોટ પૂરવા માંડયો, પછી અન્નકોટ પૂરી રહ્યા; પછી મહારાજ કહે અન્નકોટનાં દર્શન કરો; પછી ચારે કોરથી માણસ દર્શન સારુ હલકી આવ્યા તે ભીડ બહુ થઈ અને જે આવે તેને મહારાજ કહે જે, દર્શન કરો અને દર્શન કરી રહ્યા પછી અન્નકોટ ઉપાડયો, પછી એ મંદિરના બારણાથી નીસરતા જમણે હાથ ચાકળા ઉપર બેઠા ત્યાં નાના પ્રકારનાં પકવાન પીરસીને મુખ આગળ મેલ્યાં અને નાનાં પ્રકારનાં શાકના કટોરા અને અથાણાંના કટોરા અને વિવિધ પ્રકારની ચટણી ને હવેજ એ રીતે મહારાજની આગળ થાળ ધર્યા અને નિત્યાનંદ સ્વામી સન્મુખ બેઠા અને એમ કહેતા જાય જે, મહારાજ આ જમો અને મહારાજ આ રહી ગયું એમ કહીને જમાડયા. પછી મહારાજે કહ્યું જે, પંગત બેસારો, પછી પંગત બેઠી અને મહારાજે પીરસવા માંડયું, તે પીરસીને મહારાજ એમ બોલ્યા જે, વાસુદેવ હરે, હવે જમો.

અને પછી મહારાજ જલેબી, મોતિયા, દૂધપાક બીરંજ શકરપારા, માલપૂઆ, સુતરફેણી, ગણગણ અને ગાંઠિયા, સાબુડી એ રીતે નામ લઈ લઈને અનંત પકવાન વ્યંજન પંગતમાં ફેરવતા હતા, એ રીતે સંતને જમાડયા અને પછી જે હરિજન આવ્યા હતા તેમને જમાડયા. પછી માણસ બહુ થયાં. તે દર્શન થાય નહિ, તે સારુ ઘોડા ઉપર ચઢીને બહાર બોટાદને ઝાંપે નીસર્યા અને ઉગામેડીને માર્ગે ચાલ્યા અને માણસ માત્ર દર્શન કરવા સારુ બહાર નીકળ્યા, ગામથી એક ખેતરવા ચાલીને ઘેલા સામું ચાલ્યા અને ઘેલા સોંસરા નીકળ્યા તે દહેરીએ ફરીને આથમણે કાંઠે આવીને ગામમાં પધાર્યા, એવી રીતે લીલા ઘણી કરી, તે લખતાં લખતાં શેષ લજાય. પછી બીજે દિવસે સૌ હરિભક્તને આજ્ઞા કરી જે, સૌ સૌને ઘેર જાઓ. પછી સાધુની પંગત કરાવીને જમાડયા અને પછી મહારાજે સર્વે સંતને આજ્ઞા કરી જે, સર્વે સંત ફરવા જાઓ. (૧૩૧)

પછી કેટલેક દિવસ કુંડળ હુતાસણી ઓચ્છવ કરવાનો મનસૂબો ધાર્યો અને દેશદેશથી સાધુ હરિભક્ત આવ્યા અને ગઢડેથી જીવો ખાચર આવ્યા અને મહારાજ વારંવાર કહે, મુક્તાનંદ સ્વામી, આ અમે પંખાળી ઘોડી લીધી છે. પછી જીવા ખાચરને કહ્યું જે અમે આ પંખાળી ઘોડી ચાલીસ રુપિયે લીધી છે; પછી જીવા ખાચરે કહ્યું જે, એ તો ઠીક પણ હું તો

તેડવા આવ્યો છું. શા માટે જે, હું જીવું ત્યાં સુધી ગઢડા વિના બીજે ઓચ્છવ કરવો નહિ, એવી રીતે બોલ્યાની લાવણાતા તે મહારાજને હા પડાવી. પછી મહારાજ અર્ધ રાતે ચાલ્યા. તે દી ઉગે નીંગાળાની નદી ઉતર્યા, ત્યાં મહારાજે કહ્યું જે, જીવા ખાચર, ઘોડા દોડાવો. ત્યારે જીવો ખાચર બોલ્યા જે, "મહારાજ અમણી ઘોડી છે તેનાં ભાવનગર આટલામાં વખાણ થાય છે. માટે તમણી ઘોડીની બરાબર ન હંકાય અને તમે તો લાકાડાની ઘોડીનેય–ઉડાડી મેલો, તો અમણી ઘોડીની આબરુ જાય, માટે અમને થોડોક માગ દો તો ભણે દોડાં." પછી મહારાજ કહે તો આ માગ દીધો. પછી જીવા ખાચરે ઘોડી હાંકી ને થોડોક માગ દઈને બોલ્યા જે, જાતાશું. પછી મહારાજે ઘોડી ઉપાડી ને ભેગાં બધાય ઘોડાં ઉપડયાં. તે થોડે છેટે દૂર ગયા ત્યાં સુધી નજરે આવ્યા, પછી તો ખેપટ ઉપડી તે કાંઈ નજરે આવ્યા નહિ, પછી અમે તો ગઢડે ભેળા થયા અને જીવા ખાચરના દરબારમાં મંચ બાંધ્યો હતો તે ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન થયા અને રસોઈ થઈ ને પોતે જમ્યા અને સહુને જમાડયા. પછી બીજે દિવસે સવારમાં જીવા ખાચરના દરબારમાં ઓસરી ઉપર મહારાજ, પાળા ને હરિભક્તો ને નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિક સર્વે સાધુ તે સામ સામા બહુ રંગે રમ્યા. પછી નિત્યાનંદ સ્વામી બોલ્યા જે, તમે હાર્યા. પછી અદ્વૈતાનંદ સ્વામીએ કહ્યું જે, કડાં સંભાળો ને જે પાસે કડાં હશે તે જીત્યા કહેવાશે. પછી રસોઈ થઈ ને મહારાજ જમ્યા; પછી સંત સૌને જમાડયા. બીજે દહાડે રસોઈ જમ્યા પછી સંત ને હરિભક્ત સૌને શિખ દીધી. (૧૩૨)

એક સમે દિવાળીને દિવસ મહારાજ કરમડ પધાર્યા ને ગામ બહાર ઉતારો કર્યો, પછી સાધુ બોલ્યા જે, હે મહારાજ, ગામમાં પાણીની બહુ કઠણાઈ છે, શા માટે જે, ગામ મધ્યે એક વાવ છે, તેમાં મોરે લશ્કર આવેલ તેણે ગંધક માંહે નાખ્યો તે પાણી કોઈને કામ આવતું નથી. પછી મહારાજ બોલ્યા જે, શીદ ચિંતા કરો છો ? ભગવાન અન્ન દેશે તેનો ધણી પાણીય દેશે એમ મહારાજે કહ્યું ત્યાં તો વરસાદ આવ્યો. તે સંઘના માણસ ગામમાં જતા રહ્યા ને મહારાજ તો એમને એમ બેસી રહ્યા. પછી હરિભક્તે મસ્તક ઉપર છાયા કરી. પછી મહારાજ આરતી ધૂન્ય કરીને ગામમાં પધાર્યા, પછી કંથારિયાના મઘાભાઈએ તરવાર ગાડાના ભંડારિયામાં મૂકી હતી તે ભૂલી ગયા ને ગામ બહાર ગાડું રહ્યું ને ગામમાં આવ્યા પછી સાંભરી, પછી ખોળવા માંડી. ત્યારે મહારાજે કહ્યું જે, શું ખોળો છો ? ત્યારે બીજા હરિભક્તે કહ્યું જે, મઘાભાઈની તરવાર ખોવાણી છે ત્યારે મહારાજે કહ્યું જે, કયાં જાય, ખોળોને ? આટલામાં હશે. તમે કયાં મેલી હતી? ત્યારે કહ્યું જે કયાં મેલી તેની કાંઈ ખબર નથી પણ ગાડે હતી; ત્યારે મહારાજે કહ્યું જે, ગાડા ઉપર જુઓ. ત્યારે કહ્યું જે, મહારાજ, ગાડું તો ચાર ઘડી થયાં સુનું પડયું છે, તે ગાડે કયાંથી હશે ? ત્યારે મહારાજે કહ્યું જે, કયાં જાય, જુઓ તો ખરાં હશે. પછી જઈને ગાડા ઉપર જોયું તે ન મળે ને ભંડારિયામાંથી તરવાર નીસરી. પછી તે રાતે પોઢયા. (૧૩૩)

સવારમાં ગામની ભાગોળે સભા કરીને મહારાજ બેઠા અને કીર્તન કથાવાર્તા થયા, ત્યાં ગામ ચાસકાનો ગરાસિયો નારસંગજી આવ્યો. તેમણે ઘણીક તાણ કરીને કહ્યું જે, હે મહારાજ, તમે અમારે ગામ પધારો ત્યારે મહારાજે ના પાડી ને પછી થાળ થયો તે મહારાજ અમરસંગજીને ઘેર જમવા પધાર્યા ને તેમના ફળિયામાં સાધુની પંક્તિ થઈ ને ઘણા પ્રકારનાં પકવાન મહારાજે સાધુને પીરસીને જમાડયા. નારસંગજીએ તાણ મૂકી નહિ, ત્યારે મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, તમે જાઓ, અમે કાલ આવીશું. પછી મુક્તાનંદ સ્વામી ચાસકે ગયા અને મહારાજ બીજને દિવસે ચાલ્યા તે ચાસકાનો માર્ગ મૂકીને ભડકવાને માર્ગે ચાલ્યા. ત્યારે સૌ માણસે કહ્યું જે, માર્ગ ચાસકાનો તો આણી કોર રહ્યો, પછી મહારાજે ઘોડી હાંકી મૂકી તે કોઈનું સાંભળ્યું નહિ. શા માટે જે, ગરાસિયાને છળ હશે જે સ્વામિનારાયણ આવે તો ઓરડામાં પૂરીને દશ હજાર રુપિયા લેવા છે, એમ ગરાસિયાનું કપટ જાણીને અંતર્યામી છે માટે ન આવ્યા, પછી મુક્તાનંદ સ્વામીને ચાસકે ખબર થઈ જે, મહારાજ લીંબડીએ પધાર્યા. ત્યારે મુક્તાનંદ સ્વામીએ સાધુને કહ્યું જે, સાબદા થાઓ. ત્યારે ગરાસીએ કહ્યું જે, લાડવા તૈયાર છે, તે મહારાજ જમીને જાઓ, પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, અમારે લાડવાનું કામ નથી એમ કહીને ચાલી નીકળ્યા. (૧૩૪)

એક સમે મહારાજે રામનવમીનો ઓચ્છવ વડતાલે ધાર્યો. તેની કંકોતરી દેશો દેશમાં મોકલી, તે ભાઈઆત્માનંદ સ્વામી તથા તદ્રુપાનંદ સ્વામી વાળાંક દેશમાં હતા તે ખબર મોડી થઈ, તે પીઠવડીના ચાલ્યા ગઢડે દિવસ આથમ્યા પછી આવ્યા પછી કોસિયા ગામમાં જતા હતા તેને પૂછયું જે, મહારાજ અહીં છે ? ત્યારે મોટા રામજીએ કહ્યું જે, છે તો ખરા, પણ દર્શન દેતા નથી. ત્યારે ભાઈઆત્માનંદ સ્વામીએ કહ્યું જે, તમારે દર્શનનું કેમ છે ? ત્યારે રામજીએ કહ્યું જે, અમારે ખેડુને વાળુ કર્યા પછી દર્શનની મોકળ છે. ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, મહારાજને અમારા જય સ્વામિનારાયણ કહેજો. પછી રામજીએ મહારાજ પાસે જઈને કહ્યું જે, ભાઈ સ્વામીએ નારાયણ કહ્યા છે, ત્યારે મહારાજે કહ્યું જે, કયાં છે ? ત્યારે રામજીએ કહ્યું જે પીપળાવાળી વાડીએ છે, ત્યારે મહારાજે કહ્યું જે થાક્યા છે તે સૂઈ રહેવા દ્યો ને કહેવું જે, પ્રભાતે ઝોળીએ આવે. પછી ગામમાંથી શ્રીપાત્ શ્રીધરાનંદ સ્વામી આવ્યા, તેણે કહ્યું જે ત્રણ દિવસ થયા ગામમાં સૌને પૂછયું પણ કોઈએ ન કહ્યું જે, અહીં મહારાજ છે, માટે અમે તો સવારમાં ચાલીશું. ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, અમે ચાલત પણ થાકયા છીએ, માટે કાલ રહીને ચાલીશું. પછી રાતે ત્યાં સૂઈ રહ્યા.

તે સવારમાં શ્રીધરાનંદ સ્વામી તો ઉગામેડીને માર્ગે ચાલ્યા ને આત્માનંદ સ્વામી તો નાહીને ઝોળીનો સમો થયો એટલે માગવા ગયા, તે દરબારમાં બે ઓરડા વચ્ચે એક ખડકી હતી, ત્યાં જઈને અતિ ઉંચે સ્વરે નારાયણ હરે! સચ્ચિદાનંદ પ્રભો ! એવો શબ્દ કર્યો, પછી મહારાજે કોઠારી નાનને કહ્યું જે, ખડકી ખોલો, સાધુ આવે પછી ખડકી ખોલી એટલે આત્માનંદ સ્વામી ને તદ્રુપાનંદ સ્વામી માંહેલી કોરે ગયા; ત્યારે મહારાજ ઉત્તરાદે બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા. સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં અને અમે મહારાજને પગે લાગીને બેઠા. પછી મહારાજે

સાન કરી જે, જાઓ, જમીને આવો, પછી કોઠારી નાનને કહ્યું જે, સાધુને જમાડો ને એને કાંઈ જોઈતું હોય તે આપો. પછી ઘી, ગોળ, દૂધ, દહીં લાવ્યા; પછી જમીને મહારાજ પાસે પગે લાગીને બેઠા. પછી મહારાજે કહ્યું તમે કયાં કયાં ફર્યા તેની વાત કરો. પછી તે વાત કરી. પછી મહારાજે કહ્યું જે, તમે કોણ છો ? ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, અમે વચન છીએ. ત્યારે મહારાજે કહ્યું જે, તમે સત્સંગમાં આવીને તો વચનરુપ થયા પણ સત્સંગમાં આવ્યા મોરે કોણ હતા ? ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, માયાના જીવ હતા. ત્યારે મહારાજે કહ્યું જે, હમણે માયાનો જીવ છે કે ટળી ગયો ? પછી આત્માનંદ સ્વામી બોલ્યા નહિ. પછી મહારાજે કહ્યું જે, માયા છે તે પણ ભગવદ્ ભક્ત છે, માટે તેને અમે આજ્ઞા કરી છે જે, અમારી આજ્ઞા પ્રમાણે વર્તે તેને બોલાવીશમા, બીજે તને મોકળ છે. માટે તમારે સહુએ અમારી આજ્ઞા પ્રમાણે વર્તવું એ સિદ્ધાંત વાર્તા છે. (૧૩૫)

પછી મહારાજે બાઈઓને કહ્યું જે, ઘોડો સારો કે ઘોડી સારી ? પછી બાઈઓએ કહ્યું જે, ઘોડી સારી, જે બાર મહિને વછેરું આવે. પછી મહારાજે કહ્યું જે, ઘોડી નહીં પણ ઘોડાની અસવારી. એમ ઘડીએક રમુજ કરીને બોલ્યા જે એક કીર્તન સૌ બોલો, પછી કોઈ બોલ્યા નહિ, ત્યારે મહારાજે કહ્યું જે, બે બે મળીને બોલો. તોય ન બોલ્યા, ત્યારે મહારાજે કહ્યું જે, એક જણ ચોપડી લઈને બોલો, પછી બીજા વાંસેથી બોલો. પછી એમ બોલવા માંડયા તે એમ બોલતાં બોલતાં દિવસ ચઢયો એટલે તડકો થયો, ત્યારે એક બાઈને તડકો આવ્યો ત્યારે મહારાજે કહ્યું જે, ખસીને છાયામાં બેસો, એમ બે ત્રણ વખત કહ્યું, પણ ખસ્યાં નહિ. પછી વધુ તડકો થયો ત્યારે એની મેળે ખસીને છાંયે બેઠા. પછી બીજી બાઈઓને મહારાજે કહ્યું જે, હવે એ બાઈને પ્રશ્ન પૂછો જે, મન અધિક કે વચન અધિક ? પછી મહારાજે કહ્યું જે, કેમ પૂછતા નથી ? પછી બાઈઓએ કહ્યું જે, પૂછીએ છીએ પણ બોલતા નથી, પછી મહારાજે કહ્યું જે, બોલે શું, તમને પૂછતાં આવડતું હોય તો હમણાં બોલે. પછી મહારાજે વાત કરી જે, એક સમે અમે વડનગર ગયા હતા. ત્યાં અમે નહાવા નીસર્યા, ત્યાં તે વડ તળે ઝાઝાં માણસ ભેળાં થયા. તેને પૂછયું જે, આ કેમ ભેળા થયા છે ? ત્યારે કહ્યું જે, એક મુનિ રહે છે તે બોલતા નથી. પછી મહારાજે ત્યાં જઈને કહ્યું જે, બાવા, કેમ બોલતા નથી ને વળી હાથનો અંગૂઠો દેખાડીને કહ્યું જે, કાંઈ જોઈએ છીએ ? ત્યાં બાવો ભભકયો. તે મર્મનું વેણ કાંઈક મારો તો હમણાં જેવું હોય તેવું માંહેથી નીકળે, એમ મહારાજે કહીને કહ્યું જે, જુઓ તો ખરા એમાં કાંઈ કઠણ ન મળે. એવો હતો પણ હવે કઠણ થઈ પડયું.(૧૩૬)

પછી ગરમી બહુ હતી તે નાજે જોગીએ મહારાજને નવરાવ્યા, પછી વસ્ત્ર પલાળીને આવીને ઢોલિયે બેઠા ને બાઈઓને કહ્યું જે, કાંઈક પ્રસાદી હોય તો લાવો, પછી તાંસળીમાં લગારેક લાવ્યા; પછી મહારાજે કહ્યું જે, આટલી શું લાવ્યા, વધારે લાવો, ત્યારે બીજીવાર નવટાંક લાવ્યા. પછી વળી મહારાજે કહ્યું જે, આટલી શું લાવ્યા? વધારે લાવો, પછી સારી પેઠે લાવ્યા, પછી ભાઈઆત્માનંદ સ્વામી તથા તદ્રુપાનંદ સ્વામીને મહારાજે કહ્યું જે, લ્યો, જમો ને બોટાદ

જાઓ. પછી થોડુંક જમીને ગાંઠે બાંધ્યું. પછી મહારાજે કહ્યું જે, આનંદ સ્વામી બોટાદ છે, તેને તેડીને કાલ કારિયાણીએ આવજો. અમે કાલ કારિયાણીએ આવીશું પછી આત્માનંદ સ્વામી તથા તદ્રૂપાનંદ સ્વામી ચાલી નીકળ્યા તે રાત ટાટમે રહ્યા અને સવારમાં બોટાદ જઈને આનંદ સ્વામીને કહ્યું જે, આજ સાંજે મહારાજ કારિયાણીએ આવશે માટે આપણે ચાલો. પછી આનંદ સ્વામીએ કહ્યું જે, આપણને કાઢી મેલે છે, પોતે નથી નીસરતા. પછી આત્માનંદ સ્વામીનું ન માન્યું. પછી બપોરે જમી રહ્યા પછી થોડોક દિવસ રહ્યો ત્યારે બ્રાહ્મણ આવ્યો, તેણે કહ્યું જે, મહારાજ ગઢડેથી નીસર્યા તે વાવ સુધી તો હું ભેળો ચાલ્યો; પછી મહારાજ કારિયાણી ઉપર ગયા ને હું અહીં આવ્યો. પછી આનંદ સ્વામી આકળા થયા, પછી ચાલ્યા તે સમઢિયાળે દિવસ આથમ્યો ને પછી કાંટા કાંકરામાં મોડેથી લાઠીદડ આવ્યા. ત્યાં હોળી પ્રગટીને ગામનાં માણસ ગયા. ત્યાંથી કારિયાણી હોળી પ્રગટીને ગામમાં આવ્યા ને સાધુ સર્વે કારિયાણીએ આવ્યા ને માણસને પૂછયું જે, મહારાજ આંહી છે ? ત્યારે માણસો કહે જે, અમે હોળી પ્રગટી ત્યારે આંહી હતા પછી કુંડળ ગયા.(૧૩૭)

પછી સાધુ કુંડળ ગયા તે પટગર મામૈયાના ઝાંપામાં ગરતાં ડાબે હાથ ઓરડામાં આથમણે ઓશીકે ઉગમણાં ચરણારવિંદ રાખીને મહારાજ પોઢયા હતા, પછી સાધુ જઈને ઢોલિયાની પાંગતે બેસી રહ્યા. પછી મહારાજે મુખારવિંદ ઉપરથી વસ્ત્ર કોરે કર્યું, ત્યારે સૌને દર્શન થયાં. પછી આત્માનંદ સ્વામીએ મુખારવિંદ ઉપર ઓઢાડયું ત્યારે મહારાજે કહ્યું જે, કોણ છે ? ત્યારે કૃષ્ણાનંદ સ્વામીએ કહ્યું જે, આનંદ સ્વામી તથા આત્માનંદ સ્વામી આવ્યા છે. પછી મહારાજે બેઠા થઈને કહ્યું જે, તમે કયારે આવ્યા ? અમે ગઢડાના ચાલ્યા આવ્યા તે થાકી ગયા તે સૂઈ રહ્યા તે ખબર નહિ એમ કહીને મહારાજે કહ્યું જે, કેટલીક રાત છે ? ત્યારે સાધુએ કહ્યું જે કાંઈ રાત્રિ નથી, સવાર થઈ છે. પછી મહારાજ બહિભૂર્મિએ ગયા ને સાધુએ તાપ કર્યો ને માંચી ઢાળીને તે ઉપર મહારાજ વિરાજમાન થયા, પછી મૃત્તિકાએ કરીને હાથ ધોયા તે સાધુ પાણી નાખતા જાય અને મહારાજ હાથ ધોતા જાય, એવી રીતે હાથ ધોયા ને કોગળા કર્યા ને મુખારવિંદ ધોઈને રુમાલે લોઈને મહારાજે આનંદ સ્વામીને કહ્યું જે, અમે એક પ્રકરણ ફેરવ્યું છેઃ જે અમારા ભેળા ચાલે તે ગાંઠનું ખર્ચ ખાય, તે ઘોડે ચડો અથવા પાળા એ સર્વે ગાંઠનું ખરચ ખાય તે અમારા ભેળા આવે. પછી આનંદ સ્વામીએ કહ્યું જે સારું કર્યું મહારાજ. એમ કહીને આનંદ સ્વામીએ કહ્યું જે, બે સાધુ થાકી ગયા. એક આત્માનંદ સ્વામી ને પરમચૈતન્યાનંદ સ્વામી. પછી મહારાજે કહ્યું જે, આત્માનંદ તો જેમ ખડેલ ઘોડો નભે તેમ નભે એવા છે ને પરમ ચૈતન્યાનંદ સ્વામી સારુ ઘોડું કરી આવીએ એમ કહીને મહારાજ ઉઠયા. તે અમરા પટગરના દરબારમાં ગયા ને રાઈબાઈને કહ્યું જે, અમારે સાધુ એક થાકયા છે તેને અર્થે એક ઘોડું ને એક માણસ પછમ સુધી જોઈશે, ત્યારે રાઈબાઈએ કહ્યું જે, અમારે ઘેર સાધુ જમવા આવે તો ઘોડું ને માણસ મોકલું. ત્યારે મહારાજે કહ્યું જે, ઠીક, રસોઈ કરો. એટલું કહીને મહારાજ હસતા હસતા આવ્યા ને કહ્યું જે, અમે તમારે કાજે ઘોડાનું કરી આવ્યા ને રોટલાનુંય કરી આવ્યા. પછી માણસ આવ્યું, તે કહે ચાલો જમવા. પછી ગયા તે દૂધ, દહીં, ઘી, ગોળ, રોટલા જેને જોઈએ તે જમો. પછી જમીને આવ્યા ત્યારે મહારાજે કહ્યું જે, ચાલવા માંડો,

પછી આનંદ સ્વામી કહે, અમે ભેળાં ચાલશું. ત્યારે મહારાજે કહ્યું જે, ઘોડા ભેળા નહિ નભો, માટે ચાલવા માંડો. હમણાં અમે ભેળાં થાશું. (૧૩૮)

પછી પરમચૈતન્યાનંદ સ્વામી ઘોડે બેઠા અને સૌ સાધુ ભેગા ચાલ્યા, તે મહારાજ વાંસેથી આવીને રોજીદની ભાગોળે ભેગા થયા. પછી અહીં પાળિયાદના દવેની ઘોડીએ આનંદ સ્વામીને બેસાર્યા અને રામપટગરની ઘોડીએ આત્માનંદ સ્વામીને બેસાર્યા અને એક ઘોડીએ કૃષ્ણાનંદ સ્વામીને કહ્યું જે બેસો. પછી કૃષ્ણાનંદ સ્વામીએ કહ્યું જે, હું જો બેસું તો ફેર ચઢે, તે ન બેઠા. પછી ચાલ્યા તે રોજીદ ને ચોકડીની વચમાં જાતાં મહારાજે કહ્યું જે, કાંઈ જમવાનું છે ? ત્યારે પાળા કહે, હે મહારાજ, અહીં શું જમવાનું હોય ? ત્યારે મહારાજે કહ્યું જે, લીલવાં શેકેલ હતાંને ? ત્યારે તેમણે કહ્યું જે, હા એ તો છે. ત્યારે મહારાજે કહ્યું જે લાવો, પછી લાવ્યા, તે મહારાજ હાથમાં લઈને ઘોડીએ બેઠા જમતા જાય. પછી જમી રહ્યા ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, બીજાં લાવું? પછી મહારાજે ના પાડી. પછી કોગળા કરીને પાણી પીધું ને માર્ગે ચાલ્યા જતા હતા. તે આત્માનંદ સ્વામીની ઘોડી મહારાજની ઘોડીને વાસેથી સુંઘવા ગઈ, ત્યારે મહારાજની ઘોડીએ તરંગ કાઢી, ત્યારે મહારાજે બેવટું માર્યું, ત્યારે સોમલે ખાચરે કહ્યું જે, 'બાપને કાંણાસે મારતા છો ? વાંસલી કનડતી સે." પછી ચોકડી સોંસરા નીકળ્યા, તે આત્માનંદ સ્વામી ઘોડીયેથી ઉતર્યા ને રામને કહ્યું જે, તારી ઘોડી લે. પછી લીધી નહિ. પછી મૂકીને ચાલી નીકળ્યાં પછી રામે ઘોડીએ ચઢીને મહારાજ ભેગો થઈને મહારાજને કહ્યું જે, આ મારી ઘોડી આત્માનંદ સ્વામીએ મૂકી દીધી તે ભાગી ગઈ હોત તો કાણું કરત ? પછી આકરુંની ભાગોળે ઘોડીથી ઉતરીને મહારાજ લીંબડા તળે મૂળ ઉપર બેઠા ને સાધુને કહ્યું જે, સર્વે ચાલવા માંડો, અમે આવીએ છીએ. (૧૩૯)

સાધુ ખરડ તથા રોજકે જઈને પછમે આવ્યા ને ઈહાં દેવતા કરીને બાટીઓ શેકતા હતા ત્યાં ખબર આવી જે, મહારાજ તો ગાંફ થઈને પીપળીએ ગયા. પછી સાધુ તો પછમે રહ્યા ને પાળા બે ત્રણ હતા તે કાચી પાકી બાટીઓ લઈને ચાલ્યા. તે મહારાજ પાસે પીપળીએ ગયા. પછી અહીં મહારાજ પાસે રાવલ રમવા આવ્યા તે મહારાજ બહુ રાજી થયા. તે ચોફાળ તથા પાઘ આલી, પછી ફરીથી છોકરો વેષ લઈને આવ્યો, ત્યારે કાઠીએ જાણ્યું જે, મહારાજ લુગડાં બધા દઈ દેશે. પછી કાઠીએ ઘોડો છોડી મેલ્યો, પછી ઘોડો છૂટયો, ઘોડો છૂટયો એમ કરીને સૌ ઉઠી ગયા ને રમત આળસી ગઈ. પછી સવારમાં સાધુ ભોળાદ આવ્યા ને મહારાજ પણ ભોળાદ આવ્યા. તે ભેળા થયા. પછી ત્યાંથી ચાલ્યા તે નાની બોરુ આવ્યા, ત્યાં તળાવની પાળ ઉપર ઊભા રહ્યા ને મહારાજે કહ્યું જે, સાધુ સર્વે ચાલવા માંડો, અમારી વાટ જોશોમા. પછી સાધુ સર્વે ચાલ્યા ને આનંદ સ્વામી મહારાજની પાસે રહ્યા. પછી મહારાજે કહ્યું જે, કોઈને કહેશોમા. (૧૪૦)

પછી સાધુ વરતાલે આવ્યા તે ભાઈ રામદાસજી ને સાધુ સર્વે ભેળા થઈને વાટ જોતા હતા પછી એ સાધુ આવ્યા તે સર્વે ભેળા થયા ને ખબર પૂછતા હતા જે, મહારાજ કયાં છે ? પછી આત્માનંદ સ્વામીએ કહ્યું જે, મહારાજ કહેતા તો હતા જે, અમે આવીશું. પછી ભાઈ રામદાસજીએ કહ્યું જે કીર્તન બોલો એટલે મહારાજ આવશે. પછી મહારાજ સાતમને દિવસ આવ્યા ને ચારે કોરથી હરિભક્ત પણ આવ્યા, અમદાવાદના હરિભક્ત ત્રાંસા લઈને આવ્યા અને આંબલીના વૃક્ષ તળે મહારાજ ઉતર્યા ને ચારે કોર હરિભક્ત ઉતર્યા. પછી રામનવમીનો ઉપવાસ કર્યો ને સાધુ સર્વેને આજ્ઞા કરી જે પૂજા કરો. પછી સાધુએ ચંદન ઉતારીને ચંદન તથા પુષ્પે મહારાજની પૂજા કરવા માંડી. નૃસિંહાનંદ સ્વામી તથા આત્માનંદ સ્વામી ચંદન લઈને આવ્યા તે સાધુની ભીડ ઘણી તે નૃસિંહાનંદ સ્વામી તો ગયા ને આત્માનંદ સ્વામી તો જઈ શકયા નહિ તે હાથમાં ચંદન રાખીને ઉભા રહ્યા. પછી મહારાજ હસતા જાય ને સામું જોઈ રહ્યા. ઘણીવાર ઉભા રહ્યા પણ માગ થયો નહિ. પછી ચંદનનો કટોરો આત્માનંદ સ્વામીના હાથમાંથી પોતાના ડાબા હાથમાં લઈને જમણે હાથે પોતાને શરીરે ચંદન ચર્ચ્યું. એવી રીતે સાધુ સર્વેએ પૂજા કરી. પછી મહારાજે સાધુને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. પછી આરતી, ધૂન થઈ. (૧૪૧)

તે કેડે કોળી વર્ણની બાઈઓ મહારાજના મુખારવિંદ આગળ ઘડા ઉછાળીને રમી. તે એક રાવલિયો ઢોલ વગાડે ને બાઈઓ હાથમાં ઘડા ઉલાળીને રમ્યું. પછી રાતે સાધુએ કીર્તન ઉચ્છવ કર્યો. પછી બીજે દિવસ રસોઈ કરીને સાધુને જમાડયા પછી હરિભક્ત સર્વેએ મહારાજને નાના પ્રકારનાં ઘરેણાં, વસ્ત્ર, ચંદન, પુષ્પ ઈત્યાદિક ઉપચારે કરીને પૂજ્યા. (૧૪૨)

પછી સાંજને સમે મહારાજે વાર્તા કરી જે, આ સાધુ છે તે આખો દિવસ રસોઈ કરે છે તે દર્શન થાતા નથી, માટે મહારાજે હરિભક્તને કહ્યું જે, તમારી શક્તિ પ્રમાણે દશ, વીશ, એક, બે, અરધો સૌ જમવા તેડી જાઓ તો પછી સાધુને નિવૃત્તિએ દર્શન થાય. ત્યારે સૌ હરિભક્તે કહ્યું જે, મહારાજ અરધો કેમ ગણવો ? પછી મહારાજ હસ્યા. પછી કહ્યું જે, માંદો હોય, ઘરડો હોય, બાળક હોય, તે જાણીએ જે, થોડું જમશે માટે તે અરધો. એ રીતે નિત્ય આનંદ ઓચ્છવ થાય. (૧૪૩)

એક દિવસ સુરતના હરિભક્ત પોતાને ઉતારે મહારાજને જમવા તેડી ગયા. તે જમાડીને મહારાજને સુરતી પાઘ બંધાવી ને પાઘમાં જરકસી તોરો ખોસ્યો ને જરિયાનનો જામો પહેરાવ્યો ને ખભે જરિયાની શેલું ધરાવ્યું ને નાનાં

પ્રકારનાં ઘરેણાં પહેરાવ્યાં ને ઘોડીએ બેસીને સંઘ સોંસરા નીકળ્યા, તે ઉતારે આવ્યા. તે સંઘના માણસ રાજી થયા. (૧૪૪)

એક સમે મહારાજ આગળ મોતૈયા લાડુ તથા દૂધ, પેંડા તથા પતાસાંનો થાળ આવ્યો. તે બ્રહ્માનંદ સ્વામી ઉપર મહારાજ બે લાડુ તથા દૂધ પેંડા નાખતા જાય, એવી રીતે પકવાને રમ્યા તે બ્રહ્માનંદ સ્વામીને લાડવા તથા બીજાં પકવાન વાગે તે ઝીણો ભૂક્કો થઈ જાય. (૧૪૫)

એક સમે જેતલપુરથી સાધુ પુષ્પના હાર હજારી કુલના કરીને લાવ્યા ને મહારાજની પૂજા કરી, તેમાં વૈજયંતિમાળા હતી તે મહારાજને ધરાવી, તે માળા લઈને મહારાજે આત્માનંદ સ્વામીને પહેરાવી. મહારાજની આગળ ત્રાંસા વગાડે તે ભેળા ઢોલ વાગે, તે ઢોલી ઉપર મહારાજ રાજી થયા તે પોતાનો કસુંબલ સોનેરી છેડાનો ભારે રેંટો આપ્યો અને ત્યાર પછી મહારાજે આત્માનંદ સ્વામીને નેત્રની સાને કરીને તથા અંગૂઠા પાસેની આંગળીની સાને કરીને તેડીને પાટ ઉપર બેસારીને પોતે ઊભા થયા અને સર્વે સાધુ પ્રત્યે એમ બોલ્યા જે, આ જેમ રહે છે એમ રહેતા હોય તે બોલો. પછી આત્માનંદ સ્વામીએ કહ્યું જે, હે મહારાજ, સર્વે રહે છે, કોણ નથી રહેતા ? પછી કહ્યું જે, તમારે બોલવું નહિ, પછી સાધુ પ્રત્યે મહારાજે કેટલીક વાતો કરી. (૧૪૬)

પછી એક દિવસ મહારાજે કહ્યું જે, શરીરમાં દાદર થાય તથા ખસ થાય, તેને હાથે કરીને ખંજોળે નહિ, તેમ વર્તે તે ઊભા થાઓ તથા શિશ્ન ઈંદ્રિયમાં ચળ થાય તો પણ હાથે કરીને અડે નહિ. વીંછી ચડે તથા સર્પ ચડે તો પણ હાથે ન અડે અને તરખલે કરીને ઉતારે તથા લાકડીએ ઉતારે, પણ હાથે ન અડે, એવા હોય તે ઊભા થાઓ. પછી આત્માનંદ સ્વામી ઉભા થયા. પછી મહારાજે ઘણીક વાત કરીને સાધુ પ્રત્યે કહ્યું જે, તમે કળા જુક્તિ કરો છો તે અમે જાણીએ છીએ.(૧૪૭)

પછી એક દિવસે મહારાજે સાધુ પ્રત્યે પૂછયું જે, કોઈક મનમાં સારો નરસો સંકલ્પ થાય કે ન થાય ? ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, સંકલ્પ તો થઈ જાય. ત્યારે મહારાજે કહ્યું જે, એક કોરે બેસો. પછી બ્રહ્માનંદ સ્વામીને પૂછયું ત્યારે કહ્યું જે, અમારે તો સંકલ્પ ન થાય, ત્યારે મહારાજે કહ્યું જે, એક કોરે બેસો. પછી આત્માનંદ સ્વામીને પૂછયું ત્યારે આત્માનંદ સ્વામીએ તો સંકલ્પની હા પાડી. પછી મહારાજે કહ્યું જે, તમે મુક્તાનંદ સ્વામી પાસે બેસો અને પછી બ્રહ્માનંદ સ્વામીને કરડી દૃષ્ટિ કરીને કહ્યું જે, તમારે સંકલ્પ ન થાય ? માટે વિચારીને બોલજો અને ખોટું બોલશો તો ગધેડા થાશો.

પછી બ્રહ્માનંદ સ્વામી હાથ જોડીને પગે પડયા અને કહ્યું જે, હે મહારાજ, સંકલ્પ તો થઈ જાય. પછી મહારાજે કહ્યું જે, મુક્તાનંદ સ્વામી પાસે બેસો. એવી રીતે સૌ સાધુને સંકલ્પ પૂછયા. પછી ગૃહસ્થને પૂછયું જે, તમારે સંકલ્પ થાય ? પછી હરિભક્તે કહ્યું જે, અમારે તો સંકલ્પ ન થાય. પછી મહારાજે તે ઉપર વાત કરી જે, અણસમજુ હોય તેને સાધુનો અવગુણ આવે જે, ત્યાગી થયા છે તોય પણ ઘાટ સંકલ્પ થાય છે, પણ એમ નથી જાણતા જે, એની વૃત્તિ છે તે અંતઃકરણ સામી રહે છે, તે યોગ્ય અયોગ્ય સંકલ્પ થાય તેને ઓળખે છે, માટે કહે છે જે, સંકલ્પ થાય છે અને ગૃહસ્થ તો સંકલ્પ રુપે વર્તે છે, માટે શું કહે જે, સંકલ્પ આવો છે કે આવો નથી તે પોતે તો સંકલ્પને ઓળખે નહિ. તે શું કહે માટે સાધુનો અવગુણ લે છે એ રીતની ઘણીક વાત કરી. (૧૪૮)

પછી સૌ સંઘને શીખ દીધી અને મુક્તાનંદ સ્વામી આદિક ભણનારા સાધુ સૌ ગામ સરવાણી ગયા અને જોબન પગીના મેડા આગળ પાટ ઉપર મહારાજ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં અને ઉતરાદે મુખારવિંદે બેઠા થકા એમ વાર્તા કરતા હવા જે, દક્ષિણ દેશમાં સાધુ ફરવા જાય તેની રીત જે, વર્તમાનનો નિયમ નહિ જે બે જણ ભેળા રહેવાય કે ચાર જણ રહેવાય કે એકલા રહેવાય, અન્ન મેળવાય કે ન મેળવાય તેનો બાધ નહિ એ રીતે મોકળ છે. પછી સાધુનું નામ લઈને કીધુ જે, દક્ષિણમાં જાઓ અને આત્માનંદ સ્વામીને દક્ષિણ દેશમાં જવાનો સંકલ્પ નહિ, તેથી બીજા સાધુનો ઓથ કરી ગયા. પછી નજરે ન થયા, તો પણ મહારાજે કહ્યું જે, આત્માનંદ સ્વામી, તમે દક્ષિણમાં જાઓ. (૧૪૯)

પછી મહારાજે કહ્યું જે, હવે જે ઘરડા હોય તથા માંદા હોય તથા બાળક હોય, વાતો કરતાં ન આવડતી હોય, પરદેશમાં જતાં મૂંઝાતા હોય એવાનું એક મંડળ કરીએ અને બ્રહ્માનંદ સ્વામી અને લંગડા પરમાનંદ સ્વામી એ બેને મહંત કરીએ, તે વડોદરામાં પડી રહે અને ઝોળી માગી ખાય. (૧૫૦)

એમ વાત કરીને રસોઈ થઈ તે સાધુ જમી રહ્યા પછી મહારાજે કહ્યું જે, ઘોડી લાવો, સાધુને વળાવા જાઈએ. પછી ઘોડીએ બેસીને મહારાજ પધાર્યા. તે તળાવની પાળે ઉભા રહીને કહ્યું જે, બંધીમાં રહેવું હોય તે તળાવની આ કોરે આવો અને મોકળમાં રહેવું હોય તે જોળને માર્ગે ચાલે. ત્યારે આત્માનંદ સ્વામીએ હાથ જોડીને કહ્યું જે, મારે બંધીમાં રહેવું છે, ત્યારે મહારાજે સામંુ જોયું પણ બોલ્યા નહિ અને ફરીને મહારાજે કહ્યું જે, બંધીમાં ન રહેવું હોય તે જોળને માર્ગે ચાલો ને બંધીમાં રહેવું હોય તે તળાવની આ કોરે આવો. ત્યારે ફરી આત્માનંદ સ્વામીએ કહ્યું જે, મારે બંધીમાં રહેવું છે. પછી મહારાજે કહ્યું જે, હે તમે દક્ષિણ દેશમાં નહિ જાઓ ? પછી આત્માનંદ સ્વામીએ કહ્યું જે, હે મહારાજ, હું નહિ જાઉં. (૧૫૧)

પછી મહારાજે કહ્યું જે આત્માનંદ સ્વામીની આજ્ઞામાં દેહપર્યંત રહેવું હોય તે આ કોરે આવો અને જેને ન રહેવું હોય તે જોળને માર્ગે જાઓ. પછી મહંત કર્યા હતા તેણે પણ જોળનો માર્ગ લીધો પછી મહારાજે આત્માનંદ સ્વામીને કહ્યું જે તમે વડોદરાની ભાગોળમાં પડયા રહેજો અને એક પુરાણી મોકલીશું તે કથા કરશે તે સર્વે સાંંભળજો અને શહેરમાં ઝોળી માગી આવજો ને જમીને આનંદમાં રહેજો. એમ કહીને પછી સર્વે સાધુને કહ્યું જે, એની આજ્ઞામાં દેહપર્યંત નહિ રહે તે સત્સંગ બહાર છે. (૧૫૨)

પછી સાધુ મહારાજને પગે લાગીને ચાલ્યા તે માર્ગમાં રાત રહીને બામણગામ ગયા અને મહારાજ વરતાલથી બુધેજ ગયા. ત્યાં રાત રહ્યા અને પછી બોચાસણ આવીને રાત રહ્યા. બોચાસણથી જમીને મહારાજ બામણગામ આવ્યા. તે સાધુ જમી રહ્યા ત્યાર પછી આવ્યા. પછી મહારાજ બહેચર પંડયાની મેડી ઉપર આથમણે બાર બારી હતી તેમાં આવીને બિરાજ્યા અને સાધુ હેઠે બેઠા દર્શન કરતા હતા. પછી મહારાજને હરિભક્તે રસોઈનું પૂછયું ત્યારે મહારાજે કહ્યું જે અમે તો જમ્યા છીએ ને આ પાળાને કાજે રસોઈ કરો. એમ કહીને હરિભક્તને કહ્યું જે, અમારે મહી ઉતરવી છે તે એકલબારાનો આરો સારો છે ? પછી સૌએ કહ્યું જે, હે મહારાજ, ઉતરાય એવું છે. પાળા જમીને આવ્યા એટલે મહારાજ ચાલ્યા ને સાધુયે ચાલ્યા પણ શંકા મનમાં રહે જે, મહારાજને ગમતું હશે કે નહિ. પછી મહારાજે સામું જોઈને કહ્યું જે આવો પછી સાધુ રાજી થઈને ભેળા ચાલ્યા ને મહી ઉતરવા ગયા ત્યારે ખૂતણું આવ્યું. તેમાં મહારાજની ઘોડી ખૂંતી તેથી પગમાં મોજડી હતી તે દટાઈ ગઈ, પછી બીજી પગની મોજડી નાખી દીધી. પછી પાળો લેવા ગયો, મહારાજે તેને ના પાડી. નદી ઉતર્યા પછી સામે કાંઠે જઈને પગહાથ ધોઈને કહ્યું જે, આ આરો તો બહુ ભૂંડો છે. આ તો ભગવાનની ઈચ્છાએ ઉતરાયું. (૧૫૩)

પછી ચાલ્યા તે કોળી ઠાકોરના દરબારમાંથી બે બાઈઓ નાઈ આવીને નળ્યમાં ઉભી રહીને કહ્યું જે, આજ રાત અહીં રહો. ત્યારે મહારાજે કહ્યું જે, અમારે સુરતના સંઘ ભેળું થાવું છે, માટે ન રહેવાય. પછી તો બાઈએ બહુ તાણ કરી. પછી મહારાજે આત્માનંદ સ્વામીને કહ્યું જે, તમારી મંડળીમાં બહુ ચાલે એવા સાધુ હોય તેને કહો તે સંઘ ભેળા થઈને કહે જે, મહારાજ પાછળથી આવશે માટે વાટ જોશોમા; પછી એક સાધુને મોકલીને કહ્યું જે, દોરા ગામે સંઘ છે, તે રાતોરાત ચાલ્યા જજો. પછી મહારાજ ગામમાં જઈને ઠાકોરના દરબારમાં રાત રહ્યા અને સાધુનાં મંડળ તો ગામ ડભાસા જઈને રાત રહ્યા. (૧૫૪)

અને સવારમાં સાધુ પ્રભાતિયાં બોલતા હતા ત્યાં મહારાજ આવ્યા અને એમ બોલ્યા જે, આવો મહાપુરુષો ત્યારે આત્માનંદ સ્વામીએ સાધુને કહ્યું જે સાંભળો ત્યાં મહારાજ ફરી બોલ્યા જે આવો મહાપુરુષો ! પછી સાધુ રાજી થઈને એમ બોલ્યા જે મહારાજ આવ્યા ! મહારાજ આવ્યા ! એમ કહીને સૌ સાધુ ઉઠયા, તે પછી મહારાજ ભેળા ચાલ્યા તે ગામ સેજેકુવે આવ્યા. પછી મહારાજ ઘોડીથી ઉતરીને બહિર્ભૂમિ ગયા. પછી આવીને મૃત્તિકાએ કરીને હાથ ધોઈને પછી કોગળા કર્યા. પછી દંતધાવન કરતાં એમ બોલ્યા જે, જુઓને જોગ તો કઠણ જ હોય, તે કોઈ દિવસે અન્ન મળે ને કોઈ દિવસ ન મળે તોયપણ આનંદમાં રહેવું અને તે ન મળ્યું તો એમ જાણવું જે, દેહનું પ્રારબ્ધ એવું હશે, તેણે ન મળ્યું. મહારાજ દાતણ કરી રહ્યા પછી કોગળા કરીને ઘોડીએ અસવાર થઈને ગામ સરસવણી ગયા. (૧૫૫)

ત્યાં વાણિયાને ઘેર ઉતારા કર્યા અને પછી તે વાણિયાના ઘરમાં બેસીને મહારાજે વતું કરાવીને સ્નાન કર્યું ને વસ્ત્ર બદલીને તે વાણિયાને ઘેર થાળ થયો તે જમવા પધાર્યા, મહારાજ જમીને આવ્યા ત્યાં સાધુની રસોઈ તૈયાર થઈ, પછી તે સાધુને જમાડયા તે સાધુ જમી રહ્યા પછી મહારાજે કહ્યું જે, અહીં સાંકડ બહુ છે, તે માટે માણસને દર્શન નથી થાતાં, તે સારુ ચાલો બહાર બેસીએ. પછી મહારાજ બહાર પધાર્યા, તે ગામની ભાગોળે એક આંબલી હતી, તેનું મૂળ ઉંચું હતું, તે ઉપર ગાદલું નાખ્યું તે ઉપર શ્રીજી મહારાજ ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા અને શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતા અને મુક્તાનંદ સ્વામી આદિક સાધુ તથા કોરે મોરે ગામના માણસ બહુ આવ્યા ને સભા થઈ. એક ગામના પાટીદાર માર્ગમાં મનસુબો કરીને આવ્યા જે, સ્વામિનારાયણના પગમાં ઉર્ધ્વરેખા છે, તે આપણને દેખાડે તો તે ભગવાન ખરા. તે એવી રીતે વિચારીને સભાથી દક્ષિણાદે કોરે આવીને ઉભા રહ્યા. તે અજાણ્યા તેથી પાસે તો આવી શકયા નહિ પછી મહારાજે કહ્યું જે, ઓરા આવો. તે પાસે આવ્યા અને મહારાજે ચરણારવિંદ લાંબા કરીને કહ્યું જે, તમે અમારા પગ સામું જુઓ. પછી તે પાટીદારે મહારાજના પગમાં ઉર્ધ્વરેખા જોઈ ને ચરણસ્પર્શ કરીને બહુ રાજી થયા ને તે

પાટીદાર બોલ્યો જે, હે મહારાજ ! તમે અમારા મનના ઘાટ હતા તે પૂરા કર્યા, માટે તમે તો અંતર્જામી છો. એમ કહીને ઘણાંક માણસ વર્તમાન ધારતા હવા. (૧૫૬)

પછી મહારાજ પાછા ગામમાં તે વાણીયાને ઘેર પધાર્યા, તે આથમણે મુખારવિંદે ઢોલિયા ઉપર વિરાજમાન થયા, પછી સાધુ આરતી કરીને ધૂન બોલતા હતા. ત્યાં એક છડીદાર આવ્યો ત્યારે મહારાજે હાથની સાને કરીને સાધુને છાના રાખ્યા ને કહ્યું જે, આ કોણ છે? ત્યારે એ બોલ્યો જે, હું તો કાનુજીનો છડીદાર છું, તે મને કાનુજીએ મોકલ્યો છે ને કહ્યું છે જે, સ્વામિનારાયણ કૃપા કરીને અહીં પાદરે પધારે તો ઠીક નહિતર અમને હુકમ કરો તો અમે દર્શન કરવા આવીએ. પછી છડીદારને મહારાજે કહ્યું જે, જાઓ કહો જે, આવે પછી ચોપદાર તો ગામમાં ગયો, પછી મહારાજે મુક્તાનંદ સ્વામી આદિક મોટેરા સાધુને એકાંતે તેડીને પૂછયું જે, આ કેવું માણસ છે? પછી સર્વે સાધુએ કહ્યું જે, એ માણસ સારું નથી, પછી તો આપની મરજી. મહારાજે કહ્યું જે, આડા અવળા ખસી જાઈએ, તો માણસને અવગુણ આવશે જે, સ્વામિનારાયણ ભાગી ગયા અને એ તો રાજા માણસ છે તે ભેળા હાથી ઘોડા હોય, ગાડી હોય, તેણે કરીને વગડામાં મોલ હોય તેને ભેળાવે, તેણે કરીને લોકોને ઘણો અવગુણ આવે માટે ભૂત પ્રાણી માત્રના પ્રેરક ભગવાન પ્રેરશે તેમ થાશે, માટે ચાલો આપણે સૌ જાઈએ, એમ કહીને વાણિયાને કહ્યું જે, આ ઘોડી તમને આલી; ત્યારે વાણિયે કહ્યું જે, હે મહારાજ, આ વેલ્ય જોડીએ ? તે મહારાજે સાંભળ્યું નહિ અને મહારાજ ચાલી નીકળ્યા, તે ભેળા સાધુ ચાલી નીકળ્યા. તે ગામ બહાર કૂવો હતો તે કૂવાના કાંઠા ઉપર બેઠા અને ફરીને મુક્તાનંદ સ્વામી તથા આનંદ સ્વામી આદિકે કહ્યું જે આ માણસ તો મહા મેલો છે, પછી મહારાજની મરજી. પછી મહારાજે પાળાને કહ્યુંઃ અમારા ભેળા કોઈ પાળા નહિ, તમે સર્વે સેલડીએ જાઓ, કાલ આપણે સેલડીએ ભેગા થાશું અને અમારા ભેળા કાળો વાણંદ તથા લક્ષ્મીરામ ભટ્ટ, એ બે ધોળા લુગડાવાળા આવે પણ બીજો કોઈ ન આવે. ત્યાં વાણિયો વેલ્ય જોડીને આવ્યો, તે વેલ્યમાં મહારાજ બેઠા, તે સાધુએ સહિત પાદરે આવ્યા. (૧૫૭)

પછી તે કાનોજીની જાગ્યા આગળ હાટ હતું તેમાં મહારાજ બેઠા ને ચોપદારને કહ્યું જે ખબર કર જે મહારાજ આવ્યા છે ? પછી કાનોજી આવ્યા અને એક રુપિયો તથા એક નાળિયેર મૂકીને મહારાજને પગે લાગીને કહ્યું જે, અમારી કચેરીમાં પધારો. પછી મહારાજ પધાર્યા ને તેણે દરવાજે બંધી કરાવી જે, મુંડિયા વિના બીજા કોઈને પેસવા દેશો નહિ, ત્યારે મહારાજે કહ્યું જે, આ લક્ષ્મીરામ અમારા પુરાણી છે, તેને આવવા દેજો. પછી સાધુ માંહેલી કોર ગયા તેની વાંસે હરિભક્ત પણ માથાનું લૂગડું કાખમાં ઘાલીને ગરી ગયા. (૧૫૮)

પછી કાનોજીના શાસ્ત્રી તથા મહારાજના શાસ્ત્રી તેને પરસ્પર ચર્ચા થઈ. તેમાં એક દાદુપંથી વેરાગી, તે ભણેલો ને મહા ખલેશ્વર, તે ઘડ બેસવા દે નહિ ને જ્યારે સગુણનું પ્રતિપાદન કરે ત્યારે નિર્ગુણનો પક્ષ લે અને જ્યારે નિર્ગુણનું

પ્રતિપાદન કરે ત્યારે સગુણનો પક્ષ લે. એ રીતે વડચડ કરતાં અર્ધ રાત ગઈ. પછી મહારાજે કહ્યું જે, જોઈએ તમારી માળા શેની છે ? એમ વેરાગી પ્રત્યે કહ્યું ને મહારાજે હાથમાં લઈને લગારેક તાણી, તે તુટી ગઈ. પછી તે વેરાગી એમ કહેવા લાગ્યો જે, મારી માળા તુટી, મારી માળા તુટી. એમાં તે ચર્ચાની ખબર રહી નહિ. પછી તે વેરાગી તો તે માળાના મણકાને ભેળા કરવા રહ્યો ને પછી તે પુરાણીને મહારાજે પૂછયું જે તમે ક્યાં રહો છો ? તે પુરાણીએ કહ્યું જે અયોધ્યા પાસે ગામ છે તેનું નામ લીધું. ત્યારે મહારાજે કહ્યું જે તે ગામમાં અમારા મામા વશરામ રહે છે, પછી તે પુરાણી એમ બોલ્યો જે, અહો વશરામ તમારા મામા ! એમ કહીને પુરાણી આશ્ચર્ય પામ્યો. પછી તે પુરાણીએ કહ્યું જે, અહો! તમારાં તો ઘર મોટાં તે માટે તમારે વિદ્યા હોય તેમાં શું કહેવું? (૧૫૯)

પછી તે કાનોજીએ જાણ્યું જે, ચર્ચા આળસી એમ જાણીને તે કાનોજીએ તે પુરાણીને કહ્યું જે, તમે એમ કહેતા હતા જે, અમદાવાદમાં સ્વામિનારાયણ ટીકો મારીને સમાધિ કરાવે છે. તે આમાં ટીકો મેલવાવાળા કોણ ? પછી તે પુરાણીએ કહ્યું જે બહુ દિવસની વાત છે, તેની કોઈ ઓળખાણ રહી નહિ. પછી કાનોજીએ તે પુરાણીને ગાળ દીધી. જે લુચ્ચા ગુજરાતી કાલની વાત છે તેને કહે છે, ઓળખતો નથી ને માણસ તો ઘોડિયામાંથી દેખ્યો હોય તેને પણ ભૂલતા નથી. પછી મહારાજે કહ્યું જે, એને શીદ વઢો છો ? એ તો અમે, તે અમને તો કોઈક માયાવી કહે છે જે, એ તો પ્રસાદી દે છે તે ગાંડા થઈ જાય છે ? કોઈક કહે છે જે એ તો માથું ફેરવી નાખે છે. એ રીતે જગતમાં કહે છે તેમાં કોને મોઢે હાથ દઈએ ? ત્યારે કાનોજીએ કહ્યું જે તમે કહ્યું એ વાત સર્વે મારી પાસે આવી છે. (૧૬૦)

પછી મહારાજે કહ્યું જે, તમારે પૂછવું હોય તો પૂછો. પછી તેણે કહ્યું જે, એકાંતે આવો તો પૂછીએ. પછી મુક્તાનંદ સ્વામી તથા મહારાજ તથા કાનોજી, એ ત્રણે ઓરડીમાં ગયા. પછી ત્યાં જઈને કાનોજીએ કહ્યું જે, "આ અંગ્રેજ આવ્યો છે તે ગાયોને મારે છે, મારાથી તે જોવાતું નથી. તે માટે એક લાખ રુપિયા આપો તો એને મારીને કાઢી મેલીએ" પછી મહારાજે કહ્યું જે લાખનો શો ભાર છે ? એ તો અમારા હાથમાં એકેકો રુપિયો મેલે તો લાખ થાય ને એક સમૈયો કરીએ તો લાખ રુપિયા થાય પણ બીજું પૂછવું હોય તે પૂછો. કાનોજીએ કહ્યું જે, અમારે બીજું કાંઈ પૂછવું નથી; પણ કાલ રોટલા જમીને ચાલજો. પછી મહારાજે કહ્યું જે, સૌના ભગવાન પ્રેરક છે. માટે કાલ કોણે ભાળ્યું છે ? માટે હમણે હાજર હોય તે લાવો પછી તેણે કહ્યું જે, આ ટાણે તો સૌ લોક સૂઈ રહ્યા છે; માટે સવારમાં રસોઈ કરાવીશું. (૧૬૧)

પછી સજ્યા પાથરી તે ઉપર ઓશિકાં તથા ઢીંચણિયાં તથા ગાલમશુરિયાં તથા ઓછાડે સહિત જે સજ્યા તે ઉપર મહારાજ ચોફાળ ઓઢીને પોઢયા હતા અને પછી કાનુજી બીજો ચોફાળ લાવ્યો, તેને મહારાજે કહ્યું જે, અમારે તો છે, તો પણ તે કાનોજીએ કહ્યું જે, નવો ચોફાળ છે, એમ કહીને મહારાજને ઓઢાડયો. પછી વાળંદને કહ્યું જે, મહારાજની પગચંપી કર. તેને મહારાજે ના પાડી, તોય કહ્યું જે, ના, ના મહારાજ, પગચંપી કરવા દ્યો. પછી કાનોજી ગયા, પછી વાળંદને ઉઠાડી મેલ્યો, પછી મહારાજ પોઢયા તે સમે આત્માનંદ સ્વામી તો ઢોલિયાની પાંગતે બેઠા હતા, પછી લગારેક પોઢીને મહારાજે બેઠા થઈને પૂછયું જે, કેટલી રાત છે ? પછી આત્માનંદ સ્વામીએ કહ્યું જે કૂકડો બોલ્યો ને ઘંટીઓ પણ ફરે છે ત્યારે મહારાજે કહ્યું જે સૌને ઉઠાડો, પછી સૌ ઉઠયા. પછી મુક્તાનંદ સ્વામીને કહ્યું જે સ્વામી, રાતોરાત વડોદરે ખબર ગઈ તે સવારમાં માણસ બહુ આવશે, તે માટે બહાર નહિ નીસરવા દે. તે સારુ અમે બહિર્ભૂમિ જઈ આવીએ ને તમે બેસી રહેજો. પછી મહારાજ ઉઠયા. (૧૬૨)

તે મહારાજની સાથે નૃસિંહાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, કાળો વાળંદ એ ચાર જણ ગયા. પછી બહિર્ભૂમિ જઈ આવીને હાથ માટી આવ્યા, ત્યાં ગામમાંથી એક માણસને નીકળતો દેખીને એમ બોલ્યા જે, ચાલો, ચાલો, કોઈક વાંસે આવશે. પછી ત્યાંથી ચાલ્યા તે આઘે જઈને એક લીંબડાને થડે બેઠા ને હાથ માટી આવ્યા, ત્યાં મહારાજે વાત કરી જે, એને તો રુપિયા જોઈએ છીએ, બીજું કાંઈ કામ નથી. એમ કહીને આત્માનંદ સ્વામીને કહ્યું જે, તમે જઈને મુક્તાનંદ સ્વામી આદિક ભણવાવાળા સાધુ સૌને કહો જે, સરસવણી જાઓ ને તમે અહીંથી જમીને ચાલજો, એમ કહીને મહારાજ ચાલી નીસર્યા. તે મહી ઉતરીને બામણગામની ભાગોળે જઈને ખોડા પંડયાને ખબર મોકલી જે, મહારાજ ભૂખ્યા ભાગોળે છે, તે જે હાજર હોય તે લાવો, પછી મઠનો રોટલો ને દહીંની દોણી લાવ્યા, તે મહારાજ જમ્યા

ને જમીને સેલડી ગયા, ત્યાં પાળા હતા તે ભેગા થયા પછી પાદરામાં સાધુ હતા તેની પાસે કાનોજીએ માણસ મોકલ્યું ને કહ્યું જે, મહારાજ ક્યાં છે ? પછી તે સાધુએ કહ્યું જે, અહીંથી સવારમાં નહાવા ગયા છે. પછી ત્યાંથી ગમે ત્યાં ગયા તેની અમને ખબર નથી. તે પછી મધ્યાહ્ને સાધુને રસોઈ થઈ, તે સાધુ જમીને ચાલી નીસર્યા. (૧૬૩)

કેટલાક દિવસ કેડે મહારાજે વરતાલ હુતાશનીનો સમૈયો કર્યો, મહારાજ પધાર્યા ને દેશદેશના હરિજન ભેળા થયા ને મહારાજે બે હોજ કરાવીને રંગ ભરાવ્યો ને ફરતી બાવળના ઝાંખરાની વાડય કરાવી તે ઉપરવાસે કૂવો છે, ત્યા કોસ જોડાવીને હોજ ભરાવ્યા, પછી એક બાવળ હતો તે ઉપર નગારું ચડાવ્યું, તે વગાડે અને સાધુ સર્વેના બે પક્ષ થયા, તે પરસ્પર રમવા માંડયા, ધોળા લૂગડાવાળો કોઈ ન પેસે, પછી મહારાજ ત્યાં પધાર્યા, તે ઘોડાની ઘૂમરીએ સહિત મહારાજ વાડની બહાર ઊભા રહ્યા અને ચારે કોરે માણસ સમાય નહિ એટલા આવીને ઊભા રહ્યા. ત્યાં અલૈયા ખાચરે વાડ સોંસરી ઘોડી નાખી, તે આગળ બાવળના કાંટા અને સાધુએ પિચકારીની સેડયું મારી, તે ઘોડી અકળાઈ ગઈ અને મહારાજે સર્વે જરીયાની વસ્ત્ર તથા અંગ અંગને વિષે ઘરેણાં સહિત ઘોડીએ બેઠા હતા, તે હસતા હવા તથા બીજાં મનુષ્ય પણ હસતાં હવા, એટલે તે માની હતો તે ઘોડીને પાછી હઠાવવા માંડી. તે પછી ઘોડીને બાવળના એક તો કાંટા વાગે ને તે સાધુએ પીચકારીએ કરીને મારવા માંડી, એટલે ઘોડી ન ગરી શકી અને મહારાજ મુખારવિંદ આડો રુમાલ દઈને હસતા રહે નહિ, એ રીતે કેટલીક વાર રમ્યા, પછી રમત આળસી ને કોળી બહુ આવેલ તેના ઢુંગ ને ઢુંગ ઉભાં હોય, ત્યાં મહારાજ જઈને ઘોડી સોંસરી નાંખે એટલે ઢુંગ વિખાઈ જાય. એવી રીતે સંઘમાં હરિજન સૌને દર્શન દેતા ચારે કોર ફર્યા, પછી રસોઈ થઈ ને મહારાજ ગામમાં પધાર્યા ને પછી મહારાજ જમ્યા ને સૌ સંતને જમાડયા. (૧૬૪)

અને બે આંબા ઉપર મોભ નાખીને ભારે હીંડોળો બાંધ્યો; તે ઉપર મહારાજ વિરાજમાન થયા અને મહારાજે માથે મુગટ ધારણ કર્યો હતો ને કાનમાં કુંડળ ધારણ કર્યાં હતાં, તે સમે હરિભક્તે ચંદન, પુષ્પ, ભારે વસ્ત્ર તથા ભારે ઘરેણાંએ કરીને મહારાજની પૂજા કરી, પછી સાંજને સમે સાધુએ ચંદન પુષ્પના હાર–તેણે કરી ને મહારાજની પૂજા કરી ને આરતી ઉતારી તે સમે આકાશમાંથી ચંદનની વૃષ્ટિ થઈ તે કેડે મહારાજને જમાડવા સારુ બાઈઓ થાળ લઈને આવીયું ત્યારે સાધુ તથા હરિભક્તે માગ કરીને ગાદલું આગળ પાથર્યું. પછી મહારાજ મુગટ સોતા ગાદલા ઉપર વિરાજમાન થયા તે મુગટ ઉતારીને હેઠો મૂકયો ને કહ્યું જે ભારે મરી ગયા એમ કહીને મહારાજ જમવા બેઠા તે નાનાં પ્રકારનાં ભોજન વ્યંજન પોતાની રુચિ પ્રમાણે જમ્યા અને જમીને ચળુ કર્યું ને કોગળા કરીને એમ ને એમ તે ગાદલા ઉપર પોઢી રહ્યા પછી તે બાઈઓએ એમ જાણ્યું જે, મહારાજ પોઢયા એટલે બાઈઓ ગઈ ને બીજા માણસ પણ મહારાજ પોઢયા એટલે એ પણ વેરાઈ ગયા પછી મહારાજ ઉઠયા તે બુધેજવાળા ખોડાભાઈના ગાડામાં જઈને સૂઈ રહ્યા તેની કોઈને ખબર નહિ. પછી પરોઢિયે ગાડું હાંકયું તે બુધેજ ગયા. પછી સવારમાં કાઠીએ મહારાજને ખોળવા માંડયા ને કહે છે જે, મહારાજ કયાં છે ?

તે જડયા નહિ. ત્યારે લક્ષણા કરી જે ખોડાભાઈનું ગાડું નથી માટે બુધેજ ગયા. પછી ત્યાંથી ઘોડે ચઢીને સર્વે ચાલ્યા તે જઈને બુધેજ ભેળા થયા, પછી મહારાજ હસ્યા ને રાજી થઈને તે કાઠીને જમાડયા. ત્યાંથી મહારાજ ગઢડે પધાર્યા. (૧૬૫)

એક સમે બોટાદમાં હુતાશનીનો સમૈયો મહારાજે કર્યો તે ગામથી આથમણી કોરે તળાવની પાળ ઉપર લીંબડો હતો, તેની હેઠે ગાડું લાવીને તે લીંબડાના થડની સાથે તે ગાડાનો ઉંટડો બાંધ્યો ને તે ગાડા ઉપર ઢોલિયો બિછાવ્યો હતો ને તે ઉપર મહારાજ વિરાજ્યા હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા ને ઉત્તરાદે મુખારવિંદે વિરાજતા હતા અને પોતાના મુખારવિંદ આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને મુક્તાનંદ સ્વામી આદિક સાધુ વાજીંત્ર લઈને કીર્તન ગાતા હતા. પછી સુંદરિયાણાના વનો શેઠ આવ્યા, ત્યારે મહારાજે સાદ કરીને મુક્તાનંદ સ્વામી પાસે બેસાર્યા. પછી મુક્તાનંદ સ્વામીએ વાત કરી જે, આ અવસર છે જો ગુલાલ લાવો તો. પછી વનોશા ગુલાલ મણ એકની ગાંસડી બાંધાવીને લાવ્યા, તે મહારાજ આગળ મેલી, પછી તે ગાંસડી મહારાજે છોડીને તે ગુલાલની મૂઠીઓ ભરીને સાધુ તથા હરિભક્ત ઉપર નાખતા હવા ને પછી રસોઈ થઈ. તે પોતે જમીને સાધુને જમાડયા, પછી પોતે ઘોડીએ અસવાર થયા, તે ભેળા પોતાના સખાના ઘોડાની ધૂમરીએ સોતા તે ગામને ફરતો આંટો દઈને ઉતારે આવ્યા. (૧૬૬)

પછી ગોડી આરતી ધૂન થઈ. તે કેડે સાધુ કીર્તન ઝાઝીવાર બોલ્યા, તે કેડે સૌએ પથારીઓ કરી ને મહારાજ તો ગાડાની ઉપર ઢોલિયો હતો તેના ઉપર બિરાજ્યા. પછી રાણપુરના સિપાઈ આવતા મહારાજે ભાળ્યા તે મહારાજે પાળાને કહ્યું જે, કોઈ માણસ આવે છે તેને ટપારો. ત્યારે તે પાળાએ હાકલ કરીને કહ્યું જે, કોણ છે ? ત્યારે તેણે કહ્યું જે, અમે રાણપુરના સિપાઈ છીએ. પછી મહારાજે કહ્યું જે, આવો, પછી તે આવીને મહારાજના મોઢા આગળ બેઠા ને પછી મહારાજે કહ્યું જે, તમારે આટલું મોડું કેમ આવવું પડયું? એમણે કહ્યું જે, અમારા ભેળો દુકડનો બજૈયો છે તેણે કહ્યું જે, સ્વામિનારાયણ ભેળા દુકડના બજૈયા છે, તે ચાલો જોવા જઈએ એટલે જોવા આવ્યા છીએ. પછી મહારાજે પાળાને કહ્યું જે, દેવાનંદ સ્વામીને બોલાવો. સારંગી, સતાર, મૃદંગ લઈને ગવૈયા હોય તે આવો. પછી એ આવ્યા ત્યારે મહારાજે કહ્યું જે, આ દુકડના બજૈયા છે, તેને દુકડ આપો ને દેવાનંદ સ્વામીને કહ્યું જે, તમે સરોદો લ્યો ને ચોતાલી પદ બોલો. પછી તે દેવાનંદ સ્વામી સરોદો લઈને ચોતાલો બોલવા માંડયા. તે દુકડવાળો ભેળો ન થયો. પછી તે સિપાઈ જોઈને આશ્ચર્ય પામ્યા ને કહ્યું જે, આ તો ભારે ગાનારા છે. ત્યારે રાત ઘણી ગઈ. પછી તે સિપાઈ ગામમાં ગયા ને મહારાજ તથા સાધુ સર્વે સૂઈ રહ્યા. (૧૬૭)

પછી બીજે દિવસ દાહા ખાચરના દરબારમાં રસોઈ થઈ ને પછી મહારાજ જમવા પધાર્યા ને મહારાજ જમ્યા ને સાધુને જમાડયા ને પછી એના ફળિયામાં એક ઓટો છે એની ઉપર મહારાજ ઉભા રહીને સાધુ દીઠ એકેકો સુખડીનો લાડવો આપીને સાધુને કહ્યું જે, ફરવા જાઓ એમ આજ્ઞા કરી, પછી તે સંઘ હતો તે વેરાઈ ગયો. (૧૬૮)

ત્યાર પછી કેટલાક દિવસ પછી ગઢડે મહારાજે સમૈયો કર્યો. તે બોટાદને માર્ગે મંચ કરાવ્યો ને તે મંચ ઉપર ઢોલિયો બિછાવ્યો તે ઉપર મહારાજ બિરાજ્યા ને પોતાના મુખારવિંદ આગળ સાધુ તથા સત્સંગીની સભા ભરાઈને બેઠી હતી ને તે સભામાં ગાવણું થયા પછી વાતો થઈ ને પ્રશ્ન ઉત્તર થયા. ત્યાં એક રાવળે મહારાજ આગળ ગાવા માડયું ત્યારે મહારાજે કહ્યું જે કેમ ગાઓ છો ? ત્યારે એણે કહ્યું જે, મહારાજ આપને રાજી કરવા ગાઉં છું પણ કાંઈ લીધાની આશાએ નથી ગાતો. પછી તેને મહારાજે સોનાનો બાજુબંધ હાથે બાંધ્યો હતો તે છોડીને આપ્યો. (૧૬૯)

તે સમે મુક્તાનંદ સ્વામીએ વિસામણનો વેષ કાઢયો હતો ને તેમણે કેડિયું ડગલાં જેવું ખલતું પેર્યું હતું અને માથે મોટો ચોફાળ બાંધ્યો અને બે હાથમાં કડતાલો લીધી અને તે એમ બોલવા માંડયા જે, એક કબીર ભક્ત ને ધનો ભક્ત આદા. ધનો ભક્ત અને જાદરો ભક્ત આદા ને નરસિંહ મહેતો આદા અને મીરાંબાઈ આદા ને શબરી આદા, એમ ઘણા ભક્ત ભેળા થયા ને એમ ભક્તની સભા થઈ. કેના ત્યાં ઘોડા ઉપાડયા. ત્યાં બરછી નાખી કેના ત્યાં સોંસરી ફરડ નીસરી એમ કહીને બે હાથમાં કડતાલો વગાડવા માંડયા. તેણે કરીને મહારાજ અત્યંત હસ્યા અને સર્વે સભા હસી, એમ હસતા હવા. (૧૭૦)

તે સમયે બોટાદથી એક માણસ આવ્યું, તેણે કહ્યું જે, રાતે દિવાનનું લશ્કર બોટાદ હતું તે આવે છે. પછી મહારાજે કહ્યું જે, મર આવે ને દાદા ખાચરને કહ્યું જે, તમે દરવાજે ખબર રાખજો અને પછી લશ્કર આવ્યું. તે ગામથી આથમણી કોરે ઘેલાની કોરે ધાર ઉપર ઉતર્યું. પછી ત્યાંથી ગામમાં પધાર્યા ને રસોઈ થઈ તે મહારાજ જમ્યા ને સાધુને જમાડયા. પછી મહારાજે સૌને કહ્યું જે, આજ તો સવારમાં નહાવા સૌ ખીજડિયાને આરે જાઓ ને લશ્કરના થડમાં થઈને એક એક નોરે ચાલજો, ભેળા ન ચાલવું. પછી તે દિવાનજી પાસે માણસ મેલ્યું, જે તમારે ચર્ચા કરવી હોય તો અમારા પુરાણી આવે. તે પુરાણી સંઘાથે ન કરો તો અમારા બ્રહ્મચારી આવે અને તે બ્રહ્મચારી સંગાથે તમારે ઠેપ ન આવે તો અમારા શ્રીપાત આવે અને તે શ્રીપાત સંગાથે તમારે ચર્ચા ન કરવી હોય તો અમારા પરમહંસ આવે અને પરમહંસની સંગાથે ચર્ચા ન કરવી હોય તો અમારા પાળા આવે. પછી તો દિવાનજીએ કહ્યું જે અમારે ચર્ચા નથી કરવી. પછી બીજે દિવસ સવારમાં નહાવાને સારુ સંત હરિભક્તનો નોર થયો. તે મધ્યાહ્ન સુધી આળસ્યો નહિ અને ફેર પાછા જમીને નહાવાને અર્થે ચાલ્યા, તે દિવસ આથમતા સુધી નોર રહ્યો. પછી તો દિવાનજીએ કહ્યું જે, આ સ્વામિનારાયણ પાસે કેટલાક માણસ છે ! એમ બોલ્યો ને પછી તે તો ગયો. પછી મહારાજે સંઘને શીખ દીધી. (૧૭૧)

એક સમે મહારાજ ગામ શ્રી ડભાણમાં હતા. તે સાધુ પ્રત્યે એમ કહ્યું જે, અમારે ધરમપુર જાવું છે તે ગુરુ ગુરુ હોય તે આવજો, પછી તો મહારાજ ચાલી નીસર્યા ને સાધુ ચાલ્યા તે અંકલેશ્વર રાત રહ્યા, ત્યાંથી સાધુ સુરત ગયા. તે ઉધને મહાદેવ મહારાજ ઉતર્યા હતા ને ઉતરાદે મુખારવિંદે ખુરશીએ મહારાજ બેઠા હતા ને ડાબા હાથ ઉપર એક બીજી ખુરશી હતી. પછી તે શહેરનાં માણસ મહારાજને દર્શને આવ્યાં તે મહારાજને માટે ભેટ લાવે, તે પુષ્પાના હાર મહારાજને ચડાવે, તે હારને મહારાજ લઈને ખુરશીને ઠેબે લગાડે ને દૂધપેંડા તથા બરફીની માટલીઓ તેની ઉપરા ઉપર દેહેરીઓ ચઢાવી. (૧૭૨)

તેવા સમામાં સાધુ આવ્યા ને મહારાજે કહ્યું જે, આવો આત્માનંદ સ્વામી. પછી સાધુ સૌ પગે લાગીને બેઠા. પછી મહારાજે કહ્યુંજે, આનંદ સ્વામી, સૌ સાધુને હાર પહેરાવો, ત્યારે આનંદ સ્વામીએ હાર પહેરાવ્યા. પછી મહારાજે આત્માનંદ સ્વામી તરફ જોઈને કહ્યું જે, સાધુ સૌ ભૂખ્યા છે ત્યારે કહ્યું જે, હા મહારાજ, સૌ ભૂખ્યા છે. પછી મહારાજે આનંદ સ્વામીને કહ્યું જે, સાધુની પંગત કરો, પછી આનંદ સ્વામીએ કહ્યું જે, પૂરું નહિ થાય, ત્યારે મહારાજે કહ્યું જે પૂરું નહિ થાય. ત્યારે તેમણે કહ્યું જે હા મહારાજ નહીં થાય. થોડીક વાર પછી રસોઈ કરાવી. તે સાધુ જમ્યા ને જમીને મહારાજ પાસે આવીને બેઠા. (૧૭૩)

એક બોરડીએ હીંડોળો બાંધ્યો હતો તે ઉપર મહારાજ બિરાજ્યા ને તે સમે શહેરના સત્સંગી સૌ આવીને બેઠા ત્યારે મહારાજે કહ્યું જે તમે શહેરના સુંવાળાં માણસ ને અહીં ઝાડીનો મુલક છે તે સારુ તમારે રહેવું નહિ. પછી તે હરિભક્તે કહ્યું જે, સારુ મહારાજ નહિ રહીએ. એમ કહીને આડા અવળા વેરાઈને ભેળા થયા પછી મહારાજે આત્માનંદ સ્વામીને કહ્યું જે, આ માટલીઓ મીઠાઈની ભરેલી છે, તે સંભાળી લ્યો. પછી આત્માનંદ સ્વામીએ સાધુને કહ્યું જે, જાઓ લઈ લ્યો, ત્યારે સાધુ ગયા મોર પાળાએ તે માટલીઓ લઈને ગાંસડી બાંધી ને ગાડામાં મેલી દીધી ને કાંઈક રહ્યું હશે તે સાધુ ગયા તેને હાથ આવી ને કોઈને ન આવી. (૧૭૪)

પછી મહારાજ સાબદા થયા ત્યારે ગોવિંદભાઈએ કહ્યું જે, મહારાજ, સાધુ સવારે જમીને ચાલે, ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, દિવસ ઉગ્યા મોર રસોઈ થાય તો જમીશું નહિ તો પડયું રહેશે. પછી મહારાજે કહ્યું જે, ઝાડીનો મુલક છે માટે કાંટો કાંકરો વાગે તે સારુ દિવસ ઉગ્યા પછી ચાલજો. એમ કહીને કહ્યું જે, પરસ્પર હેત રાખજો પણ એક સંગાથે જીવને મેળવી દેવો. જેમ કાઠી ફેરે ચડે તે બબ્બે એકો કરીને ચડે અને એક સંગાથે જીવ મળી રહ્યો હોય તો જ્યારે વાર આવે ત્યારે એક જીવ વાળો હોય તે એક બીજાને મેલી જાય નહિ અને બીજા હોય તે કહે જે તું કોણ સારુ મરતો સે ? એ તો છો રહ્યો. તેમ આપણે પણ એક સંગાથે તો જીવને મેળવી દેવો. તે શા માટે જે, વગડામાં કાંટો જ વાગ્યો; તાવ આવ્યો; ત્યારે બીજા ઉભા ન રહે ને એમ કહે જે, સ્વામી ધીરે ધીરે આવજો ને જે સંગાથે જીવ મલ્યો હોય તે કહે જે, સ્વામી કાંઈ ચિંતા કરશો નહિ, તમારે સુવાણ થાશે ત્યારે ચાલીશું માટે સૌ ભેળા થઈને ચાલજો. પરદેશનું ગામ છે. એમ કહીને મહારાજ ચાલ્યા ને સાધુ રહ્યા. પછી સવારમાં ઢેબરાંને રીંગણાનું શાક કર્યું. તે સાધુ દીઠ બે ઢેબરાં ને રીંગણાનું શાક આપ્યું, તે કોઈક તો જમીને ચાલ્યા ને કોઈક તો લઈને ચાલ્યા. (૧૭૫)

પછી બીજે દિવસ ધર્મપુર મહારાજ ભેળા થયા અને મૂળજી બ્રહ્મચારીએ લોઢીએ રોટલા કર્યા તે કાચા રહ્યા ને તે સાધુ઼ જમ્યા તેણે કરીને કેટલાક સાધુ માંદા થયા. તે પછી બીજે દહાડે કુશળકુંવરબાઈએ કહ્યું જે, બ્રહ્મચારી રસોઈમાં નહિ. તે બ્રહ્મચારીએ તો કાલ સાધુ બધાયને માંદા પાડયા. માટે અમારા બ્રાહ્મણ રસોઈ કરશે. એમ કહીને ચાર બ્રાહ્મણ મહિનાદાર રસોઈ કરવા રાખ્યા ને પોતે પાસે રહીને તે રસોયાને એમ કહે જે, આમ શાક કરો, આમ રોટલી કરો, આમ પકવાન કરો. એમ પોતે પાસે રહીને રસોઈ કરાવતાં ને સવારમાં શેલડીના ભારા તથા રસના ઘડા તથા ગોળની ભીલિયો આણી તે સાધુ પાસે મેલી. તે જેને રુચિ હોય તે જમે ને મધ્યાહ્ને રસોઈ થાય. તે સાધુને મહારાજ નિત્ય નિત્ય પીરસતા. (૧૭૬)

એક દિવસ તો દરબારમાં રસોઈ કરાવી ને સાધુ જમવા ગયા ને ત્યાં મહારાજે સાધુને લાડુ પીરસ્યા. પછી સૌ જમી રહ્યા. પછી સભા થઈ ને ગણદેવીનો એક પરમહંસ હતો, તે મહાભણેલો હતો. તે તો જે બોલે તે ઉપર શ્લોક લાવે. શ્રુતિ લાવે પણ એ તો મહારાજ હતા એટલે સમાધાન થયું, પણ બીજાને તો ન બોલવા દે એવો હતો. પછી મહારાજ મેડી ઉપર સાધુ ઉતર્યા હતા ત્યાં આવ્યા. આવીને તે સાધુને કહ્યું જે, જુઓને જે વાત પૂછીએ ત્યાં શ્લોક બોલે ને તમારે તો એકે શ્લોક કંઠે ન મળે, માટે ગીતાનો શ્લોક એક એક કંઠે કરો તો બધી ગીતા કંઠે થઈ જાય. પછી કાગળના કટકા ઉપર ભજનાનંદ સ્વામીએ એકુકો શ્લોક લખીને તે સાધુને દીધો. ત્યારે મહારાજે સાધુને કહ્યું જે, આ તમે શીખો, તમે આ શીખો એમ મહારાજે કહ્યું પછી સર્વધર્માન્પરિત્યજ્ય એ શ્લોક લખીને ભજનાનંદ સ્વામીએ કહ્યું જે, આ શ્લોક કેને આપીશું? ત્યારે મહારાજે કહ્યું જે, આત્માનંદ સ્વામીને આપો. પછી આત્માનંદ સ્વામીએ કહ્યું જે, એ તો મારે કંઠે છે ત્યારે મહારાજે કહ્યું જે, એ શ્લોક નહિ, એની ટીકા સહિત કંઠે કરો. પછી આત્માનંદ સ્વામીએ કહ્યું જે, ટીકા બહુ, તે કંઠે કેમ થાય ? ત્યારે મહારાજે કહ્યું જે, પૂર્ણાનંદ સ્વામી, પ્રભુતાનંદ સ્વામી, તમે ત્રણેયે મળીને કંઠે કરો એમ રામાનુજભાષ્ય સહિત શ્લોક શીખ્યાની આજ્ઞા કરી. (૧૭૭)

તે પછી મેડી ઉપર મહારાજ પાસે બાઈ આવ્યા ને કહ્યું જે, મહારાજ, દેશદેશથી સત્સંગી સૌને તેડાવો તે અહીં આવીને છ મહિના રહે ને ખર્ચ અમારો ખાય. પછી મહારાજે કહ્યું જે, કાઠિયાવાડનો સંઘ આવે તેમાં ભારે ઘોડા હોય. તે ભરુચ દાણ બેસે, ત્યારે બાઈએ કહ્યું જે, અંગ્રેજને કહીને બંધી કરાવું જે કાંઈ ન લે. ત્યારે મહારાજે કહ્યું જે, ઠીક છે પણ ઝાડીનો મુલક છે તે માર્ગમાં કોઈનું લૂગડુંલતું તાણે ત્યારે લાજ જાય, ત્યારે બાઈએ કહ્યું જે, દશદશ ગાઉ ઉપર ચોકી બેસારૂં. પછી મહારાજે કહ્યું જે, દેશાંતરના હરિભક્ત ઉપર કાગળ લખો, તે કાગળમાં એમ લખ્યું જે, આ તિથિ અને આ વારે આવજો. એમ લખીને દેશાંતરમાં માણસ મોકલ્યાં. પછી સાધુ રાજી થયા ને તે બાઈ રાજી થઈ ને પછી મહારાજ પોઢયા ને સૌ સંત પથારી કરીને સુતા. પછી મોટે પરોઢિયે મહારાજે ઉઠીને માણસ મોકલ્યો ને કહ્યું જે તું જા ને ઓલ્યા કાગળવાળા ભેળો થા ને કહે જે કોઈ આવે નહિ. (૧૭૮)

પછી સવારમાં રસોઈ મહારાજને સારુ થઈ તે જમીને પોઢયા ને સાધુને તો રસોઈની વાર હતી. પછી સાધુને અર્થે રસોઈ થઈ ને પંગત બેઠી ને આનંદ સ્વામીએ મહારાજ પાસે જઈને કહ્યું જે, મહારાજ પીરસવા ચાલો, એમ જઈને કહ્યું; પણ બોલ્યા નહિ. પછી આનંદ સ્વામી આવીને પીરસવા માંડયા. પછી તો પીરસતા હતા ત્યાં બાઈએ કહેરાવ્યું જે, ખાંડનું જમણ છે. તે કોઈ પાણી લેશો નહિ, ત્યાં સાધુ જમવા બેઠા, એવામાં મહારાજ હસતા હસતા આવ્યા ને એમ બોલ્યા જે, આજ સાધુ બહુ રાજી થયા ને અમથા પંગતમાં ફર્યા, વળી કહ્યું જે, આજ સાધુ રાજી થયા. ત્યારે બાઈ એમ

સમજ્યાં જે, છ મહિના અહીં રહ્યાનો ઠરાવ છે તેણે રાજી થયા ને સાધુ એમ સમજ્યા જે, આજ પાણી લઈને મેળાવ્યું નહિ તે સારુ મર્મ કરે છે. (૧૭૯)

પછી એક દિવસ બાઈએ આવીને મહારાજને કહ્યું જે, શાક શેનું સારું થાય ? ત્યારે મહારાજે કહ્યું જે, રીંગણાંનું શાક સારું થાય. આનંદ સ્વામી બોલ્યા જે, રીંગણાનું શાક સારું નહિ ને શાક તો ફનસનું સારું ત્યારે મહારાજ બોલ્યા જે, ફણસનું શાક સારું નહિ, એ તો રજોગુણી માણસે પ્રસિદ્ધ ન ખવાય તે માટે ઝાઝો હવેજ નાખીને ઘીમાં તળીને મોળપ કાઢે. પછી આનંદ સ્વામીએ તો ફણસ મંગાવીને શાક કરાવ્યું ને રસોઈ કરાવીને સાધુને જમાડયા. (૧૮૦)

સાંજને સમે એક ઘોડો લઈને કુંવર આવ્યો ને મહારાજને કહ્યું જે, આ ઘોડે બેસો ને આપણે હનુમાનજીએ ચાલો, ત્યારે મહારાજે નાજા જોગિયાને કહ્યું જે તમે આ ઘોડે બેસીને લગારેક ફેરવી જુઓ પછી ઘોડો ફેરવીને આવ્યા ને કહ્યું જે, ઘોડો તો સુતર દીસે છે પણ કાંઈક માંદો જણાય છે. પછી મહારાજે ના પાડી જે, અમે એ ઘોડે નહિ બેસીએ. પછી તે મોટો હાથી અંબાડિયે સહિત શણગારીને લાવ્યા ને તે ઉપર બેસીને મહારાજ ચાલ્યા ને સાધુને કહ્યું જે, કોઈ આવશો નહિ. પછી સાધુ તો શેરીએ જઈને માર્ગને પડખે ઊભા રહ્યા અને આત્માનંદ સ્વામી ને પરમચૈતન્યાનંદ સ્વામી, એક સાત માળનો કોઠો હતો તે ઉપર ચઢીને મહારાજનાં દર્શન કરતા હતા. પછી તો તે સાધુને કહ્યું જે, તમે પણ ચાલો, તે કોઠા ઉપર સાધુ હતા તેને પણ રુમાલ વીંઝીને બોલાવ્યા, પછી સર્વે સાધુ સહિત મહારાજ હનુમાનજીએ ગયા ને ત્યાં હાથીને ખડ નાખ્યું તે ખાવા રહ્યો અને મહારાજ તે ઉપર બેઠા છે, કુંવર ઘોડો દોડાવીને બંદુકનો ભડાકો કરે છે અને મહારાજ પાસે આવીને સલામ કરે તેને જોઈને મહારાજે બહુ વખાણ્યો. વળી તે ઘોડો મેલીને બીજે ઘોડે ચઢીને દોડાવીને વળી લાવ્યો ત્યારે મહારાજે વખાણ્યો. એમ કરતાં સાંજ પડી. પછી ત્યાંથી માણસ ગામ ભણી ચાલ્યાં ને ગામના ઝાપામાં ગરતાં તાયફો આવ્યો, પછી મહારાજે સાધુને સાને કરીને કહ્યું જે, તમે જાઓ અને તમને કોઈક અડી જાશે અને મહારાજ તો હાથીએ બેસીને ચાલ્યા. તે આગળ ગાયક ગાન કરે છે, એ રીતે દરબારમાં આવ્યા. (૧૮૧)

પછી મહારાજ હાથીએથી ઉતરીને સાધુ પાસે આવ્યા, પછી આરતી ધૂન થઈ. તે પછી સભા બેઠી. પછી ધર્મ સંબંધી વાત કરી જે, લાજ છે તે મોટો ધર્મ છે. તે શા માટે જે, સત્સંગી ન હોય તે પણ નિષ્કામીવ્રત રાખે છે. જે આપણા કુળની લાજ જાય; માટે લાજવાળે હીણું કામ ન થાય, એ દિશની ઘણીક વાત કરી. પછી ત્યાં કુંવર આવ્યો ને મહારાજને કહ્યું જે, હે મહારાજ, અમારી સભામાં ગાવણું થાય છે તે ત્યાં પધારો, પછી મહારાજે કહ્યું જે, અમારા સાધુ તો નહિ આવે ને અમે આવીશું. પછી મહારાજ પાળાએ સહિત પધાર્યા. (૧૮૨)

પછી મહારાજ તે સભામાં જઈને વિરાજયા ને કહ્યું જે, અમારે એક ઘરડા સાધુ છે તેને તેડી લાવો. પછી તે સાધુ આવ્યા, ત્યારે મહારાજે કહ્યુંજે, દેવાનંદ સ્વામી, તમે સરોદો લ્યો. પછી તે સ્વામીએ સરોદાનો તાર લગારેક ઉંચો ચઢાવ્યો, ત્યાં બીજા ગવૈયાએ તે સ્વામી આગળ હાથ જોડીને કહ્યુ જે અમારી આબરુ રહે તેમ કરજો. પછી સ્વામી બે પદ બોલ્યા.

'મોય તો લગન લાગી કેસે છૂટે જેસે હીરો ફોર્યો ન ફૂટે–મોય તો લાગી.'

એ રીતે બે પદ બોલ્યા, તેણે કરીને મહારાજ બહુ રાજી થયા. પછી સુરતના હરિભક્તે ભારે કિનખાબની ડગલી મહારાજને પહરાવી હતી તે ડગલી કાઢીને મહારાજે કહ્યું જે, અમે તો આ સાધુ ઉપર પ્રસન્ન થયા, પણ તે સાધુને દઈએ તો વગડામાં કોઈક મારીને લઈ જાય માટે એ ઉપર વારીને તમને દઈએ છીએ. પછી ત્યાંથી મહારાજ હસતા હસતા ઉતારે આવ્યા. પછી તે કચેરીના મનુષ્ય તે ગાન સાંભળીને આશ્ચર્ય પામતાં હવાં. (૧૮૩)

મહારાજ ઉતારે આવીને બોલ્યા જે, ભૂખ લાગી છે, પણ રાત બહુ ગઈ તે હવે કેમ થાય ? પછી તો દરબારનાં માણસ તહીં ઉભાં હતાં, તેણે કહ્યું જે, મહારાજ લ્યો દરબારમાં ખબર કરીએ, ત્યારે મહારાજે કહ્યું જે, દરબારમાં સૌ સૂઈ રહ્યાં હશે. પછી માણસે દરબારમાં જઈને કહ્યું તે કહેતાં વેંત બાઈ ઉઠયાંને કહ્યું જે, મહારાજને લગારેક ખમાડજો, હમણે લાવીએ છીએ. પછી તે માણસે જઈને મહારાજને કહ્યું જે, લાવે છે. એમ વાત કરે છે ત્યાં તો બાજરાનો રોટલો ને દહીંની તાંસળી ભરીને લાવ્યાં. તે મહારાજ આગળ મુકાવ્યું, તે દહીંમાં સાધુ રોટલો ચોળવા ગયા ત્યાં તે બાઈએ કહ્યું જે, આઘા પાછા માગ કરો તો હું ચોળી દઉં. પછી માગ દીધો તે બાઈએ આવીને રોટલો ચોળીને ઝીણો જેર કરી આપ્યો. પછી મહારાજ બહુ રાજી થઈને જમ્યા અને કહ્યું જે, મહારાજ દરબારમાં સામાન તૈયાર કરી રાખીએ એટલે બે ચાર જણ થઈને કરીએ, એટલે વાર ન લાગે. પછી તે બાઈને તાંસળી આપી. તે ગયા ને મહારાજ પોઢયા. (૧૮૪)

પછી બીજે દિવસે મહારાજ ઢોલિયે બેઠા હતા અને પોતાના મોઢા આગળ સાધુ બેઠા હતા. ત્યાં નિર્વિકલ્પાનંદ સ્વામીનો કાગળ આવ્યો, તેમાં મહારાજની સ્તુતિ બહુ કરી હતી જે, મહારાજ તમે મારી ગર્ભમાં રક્ષા કરી છે અને કાળકર્માદિક થકી મારી રક્ષા કરી તે માટે મોદકાનંદ, અનાત્માનંદ આદિક થકી મારી રક્ષા કરજો. ત્યારે મહારાજે કહ્યું જે, અનાત્માનંદ કોણ ? ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, અનાત્માનંદ મને કહે છે, તે શા માટે જે, ગામોગામ સત્સંગમાં મહારાજનો ને સંતનો દોષ દેખાડતો હતો. પછી હું પણ ગામોગામ એના દોષ દેખાડીને સત્સંગમાં કહેતો જે, એ વિમુખ છે. એની કોઈ વાત સાંભળશોમા. તેની દાઝે મને અનાત્માનંદ કહે છે. પછી મહારાજે કહ્યું જે, અમારી સ્તુતિ કરી છે, તે તો અમને લાંચ્યા છે ને આત્માનંદ સ્વામીને અનાત્માનંદ સ્વામી કહે છે ને પોતાને આત્મારુપે માને છે. એવી રીતે સાધુપણાની અને અસાધુપણાની ઘણીક વાત કરી. (૧૮૫)

પછી તે કુશળકુંવરબાઈના ભાઈને ઘેર મહારાજની પધરામણી કરી. તેણે પુષ્પ ચંદન આદિક ઘણે ઉપચારે કરીને મહારાજની પૂજા કરી અને મહારાજને માથે મુગટ ધરાવ્યો, તેણે રુપિયાનો થાળ ભરીને મહારાજ સન્મુખ મેલ્યો, પછી આરતી ઉતારી, પછી ઓચ્છવ થઈ રહ્યો ને પછી મહારાજને માટે થાળ થયો. ત્યાં મહારાજ જમવા પધાર્યા. પછી સાધુ માટે રસોઈ થઈ ને મહારાજે પીરસીને સાધુને જમાડયા ને તે દિવસ મહારાજ સાધુએ સહિત નદીએ નાવા પધાર્યા.

ટાઢય જેવું હતું તે સારુ તાપ કર્યો હતો તે મહારાજે સહિત સાધુ તાપતા હતા. ત્યાં વાત નીકળી જે, આ વાડી બહુ સારી છે, તે ત્યાગીને રહ્યા જેવી છે અને વાસિયા ઘઉં થાય છે ને ફળ, ફૂલ, કંદમૂળ આદિક જે જોઈએ તે મળે. પછી માતંગ મુનિ બોલ્યા જે, મહારાજ આ સાધુને રહ્યા જેવી જગ્યા છે. પછી મહારાજ હસ્યા અને મહારાજે કહ્યું જે, તમારે ફળફૂલે નહિ ચાલે તમારે તો એક માટલી અન્ન જોઈએ. પછી મહારાજ હસતા હસતા ગામમાં આવ્યા ને થાળ તૈયાર થયો પછી તે જમ્યા ને સંતને જમાડયા અને મહારાજ નિત્ય દરબારમાં આનંદ સ્વામી, પરમચૈતન્યાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી ને પોતે એ ચાર જણ જઈને દરબારમાં કથા કરાવતા. (૧૮૬)

પછી એક દિવસ બાઈને સલામ કરવાને ભાઉડા આવ્યા તેમાં એક જમાદાર અને તેની ભેળા ચાલીસ માણસ આવ્યા. તે બાઈને બે રુપિયા લઈને સલામ કરવા આવ્યા ત્યારે બાઈએ કહ્યું જે, આ મહારાજને પગે મેલો, એ આપણા પ્રભુ છે ને આ સાધુને ઓળખી રાખજો. આવા કોઈક દિવસ આવી ચડે તો તેની ખબર રાખજો અને માર્ગે બીક જેવું હોય તો પાંચ ગાઉ મેલવા જજો. પછી સૌ રાજી થયા, પછી ત્યાંથી તે ભાઉડા ચાલી નીસર્યા. (૧૮૭)

પછી બાઈએ કહ્યું જે, હે મહારાજ, અમારી ઘોડશાળ જોવા સારુ આવો. પછી મહારાજના ભેળા આનંદ સ્વામી, પરમચૈતન્યાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, તેણે સહિત મહારાજ મેડી ઉપર ચઢયા અને પાંચ સાતેક બાઈઓ તે ભેળી ચઢી. પછી તે બાઈએ મહારાજને દેખાડવા માંડયું જે, આ ઘોડશાળ જુઓ ને આ કચેરી ભરાય છે તે જુઓ અને ઓલ્યો સામો ડુંગર તે ઉપર ભારે એક જાયગા છે, તે ઉપર પાણીનું પણ વલ છે. તે તે ઉપર ચઢે તે બે માણસ માર્ગમાં ઉભા રહે તો બીજા હજારો માણસે ચઢાય નહિ એવી જાયગા છે. માટે તમે ગાદીએ બેસો અને રાજ કરો. ત્યારે મહારાજે કહ્યું જે, અમારે રાજ નથી જોઈતું ને રાજની તો તમારે વાસના છે માટે મરીને પણ તું કુતરી સર્જીશ ને તું રહીશ. પછી બાઈએ કહ્યું જે, મારે વાસના નથી. મેં તો આટલા દિવસ તમારે વાસ્તે સાચવ્યું છે ને આજ સુધી મને કોઈ કહેતલ મળ્યો નથી. માટે કહ્યામાં કાંઈ બાકી રાખજોમા. જોજોને તમે ગયા પછી મારો દેહ નહિ રહે તે પછી બીજે દિવસ સવારમાં રસોઈ થઈ ને મહારાજ જમ્યા ને સાધુને જમાડયા. તે પછી ત્યાંથી મહારાજ સાબદા થઈને ચાલ્યા તે ગામની ભાગોળે મહારાજે કહ્યું, આનંદ સ્વામી, સાધુનું કેમ ? આવે કે ના આવે ? ત્યારે આનંદ સ્વામીએ કહ્યું જે, ગામડામાં ભિક્ષાનું નહિ ઠીક પડે. પછી મહારાજે સાધુને કહ્યું જે, સુરત થઈને આવજો. પછી મહારાજ ચાલ્યા તે ભેળા આનંદ સ્વામી તથા બે ત્રણ સાધુ ચાલ્યા ને મહારાજ વાસદે થઈને કાઠિયાવાડ પધાર્યા ને બાઈ હતાં તેણે મહારાજ ચાલ્યા પછી પંદર દિવસ કેડે દેહનો ત્યાગ કર્યો. (૧૮૮)

પછી કેટલાક દિવસ કેડે વડતાલે મહારાજે સમૈયો કર્યો, તે દેશ દેશના હરિભક્ત બહુ આવ્યા ને આંબલી તળે ઉતારા કર્યા તે આંબલી તળે ઓટા ઉપર મહારાજ ઊભા રહ્યા ને પિચકારી લઈને સાધુ સાથે રંગે રમ્યા તે રંગનો ઘડો આનંદ સ્વામી ઝાલી રહ્યા ને મહારાજ તે ઘડામાંથી પિચકારી ભરીને સાધુ સામી નાખે અને સાધુ પિચકારી સામી મહારાજ ઉપર નાખે એ રીતે રમતા હતા, ત્યાં ધમડકાના રાયધણજી તેની ભોજાઈ કરણીબાઈએ મહારાજની સામું કહેવા માંડયું જે, માણસને ભામે ચઢાવી દ્યો છો અને પછી ખબર લેતા નથી; માટે પરાણે ઊંટ ઉપર બેસારીને લઈશું. એવી રીતે મારાજ સામુ તોછડાં તોછડાં વેણ મુગ્ધાની પેઠે બોલવા માંડયા. પછી મહારાજે કહ્યું જે, અમે કેદી ના પાડીએ છીએ, અમને તો કોઈ તેડે તો હમણે આવીએ એટલે તે બાઈએ પોતાના માણસને હાકલ કરીને કહ્યું જે, ઊંટ લાવો. પછી તેણે ઊંટ આણ્યો. પછી સાધુએ એમ જાણ્યું જે, આ ઊંટ મહારાજ પાસે આવશે ને મહારાજ તે ઉપર બેસશે તો ઠીક નહિ; માટે સૌ સાધુ પિચકારીઓ મારો, પછી તો પિચકારીઓ મારી તેણે કરીને ઊંટ ઝાલ્યું ન રહ્યું. પછી મહારાજે એમ કહ્યું જે, અમે શું કરીએ? ઊંટ લાવ્યા હોત તો અમે તો હમણાં બેસત, એવી રીતે આનંદવિનોદ કરીને બહુ રાજી થયા. (૧૮૯)

પછી એક દિવસ મહારાજને એક હરિભક્તે હાર ચઢાવ્યો તે છડીએ કરીને લીધો તે હારને છડી વતે ફેરવવા લાગ્યા તે ચારે કોરે હરિભક્ત હાથ જોડી રહ્યા હાર લેવાને સારુ. પછી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, સૌના મન ફેરવવા માંડયા છે. પછી તે હાર છડીમાંથી ઉડીને આત્માનંદ સ્વામીની છાતીમાં વાગ્યો. પછી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, ઠીક નાખ્યો, ઠીક નાખ્યો. એ રીતે હાસ વિનોદ કર્યો. પછી રસોઈ થઈ તે મહારાજ જમ્યા ને સંતને જમાડયા. (૧૯૦)

તે પછી બીજે દિવસે બામણોલીએ રસોઈ હતી તે મહારાજ ત્યાં પધાર્યા તે માર્ગે ચાલતા મહારાજ કહે, મહારાજો, માર્ગે ચાલજો, કોઈના ખેતરમાં પગ દેશોમા. ત્યારે ગામ ગાનાના હરિભક્ત તે ખરસણની વાડ સોંસરા ખેતરમાં ગર્યા. તે ખેતરમાં કોઈક બાઈ હતી, તેણે ગાળ દીધી. ત્યારે મહારાજે કહ્યું જે, એ કોઈકને પાઘડી બંધાવે છે પછી હરિભક્તે કહ્યું જે, હા મહારાજ અમારે ગૃહસ્થને કાંઈ નહિ પછી છેટે છેટે ચાલતા તે હરિભક્તે ચોળાફળીનો કડલો ભર્યો. પછી મહારાજ બામણોલીએ જઈને રાણ્ય તળે ઉતર્યા ત્યાં તે હરિભક્ત ચોળાફળી મહારાજ પાસે મેલવા આવ્યો, ત્યારે મહારાજે કહ્યું જે, અમારી પાસે લાવીશમા. અમારે નથી જોઈતી. પછી મહારાજનો થાળ તૈયાર થયો તે મહારાજ જમ્યા ને સૌ સાધુને જમાડયા. પછી વડતાલે આવીને આંબલી તળે ઓટા ઉપર ઢોલિયો બિછાવ્યો હતો તે ઉપર બિરાજ્યા, ત્યાં ઓલ્યો ચોળાફળી લીધી હતી તે હરિભક્ત નજરે આવ્યો, ત્યારે મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, આ હરિભક્ત ક્યા ગામના ? ત્યારે મુક્તાનંદ સ્વામીને કહ્યું જે આ તો ગાના ગામના ધનજી સુતાર છે ને કહ્યું જે, આમના વતે તો ગાનામાં હરિભક્તને બહુ સમાસ છે. ત્યારે મહારાજે કહ્યું જે, એવડાં વખાણ કરો છો, પણ જેનું ચોળાફળી દેખીને ચિત્ત ચળ્યું તે બીજું શું ન કરે ? એવી રીતે ધર્મ સંબંધી ઘણીક વાત કરી. (૧૯૧)

પછી સૌ હરિભક્તને મહારાજે આજ્ઞા કરી જે તમને બહુ દિવસ થયા, માટે સૌ ઘેર જાઓ અને પછી બીજે દિવસ મહારાજને અર્થે મહુડેપરે થાળ કર્યા તે જમવા પધાર્યા. પછી નૃસિંહાનંદ ને આત્માનંદ સ્વામી તે વાંસેથી ગયા. તે મહારાજ જમીને ગાડા ઉપર ગાદલું નખાવીને વિરાજમાન હતા પછી મહારાજ બોલ્યા જે, સાધુ આવ્યા, તે કેરી લાવો, જમાડીએ પછી હરિભક્તે કેરી આપી. તે મહારાજ છોલવા બેઠા, પછી મહારાજે કહ્યું જે, આ પાળી તો બ્રાહ્મણની છે. પછી એક કોળીએ કહ્યું જે, મહારાજ, આ પાળી લ્યો. પછી તે લઈને મહારાજે કેરી છોલવા માંડી ને કહ્યું જે, આ તો કાંટિયા વરણની છે. પછી બીજો હરિભક્ત બોલ્યો જે, લાવો મહારાજ અમે છોલીએ તમારે હાથે વાગશે. ત્યારે મહારાજે કહ્યું જે, ભાઈ તમે કરો તે તમારે લાભ એમાં અમારે શું ફળ થાય, એ તો જે કરે તેને ફળ થાય એમ કહીને મહારાજે બે કેરીઓ છોલીને એક એક સાધુને આપી. (૧૯૨)

પછી મહારાજે કહ્યું જે, આત્માનંદ સ્વામી તમે અને પૂર્ણાનંદ સ્વામી બેને સત્સંગમાં કાંઈ વિક્ષેપ થાય તો ચાલીસ ગાઉ હોય તો પણ ત્યાં જાવું અને સત્સંગમાં ફરવું. પછી આત્માનંદ સ્વામીએ કહ્યું જે, અહો ! મહારાજ, શિવજીએ તો એમ માગ્યું જે–

વાર વાર વર માગહું, હર્ષ દિયો શ્રીરંગ;

પદ સરોજ અનુપાયની, ભક્તિ સદા સત્સંગ.

એવો જે સત્સંગ ને માગ્યા વિના મને આજ્ઞા કરો છો. પછી મહારાજે કહ્યું જે, સત્સંગે કરીને તમને સમાસ છે અને તમારાથી સત્સંગને સમાસ છે. (૧૯૩)

પછી ગામ બોચાસણવાળા કાશીદાસ બોલ્યા જે, હે મહારાજ અમારે ગામ તમે આવતા નથી. પછી મહારાજે કહ્યું જે, અમે આવતા નથી કે તમે આવતા નથી ? પછી મહારાજે કહ્યું જે, અમે વઢીને ઘેર મેલતા, તો તમાકુનું ગાડું લઈને આવતા, ત્યારે અમે કહેતા જે કેમ આવ્યા? ત્યારે કહેતા જે તમાકું વેચવા આવ્યો છું અને તમાકું વેચ્યા કેડે અમે કહેતા જે, કેમ રહ્યા ? ત્યારે કહેતા જે, ઉઘરાણી સારુ રહ્યો, એમ ગઢડું મેલતા નહિ અને હવે અમે સાંઠ ગાઉથી આવ્યા, તે અહીં આવ્યે દશ દિવસ થયા ને તમારું ગામ અહીંથી દશ ગાઉ છે, તો પણ તમે આવ્યા નહિ ત્યારે એ તે અમે ન આવ્યા કે તમે ન આવ્યા. ત્યારે કાશીદાસે કહ્યું જે, મહારાજ અમે ન આવ્યા, પછી મહારાજે દૃષ્ટાંત દીધું જે, સ્ત્રી જ્યારે પ્રથમ પરણે ત્યારે પતિમાં બહુ હેત હોય, પછી બે ત્રણ છોકરાં થાય ત્યારે કહે જે, દીસતા રહો, તેમ તમારે હવે ભક્તિ ઘરડી થઈ. એ રીતની ઘણીક વાત કરીને મહારાજ વડતાલે આવ્યા. (૧૯૪)

અને નારાયણગર બાવાની મેડીને ગોખે આવીને બેઠા અને હેઠે સાધુ ચોકમાં બેઠા ને મહારાજે જ્ઞાન, ભક્તિ સંબંધી વાત કરી, પછી સાધુ બહુ રાજી થયા ને બોલ્યા જે, આજ તો બહુ ભારે વાત થઈ. પછી મહારાજે કહ્યું જે અમે તો જેદીના પ્રગટ થયા છીએ તે દિવસથી આવી ને આવી વાત કરીએ છીએ; પણ તમારે એક અંગ હોતું નથી, અંગ વ્યભિચરી જાય છે, તે જેવી વાત થાય છે તેવો સ્વભાવ થઈ જાય છે, માટે પુષ્ટિ થાતી નથી. જેમ ઝાડવું હોય, તે એક ઠેકાણે રોપીને પાણી પાય તો બળ કરે ને બે દી અહીં રોપે ને બે'દી તહીં રોપે, તો તે ઝાડ સૂકાઈ જાય. માટે ભગવાનના ભક્તને એક અંગ દૃઢ જોઈએ. શા માટે જે ભક્તિ તો નવધા છે ને દશમી તો પ્રેમ લક્ષણા છે, એ દશ માંહેલી ભક્તિ પોતાને જે પ્રિય હોય, તે સંબંધી વાત થાતી હોય, તે ગ્રહણ કરવી ને પોતાના અંગમાં ભળતી ન આવે ત્યારે એમ જાણવું જે, આ બીજાના અંગની વાત થાય છે, તે શા માટે જે સત્સંગમાં અનંત પ્રકારની વાતો થાતી હોય માટે પોતાના અંગમાં ભળે તે ગ્રહણ કરીએ, તે દિશની ઘણીક વાત કરી. (૧૯૫)

તે પછી બીજે દિવસ ગામમાં હરિભક્તને ઘેર થાળ થયો તે મહારાજને તેડવા આવ્યા, પછી મહારાજ નાના નાના પરમહંસને તેડીને જમવા ગયા, પોતે જમીને તે પરમહંસને થાળ આપ્યો, પછી તે પરમહંસ જમી રહ્યા ત્યારે તે પરમહંસને મહારાજે કહ્યું જે, એક એક પ્રશ્ન અમને પૂછો, પછી જેને જેવું આવડયું તેવો પ્રશ્ન પૂછયો. પછી મહારાજ હસતા

હસતા નારાયણગર બાવાની મેડીને ગોખે આવીને બેઠા ને સાધુ ચોકમાં બેઠા. પછી જે સાધુ મહારાજ ભેળા જમવા ગયા હતા તે પ્રત્યે કહ્યું જે, અમને પૂછયા એટલા સર્વ પ્રશ્ન આત્માનંદ સ્વામીને પૂછો પછી તે સાધુએ આવીને સૌએ ઉપરા ઉપરી પૂછવા માંડયા. તેને જોઈને મહારાજે બહુ હસીને કહ્યું, આત્માનંદ સ્વામી કેમ છે ? પછી આત્માનંદ સ્વામીએ કહ્યું જે, હે મહારાજ આ તો બહુ ડાહ્યા, એમના પ્રશ્નનો ઉત્તર મેં નહિ થાય. પછી મહારાજે કહ્યું જે, આ બધાય તમારી ભેળા રાખો અને ચૂરણ ભણાવજો શા માટે જે ચૂરણ સર્વ ગ્રંથની બારાખડી છે. પછી મહારાજે કહ્યું જે, આત્માનંદ સ્વામીનું મંડળ એકકોરે અને બીજા સર્વે એકકોરે અને પરસ્પર પ્રશ્ન ઉત્તર કરો. તેમાં એક લ્યો ક્રિયાપક્ષ અને એક લ્યો કૃપાપક્ષ ત્યારે ઓલ્યા સાધુએ ક્રિયાપક્ષ લીધો, પછી મહારાજ કહે, આત્માનંદ સ્વામી બોલો. પછી આત્માનંદ સ્વામીએ કહ્યું જે, શું બોલીએ, અમારે તો કૃપા જ રહી તો પણ પરસ્પર સંવાદ થાતો હવો. તેમાં ઓલ્યા ઝાઝા એક બોલે ત્યાં દશ જણા ફરી વળે. પછી મહારાજ આકળા થઈને તે મેડીએથી હેઠા ઉતર્યા ને આવીને ઢોલીયો ઢળાવીને તે સંત મંડળ વચ્ચે બેઠા. પછી મહારાજે કહ્યું જે, બધાય આમ બાજો છો એ ચર્ચાની રીત નહિ. માટે તમારા મંડળમાં એકને મોટેરો કરો તે બોલે ને બીજા પડખેથી પોષણ કરે, પણ બોલે નહિ અને આત્માનંદ સ્વામી મોટેરો કરે. પછી આત્માનંદ સ્વામીએ કહ્યું જે અમારે નૃસિંહાનંદ સ્વામી મોટેરા. એની હારે હાર ને જીતે જીત. પછી ઓલ્યા બોલ્યા જે, અમારે સત્યાનંદ સ્વામી મોટેરા એની હારે હાર ને એની જીતે જીત. પછી મહારાજે કહ્યું જે, હવે પરસ્પર પ્રશ્ન ઉત્તર કરો. ત્યારે વ્રજાનંદ સ્વામીએ મહારાજને પ્રશ્ન પૂછયો ત્યારે મહારાજે કહ્યું જે, અમને શીદ પૂછો છો ? આત્માનંદ સ્વામીને પૂછો અમે તો બેયના સાહેદી છીએ. જેનો જેવો હશે તેનો તેવો કહીશું. પછી વ્રજાનંદ સ્વામીએ આત્માનંદ સ્વામીને પૂછયું જે, તમારે ભગવાન કૃપાસાધ્ય છે ને? ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે હા, અમારે તો કૃપાસાધ્ય. ત્યારે વ્રજાનંદ સ્વામીએ કહ્યું જે, કૃપા છે તે કોઈ દિવસે અકૃપાસાધ્ય થાય છે કે નહિ ? ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, ભગવાન કૃપા કરે, તે કોઈ દિવસે અકૃપાસાધ્ય થાય નહિ. પછી વ્રજાનંદ સ્વામી બોલ્યા જે, ગર્ભવાસમાં જીવને ભગવાને કૃપા કરીને જ્ઞાન દીધું જે સો જન્મનું સૂઝયું. પછી તે જીવે ભગવાનની પ્રાર્થના કરી જે, આ ગર્ભથી બહાર કાઢો તો તમને કોઈ દિવસ વિસારું નહિ. પછી ગર્ભથી બહાર આવીને ચોરાસીમાં શીદ જાય છે ? ત્યારે કૃપા કયાં રહી ? પછી આત્માનંદ સ્વામીએ કહ્યું જે, ભગવાન મોટા તે એમ વિચાર્યું જે, આ અલ્પ જીવના કૃત્ય સામું શું જોઈએ, એમ વિચારીને સર્વે મુક્તમંડળે સહિત કૃપા કરીને ભગવાન પૃથ્વી ઉપર દેહ ધરતા હવા ને તે જીવ પ્રત્યે એમ કહેતા હવા જે, અભાગિયા ગર્ભવાસમાં કોલ દઈને આવ્યો તે ભૂલી ગયો ? એવી રીતે ફરી કૃપા કરીને જીવને ચેતવ્યા સારુ આવ્યા. એમ આત્માનંદ સ્વામીએ ઉત્તર કર્યો. તે સાંભળીને મહારાજ બહુ હસીને સભામાં તાલી દઈને કહ્યું જે, આત્માનંદ સ્વામીએ વ્રજાનંદ સ્વામીના પ્રશ્નને ઉડાવી દીધા ને આત્માનંદ સ્વામી જીત્યા ! આત્માનંદ સ્વામી જીત્યા! એમ કહીને મૂકં કરોતિ વાચાલં એ શ્લોકનો અર્થ વિસ્તારીને કરતા હવા, જે મૂંગો હોય તેને ભગવાનની કૃપાએ વાચા આવે ને ભગવાનની કૃપાથી પાંગળો હોય તે ડંુગર ઉલંઘી જાય તે જુઓને વીસ વીસ પચીસ વર્ષના પુરુષ તથા બાઈઓ તે કામ રુપી ડુંગર ઉલંઘી ગયા. તે ભગવાનની કૃપાએ સ્ત્રી પણ પરણેલા ધણીનો ત્યાગ કરીને વર્તે છે અને પુરુષ પણ ભગવાનની કૃપાએ કરીને પરણેલી સ્ત્રીનો ત્યાગ કરીને વર્તે છે. એવી રીતે

કૃપાનું બહુ પ્રતિપાદન કર્યું. પછી રસોઈ થઈ તે સાધુ જમવા ગયા. મહારાજ સુતારને ઘેર પોઢવા ગયા ને તે પછી બીજે દિવસે મહારાજે વહેલી રસોઈ કરાવીને પોતે જમીને સંતને જમાડયા. (૧૯૬)

પછી ઉમરેઠને માર્ગે સાધુએ સહિત ચાલ્યા ત્યારે સત્યાનંદ સ્વામીએ મહારાજને કહ્યું જે, તમે ઘોડીએ કેમ બેઠા ? તમારો કૃપાસાધ્ય ભગવાન છે, તે એની મેળે ઉમરેઠ આવશે અને ચાલવું તે તો ક્રિયા થઈ પછી મહારાજે કહ્યું જે, અમને શા સારુ કહો છો ? આત્માનંદ સ્વામીને કહો ત્યારે સત્યાનંદ સ્વામીએ આત્માનંદ સ્વામીને કહ્યું જે, કેમ ચાલો છો? તમારે ભગવાન કૃપાસાધ્ય છે. તે અહીં બેઠા ઉમરેઠ આવશે. ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, અમને ભગવાને કૃપા કરીને બે પગ દીધા છે, તે ચાલીએ છીએ ને તે સમે ઝીણો ઝીણો વરસાદ વરસતો હતો. તે આત્માનંદ સ્વામી તો એક રાણ્ય હેઠે જઈને ઉભા રહ્યા. ત્યારે સત્યાનંદ સ્વામીએ કહ્યું જે, કેમ રાણ્યનો ઓથ લ્યો છો ? તમારે તો ભગવાન કૃપાસાધ્ય છે. તે ફોરાં નહિ અડે. ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, અમારે અર્થે ભગવાને કૃપા કરીને ઝાડ કર્યા છે, તે ઓથ લઈએ છીએ. એવી રીતે પ્રશ્ન ઉત્તર કરે અને મહારાજ હસતા જાય. આનંદ વિનોદ કરતા ઉમરેઠ પાસે ગયા ત્યાં વરસાદ વરસ્યો તે મહારાજે ચાદર ઓઢી હતી તે કાઢી નાખીને ઉઘાડે શરીરે મેહમાં ચાલ્યા ગયા અને તે સાધુએ ગોદડીઓ સાચવી હતી જે, રાતે ઓઢવા સારુ કામ આવે, તે ગોદડીઓ પલળી ગયું. (૧૯૭)

પછી મહારાજ ગામમાં પધાર્યા ને ત્યાં જઈને રુપરામ બ્રાહ્મણની મેડી ઉપર જઈને ઉતર્યા ને રાત રહ્યા. બીજે દિવસે નરભેરામ બ્રાહ્મણની રસોઈ હતી. તે મહારાજ જમ્યા ને સાધુને લાડુ પીરસીને જમાડયા ને પછીને દિવસ રુપરામ બ્રાહ્મણની રસોઈ તે રસરોટલીની હતી. તે મહારાજ જમ્યા ને સંતને રસ પીરસીને જમાડયા. (૧૯૮)

પછી પાછલે પહોર આત્માનંદ સ્વામી ને નૃસિંહાનંદ સ્વામી એ બે જણા મેડા ઉપર મહારાજ પાસે ગયા. ત્યાં એક ડાકોરના ઠાકોરજીનો પૂજારી આવ્યો, તે માનભોગનો એક પડિયો ઠાકોરનો પ્રસાદ લાવ્યો તે મહારાજ જમ્યા અને પછી હાથ ધોઈને કોગળા કર્યા. પછી તે પૂજારીએ મહારાજને પાનબીડી આલી. તે મહારાજે લગારેક ચાવીને નૃસિંહાનંદ સ્વામીના હાથમાં આપી ત્યારે આત્માનંદ સ્વામી અને નૃસિંહાનંદ સ્વામી એ બે જણ વહેચીને જમી ગયા અને તે પછી ડેલીના માળ ઉપર મહારાજ પાસે હરિભક્ત બાઈ ભાઈ આવીને ભરાયા. પછી આરતિ ધૂન કરી રહ્યા પછી કુસંગી બ્રાહ્મણ સ્ત્રીઓનો વેષ અને ધોળાં લૂગડાં પહેરીને આવ્યા. તેને જોઈને મહારાજે કહ્યું જે, તસ્કર આવ્યા છે, તે માટે જેને અડયે ઉપવાસ પડે એવી જે સાંખ્ય જોગી બાઈઓ, તે એક કોરે બેસો અને જેને અડયે ઉપવાસ ન પડે એવી જે બાઈઓ તે પડખે બેસો. એમ કહીને પછી મહારાજે કહ્યું જે હવે કીર્તન બોલો. પછી કીર્તન બોલ્યા જે,

અવિદ્યા છે નકટી નાર, પ્રભુથી પાછી ભાગે જો.

એ કીર્તન બોલ્યા. પછી મહારાજે આત્માનંદ સ્વામીને કહ્યું જે, અમે તો સવારમાં ચાલીશું. કેમ જે, અહીંની બજાર બહુ ગંધાય છે અને તમે સવારમાં સર્વે સાધુને વેરી દેજો અને કોઈને કહેશોમા. જન્માષ્ટમી અમારે કરજીસણ કરવી છે તે તમારું મંડળ લઈને આવજો. એમ કહીને મહારાજ તો સવારમાં ચાલી નીસર્યા અને સાધુ તો ફરવા ગયા. (૧૯૯)

પછી આત્માનંદ સ્વામીનું મંડળ તો કરજીસણ ગયું. તે સાધુ ગયા મોર મહારાજ તો પધાર્યા હતા તે નાના ભાઈ તરવાડીના ખેતરમાં કૂવા ઉપર ઓરડી હતી તેમાં દિવસે રહેતા ને પાછલો દિવસ બે ઘડી રહે ત્યારે આવતા તે ગામની ભાગોળે સ્વચ્છ જાયગા હતી, ત્યાં સાધુ હરિભક્ત ભેળા થાતા અને મહારાજ માથે કચ્છની ટોપી ધારણ કરતા અને તે ઉપર ફૂલના હાર ધારણ કરતા અને ડાબે ખભે ખેસ આડસોડે નાખીને કેડ સંગાથે તાણીને બાંધતા અને કાખમાં એક છડી રાખીને હાથની તાળીઓ લેતા તેણે કરીને મહા શોભતા તે એ રીતે આખી રાત ઓચ્છવ કરતા, તેમાં સેવાનંદ સ્વામી હતા, તે આગળ કીર્તન બોલતા અને બીજા વાંસે ઝીલતા. એ રીતે ઓચ્છવ કરતા અને રાત પહોર છો ઘડી હોય ત્યારે મહારાજ તે ઓરડીએ પધારતા તે દિવસે છાના રહેતા ને સાંજે આવતા. (૨૦૦)

તે પછી ગામ ડુવે રસોઈ હતી તે મહારાજ જમવા પધાર્યા તે પોતાની આગળ સાધુ ઝાંઝ મૃદંગ લઈને કીર્તન બોલતા ને મહારાજ ઘોડીએ ચઢયા હતા અને એવી શોભાએ યુક્ત ને વાજતે ગાજતે મહારાજ ગામમાં પધાર્યા પછી ત્યાં મહારાજ જમ્યા તે કેડે સાધુની પંગતિમાં મહારાજ પ્રથમ બે બે લાડુ ફેરવી ગયા. પછી સૌ જમતા હતા અને મહારાજ પીરસતા હતા, ત્યાં આત્માનંદ સ્વામી બે લાડુ જમીને ઉઠયા, ત્યારે મહારાજે હાકલ કરી જે, કોણ ઉઠયા ? ત્યારે તે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, હે મહારાજ, એ તો હું ઉઠયો, ત્યારે મહારાજે કહ્યું જે કેમ ઉઠયા ? બેસો. શા માટે કોઈ ઝાઝું જમતો હોય કોઈ ધીરે જમતો હોય, કોઈ થોડું જમતો હોય, માટે મોટેરાને તો મોરથી ઉઠવું નહિ અને જુઓને, અમે કેવા ઉતાવળા જમીએ છીએ, પણ પાંચ માણસ ભેળા જમવા બેસીએ છીએ તે સૌ જમે ત્યાં સુધી જમીએ પણ મોરથી ઉઠતા નથી. પછી મહારાજે કહ્યું જે, લાવો ખીચડી, ત્યારે હરિભક્તે કહ્યું જે, મહારાજ ઘી ઉનું કરવું છે. ત્યારે મહારાજે કહ્યું જે, તમને ઘી ઉનું કરતાં કયાં આવડે છે ? અહીં લાવો. ત્યારે તે ખીચડી લાવ્યા ને ઘીની તપેલી લાવ્યા, તે બેય એક કડાયામાં નાખીને હલાવીને પછી એક કટોરો ખીચડીનો ને એક કટોરો દહીંનો મહારાજે ફેરવ્યો, એવી રીતે સાધુને જમાડયા. (૨૦૧)

એક નાના પરમહંસ હતા તેણે સાધુને કહ્યું જે, આ રોળાનંદ ખબડદાર દીસે છે. તે પછી મહારાજ કરજીસણ આવ્યા ને તેને બીજે દિવસે મહારાજ ડાંગરવે કણબીને ઘેર રસોઈ હતી ત્યાં મહારાજ સારુ બાઈએ થાળ કર્યો હતો તે મહારાજ જમ્યા ને તે પછી સંતની પંક્તિ થઈ તેમાં મહારાજે બે બે લાડુ ફેરવ્યા. પછી બીજા જમે છે અને આત્માનંદ સ્વામી તો લાડવાને ન અડયા ને દાળ જમતા હતા. પછી મહારાજે કહ્યું જે, એકલી દાળ કેમ જમો છો ? નિઃસ્વાદી વર્તમાનમાં ફેર પડે છે ? ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે હે મહારાજ નિરસ્વાદી વર્તમાનમાં ફેર પડે તો મર પડે પણ લાડવા તો નહિ ખવાય. ત્યારે મહારાજે કહ્યું જે આ લાડવા ખાશો તે પછી ખીચડી ફેરવવી છે ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે તમારે ખીચડી ફેરવવી હોય તો ફેરવો, પણ લાડવા તો નહિ ખવાય. પછી મહારાજે હસીને તે લાડવા ઉપડાવી લીધા ને તે પછી દહીં ને ખીચડી સૌને પીરસી.(૨૦૨)

પછી મહારાજે કહ્યું જે, આ રોળાનંદ ખબડદાર દીસે છે, ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે હા મહારાજ, આ જેટલો બહાર દીસે છે તેટલો ભોમાં છે, શા માટે જે છાનોમાનો પડખે બેઠા હોય તેને મારે ને તેને કહેવા જાય ત્યારે તે કહે જે, મને મારે છે, માટે એનો ભય રહે છે. તે નહાવા જાય ત્યારે રખે કોઈને ધક્કો દઈને કૂવામાં નાખી દે નહિ તેની બીક રહે છે. પછી મહારાજે કહ્યું જે, ધોળાં લૂગડાં પહેરાવીને કોઈક હરિભક્તને સોંપી દેજો. (૨૦૩)

પછી ત્યાંથી મહારાજ સાબદા થયા અને ધુન્ય બોલતાં તાળી વજાડીને સાધુ ચાલ્યા, ઊભી શેરીએ જાતા હતા ત્યાં એક હાટમાં બે ત્રણ વાણીયા ઊભા હતા, તેના સામું જોઈને મહારાજે કહ્યું જે, પ્રભુ ભજો, પ્રભુ ભજો, નહિ તો જમડા મારીને હાડકાં ભાંગી નાખશે ને રામ, સીતા, રાધે કૃષ્ણ હરે વિઠોબા, રુકમાઈ, એ ધુન્ય બોલતા બોલતા પાતાભાઈને ઘેર ગયા, તે સૌને દર્શન દઈને ઘોડીએ ચઢીને મહારાજ ચાલ્યા, તે માર્ગમાં ઘોડી હાંકી તે ઘોડી તો દોડી ને મહારાજને રાણ્ય તરફ લીધા. પછી તે ઘોડીના મોઢા ઉપર બેવડો મારીને પાછી વાળી ને માર્ગે લાવીને કહ્યું જે આ ઘોડી મહા ભૂંડી અમને રાણ્યમાં ભરાવવા હતા તે માંડમાંડ પાછી વાળી છે. (૨૦૪)

પછી મહારાજ કરજીસણ આવ્યા, ત્યાં આંબલી તળે ઢોલિયો ઢાળ્યો, તે ઉપર ગાદલું ઓછાડે સહિત બિછાવ્યું હતું, તે ઉપર મહારાજ વિરાજમાન થયા અને પોતાના મુખારવિંદ આગળ સભા થઈ, પછી મહારાજે કહ્યું જે, મોકળા મોકળા બેસો ગરમી થાય છે. પછી માણસે માગ કર્યો, ત્યારે રોળાનંદને જોઈને મહારાજ બોલ્યા જે, તને બાથે લડતા આવડે છે ? ત્યારે તેણે કહ્યું જે, આવડે. ત્યારે મહારાજે એક વ્યાપકાનંદ સ્વામી હતા, તેની સાથે બાથે વઢાડયા, ત્યારે તેને બે ત્રણ વાર પછાડયો. ત્યારે તેણે કહ્યું જે, આ તો મોટો છે, તેની સાથે તો નહિ વઢું. ત્યારે બીજાને ઉઠાડયો, તેણે પણ પછાડયો, પછી રાઠોડિયાને ઉઠાડયો, તેણે પણ પછાડયો. ત્યારે તે રોળાનંદ કહે હવે નહિ વઢું. ત્યારે મહારાજે કહ્યું જે, અલ્યા ક્રોધ કર ત્યારે તે રોળાનંદ કહે, હવે ક્રોધ તો જાતો રહ્યો, ત્યારે મહારાજે કહ્યું જે, તને ગોલીટે રમતાં આવડે છે ? ત્યારે તેણે હા પાડી અને મહારાજને કહે જે, તમે મને પોચો વાળી આપો, ત્યારે મહારાજે કહ્યું જે, તું તારી મેળે વાળી લે ને રાઠોડિયાને અમે વાળી દઈએ, એમ કરીને પછી ગોલીટો લઈને સભાની વચમાં મહારાજના મોઢા આગળ ગોલીટે આવ્યા. તે રાઠોડીયાને ગોલીટો લમણામાં લાગ્યો તે આંખમાંથી આંસુ નીસરી પડયાં, પછી તે રોળાનંદ કહે જે, હવે નહિ વઢું, ત્યારે મહારાજે કહ્યું જે, અલ્યા રીસ કર ત્યારે કહે જે હવે રીસ તો જાતી રહી ત્યારે મહારાજે કહ્યું જે વાળ્ય પાછી પછી છડીદાર ઉમોભાઈ હતા. તેને પડખે નીસરતો બોલ્યો જે, ગાંજા કોથળી કરી હોત તો ખબર પડત. ત્યારે ઉમેભાઈએ મહારાજને કહ્યું જે, એ તો એના મનમાં બળ રહી ગયું જે ગાંજા કોથળી કરી હોત તો ખબર પડત. ત્યારે મહારાજે કહ્યું જે, ગાંજા કોથળી શું હોય ત્યારે ઉમેભાઈએ કહ્યું જે, ગોલીટાને આંટે આંટે બાવળિયાના કાંટા ભરાવતા જાય, તેને ગાંજા કોથળી કહે છે ત્યારે મહારાજે કહ્યું જે, લાવો બાવળની શૂળો ત્યારે તે રોળાનંદ કહે, નહિ વઢું, ત્યારે મહારાજ કહે કેમ નહિ વઢું. તું તારી મેળે ગોલીટામાં કાંટા ભરાવ્ય, નહિ તો અમે ગોલીટામાં ભરાવીએ, તોય ના પાડી એટલે હાર્યો. પછી આત્માનંદ સ્વામીને મહારાજે કહ્યું જે, તમારે મંડલમાં સાધુ ઝાઝા છે, તે હરિભક્તને કઠણ પડે છે, તે સારુ ચાર મંડળ કરો. પછી મહારાજે, ચાર મંડળી બાંધીને કહ્યું જે, આ રાઠોડીયા ને રોળાનંદ, એ બે તમારી મંડળીમાં રાખો. ત્યારે

આત્માનંદ સ્વામીએ કહ્યું જે, એક તો બીજા મંડળમાં ગયો, ત્યારે મહારાજે કહ્યું જે, એ બેય તમારા મંડળમાં રાખો જ્યારે રીસ ચડે ત્યારે એ બેયને ગોલીટે રમાડવા. શા માટે જે :–

"ઢોલ ગમાર પશુ અરુ નારી, એ સૌ તાડનકે અધિકારી." (૨૦૫)

તે પછી બીજે દિવસે જન્માષ્ટમી આવી, તે ગામની ભાગોળે ભારે વડ હતો, ત્યાં મહારાજને અર્થે હીંડોળો બાંધ્યો હતો, તે ઉપર મહારાજ શ્વેત વસ્ત્ર ધારણ કરીને વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિની સભા બેઠી હતી અને કીર્તન ઓચ્છવ થાતો હતો. પછી નાનાભાઈ ચંદનના બે તપેલાં લાવ્યા. તે સાધુ એક તપેલાનું ચંદન લઈને મહારાજને અર્ચા કરે ને શરીરે ચરચે ને બીજું તપેલું ચંદનનું લઈને મહારાજને ચરણારવિંદે ચોપડીને તે સાધુ છાતીમાં લઈને માથે ચડાવતા, એ રીતે કેટલાક સાધુએ પૂજા કરી અને આત્માનંદ સ્વામી પૂજા કરવા ગયા, ત્યારે બીજા સાધુએ મોર પૂજા કરી હતી તે ચંદન મહારાજના ભાલમાંથી રેગાળો ઉતરીને નાસિકા સુધી આવ્યો, તેને મહારાજે આંગળી વતે લઈને આત્માનંદ સ્વામી સામો છાંટયો, તેને જોઈને સભા સૌ હસી, ત્યારે આત્માનંદ સ્વામી બોલ્યા જે એ શું કર્યું ? તમે મોરથી પૂજા કરી. પછી સૌએ એ રીતે પૂજા કરીને આરતી ઉતારી. (૨૦૬)

પછી સાંજ થઈ ને ધૂન્ય આરતી કરી રહ્યા પછી કથા કીર્તન થાતાં હતાં, ત્યાં એક લાંઘણોજના ગરાસિયા તેની આગળ બે નિશાન ને બે ત્રણ મસાલો બળતી હતી તે આવ્યા ત્યારે મહારાજે કહ્યું જે, કોણ આવે છે ? ત્યારે હરિભક્તે કહ્યું જે, મહારાજ, એ તો લાંઘણોજના ગરાસિયા આવે છે. પછી મહારાજે કહ્યું જે, અમારા વસ્ત્ર લાવો, પછી તે વસ્ત્ર લાવ્યા. તે એક રેંટો મસ્તકે ધારણ કર્યો ને એક કસુંબલ રેંટો ડાબે ખભે ધારણ કર્યો તે પછી તે ગરાસિયા આવ્યા. તેને જોઈને મહારાજે કહ્યું આવો. પછી તે ગરાસિયા મહારાજનાં વસ્ત્રની બાંધણી જોઈને બહુ રાજી થયા ને જાણ્યું જે, કોઈક ભારે ગરાસીયો છે. પછી અર્ધ રાતે ઠાકોરજીનો જન્મ થયો. પછી કીર્તન ઓચ્છવ કર્યો તે પછી મહારાજે મયારામ ભટ્ટને કહ્યું જે, સવારમાં નાહીને જમાય કે નાહ્યા વિના જમાય ? ત્યારે મયારામ ભટ્ટે કહ્યું જે, નાહીને જમાય. (૨૦૭)

પછી મહારાજે બાઈઓને કહ્યું જે, કીર્તન બોલો ત્યારે બાઈઓ કીર્તન બોલ્યાં જે : "કોઈ ન જાણે એવું કરતો કાનજી જો."

પછી મહારાજ લઘુશંકાને મિષે ઉઠયા ને ત્યાંથી એક જાળાનો ઓથ કરીને ગામમાં ગયા, ત્યાં તો રસોઈ તૈયાર ભાળીને સાધુને તેડાવ્યા. પછી સાધુ આવ્યા ને જમવા બેઠા ને તે સાધુને કહ્યું જે સૌને કહેજો જે, મહારાજ કાઠિયાવાડમાં

પધાર્યા એમ કહીને મહારાજ તે ખેતરમાં ઓરડી છે ત્યાં પધાર્યા તે પછી સાધુએ જમીને ધર્મશાળામાં જઈને સૌ હરિભક્તને કહ્યું જે, મહારાજ તો કાઠિયાવાડમાં પધાર્યા. પછી સંઘ વેરાઈ ગયો. (૨૦૮)

પછી સાંજને સમે આત્માનંદ સ્વામી લાંઘણોજ જાતા હતા. તે ઓરડીએ પાળા હતા તેણે ભાળ્યા અને મહારાજને સંભળાવ્યું જે, આત્માનંદ સ્વામીની મંડળી જાય છે, ત્યારે મહારાજે કહ્યું જે, તેડાવો. પછી તે પાળે સાદ કર્યો. તે સાધુ આવ્યા ને મહારાજને પગે લાગ્યા. મહારાજે કહ્યું જે, અત્યારે કયાં જાશો, અસુરુ થયું છે. પછી આત્માનંદ સ્વામીએ કહ્યું જે, હે મહારાજ લાંઘણોજ ઢુંકડું છે, ત્યાં જાશું. મહારાજ કહે, સારુ જાઓ, પણ તમે પાટણ જાજો. પછી સાધુ ગયા લાંઘણો જ ને સવારમાં તળાવમાં નાહીને પૂજા કરતા હતા, ત્યાં મહારાજ ગામમાં આવ્યા ને સાધુને તેડાવ્યા. તેમાં માણસ બહુ મતવાદી ભેળા થયા, ત્યાં તો એક હાકેમ આવ્યો, તેનું નગારું સાંભળીને સૌ ઉઠી ગયા. પછી મહારાજને નવરાવ્યા. (૨૦૯)

પછી મહારાજ કોરો શ્વેત ખેસ પહેરીને ચાદર ઓઢીને ઓસરીએ આવીને ઢોલિયા ઉપર વિરાજ્યાને કહ્યું જે, રસોઈને કેમ છે ? ત્યારે બાઈએ કહ્યું જે, હે મહારાજ, તમારે તો રસોઈની વાર થોડી છે. ત્યારે મહારાજે કહ્યું જે, સાધુને રસોઈની શી વાર છે ? ત્યારે તેણે કહ્યું જે, હજી સાધુની રસોઈ કરવા માંડી નથી. ત્યારે મહારાજે આત્માનંદ સ્વામીને કહ્યું જે, તમે સાધુ કેટલા છો ? ત્યારે તેમણે કહ્યું જે, સાધુ તો આઠ છીએ. ત્યારે પાળાને કહ્યું જે, તમે કેટલા છો ? ત્યારે તે બોલ્યા જે અમે આઠ છીએ. ત્યારે મહારાજે આઠ સાધુ ને આઠ પાળાની રસોઈ મુળજી બ્રહ્મચારીને કહ્યું જે તમે કરો. ત્યારે બ્રહ્મચારીએ રસોઈ કરવા માંડી અને મહારાજ જમવા બેઠા ને જમીને મહારાજ ઓસરીએ આવ્યા ને ઢોલિયા ઉપર બેસીને સૂડી લઈને સોપારીના કટકા કર્યા. તે સાધુને એક એક દીધો ને મહારાજે આત્માનંદ સ્વામીને એક ફેંટો આઠ હાથનો શ્વેત આપ્યો ને કહ્યું જે, અહીં તો ગરમી બહુ થાય છે. તે બહાર કોઈ સારી જાયગા ને ઝાડની છાયા હોય ત્યાં જાઈએ. પછી આત્માનંદ સ્વામીએ કહ્યું જે, મહારાજ, બહાર તળાવની પાળ્યે એક પીપરની છાયા ને જાયગા બહુ સારી છે. ત્યારે મહારાજે કહ્યું જે સૌ જમી લ્યો. ત્યારે તે સાધુ તથા પાળાની પંક્તિ થઈ ને મહારાજે શીરો પતરાવળામાં પીરસ્યો અને પોતે વાહર નાખવા લાગ્યા. મહારાજે કહ્યું જે એકલો શીરો નહિ ખવાય. પછી રાયતા કેરીની ચીર મંગાવીને એક એક આપી. તે સાધુ જમે ને મહારાજ વાહર નાખે. પછી બાઈઓને કહ્યું જે તમે ઝટપટ જમી લ્યો, અમારે બહાર ચાલવું છે. ત્યારે બાઈઓએ કહ્યું જે, અમે કેમ જમીએ? અમારાં લુગડાં માંહે રહ્યાં છે પછી મહારાજે સૌ બાઈઓનાં લુગડાં બહાર ફગાવી દીધાં અને તે ભાવસાર બાઈઓ હતાં. તેણે કહ્યું જે મહારાજ, સાધુને ઘી તમારે હાથે ફેરવો. ત્યારે મહારાજે કહ્યું જે, મૂળજી બ્રહ્મચારી ફેરવશે. ત્યારે તેણે કહ્યું જે, ના મહારાજ, ઘી તો તમારે ફેરવવું. ત્યારે મહારાજે કહ્યું જે, અમારે ફેરવવું? ત્યારે તાંબડી ઘીની ગાળીને ભરી લાવો, પછી મૂળજી બ્રહ્મચારીએ ખીચડી ફેરવી ને મહારાજે

તાંબડી લીધી, પછી મહારાજે મૂળજી બ્રહ્મચારીને કહ્યું જે, ખીચડી ઉની છે તે સાધુ નહિ અડે, માટે ઘી વૃથા જાશે. તે સારુ તમે મેળવી દ્યો તો ઠીક. પછી મહારાજે ઘીની ધાર કરી અને બ્રહ્મચારીએ ચોળીને મેળાવ્યું. એવી રીતે સાધુ પાળાને જમાડયા. (૨૧૦)

પછી મહારાજ બહાર પધાર્યા ને હરિભક્તે ઢોલિયો ને ગાદલું લાવીને બિછાવ્યું, તે ઉપર મહારાજ વિરાજમાન થયા, ત્યાં તો મતવાદી બહુ આવ્યા તે કેટલીક વાર વાદ વિવાદ થયો; પછી મહારાજે કહ્યું જે, અમારે પરગામ જાવું છે, પછી પુગાય નહિ, એમ કહીને મહારાજ ગાડીમાં બેઠા ને ત્યાંથી ચાલી નિસર્યા. (૨૧૧)

ત્યાં એ અતીત આવ્યો તે બોલ્યો : કયાં જાતા હે, કયાં જાતા હે, જો ભાગતા હે. પછી મહારાજે એક હરિભક્ત નથુને કહ્યું જે, તમે અહીં ઊભા રહો, એમ કહીને વળી આત્માનંદ સ્વામીને કહ્યું જે, તમે ઊભા રહો. એ તો કાંઈનું કાંઈ કરશે પછી આત્માનંદ સ્વામી ઊભા રહ્યા, ત્યાં તો એણે આવીને કહ્યું જે, કહાં જાતે હો, કહાં ભાગતે હો, હમકું ઓળખતે હો? હમ ઓ હે, જો, જેતલપુરના મહારુદ્ર લુંટ ખાયા થા. પછી આત્માનંદ સ્વામીએ કહ્યું જે, હા મહારાજ, એના એ તમે, તમને ઓળખીએ છીએ. પછી તે બાવાને ફરતાં માણસ ઝાઝાં ફરી વળ્યા, પછી આત્માનંદ સ્વામી ચાલી નીસર્યા. (૨૧૨)

પછી એક વગડામાં માર્ગમાં વડ આવ્યો, તેની છાયાએ ગાડું ઉભું રાખ્યું ને મહારાજ ગાડામાં પોઢયા અને સાધુ વાહર નાખે છે ને એક પાળો ઉભો રહ્યો ને બીજા સૂતા. ગાડા વાંસે બાઈઓ બેઠી હતી ત્યાં વાંસે એક હવાલદાર અને પંદર વીસ કાઠી મઠીયા તે આવ્યા ને તેના મનમાં એમ જે, ગાડું માર્ગમાંથી ખેસવવું ને બાઈઓને અડવું એમ ધારીને તે ઢૂંકડા આવ્યા, ત્યાં બાઈઓએ જાણ્યું જે, અડશે ત્યાં તો એક બળદીયે દોટ મેલી તે પરબારા કાઢયા અને તે એમ બોલ્યા જે, માર્ગમાં ગાડું છોડીને બેઠા છો ને બળદીયો તો મારકણો છે, એવી રીતે વાંકા વચન બોલવા માંડયા અને તે બળદીએ દોટ મેલી તેને જોઈને સૌએ હાંકારો કર્યો, તેથી મહારાજ ફડકીને જાગ્યા ને ત્યારે ગોવિંદભાઈએ કહ્યું જે, શું કરીએ ભાઈ, એ તો પશુ છે અને માણસ હોય તેને ઠબકો દઈએ, ત્યારે મહારાજે કહ્યું જે શું થયું? ત્યારે બાઈ બોલ્યા જે, એને અમને અડીને ઉપવાસ પાડવો હતો પણ તમે બળદીયામાં પ્રવેશ કરીને પરબારા કાઢયા, ત્યારે જહોજી બોલ્યા જે, "શું કરીએ, ભેળો ઉચાળો છે, નહિ તો" એટલું બોલીને કહે "પડખે નીકળાત નહિ." પછી તે બાઈઓને મહારાજે કહ્યું જે, જેહોજી બોલ્યા તે તમે સમજ્યા ? ત્યારે બાઈએ કહ્યું જે, ઉચાળાની શી ચિંતા છે ? એક એક પાણો અમે મેલત તે ચાલ્યા જાત. (૨૧૩)

પછી મહારાજે બે પાળાને કહ્યું જે, આગળ જઈને ભુખણ ભાવસારને કહેજો જે, ઢોલ શરનાઈ લઈને સામૈયું કરશો નહિ, પછી મહારાજે કહ્યું જે, ગાડે તો નહિ બેસીએ, બળદીયો સેરે છે તે ગંધાય છે પછી મહારાજ બે ડગલાં ચાલે

ને બેસી જાય ને કહે જે, ચલાતું નથી અને બ્રહ્મચારી વાસો ચાંપે, એમ બેસતા ઉઠતા ખેતરવાક ચાલ્યા, ત્યાં એ પાળા ગયા હતા તે પાછા આવ્યા, ત્યારે મહારાજે કહ્યું જે, ભૂખણ ભાવસાર ક્યાં? ત્યારે કહ્યું જે, તે તો શરનાઈવાળાને તેડવા ગયા છે. ત્યારે મહારાજે કહ્યું જે, "અમે ના પાડવા મોકલ્યા હતા ને ?" એમ કહીને ધમકી દઈને ઉઠયા ને મૂઠી વાળીને ચાલ્યા તે કોઈ ભેળો ચાલી શકયો નહિ અને મહારાજની વાંસે સાધુ તથા પાળા અને બાઈઓ તે વાંસે દોડે, પણ કોઈ ગામના ઝાંપા સુધી ભેળા થયા નહિ. (૨૧૪)

પછી મહારાજ ગામમાં ભુખણ ભાવસારને ઘેર ગયા અને સાધુ તો બારોબાર નહાવા ગયા ને નાહીને ઓરડીએ આવીને ઉતારો કર્યો. પછી રાત ઝાઝી ગઈ તે ગામનાં માણસ સૌ વેરાઈ ગયાં. પછી મહારાજે કહ્યું જે, આત્માનંદ સ્વામી કયાં છે ? ત્યારે કહ્યું જે, મહારાજ ઓરડીમાં ઉતર્યા છે. ત્યારે મહારાજ કહે જે, તેડાવો. તે આ આત્માનંદ સ્વામી આવ્યા ત્યારે તેને મહારાજે કહ્યું જે, ત્યાં વાદી ભરાયા હતા તેણે કહ્યું જે, એકમેવાદ્વિતીયં બ્રહ્મ તેને તમે કેમ સમજો છો? ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, અમને તો જે મળ્યા તે અદ્વિતીય બ્રહ્મ જ છે. પછી મહારાજે હસીને કહ્યું જે, તમે બીજી રીતે સમજ્યા ને તેની તો સમજણ બીજી છે, ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, એની સમજણનું અમારે શું કામ છે ? અમારે તો મળ્યા છે તે જ અદ્વિતીય બ્રહ્મ છે અને તે વિના જે કિંચિત્– નાસ્તિક છે. પછી મહારાજે કહ્યું જે, અમે પરોઢિયે ચાલીશું અને તમે પીરાણ પાટણ જાઓ. પછી મહારાજ ગઢડે આવ્યા. (૨૧૫)

કેટલાક દિવસ કેડે મહારાજે કારિયાણી સમૈયો કર્યો ને દેશમાંથી સાધુને તથા હરિભક્તને તેડાવ્યા અને આત્માનંદ સ્વામી ને વ્યાપકાનંદ સ્વામી તે બે દિવસ મોરથી આવ્યા હતા ને મહારાજ વસ્તા ખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની આગળ ઢોલિયા ઉપર બેઠા હતા અને શેલડી છોલીને માંદલિયા કરી કરીને તાંસળી ભરી. ત્યાં આત્માનંદ સ્વામી તથા વ્યાપકાનંદ સ્વામી આવ્યા, તેમને મળ્યા ને વ્યાપકાનંદ સ્વામીને ઢોલિયે બેસાર્યા, આત્માનંદ સ્વામી હેઠા બેસવા ગયા, ત્યાં મહારાજે કાંડું ઝાલીને તેમને પણ ઢોલિયે બેસાર્યા અને પોતે ઓશીકાની કોરે ઉત્તરાદે મુખે બેઠા. મહારાજે શ્વેત ધોતિયું પહેર્યું હતું અને માથે શ્વેત ફેંટો બાંધ્યો હતો ને તે શેલડીનાં માંદલિયાંની તાંસળી સાધુની આગળ મૂકીને કહ્યું જે, જમો, ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, ન જમાય. કેમ જે, તમે મેઘપુરમા ગળ્યાની બંધી કરી છે. પછી મહારાજે કહ્યું જે, હવે અમે મોકળ કરી છે, તે જમો. તે પછી જમ્યા. (૨૧૬)

દરબારમાં ઉગમણે બાર ઓરડો છે, તેમાં મહારાજ પોઢયા હતા ને મહારાજની પાસે સોમલો ખાચર આદિક હરિભક્ત પાંચ છો સૂતા હતા તથા સાધુ આત્માનંદ સ્વામી તથા વ્યાપકાનંદ સ્વામી તે પણ સૂતા હતા. પછી વિસનગરનો સંઘ રાતે ભીમનાથ રહ્યો હતો. ત્યાંથી પરોઢિયે અમદાવાદના હીરાચંદ ને તેના ભેળા હરિભક્ત બે ત્રણ્યે

દોટ દીધી તે દિવસ ઉગ્યા મોર કારિયાણી આવ્યા ને મહારાજ ઉઠયા નહોતા ત્યાં તો ઝાંપે આવીને હોકારો કર્યો જે, ઝાંપો ઊઘાડો. ત્યારે મહારાજ ઝબકીને જાગ્યા ને કહ્યું જે કોણ છે ? કમાડ ખોલો. પછી કમાડ ખોલ્યાં અને તે હીરાચંદ સમાધિવાળા હતા તેણે દોટ દીધી તે મહારાજને બાથ ભરી ને મહારાજે તેને બાથ ભરી. તે પરસ્પર યુદ્ધ થયું, તે એકબીજાના પાડયા પડે નહિ. ત્યારે સોમલાખાચર આદિ હરિભક્તે જાણ્યું જે, મહારાજને વગાડશે એમ જાણીને પાસે ગયા ત્યારે મહારાજે કહ્યું જે, કોઈ પાસે આવશો નહિ ને જો પાસે આવશો તો તમે પીલાઈ જાશો. પછી મહારાજ તથા હીરાચંદના ઢીંચણ ધરતી ઉપર અડયા પછી હીરાચંદ તો પડી ગયા ને મહારાજ તો ઉઠીને ઢોલિયે બેઠા. પછી તે હીરાચંદ લગારેક પડી રહીને હબકીને ઉઠયા અને ઉઠતાં વેંત ફરીને મહારાજ સામી દોટ દીધી. પછી મહારાજ ઉઠયા ને તેને બાથ ભરીને પછાડયો. પછી મહારાજ ઢોલિયે બેઠા. તે પછી હીરાચંદ ઘડીવાર પડી રહીને ફેર હબકીને ઉઠીને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ કરતા મહારાજ સામા ચાલ્યા. ત્યાં મહારાજે હાકલ કરી જે હીરાચંદ, ત્યાં સમાધિમાંથી જાગ્યા ને ? જાગીને હા મહારાજ, કહીને ઉભા રહ્યા. પછી પાસે જઈને બેઠા, મહારાજે કહ્યું જે, કયાં રાત હતા ? ત્યારે તે હીરાચંદે કહ્યું જે, મહારાજ, રાત ભીમનાથ હતા ને નાનાભાઈ કરજીસણવાલા તે સંઘ લઈને આવે છે. ત્યાં તો તે સંઘ પણ આવી પહોંચ્યો. તેમને ગામમાં ઉતારો અપાવ્યો ને સાધુ આવ્યા તે ધર્મશાળામાં ઉતર્યા. સાધુ તથા હરિભક્ત સૌને ઉતારે રસોઈ કરીને જમ્યા. (૨૧૭)

બીજે દિવસ વસ્તા ખાચરના દરબારમાં ઢોલિયા ઉપર બેઠા હતા, ત્યાં સર્વે હરિભક્ત ચંદન પુષ્પ વસ્ત્ર અલંકાર આદિક અનેક પ્રકારના ઉપચાર તેણે કરીને મહારાજની પૂજા કરતા હતા. પછી અમદાવાદનો સરમાલી પાંચો ઓઝો તેણે મહારાજ સામું જોઈને મહારાજ પાસે ખાવાનું માગ્યું. પછી મહારાજે આનંદ સ્વામીને કહ્યું જે, આ બ્રાહ્મણને સીધું અપાવજો. પછી આનંદ સ્વામીએ વાણિયાને હાટેથી એક રુપિયાનું સીધું કબુલાવ્યું. પછી બીજે દિવસે મહારાજ પાસે તે બ્રાહ્મણે આવીને પેટ ઠબકાર્યું, ત્યારે મહારાજે આનંદ સ્વામીને કહ્યું જે, કાલ તમને કહ્યું હતું જે, આને સીધું દેવરાવજો, ત્યારે આનંદ સ્વામીએ કહ્યું જે, કાલ વાણિયાને હાટે રુપિયા એકનું કબુલાવ્યું છે, ત્યારે બ્રાહ્મણ સામું જોઈને મહારાજે કહ્યું જે, તમને સીધું દેવરાવ્યું છે, ત્યારે બ્રાહ્મણે કહ્યું જે, તે તો લઈને તળાવની પાળે જઈને રાંધીને જમ્યો. ત્યારે મહારાજે કહ્યું જે, રુપીયાનું બુધંય ! ત્યારે કહ્યું જે, હા. ત્યારે મહારાજે કહ્યું જે, તમને બેસારીને જમાડે તો કેટલું જમો ? ત્યારે તેણે કહ્યું જે હા મહારાજ હવે તો ઘરડો થયો અને જે દી હું જુવાન હતો તે દિવસ કોઈ ચોરાશી થાતી હોય ત્યારે રસોઈ કરવા જાવું પડે તે સવારમાં પાંચશેર ઘી, પાંચશેર ગોળ ને પાંચશેર લોટ, એ પંદર શેરની કુલેર ખાઈને રસોઈ કરવા જાઉં. પછી મહારાજે કહ્યું જે, પંગતમાં બેસો ત્યારે કેટલું જમો ? તો કહે અઢાર ઓગણીશ લાડુ જમાય. પણ ધરાઈને તો રામાનંદ સ્વામી હતા તે દી જમ્યો છું. પછી મહારાજ ત્રણ ચાર દિવસ રહ્યા ને સાધુને જમાડયા ને ઓચ્છવ થયો. પછી

સૌને શીખ દીધી અને બીજું દીપોચ્છવ થયો તે તો વચનામૃતમાં લખેલો છે ને સુરતના હરિભક્ત જાદવજી છપર પલંગ લાવ્યા એ આદિ બધી વાત જાણજો. (૨૧૮)

કેટલાક દિવસ કેડે મહારાજે સારંગપુરમાં સમૈયો કર્યો તે દેશ દેશના હરિભક્ત તથા સાધુને તેડાવ્યા. તે સાધુ તથા હરિભક્ત સૌ આવ્યા. ત્યાં મહારાજ પાસે એક દિવસ ચર્ચા થઈ. તે બાપુ મહેતો કહે મારે શ્રીપાત થાવું છે. ત્યારે મહારાજે તેના બાપને તેડાવીને કહ્યું જે, કેમ, આ શ્રીપાત થાય ? તેને બાપે કહ્યું જે, ના મહારાજ, એને રહેવા દ્યો ને મને શ્રીપાત કરો. ત્યારે મહારાજે કહ્યું જે, તમને ઘરડાને શ્રીપાત કરીએ ત્યારે તમારી સેવામાં એક માણસ જોઈએ માટે તમે તો નહિ. પછી તે બાપુની સ્ત્રીને તેડાવીને મહારાજે કહ્યું જે, આ બાપુ શ્રીપાત થાય છે તમે રાજી છો? ત્યારે તે બાઈએ કહ્યું જે, ઠીક મહારાજ, થાતા હોય તો અમે રાજી છીએ. પછી તેને શ્રીપાત કર્યા. (૨૧૯)

પછી ત્યાં જીવાખાચરના દરબારમાં રસોઈ થાય ને મહારાજ પીરસે ને સંત જમે. એ રીતે ઓચ્છવ થાય. એક દિવસ સાધુ સંઘાથે રંગે રમ્યા. પછી સાધુને ના પાડી જે, તમે રમવું આળસો ને કાઠિયાવાડની તથા ગુજરાતની બાઈઓ રમે. તે રમ્યાં ને તે બેય ઉપર મહારાજે રાજી થઈને કહ્યું જે, માગો ત્યારે કાઠિયાવાડની બાઈઓએ માગ્યું જે, સો રુપિયા આપો અને ગુજરાતની બાઈઓએ કહ્યું જે, મહારાજ, તમારું ભજન કરતાં તમારી માયા વિઘ્ન ન કરે. એ માગીએ છીએ. પછી તે ઉપર મહારાજ બહુ રાજી થયા ને ગુજરાતની બાઈઓ કેવી સમજે છે, તે પોતાના જીવનું રુડું થાય તેમ માગ્યું. તે પછી બે ચાર દિવસ રહ્યા ને તે પછી સમૈયો વેરાયો. (૨૨૦)

કેટલાક દિવસ પછી કેરી ટાણા ઉપર મહારાજ જેતલપુર પધાર્યા તે મહોલ ઉપર ઉતર્યા ને ફૂલવાડીમાં રાણ્યો હતી તે હેઠે સાધુ ઉતર્યા. તે ગામમાં નિત્ય રસોઈ થાય તે જમવા જાય ત્યારે સાધુના મંડળ વચ્ચે તાળી વજાડતા ને કીર્તન ગાવતા ગાવતા જમવા જાય ને ત્યાં જઈને પોતે જમે ને સંતને જમાડે. એવી રીતે ઓચ્છવ દહાડી થાતો. પછી એક દિવસે આકાશમાંથી એક તેજનો બિંબ હેઠો ઉતર્યો તે આવતાં આવતાં ત્રણ ભાગ થયા ને જે રાણ્ય હેઠે સાધુનો ઉતારો હતો તે રાણ્યમાં આવીને લીન થઈ ગયા. તેને આવતાં સૌએ ભાળ્યા. પછી મહારાજ મહોલમાં પોઢયા હતા ત્યાં બાઈઓ હતી તે બાઈઓએ સૌએ ભાળ્યા ને તે બાઈઓએ મહારાજને કહ્યું જે, હે મહારાજ, આકાશમાંથી એક તેજનો બિંબ ઉતર્યો ને આવતાં ત્રણ ભાગ થયા ને તે રાણ્યમાં સમાઈ ગયા. પછી કોઈએ ન ભાળ્યા, એ તે શું હશે ? પછી મહારાજે કહ્યું જે, એ તો બ્રહ્મા, વિષ્ણુ ને શિવ હતા. તે સાધુને દર્શને આવ્યા હતા. (૨૨૧)

પછી બીજે દિવસે મહારાજે રામાનંદ સ્વામીની વખતનો ખલકો હતો તેને પહેરીને, કેડે તરવાર બાંધીને માથે શ્વેત ફેંટો બાંધ્યો હતો અને ચોફાળ ઓઢીને તે સાધુના ઉતારા મધ્યે ઢોલિયો ઢાળ્યો હતો તે ઉપર બેઠા ને તે હસતા રહે નહિ. તે હસતાં હસતાં મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, સ્વામી, જુઓને આ રામાનંદ સ્વામીનો ખલકો તે અમારે બેસતો આવ્યો ને તે ચોફાળ વેગળો કરીને દેખાડયો ને તલવાર પણ દેખાડી. તેને જોઈને મહારાજ અને સૌ સભામાં હસતા હવા પછી મહારાજે કહ્યું જે, હે મહાપુરુષો ! તમારી રક્ષા સારુ આ તરવાર બાંધી છે, પછી ત્યાંથી મહારાજ દર્શન દઈને ઉતારે પધાર્યા.(૨૨૨)

અને બીજે દિવસે તળાવમાં આથમણી કોરે મહારાજ વેલ્ય ઉપર વિરાજમાન થયા. પછી મહારાજે સાધુને કહ્યું જે, સત્સંગમાં આવીને પોતા સારુ કોઈ જણસ ન માગી હોય તે ઉભા થાઓ. ત્યારે આત્માનંદ સ્વામીએ ઉભા થઈને કહ્યું જે, સત્સંગમાં વસ્ત્ર પહેરીએ છીએ ને સત્સંગમાં ખાઈએ પીએ છીએ; પછી પણ જીભે કરીને તો કોઈને કહ્યું નથી જે અમારે વાસ્તે આ જણસ લાવી દ્યો ને સાધુને અર્થે તો કાંઈક મંગાવ્યું હશે. પછી મહારાજ કહે તમે બેસો અને બીજા કોઈ ન બોલ્યા. (૨૨૩)

પછી તળાવમાં નહાવા પધાર્યા ને પાણીમાં પ્રવેશ કર્યો ને વાંસેથી એક હરિભક્ત નહાવા પડયો ને તે તળાવ મોટું તે અર્ધે જાતાં થાકયો. તેને જોઈને મહારાજે પાછો વાળ્યો ને મહારાજે ઠબકો દીધો જે, તર્યાની પહોંચ નહિ ને પાણીમાં પડવું ! એ તો અમે પાછા વાળ્યા ન હોત તો બૂડી મરત ને ત્યાર પછી મહારાજ વેલ્ય ઉપર ઉગમણે મુખારવિંદે

બેઠા અને આરતી કરી રહ્યા. મહારાજે માળા હાથમાં લઈને ફેરવવા માંડી પછી સાધુને કહ્યું જે, તમે ધુન્ય બોલો, પછી ત્રણવાર ધુન્ય બોલ્યા, ત્યારે માળા પચીસ પૂરી થઈ. (૨૨૪)

પછી બીજે દિવસ શ્રીજી મહારાજ સાધુએ સહિત મહોલ ઉપર ચઢયા અને એમ વાત કરી જે, આ જાયગા બહુ સારી છે, જે ઉપર રહ્યે થકે પાણી ભરાય એવી છે. માટે આવી જાયગા ફરતી ભીંત કરાવીએ ને માંહી મારા રખાવીએ ને ખંભાત થકી સારો કસબી તેડાવીને આ બંગલો મળાવીએ અને હેઠે બે પાળા ચોકી રાખે. એટલે કાંઈ ફિકર નહિ. એ દિશની ઘણીક વાત કરી ને

પછી મહાદેવ પધરાવ્યા. પછી મધ્યાહ્ને સાધુએ સહિત જમવા પધાર્યા. (૨૨૫)

અને સાંજને સમે મહોલની દક્ષિણાદિ દિશે પીપર તળે ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા. સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા અને દેશ દેશના હરિભક્ત તથા પરમહંસની સભા ભરાઈને બેઠી હતી પછી મહારાજને સાધુએ પાકી કેરી જમાડી ને આત્માનંદ સ્વામીને તો કાચીપાકી કેરીની ખબર નહિ ઉજળી જોઈને લાવ્યા. તે શ્રીજી મહારાજે હાથમાં લઈને સુંઘીને પાછી આપીને કહ્યું જે, આ તો કાચી છે. (૨૨૬)

અને સભામાં કોઈક બાઈને વળગાડ હતો. તેથી મહારાજે ભૂત કહ્યું જે એને શીદને વળગી રહ્યો છે ? અમારા સાધુમાં આવ્યને! પછી તે ભૂત બોલ્યું જે, સાધુમાં તો બળી મરું માટે સાધુમાં ન રહેવાય. ત્યારે મહારાજે કહ્યું જે, આ બાઈઓમાં આવ ત્યારે તે કહે એમાં પણ ન રહેવાય. મારે તો પોચા વર્તમાન હોય ત્યાં ઠીક પડે. પછી ભૂતને કાઢીને એનું કલ્યાણ કર્યું. (૨૨૭)

પછી શ્રીજી મહારાજે વાત કરી જે, આ સાધુ કેવા છે, જે દિશ ઉપર ચાલે તે દિશનું અંધારું ટળી જાય એવા છે અને વળી કેવા છે તો નાત જાતનો સંબંધ મેલીને સત્સંગમાં નાતજાત માની છે. એવા છે તેને ગામને સીમાડે કોઈ સામો આવે ત્યારે પૂછે જે તમે સ્વામિનારાયણના સાધુ છો ? ત્યારે સાધુ કહે જે, અમે સ્વામિનારાયણના સાધુ છીએ, ત્યારે કહે જે, મહારાજ જાઓ. તમારો આ ગામમાં સત્સંગી સારો છે. તે મોરે તો સાંખ્યયોગનું વર્તમાન રાખતો હતો પણ હમણે તો એક બાઈડી રાખી છે અને એક બાઈ સાંખ્યજોગીનું વર્તમાન રાખતી હતી તેણે નાતરું કર્યું છે. એ રીતે માણસ માર્ગમાં આવતા એવા સમાચાર દે. તે કેવું લાગે ! તો તે ઉપર મહારાજે દૃષ્ટાંત દીધું જે, એક બ્રાહ્મણ હતો, તે કાશીએ જઈને શ્રીપાત થયો અને વળી કેટલેક દિવસે ફરતાં ફરતાં કુટુંબ જાત્રા કરવા સારુ આવ્યો ત્યારે ગામમાં ઘરો ઘર નોતરું દઈને જમાડે ત્યારે એની બાયડી હતી તેણે નોતરું દીધું, જે સ્વામી, મારે ઘેર જમવા આવજો. ત્યારે શ્રીપાત જમવા ગયા પછી

યથાશક્તિ જમાડયા. પછી જમીને ચાલ્યા ત્યારે બ્રાહ્મણીએ હાથ જોડીને પૂછયું જે, સ્વામી, એકાંત આવો મારે પૂછવું છે. તમારા આગળ શું છાનું રાખું? મારે છોકરો છે તે મુસલમાનના પેટનો છે. એને તે સુનત કરાવું કે જનોઈ દેવરાવું? પછી શ્રીપાત બોલ્યા જે, તારી નજરમાં આવે તો સુનત કરાવ અને નજરમાં આવે તો જનોઈ દેવરાવ; પણ હું તે બળું કે દટાઉં ? તેમ સાધુની આગળ કોઈ સત્સંગીનો વાક દેખાડે તો સાધુને ભોં ખોતરવી પડે. માટે સૌએ ખબરદાર વર્તવું.(૨૨૮)

અને શ્રીજી મહારાજે બીજું દૃષ્ટાંત દીધું જે, એક બ્રાહ્મણ કાશીએ જઈને સંન્યાસી થયો. પછી કુટુંબજાત્રા કરવા સારુ આવ્યો, ત્યારે તેની સ્ત્રી હતી તેને નોતરું દીધું જે, તેણે મોર્યના સ્વભાવ મૂકયા છે કે નથી મૂકયા ? પછી રસોઈ કરીને જમવા તેડયા. પછી પતરાવળામાં દાળ રોટલા પીરસ્યાં ત્યારે શ્રીપાતે કહ્યું જે, રોટલા કોરા છે તે વિષ્ણુદૈવત નથી? ત્યારે એ બાઈ બોલી જે, સ્વામી, વિષ્ણુદૈવત કયાંથી હોય ? મીઠું પણ નથી. રેંટિયો ફેરવીને શેર દાણા પેદા કરું છું અને મીઠું લઉં એટલા દાણા વધતા નથી, તે મીઠું શેનું લેવું? પછી શ્રીપાત બોલ્યા જે, અમારો ઝોળો હેઠો ઉતારો અને એક કુડલી છે તેમાં વિષ્ણુદૈવત છે અને આ કોથળીમાં સાકર છે અને એકમાં ચટણી છે ને મીઠું છે તે લાવો અને પડિયામાં આથણું છે. એક કોથળીમાં મુખવાસ છે. તે કાઢો. ત્યારે તે બાઈ બોલી જે સ્વામી, આ ઝોળીમાં તો એક મારી ખોટ છે બીજું તો બધું રાખી રહ્યા છો. તેમ ત્યાગીને એવા સ્વભાવ ન રાખવા. (૨૨૯)

પછી મહારાજ બોલ્યા જે, લ્યો મંડળી બાંધીએ. જે ગુરુ હોય તેટલા અમ ભેળા રહેજો. બીજા બે બે, ચાર ચાર, ફરવા જાઓ. ત્યારે હરિભક્ત બોલ્યા જે, આ સાધુ અમારે ગામ આવે; કોઈ કહે, આ સાધુ અમારે ગામ આવે. ત્યારે વેલાલના જેસંગભાઈ બોલ્યા જે, હે મહારાજ, અમારે ગામ માંદા હોય, ઘરડા હોય તે અમારે ત્યાં મેલો. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, ઘરડા, માંદાને શું કરશો? ત્યારે તે બોલ્યા જે, હે મહારાજ, સાજા હોય તે તો પાણી ભરી લાવે, ઝોળી માગી લાવે, માટે અમારે શી સેવા થાય ? માટે માંદા હોય તો એને સારુ રસોઈ કરાવીએ, કાંઈ જોઈતું હોય તો લાવીએ, પાણી ભરીને આપીએ, તો અમારે સેવા થાય. એમ બોલ્યા, ત્યારે શ્રીજી મહારાજ બહુ રાજી થયા. (૨૩૦)

પછી ગામમાં રસોઈ થઈ, તે શ્રીજી મહારાજ સાધુએ સહિત જમવા પધાર્યા. પછી સાંજે ગોડી, આરતી થઈ, પછી વાતો થઈ, તે રાત ઝાઝી ગઈ. ત્યારે મહારાજે કહ્યું જે, બહુ ગરમી થાય છે. પછી ઢોલિયો મહોલથી આથમણા ચોકમાં લીધો, ત્યાં મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને બીજા બે ત્રણ સાધુ બેઠા હતા. પછી મહારાજે કહ્યું જે, ભગવાનનું ધામ ઢૂંકડું છે કે છેટું છે, તે કેમ સમજો છો ? ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા જે, તમે કહો તેમ સમજીએ. પછી મહારાજે કહ્યું જે, ભગવાનનું ધામ છેટે નથી, જે સમાધિવાળાને દૃષ્ટિ પાછી વળે છે તે સમાધિમાં લગારેક રહીને આવે છે. પછી બ્રહ્મમહોલની વાત કરે છે, માટે છેટું નથી. દૃષ્ટિ પલટાય એટલે ધામ દેખાય. બીજે દિવસ જમ્યા પછી સાંજને વખતે ચાલી નીસર્યા. (૨૩૧)

એક સમે સારંગપુરમાં મહારાજ હતા અને વરસાદની તાણ હતી. પછી સર્વે હરિભક્તે શ્રીજી મહારાજને કહ્યું જે, એક વરસાદ વિના મોલ સુકાય છે, માટે એક વરસાદ થાય તો ઠીક. ત્યારે મહારાજે કહ્યું જે, શું એ અમારા હાથમાં છે ? ત્યારે હરિભક્ત બોલ્યા જે, કરો તો સર્વે તમારા હાથમાં છે ને કરો તો કોણ ના પાડે છે ? તે સર્વે તમારા હાથમાં છે. પછી શ્રીજી મહારાજ જીવા ખાચરના ફળિયામાં ઉભા થઈને તાળી પાડીને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, કરવા લાગ્યા ત્યારે વરસાદ આવ્યો અને મહારાજ ધોતિયાભર ઉભા અને માથાના જે કેશ તે પલળીને મુખારવિંદ આગળ આવે તેને જમણે હાથે કરીને ઉંચા કરીને, વળી સ્વામિનારાયણ કહેતા જાય. પછી વરસાદ બહુ થયો અને ઓરડીની પછીત પડી ગઈ ને શ્રીજી મહારાજે કહ્યું જે, આ કરો પણ પડશે, માટે ધોડિયું એકોરે લ્યો. પછી કરો પણ પડયો. પછી મહારાજ વસ્ત્ર પહેરીને ચોરે આવ્યા અને કહ્યું જે, અમને તો ભૂખ લાગી છે. પછી જીવો ખાચર જમવાનું લાવ્યા તે મહારાજ જમ્યા. પછી મહારાજ ઝોળી લઈને સાધુ સારુ માગવા ગયા. તે ચાર પાંચ ઘર માગ્યાં. ત્યાં તો હરિભક્તે કહ્યું જે, હે મહારાજ, તમે રહેવા દ્યો, અમે લાવીએ છીએ. પછી સર્વે હરિભક્તે પોતપોતાના ઘેરથી અન્ન લાવીને સાધુને જમાડયા ત્યારે મહારાજ બહુ રાજી થયા અને જીવા ખાચરને મહારાજે કહ્યું જે, તમે માગો. ત્યારે જીવા ખાચરે કહ્યું જે, મારા ગામની માહિલી કોરે કોઈ મરે, તેને જમ લેવા ન આવે, ત્યારે મહારાજે એ વર આપ્યો. પછી વસ્તે ખાચર કહ્યું જે, શું માગ્યું ? ત્યારે જીવા ખાચરે કહ્યું જે, ગામની માંહેલી કોરે જે મરે તેને જમ લેવા આવે નહિ, ત્યારે વસ્તે ખાચરે કહ્યું જે તમને માગતાં ન આવડયું કેમ જે વગડે જે મરે તેની શી ગતિ થાય ? માટે હે મહારાજ, અમારા સીમાડામાં જે મરે તેને જમ લેવા ન આવે, એ વર આપો ત્યારે મહારાજે કહ્યું જે, તમને એ વર આપ્યો અને સર્વેને મહારાજે નિયમ ધરાવ્યા. (૨૩૨)

અને એક બાઈ આવી તેણે કહ્યું જે, મને નિમ ધરાવો, પછી મહારાજે કહ્યું જે, સ્વામિનારાયણ કહેજો, ત્યારે માણસે કહ્યું જે, એ તો સાંભળતી નથી. ત્યારે મહારાજે કહ્યું જે, અમારે એનું કલ્યાણ કરવું છે. પછી કેટલાક દિવસ કેડે તે બાઈએ પોતાના પુત્રને કહ્યું જે, આજ મને મહારાજ તેડી જાશે, માટે વગડે ન જાવું, પણ તે વાતને ન માની અને વગડે ગયા. પછી તો બીજી બાઈ પાસે લીંપાવીને પોતે બેઠી અને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ કહેવા લાગી. ત્યાર પછી શ્રીજી મહારાજ વિમાન લઈને આવ્યા. તે પોતાનું ધામ જે અક્ષર તેમાં તેડી ગયા ને ગામના બહુ માણસોને દર્શન થયાં. (૨૩૩)

પછી એક સમે ગઢડે આંબો ભક્ત આવ્યા. તે મહારાજને રસોઈનું કહ્યું જે, અમારે ગામ જમવા પધારો. ત્યારે મહારાજે હા પાડી, જાઓ આવીશું. બીજે દિવસે સૂર્ય ઉગ્યા મોર તેડવા આવ્યા ને સજ્યા રહેતી તે ઓરડામાં ધૂંણીને પડખે ગાદલું નાખીને તાપતા હતા અને આંબા ભક્તને આવતા જાણીને મહારાજ ગોદડું ઓઢીને સૂઈ ગયા. પછી ભક્તે કહ્યું જે, આ તે શું આટલો દિવસ ચઢયો છે અને પોઢી રહ્યા છો ? અને રસોઈ બગડે છે તે આવવું છે કે નહિ ? એમ ભક્તે કહ્યું, ત્યારે મહારાજ ગોદડામાં સૂતા સૂતા હસીને બોલ્યા જે, અમે ને પાળા આવીશું. ત્યારે ભક્તે કહ્યું જે, મહારાજ, તમે મોરથી નથી આવ્યા. મોરથી તો સાધુ આવ્યા છે. માટે સાધુએ સહિત સર્વે આવો અને દરબારમાં માણસ કોઈ રહે નહિ, બાઈ ભાઈ સૌ આવે. પછી મહારાજ બેઠા થયા અને પછી ઘોડાં ને ગાડાં તૈયાર કરીને ચાલ્યા, તે ગઢાળીએ મહારાજ પધાર્યા અને બ્રાહ્મણ હરિભાઈની ઓસરીએ બેસીને જમ્યા અને પછી સાધુની પંગત બેઠી, પછી શ્રીજી મહારાજે સાધુને મોતિયા લાડવા પીરસ્યા અને રૂડી રીતે સંતને જમાડયા અને દરબારમાં વાંસે રહ્યા હતા તેને સારુ લાડવા મહારાજે નામ લઈ લઈને આપ્યા, પછી મહારાજ ચાલી નીસર્યા. તે ભાગોળે આવ્યા, ત્યારે શ્રીજી મહારાજે કૃપાનંદ સ્વામી સામું જોઈને, મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, સ્વામી, આ તો માંદા બહુ છે. માટે ગઢડે પડયા રહે તો ઠીક ત્યારે મુક્તાનંદ સ્વામી કહે, સારુ મહારાજ. પછી મહારાજે કહ્યું જે, કૃપાનંદ સ્વામી, તમે ગાડે બેસો, ત્યારે કૃપાનંદ સ્વામી ગાડે બેઠા, ત્યારે આંબે ભક્તે કહ્યું જે, અમારે ગામ કોણ રહેશે ? ત્યારે મહારાજે કહ્યું જે, તમારે ગામ આત્માનંદ સ્વામી રહેશે. ત્યારે આંબે ભક્તે કહ્યું જે, એ તો માંદા છે તે રહેશે, પણ અમારે ત્યાં પાંચ સાધુ જોઈએ. પછી શ્રીજી મહારાજે કહ્યું જે, એ તો સો જેવા છે. પછી મહારાજ ગઢડે પધાર્યા. (૨૩૪)

એક સમે ગામ સારંગપુરમાં એક મહિના સુધી શ્રીજી મહારાજ રહ્યા હતા અને જીવા ખાચરને કૂવે નહાવા જાતા અને વૈતાકનું શાક અને બાટીઓ ત્યાં શ્રીજી મહારાજ પોતાને હાથે કરતાં ત્યારે એમ કહેતા જે, કોઈ અમને અડશોમા. ત્યારે સુરે ખાચરે લાકડી લઈને બાટીયો ફેરવવા માંડી, ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, અડશો મા. ત્યારે સુરે ખાચરે કહ્યું જે, લાકડીયે કરીને ફેરવીએ તો અભડાય નહિ, એ રીતે શ્રીજી મહારાજ રમુજ કરતા થકા અને પોતે જમતા ને જમાડતા,

એમ કરતાં સાધુ ઝાઝા ભેળા થઈ ગયા. ત્યારે મહારાજે કહ્યું જે, આપણે વઉઠે સમૈયો કરવો છે તે સર્વે સાધુને કહ્યું જે, લીંબડી આદિક ગામમાં ફરતા ફરતા વઉઠે આવજો. પછી સંત બગડને માર્ગે ચાલ્યા. પછી શ્રીજી મહારાજ વાંસેથી ઘોડીએ ચઢીને આવ્યા, ત્યારે આત્માનંદ સ્વામીએ હાથ જોડયા, ત્યારે મહારાજે ઘોડી ઉભી રાખી, ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, હે મહારાજ, તમે પાલી જવાની આજ્ઞા કરી હતી તે પાલી ન જવાયું ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, કાંઈ ચિંતા નહિ. પછી સાધુને શ્રીજી મહારાજે ઘોડીએ ચઢયા ચઢયા બે પ્રદક્ષિણા દીધી અને વળી એમ કહ્યું જે, હે મહાપુરુષો, અમારું ઐશ્વર્ય છે તે અમે તમને સર્વે અર્પણ કર્યું છે. પછી સાધુ ચાલી નીસર્યા અને શ્રીજી મહારાજ પાછા ગામમાં આવ્યા. (૨૩૫)

પછી સાધુ સર્વે ફરતા ફરતા વઉઠે સાંજના આવ્યા અને શ્રીજી મહારાજ સવારમાં આવ્યા, પછી રસોઈ કરાવીને જમ્યા અને સાધુને જમાડયા, પછી સાંજના શિવને મંદિર પધાર્યા અને બ્રાહ્મણને વસ્ત્ર આપ્યાં અને જામો ઉતારીને આપવા માંડયો ત્યારે કાઠીએ કહ્યું જે, એ તો માગીને લાવ્યા છીએ, તેને શું કહીએ ? (૨૩૬)

પછી શ્રીજી મહારાજ ઉતારે પધાર્યા. પછી આરતી થઈ રહી અને મહારાજ ગાડા ઉપર વિરાજમાન થયા અને પોતાના મુખારવિંદની આગળ બે મશાલો બળતી હતી, તેને જોઈને ગામમાં ગોસાઈજી હતા, તેણે કહ્યું જે, બે મશાલ કેની આગળ બળે છે ? ત્યારે કોઈકે કહ્યું જે, એ તો સ્વામિનારાયણ આગળ બળે છે. ત્યારે ગોસાંઈજીએ કહ્યું જે, એટલું તેલ કોણ પૂરું કરે છે ? તે વાત મહારાજ પાસે કરી ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, એટલી અક્કલ નથી, આટલા માણસ જેની વાંસે ફરે છે. તે બે મશાલનું તેલ ન મળે ? એમ કહીને શ્રીજી મહારાજે કહ્યું જે, વલ્લભાચાર્ય ડાહ્યા હતા. તેણે ઠાકોરને બાળક ઠેરાવ્યા શા માટે જે બાળકને ઠપકો નહિ. (૨૩૭)

પછી શ્રીજી મહારાજને હરિભક્તે કહ્યું જે તમારે સારુ થાળ કરાવવા છે. પછી મહારાજે કહ્યું જે, જાઓ કરાવો અને બીજાને કહ્યું જે, તમે પણ કરજો. એમ સર્વે સંઘને હા પાડી પછી સર્વે સંઘે શ્રીજી મહારાજને સારુ થાળ તૈયાર કર્યો ને લાવ્યા અને શ્રીજી મહારાજ ગાડા ઉપર વિરાજમાન હતા અને સાધુને કહ્યું જે, તમે કોરે બેસો અને જે થાળ લાવે તે ભેગો કરો. પછી સર્વે થાળ લાવી રહ્યા અને શ્રીજી મહારાજ ગાડા ઉપરથી હેઠા ઉતર્યા. પછી જમવા બેઠા, તે સર્વે થાળ જમ્યા ને શ્રીજી મહારાજ પાછા ગાડા ઉપર વિરાજમાન થયા અને બોલ્યા જે જાઓ તમે જમો. પછી સાધુ જમવા બેઠા અને જમીને સાંજના ચાલ્યા તે જેતલપુર આવ્યા. (૨૩૮)

ત્યાં વડે હીંડોળો બાંધ્યો હતો. તે ઉપર ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર પહેર્યા હતાં અને પોતાના મુખારવિંદની આગળ સભા ભરાઈને બેઠી હતી. પછી દીનાનાથ ભટ્ટ અને અમદાવાદનો એક બ્રાહ્મણ તે આવીને શ્રીજી મહારાજને હાથ જોડીને કહ્યું જે, અમે બે જણે મનસુબો કર્યો છે જે, દેહ પર્યંત મહારાજ કહે તેમ કરવું છે. પછી શ્રીજી મહારાજે અમદાવાદના બ્રાહ્મણને કહ્યું જે, તમારે ઘેર મહિના બારનો ખરચ થાય એટલું ધન રાખીને વધારો હોય તે બ્રાહ્મણને જમાડી દ્યો. એ તમને આજ્ઞા છે અને દીનાનાથ ભટ્ટને એમ કહ્યું જે, તમે દેહપર્યંત મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહો. એ તમને આજ્ઞા છે. પછી રસોઈ થઈ અને મહારાજ ને સાધુ જમવા પધાર્યા. પછી સાંજના શ્રીજી મહારાજ ફુલવાડીમાં લઘુશંકા કરવા ગયા તે પાછા વળતાં બે કાકડીઓ કાજુ કોમળ હતી. તે લઈને જમતા જમતા હસતા હસતા આવીને પાછા હીંડોળા ઉપર બેઠા ત્યાં શ્લોક છે તે વિચારજો :– સ્ત્રીપુંસૈર્જયતલ્પપત્તન બહિર્વાટીવટે વેષ્ટિતે । (૨૩૯)

પછી શ્રીજી મહારાજ ડભાણ પધાર્યા તે વડની આથમણી કોરે મહાદેવની દહેરી તે ઉપર વિરાજમાન હતા અને દહેરીથી દક્ષિણાદિ કોરે બાઈઓ બેઠી અને ઉત્તરાદિ કોરે સાધુ બેઠા અને ઉગમણા હરિભક્ત બેઠા. એ રીતે સભા ભરાઈને બેઠી હતી. પછી બાઈઓએ કાંઈક પ્રશ્ન પૂછયો. પછી શ્રીજી મહારાજે સાધુ સામું જોઈને કહ્યું જે, બાઈઓ એમ પૂછે છે. ત્યારે સાધુએ ઉત્તર કર્યો. ત્યારે શ્રીજી મહારાજે બાઈઓને કહ્યું જે સાધુ એમ ઉત્તર કરે છે, ત્યારે તેણે બીજું પૂછયું, એ રીતે મધ્યાહ્ન સુધી વાદવિવાદ થયો પણ કાંઈ ઘેડય બેઠી નહિ. પછી શ્રીજી મહારાજે કહ્યું જે, પ્રશ્ન ઉત્તરની એમ રીત છે જે, પરીક્ષિત રાજાએ પૂછયું અને શુકજીએ વાત કરી દેખાડી અને યદુરાજાએ પૂછયું ત્યારે દત્તાત્રેયે વાત કરી દેખાડી પણ કાંઈ જ્ઞાન તોળીને દીધું નથી. તેમ કોઈએ કાનમાં ખોસી ઘાલ્યું નથી માટે આગળ મોટા થયા તેણે વાતો કરીને સમજાવ્યા છે પણ કાંઈ તોળીને જ્ઞાન આપ્યું નથી અને જો તોળીને તેણે પાંચ શેર આપ્યું હોય તો હું પણ દશ શેર આપું. માટે વાત તો સમજવાની છે. જેને સમજવું હોય તે સમજો. (૨૪૦)

પછી શ્રીજી મહારાજે કહ્યું જે, રસોઈનું કેમ છે ? ત્યારે સાધુ બોલ્યા જે, વાતો સાંભળવામાં સૌ રહ્યા. માટે કોઈ રસોઈ કરવા નથી ઉઠયા પછી શ્રીજી મહારાજે કહ્યું જે, દિવસ ચડી ગયો હવે, કયારે રસોઈ થાશે, માટે લોટ લાવો. પછી લોટ લાવ્યા, તે ચોફાળમાં બાંધીને ગોળા કરીને આપ્યા અને શ્રીજી મહારાજ તો હરિભક્તની મેડીએ ઉતર્યા હતા તે ઉપર પધાર્યા. (૨૪૧)

પછી બીજે દિવસ યજ્ઞશાળામાં વેદિકા ઉપર વિરાજમાન હતા અને ફરતી થોરની વાડ અને એક ખોડીબારું હતું ત્યાંપાળા ઉભા રાખ્યા તે ત્યાગી વિના કોઈ ગૃહસ્થને ન આવવા દે. પછી મહારાજને અર્થે થાળ આવ્યો તે મહારાજ વેદિકા ઉપર જમવા બેઠા પછી મહારાજને મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, ભટ કહે છે કે તમે મહારાજને કહો તો દીકરી પરણાવવી છે તે જાઉં. પછી પાછો આવીશ. ત્યારે મહારાજે કહ્યું જે મરને જાય, અમે કયાં ના પાડીએ છીએ ? પણ અમારે તો દીકરી હોય, બાઈડી હોય તો વગડામાં ઉભી મેલું તે બાઈડીનો કોણ ધણી ન થાય ? અને કાં તો લાકડાં ભેળાં કરીને તે ઉપર બેસારીને દેવતા મેલું અને કાં તો નગરમાં અંગ્રેજનું લશ્કર પડયું છે. ત્યાં લઈ જઈને ઉભી રાખીએ. તે બાઈડીને કોણ ન લે ? પછી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે હે મહારાજ, એવી જેની દાનત હોય તેને બાઈડી કે દીકરી કયાંથી હોય ? પછી મહારાજ ને સાધુ હસ્યા પછી સાધુ જમ્યા.(૨૪૨)

પછી વડતાલે આવ્યા અને મહારાજ જોબન પગીને મેડે ઉતર્યા અને સાધુ ધર્મશાળામાં ઉતર્યા. મહારાજને અર્થે બાઈઓ થાળ કરતાં ત્યાં મહારાજ જમવા જાય, ત્યારે બે ગરુને દહાડી તેડી જાય. એવું પ્રકરણ હતું તેમાં એક દિવસ આત્માનંદ સ્વામી અને અનંતાનંદ સ્વામીને મહારાજ જમવા તેડી ગયા અને ત્યાં જમવા બેઠા તે મહારાજને આસન નાખી દીધું તે ઉપર બેઠા. પછી મહારાજને જમવાનું થાળમાં પીરસતાં હતાં ત્યારે એક બાઈ કહે જે ઓલ્યું પીરસો, બીજી કહે જે પેલું પીરસો. ત્રીજી કહે જો કાણું! ત્યારે મહારાજ કહે જે, તમારું ઓલ્યું, પેલું ને કાણું તે રહેવા દ્યો અને જમવાનું લાવો. પછી મહારાજ આગળ થાળ ધર્યો તે જમ્યા અને સાધુની આગળ થાળી મેલી તે સાધુ જમ્યા ને વાંસેથી ખીચડી આવી તે ઉની હતી ને બાઈએ પિત્તળની કડછી આપી, પછી મહારાજે પોતાની થાળીમાં ખીચડી પહોળી કરી અને આત્માનંદ સ્વામીની થાળીમાં પહોળી કરી અને કહ્યું જે, કોણ વટલે છે ? પછી જમીને ચળુ કરીને બેઠા ત્યારે બાઈએ દાડમ ફોલીને કટોરામાં મહારાજને આગળ મેલ્યું તે મહારાજે લઈને સાધુને આપ્યું. તે સાધુ જમી ગયા પછી તે બાઈ બોલી જે, કોઈને માટે પ્રસાદી રહેવા દેતા નથી. અમે તો પ્રસાદી સારુ મેલ્યું હતું. પછી મહારાજ કહે અમે શું જાણીએ છીએ ? અને પ્રસાદી જોઈએ તો હજારો માણસમાં માગી લઈએ. તેની લાજ શી ? પછી મહારાજ ઉતારે પધાર્યા અને

સાધુ ધર્મશાળામાં આવ્યા ને અનંતાનંદ સ્વામી બોલ્યા જે, પ્રસાદી તો હજાર માણસમાં માગી લેવી, એમ મોકળ કરી. પછી રામદાસજીએ આત્માનંદ સ્વામીને પૂછયું જે, પ્રસાદી માગ્યાની મોકળ કરી ? ત્યારે આત્માનંદ સ્વામી બોલ્યા જે, એ તો બાઈને ખપે નહિ તે સારુ માગી લઈએ, એમાં શી લાજ, એમ શ્રીજી મહારાજ બોલ્યા હતા. (૨૪૩)

પછી બીજે દિવસ જોબનપગીની મેડી ઉપર શ્રીજી મહારાજ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં અને પોતાના મુખારવિંદની આગળ સભા ભરાઈને બેઠી હતી અને નારાયણગર બાવાની જાયગામાં મહારાજને અર્થે રસોઈ થઈ, તે તેડવાને આવ્યા, પછી મહારાજ જમવા પધાર્યા અને એમ કહ્યું જે, કોઈ ઉઠશોમા અમે જમીને આવીશું. પછી બે ત્રણ મહારાજ ભેગા ગયા, તેણે આવીને વાત કરી જે, અમને પ્રસાદી મળી અને મહારાજ હીંડોળા ખાટે બેઠા અને વાત કરી જે, એક પટેલે પૂછયું જે, કોઈક કહે છે જે સ્વામિનારાયણે કોઈ પરચો દીધો ? ત્યારે મહારાજે કહ્યું જે, કોઈક કહે છે કે તમે કહો છો ? ત્યારે પટેલે કહ્યું જે, ના મહારાજ, માણસ કહે છે, ત્યારે મહારાજે કહ્યું જે, આ સાધુ જે દી નહિ હોય તેદી પરચો તમને સર્વેને જડશે એ વાત સાધુએ આવીને કરી, ત્યારે આત્માનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને પૂછયું જે, ગયા હતા તેને પ્રસાદી જડી અને દર્શન થયાં ને વાતો સાંભળી માટે આ બેસી રહ્યા તે અધિક કે ગયા તે અધિક ? ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, બેસી રહ્યા તે અધિક, શા માટે જે, આજ્ઞામાં રહ્યા અને તે આજ્ઞા વિના ગયા ને દર્શન કર્યાં પણ ફડક રહેતી હશે પણ દર્શનનું સુખ નહિ માટે બેસી રહ્યા તે અધિક. પછી મેં કહ્યુંઃ તમને વઉઠામાં સાધુ કહેતા હતા જે, આત્માનંદ સ્વામી તો કાંઈના કાંઈ ફરવા જાય, તે સમૈયે તો આવતા નથી, માટે એની ભેળા કોણ રહે ? ત્યારે મને એક ગામ તો બતાવે જ્યાં આજ્ઞા વિના ગયા ? પછી તો એ કોઈ બોલ્યા નહિ. (૨૪૪)

પછી મહારાજે મંડળી બાંધી જે, એક એક ગુરુ ઊભા થાય તેને ભેળા જેને રહેવું હોય તે ઊભા થાય, પછી અનંતાનંદ સ્વામી ઉભા થયા તે કોઈ એમના ભેળા રહેવાને ઊભા ન થયા. પછી આત્માનંદ સ્વામી ઊભા થયા, તે એમની ભેળા પણ કોઈ ઊભા ન થયા. પછી મહારાજ હસ્યા અને વળી એમ બોલ્યા જે, તમારા ભેળા કોઈ ન ઉઠયા ને અનંતાનંદ સ્વામી ભેળા પણ ન ઉઠયા. પછી મહારાજે કહ્યું જે, તમે બે ભેળા ફરો પછી સાધુને વેર્યા. (૨૪૫)

એક સમે ગામ ગઢાળીએ આંબે ભક્તે શ્રીજી મહારાજને પોતાને ગામ તેડયા. પછી ગામમાંથી સામૈયું આવ્યું તે આત્માનંદ સ્વામી વેલ્યમાં બેઠા ને ગરાસિયાનાં ઘોડા ને ભેળો ડંકો અને પગપાળા કેટલાક માણસ ભેળા એ રીતે આવ્યા તે ગામ બોરુકીએ શ્રીજી મહારાજ ભેળા થયા અને આત્માનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પુષ્પના હાર ને તોરા પહેરાવ્યા. ત્યાં હડુભાઈએ ઘોડી શ્રીજી મહારાજની આગળ ફેરવી. તે જોઈને શ્રીજી મહારાજે બહુ રાજી થઈને કહ્યું જે રાખો રાખો પછી ભેળા થઈને ચાલ્યા પછી શ્રીજી મહારાજે કહ્યું જે, આ બળદિયા કેના છે ? ત્યારે આત્માનંદ સ્વામીએ

કહ્યું જે હડુભાઈના છે. ત્યારે મહારાજ કહે બહુ ચાલે છે. પછી મહારાજ ગરાસિયાની મેડી ઉપર ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા અને સાધુ હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને શ્રીજી મહારાજના દર્શન કરતા હતા અને ત્યાં આંબે ભક્તે આવીને આત્માનંદ સ્વામીને કહ્યું જે રસોઈ તૈયાર થઈ છે પછી આત્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું જે રસોઈ તૈયાર થઈ છે પછી શ્રીજી મહારાજ મેડીથી ઉતર્યા અને આગળ આત્માનંદ સ્વામી ને વાંસે મહારાજ તે આંબા ભક્તના ભાણેજ જે, દેવજી તેની ઓસરીએ આસન નાખ્યું તે ઉપર મહારાજ જમવા બેઠા અને સામા દાદાખાચર જમવા બેઠા. પછી મહારાજે કહ્યું જે દાદાખાચર, કઢી લેશો ? તમારે ખટાઈ ઉપર હેત છે. એમ કહીને કઢી આલી અને એક સાધુએ કહ્યું જે, આત્માનંદ સ્વામી ચાલો પંગત બેસે છે. પછી મહારાજે કહ્યું જે, તમે સૌ પંગત કરો. આ તો થાણાપતિ છે. એમને મનમાં આવે ત્યારે બેસે. પછી મહારાજ જમી ઉઠયા અને પંગતમાં લાડુ પીરસ્યા પછી સંત જમી રહ્યા. (૨૪૬)

અને પછી મહારાજ આંબા ભક્તને ઘેર વૈષ્ણવાનંદ સ્વામીએ મહારાજને સારુ થાળ કર્યો હતો ત્યાં પધાર્યા. પછી ત્યાંથી જમીને ઉઠયા, ત્યારે આંબેભક્તે કહ્યું જે, આ હરિભક્તને છાતીમાં ચરણારવિંદ આપો. ત્યારે મહારાજે સર્વે હરિભક્તને આપ્યા પછી એક જીવો રહી ગયો અને મહારાજ ચાલ્યા ત્યાં ખડકીમાં સામો આવ્યો, ત્યારે આંબેભક્તે કહ્યું જે સૂઈ જા. પછી જીવો સૂતો. તે મહારાજે ચરણ છાતીમાં આપ્યા અને પછી મહારાજે કહ્યું જે, અમારે લઘુશંકા કરવી છે. ત્યારે આંબેભક્તે કહ્યું જે, આવો એકાંત બતાવું, પછી ઘરમાં તેડી ગયા અને કહ્યું જે, મહારાજ આ ચુલામાં કરો એકાંત છે. પછી આંબેભક્તે કહ્યું જે, મહારાજ મંદિરમાં આવ્યું જોઈશે. પછી મહારાજ વાંસે ને આંબોભક્ત આગળ, એ રીતે મંદિરમાં પધાર્યા અને ઢોલિયા ઉપર વિરાજમાન થયા અને મંદિરમાં તુલસી, કદલી, દાડમના ઝાડ અને વચમાં કૂવો જોઈને મહારાજ બહુ રાજી થયા પછી હડુભાઈ બોલ્યા જે, એ તો ભાઈ સ્વામીનો પ્રતાપ છે. પછી મહારાજના ગળામાં હાર ઝાઝા હતા તે એમના એમ લ્યો તમારા ભાઈ સ્વામીને એમ કહીને મહારાજે ભાઈસ્વામીના ગળામાં હાર નાખ્યા પછી આંબોભક્ત બોલ્યા જે, મહારાજ ભાઈસ્વામીને મળ્યા નથી તો પછી મહારાજ કહે આવો મળીએ. પછી મળ્યા અને કહ્યું જે, ઠાકોરના દર્શન કરો. પછી મહારાજે ઓરડીમાં ઉમરાની માંહેલી કોરે પગ દીધો ત્યાં ચરણારવિંદ ભાળ્યા એટલે પાછા વળ્યા. (૨૪૭)

પછી મહારાજ હડુભાઈને ઘેર થાળ કર્યો હતો તે જમવા પધાર્યા. પછી જમીને ફળિયામાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સભા ભરાઈને બેઠી, પછી માયાતીતાનંદ સ્વામીએ મહારાજને પૂછયું જે, એક કૂવો ખોદે અને એક દાટી દે તેની બળતરા થાય છે. પછી મહારાજે કહ્યું જે, જ્યાંથી સળગ્યું ત્યાંથી ઓલાશે, એમ કહીને પાળાને કહ્યું જે એને કાઢી મેલો, એટલે બહાર કાઢી મેલ્યો. પછી રાજપીપળા ગામનો એક વાણીયો ઘેલાશા, તેણે કહ્યું જે, મારે ઘેર થાળ

કરીને વાટ જુએ છે, તે મહારાજ પધારો. ત્યારે મહારાજ ઘોડે ચઢયા તે ઝાંપે આવીને સાધુને ને સર્વે સંઘને કહ્યું જે, ગઢડાને માર્ગે ચાલો, અમે આવીએ છીએ. એમ કહીને ઘોડી રાજપીપળાને માર્ગે હાંકી એટલે ઘોડાચર માત્ર મહારાજ ભેળા ગયા. ત્યાં જઈને ઘેલાની ફળીમાં ઘોડીથી ઉતરીને કહ્યું જે, થાળ લાવો. પછી ઓસરીમાં બાજોઠ ઉપર થાળ મૂકયો. પછી મહારાજે સામું જોઈને કહ્યું જે, નજર પ્રસાદી થઈ, હવે તમે જમો. એમ કહીને ઘોડીએ ચઢીને ચાલી નીસર્યા, તે ગઢાળીને ઝાંપે આવ્યા ને પાણીનો ધરો હતો ત્યાં ઘોડાને પાણી પાયું અને આત્માનંદ સ્વામી ત્યાં ઉભા હતા અને માયાતીતાનંદ સ્વામીએ ફેર મહારાજને કહ્યું જે, એ પ્રશ્નનું કેમ કરવું? તે મહારાજે સાંભળ્યું નહિ અને ઘોડાં પાઈને હાંકી મેલ્યા, તે ગઢડે પધાર્યા ને સાધુની જાયગામાં આવ્યા તે ભેળા માયાતીતાનંદ આવ્યા ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, અહીં શીદ આવ્યા ? ત્યારે તેણે કહ્યું જે, મને મહારાજે તમારી ભેળો મેલ્યો. તે હવે ક્યાં જાઉં ? ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, કોઈ સાહેદી છે ? ત્યારે તેણે કહ્યું જે, ભક્તરાજ છે. પછી આત્માનંદ સ્વામીએ તેડાવ્યા તે આંબોભક્ત બોલ્યા જે, હા મહારાજ કહેતા હતા જે એ ભેળા રહો, ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, તમે ને એ બે ગઢડે જાઓ ને મહારાજનો કાગળ લાવો ત્યારે રાખીશું. પછી બેઉ ચાલ્યા તે ગામ બહાર જઈને ભક્તે કહ્યું જે, કળસિયો લઈને આવું તમે ચાલો. પછી એ સાધુ ગઢડે ગયા ત્યાં મહારાજ સાધુની પંગતમાં લાડુ ફેરવતા હતા, ત્યારે જઈને બેઠા. પછી મહારાજે એને લાડુ પીરસ્યા અને કહ્યું જે, એને માયાતીત કહે છે, પણ એ તો માયાપુત છે. (૨૪૮)

એક સમે મહારાજે ગઢડે સમૈયો કર્યો. તે ગઢાળીને માર્ગે મંચ કરીને તે ઉપર ઢોલિયો ઢાળ્યો હતો. તે ઉપર મહારાજ વિરાજમાન હતા અને સર્વે જરિયાની વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કડાં, વેઢ, વીંટી, ઉતરી આદિક સર્વે ઘરેણાં પહેર્યા હતાં અને હાથમાં છડી તે તારે ગૂંથેલી અને કુમકાવાળી અને પગે અડવા આવે તેને હાંકલ કરતા ને છડી ઉગામતા ને એક હરિભક્ત અડયો તેને બરડામાં મારી અને મહારાજે રાજબાઈને વાત કરી જે, તમારે તો કાંઈ નહિ પણ અમારે કઠણ પડે છે. માટે આ સૌ સાંખ્યયોગી બાઈઓ રહે છે તેમ રહો, તો ઠીક પડે. એ દિશની ઘણીક વાત કરી. (૨૪૯)

પછી જીવા ખાચરના દરબારમાં રસોઈ થઈ તે સાધુએ સહિત મહારાજ પધાર્યા અને મહારાજ જમ્યા ને સાધુની પંગત ઉગમણે બાર ઓસરીએ બેઠી, પછી મહારાજે મોતીયા લાડુ ફેરવવા માંડયા, બે ત્રણ વાર પંગતમાં ફર્યા પછી સાધુ કહે જે મહારાજ, પૂરણ ત્યારે મહારાજે કહ્યું જે એક એક લાડુ લ્યો તો માથે હાથ મેલું. ત્યાં સહુએ હા પાડી. ત્યારે આપતા જાય ને માથે હાથ મેલતા જાય, એ રીતે ફરતા ફરતા બ્રહ્માનંદ સ્વામી પાસે આવ્યા, તે લાડુ આપ્યો ને માથે હાથ મેલ્યો, ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ બીજાના પતરમાં મૂક્યો તે આત્માનંદ સ્વામીએ દેખીને વિચાર્યું જે, બ્રહ્માનંદ સ્વામીએ કપટ કર્યું, પણ આપણાથી તો કપટ ન થાય, પછી હાથ જોડીને કહ્યું જે, મહારાજ લાડુ તો નહિ ચાલે અને દયા કરીને માથે હાથ મેલો તો તમારી બડાઈ પછી મહારાજે બે હાથ મેલ્યા. (૨૫૦)

અને એક સમે મહારાજે ગણપતિની પૂજા કરી ને પછી ઘેલે પધરાવવા મહારાજ પધાર્યા. તે બ્રાહ્મણે ગણપતિની પાલખી ઉપાડી અને મહારાજે કહ્યું જે, કોઈ અડશોમા. એમ વાંસે કહેતા જાય અને ઘેલામાં ગણપતિ બેસાર્યા અને જ્યાં સુધી બ્રાહ્મણે પૂજા કરી ત્યાં સુધી મહારાજ એક પગભર ઉર્ધ્વ બાહુ ઉત્તર મુખે ઉભા રહ્યા અને ચારે કોરે માણસ દર્શન કરે છે. એ રીતે ગણપતિ પધરાવીને પાછા મંદિરમાં આવ્યા. પછી મહારાજ જમ્યા અને સાધુને જમાડયા. (૨૫૧)

એક સમે વનોશા આવ્યા. તેણે મહારાજને કહ્યું જે હે મહારાજ, હિમરાજ શાહે દેહ મૂકયો છે ને નાતનો કોઈ આવતો નથી. માટે તમારે પધાર્યું જોઈશે. ત્યારે મહારાજે ના પાડી અને મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, આપણે કોઈને ખરચે ગયાની રીત નથી. ત્યારે વનાશાને આંખે આંસુ આવ્યાં ત્યારે મહારાજે કહ્યું જે, મુક્તાનંદ સ્વામી કને જાઓ. પછી સ્વામીએ વાત કરી જે ખરચના દિવસનો ઠેરાવ રહેવા દીઓ અને વસંતપંચમીનો ઠેરાવ કરો. પછી વસંતપંચમીએ મહારાજ સુંદરિયાણે આવ્યા અને વનાશાને પૂછયું જે સામાન કેટલોક છે ? અને આટલામાં બ્રાહ્મણ કેટલાક ભેળા થાય ? અને ધંધુકે માણસ મેલ્યો. તે ધંધુકાના વાણિયાએ સત્સંગી બ્રાહ્મણને જમાડયા નહોતા. તે માટે આપણે તે બ્રાહ્મણને તેડાવીને જમાડીએ. એમ મહારાજે કહ્યું, તે સાંભળીને વનાશાદિક વાણિયે એમ જાણ્યું જે વાલમ બ્રાહ્મણને જમાડી એને તેડાવ્યા ત્યારે ધંધુકાને વાણિયે કહ્યું જે, ત્યાં જાશોમા. ત્યારે બ્રાહ્મણે કહ્યું જે, તમે જમાડો નહિ અને બીજા જમાડે છે ત્યાં જવાની ના પાડો છો તે કાંઈ બે વાતે રોકશો ? પછી વાણિયે જમાડયા ને આવવા દીધા નહિ. પછી મહારાજે વસંતપંચમીનો ઓચ્છવ કર્યો અને રંગ અને ગુલાલ બહુ ઉડાડયો અને રંગના ભરેલાં વસ્ત્ર તેમાં પાઘડી દીધી વનાશાને અને કેડિયું દીધું જેઠાશાને અને કેડય બાંધ્યો હતો જે રેંટો તે ભગાશાને દીધો અને પાયજામો દીધો પૂંજાશાને અને ચાર દિવસ સુધી મોતિયા લાડવાની રસોઈ મહારાજે પંગતમાં પીરસીને સાધુને જમાડયા. પછી પાંચમે દિવસ સવારમાં ચાલવાનું કર્યું. ત્યારે તાણ કરી તોય રહ્યા નહિ. પછી મોતિયા લાડવાની ગાંઠડીઓ બાંધીને મેલી તે ભેંસજાળ જઈને જમ્યા. (૨૫૨)

એક સમે મહારાજ ગઢડામાં રહેતા અને દાદાખાચરની ઉપર દગો હતો અને મહેતો, કાઠી અને ભાવર એ સર્વે ભેળા થયા. તે વાત મહારાજે જાણી તે દાદાખાચરને તો રાતોરાત છાના પાળા ભેળા લઈને ત્યાંથી બીજે ગામ ગયા. પછી મહારાજે સૌને કહ્યું જે લાકડી, તરવાર આદિક હથિયાર સૌ સૌના હાથમાં રાખજો અને કેસરીસંગ ને માનસંગ એ બે પુર્બિયા હતા તેને મહારાજે કહ્યું જે તમારે બેને મારે પડખે રહેવું અને ઘેલો ધાધલ દરવાજે રહે. સવારમાં વહેલાં આવી તેણે કમાડ ઠેલ્યાં અને હબાલો કર્યો ત્યારે મહારાજે ઘેલા ધાધલને કહ્યું જે, કમાડ ખોલી દો, પછી ઘેલે ધાધલે જઈને

હાકલ કરીને કમાડ ખોલી દીધાં. પછી ઘેલા ધાધલ ઉપર બંદુકનું નિશાન તાકયું પણ ભડાકો ન થયો ને કાનમાંથી બરીયાન ઉડયું તે ભાવરની દાઢી સળગી પછી કેટલાક તો દાઢી ઓલવવા મંડયા અને કેટલાકને તો સાધુની જગ્યામાં અને કેટલાકને તો દરબારમાં હથિયાર બંધ માણસ ભરાઈ રહ્યા છે એમ જણાયું પછી એમ બીન્યા જે આ તો આપણને માંહ્લી કોર પૂરીને મારવાના છે. એમ જાણીને પાછા ભાગ્યા. પછી મહારાજે બે ચાર દિવસ રહીને આત્માનંદ સ્વામીને કહ્યું જે, દરબારમાં ખબર રાખજો. એમ કહી મહારાજ કારિયાણી ગયા. (૨૫૩)

કારિયાણીમાં એક મહિનો રહીને મહારાજ સારંગપુર પધાર્યા, ત્યાં એક મહિનો રહીને મહારાજ લોયા પધાર્યા. ત્યાં નિત્યે રસોઈ થાય. તે ઘીનું આંધણ મેલીને તેમાં વૈતાકનું શાક કરે, તેમાં મરચાં ઝાઝાં નખાવે અને ઘઉંની રોટલી કરાવે એ રીતે નિત્ય રસોઈ થાય અને મહારાજ નિત્ય પીરસે અને એક દિવસ આત્માનંદ સ્વામી આવ્યા તે મહારાજ મંચ ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા પછી મહારાજને આત્માનંદ સ્વામીએ પુષ્પના હાર પહેરાવ્યા અને ગજરા પહેરાવ્યા અને તોરા ધારણ કરાવ્યા અને બાજુબંધ બાંધ્યા તે જોઈને મહારાજ બહુ હસ્યા. પછી સવારમાં રસોઈ થઈ તે મહારાજ ચાકળા ઉપર બેસીને શાક દેતા જાય ને સહુ શાક લઈને પંગતમાં બેસે અને સાધુ રોટલી પીરસે. પછી આત્માનંદ સ્વામીને કહ્યું જે, તમે લ્યો, ત્યારે કહે જે મરચાં વિનાનું હોય તો લઉં, પછી મહારાજ કહે જે આ તપેલામાં શાક છે તે મરચા વિનાનું છે માટે આ લ્યો. પછી મહારાજે ડંકો ભરી આપ્યો. (૨૫૪)

પછી બીજે દિવસ મહારાજ ચાલ્યા અને આત્માનંદ સ્વામીને મહારાજે ગઢડાની વાત પૂછી, પછી સર્વે ત્યાંની રીત ભાત કહી દેખાડી ત્યાર પછી મહારાજે આત્માનંદ સ્વામીને કહ્યું જે, તમે ગઢડે જાઓ. પછી સાધુ પાળાએ સહિત મહારાજ ચાલી નીસર્યા ને ગામના હરિભક્ત મહારાજને વળાવવા ગયા તે પાછા વળ્યા તે ભેળું શ્રીજી મહારાજે કહી મેલ્યું જે, આત્માનંદ સ્વામીને કહેજ્યો જે તમે અમારી ભેળા આવો પછી માણાવદરમાં મહારાજ પધાર્યા અને ત્યાંના નવાબના ગવૈયા મહારાજની પાસે ગાવા આવ્યા. તે એક કીર્તન બોલ્યા પછી શ્રીજી મહારાજે એ ગવૈયાને વખાણ્યા, જે બહુ સારા ગવૈયા છે. પછી મહારાજે પ્રેમાનંદ સ્વામી આદિક ગવૈયાને સાન કરી એટલે વાજાં લઈને ગાવા મંડયા એટલે એ ગવૈયા ચાલી નીસર્યા. પછી મહારાજે કહ્યું જે, એ જે કીર્તન બોલ્યા તેમાં કોઈ સમજ્યા? ત્યારે સૌએ કહ્યું જે, અમે તો કાંઈ સમજ્યા નહિ. ત્યારે મહારાજે કહ્યું જે, અમે પણ કાંઈ સમજ્યા નથી. એટલું સમજ્યા જે, તનનન એટલું સમજ્યા પછી સર્વે બોલ્યા જે, અમે પણ એટલું સમજ્યા. (૨૫૫)

પછી બીજે દિવસ પંચાલે મહારાજ પધાર્યા. તે ઝીણાભાઈના દરબારમાં મહારાજ ઉતર્યા અને સાધુ ગામથી આથમણા ઉતર્યા, ત્યાં છાપરાં કર્યાં. ત્યાં સાધુના ઉતારા કર્યા હતા અને દરબારમાં નિત્યે રસોઈ થાય અને મહારાજ નિત્ય પીરસે અને મહારાજે કહ્યું જે, સકલાદની ટોપીઓ રાખો, હીરકોરનો રુમાલ રાખો અને પનાદાર ધોતિયાં રાખો. ત્યારે શુકમુનિએ કહ્યું જે, આ તો લોક રજોગુણી ઠરાવશે. ત્યારે મહારાજ કહે, મર બળે. પછી સુરતના હરિભક્ત બોલ્યા જે, મહારાજ અમારે ત્યાં સુરત પધારો તો સાધુ સર્વેને ટોપી, રુમાલ કરી દઈએ. પછી મહારાજે કહ્યું જે, રાજા હોય તે ઉમરાવને મોરથી શિરપાવ કરે. પછી સર્વેને કામ ઉપર મોકલે. તેમ તમે મોરથી શિરપાવ કરો તો પછી આવીએ. પછી ટોપીનું પ્રકરણ ચાલ્યું. (૨૫૬)

અને મહારાજ તો સાંજે સભામાં નિત્ય કહે જે, પંચકથા કરો. તે પંચકથા કરાવી. તેમાં ત્રણ પ્રકારનો કુસંગ, તેની વાર્તા કરવી. જેને જેટલી આવડે, તેને તેટલી કરવી. એ રીતે પાંચ જણાની પાસે મહારાજ વાત કરાવતા. તેમાં એક પ્રસિદ્ધ કુસંગ અને એક સત્સંગમાં કુસંગ અને અંતર કુસંગ. તેના દોષ દેખાડીને વાત કરવી. (૨૫૭)

અને સાંજે મહારાજે વાત કરી જે, હોળીનો સમૈયો તો સારો નહિ શા માટે જે ભૂંડા બોલે, રાખ ઉડાડે, છાણ મૂતર નાખે, માટે હરિભક્તને એ ન કરવો અને હરિભક્તને તો પુષ્પ ગુલાલે કરીને ભગવાન ને સંતની પૂજા કરવી. (૨૫૮)

અને સવારમાં મહારાજ દરબારમાં ઓટા ઉપર ઢોલિયો હતો, તે ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી પૂજા કરવાને હરિભક્ત આવ્યા, તે પુષ્પ, ચંદન વસ્ત્ર અલંકાર આદિક તેણે કરીને મહારાજની પૂજા કરી અને સાધુ પૂજા કરવા આવ્યા. તે રંગ ગુલાલ લઈને આવ્યા. મહારાજે તે જાણ્યું ને ઉઠીને મેવાસમાં જાતા રહ્યા. તે પછી કોઈને જડયા નહિ. મહારાજ તો ફરીને સાધુના ઉતારા પાસે મંચ હતો તે ઉપર આવીને વિરાજમાન થયા. પછી ચારેકોરથી હલકીને સાધુ આવ્યા તે મહારાજે હાકલ કરી જે, અમારા ઉપર કોઈ રંગ નાખશોમા. પછી એકકોરે બ્રહ્માનંદ સ્વામી અને એકકોરે નિત્યાનંદ સ્વામી, એ બે તડાં કરીને સામસામા રમ્યા અને રમીને પછી નહાવા ગયા. નાહીને જમવા ગયા. (૨૫૯)

સાંજે સાધુના ઉતારા પાસેના મંચ ઉપર વિરાજમાન હતા અને સાધુ હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને ગોડી, આરતી, ધૂન્ય કરીને સાધુ કીર્તન બોલવા મંડયા અને મહારાજ ભેળા ફરે. એ રીતે કીર્તન બોલતા. સાધુ ઝાઝીવાર બોલ્યા તો પણ મહારાજ આળસ્યા નહિ, પછી સંત તો એક ચરણ બોલે અને નામુવાળે તો પણ મહારાજ

આળસે નહીં ને કહે જે બોલો પણ આળસે નહીં પછી બ્રહ્માનંદ સ્વામીએ કળા કરી જે, ચોર, ચોર એટલે દેકારો થયો ને કીર્તન બોલતા આળસી ગયા પછી મહારાજ કહે, કોઈ ચોર નથી. એ તો રંગમાં ભંગ કર્યો. પછી મહારાજ દરબારમાં પધાર્યા અને સાધુ સૌને આસને જઈ સૂઈ ગયા. (૨૬૦)

પછી સવારમાં રસોઈ થઈ તે સૌને જમાડયા અને બ્રહ્માનંદ સ્વામીને કહ્યું જે, તમે ગઢડે જાઓઃ પછી આત્માનંદ સ્વામી કહે જે, મહારાજ હું પણ ગાડું છે તે બેસીને જાઉં ? પછી મહારાજે હા પાડી અને બ્રહ્માનંદ સ્વામી ને આત્માનંદ સ્વામી એ બે ગઢડે આવ્યા. પછી કેટલાક દિવસ કેડે મહારાજ ગઢડે પધાર્યા. (૨૬૧)

એક સમે મછીયાવે સમૈયો કર્યો હતો. તે સમે ટાઢ બહુ હતી અને મહારાજ સવારમાં નહાવા પધાર્યા. મહારાજે તળાવમાં પ્રવેશ કર્યો. પછી હરિભક્ત નહાવા પેઠા તે ટાઢે ઠરી ગયા અને લુગડાં તો હિમે કરીને અક્કડ થઈ ગયાં અને નાહીને બહાર નીસર્યા, પછી તાપ કરાવ્યો તે સર્વે તાપ્યા. પછી રસોઈ થઈ તે મહારાજ જમ્યા ને સંતને જમાડયા. પછી સાંજે મહારાજે નરનારાયણના મહિમાની વાત કરી. પછી સૌ હરિભક્તનાં ચિત્ત બદરિકાશ્રમમાં તણાયાં ત્યારે મહારાજે કહ્યું જે, ત્યાં તો ડુંગર ને ઝાડી બહુ છે. તેમાં અથડાવા જાશોમા અને નરનારાયણ તો આ સભામાં છે. (૨૬૨)

એક સમે અમદાવાદમાં મહારાજે નરનારાયણદેવ પધરાવ્યા અને બ્રાહ્મણોની ચોરાસી કરી. તે સવારમાં એક બ્રાહ્મણ ઘીનું ગાડું પરબારું લઈને ચાલ્યો અને તે કહે જે, અમારે રસોઈ આકોરે થાય છે માટે ત્યાં ચાલો. પછી મહારાજને હરિભક્તે કહ્યું જે, એક ઘીનું ગાડું બ્રાહ્મણ હંકાવીને લઈ જાય છે. પછી મહારાજ ને પાળા ઘોડે ચડીને ત્યાં ગયા ને ગાડુંવાળીને લાવ્યા અને ચોકે ચોકે એક એક સાધુને ખબર રાખવા ઉભા રાખ્યા હતા અને નિષ્કુળાનંદ સ્વામી જે ચોકે ઉભા હતા ત્યાં બ્રાહ્મણ મુઠિયા તળેલાં કાઢીને જમ્યો અને વધ્યાં તે ધૂળમાં દાટયાંપછી નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું જે, જમો તો જમો પણ ધૂળમાં શીદ દાટો છો ? તે બ્રાહ્મણ તો નિષ્કુળાનંદ સ્વામીને બાઝયો ને હાથે બટકું ભરી લીધું, તે ખબર મહારાજને થઈ. તે મહારાજ ચોકે ચોકે ફર્યા અને કહ્યું જે, ઘી, ખાંડ, ગોળ ખાજો, પણ અમારા સાધુને કોઈ ખાશોમા અને મહારાજે કહ્યું જે, મધ્યાહ્ન સુધી મોકળ છે અને તમારે જમવું હોય તે જમજો. પછી અમારા સત્સંગી પાક અભડાવશે. પછી કહેશો જે કહ્યું નહિ. (૨૬૩)

પછી મહારાજ મંચ ઉપર આવીને બેઠા, ત્યાં બે સાહેબ લોક આવ્યા તે મહારાજ સામા આવીને સલામ કરીને ઉભા રહ્યા અને કહ્યું જે, પાતશાહવાડીમાં કેમ ન ઉતર્યા ? ત્યારે મહારાજે કહ્યું જે, ત્યાં તમારા બગીચામાં ઝાડ, ફૂલ, ફળ તેનું કોઈ નુકસાન કરે, તે સારુ ન ઉતર્યા, ત્યારે સાહેબ કહે તમારા માણસ ન તોડે, ત્યારે મહારાજ કહે જે, શહેરના માણસો લાખો આવે તેમાં કેનું નામ લઈએ? ત્યારે સાહેબે કહ્યું જે, તમે શહેરમાં આવો ને સંઘ અહીં રહે, શહેર તમારું છે.

પછી મહારાજે કહ્યું જે, અમે શહેરમાં આવીએ તો માણસને સુવાણ ન થાય. પછી સાહેબે કહ્યું જે, નારાયણ સ્વામી બહુત દુબલા કયું હો ગયે ? એ દિશની ઘણીક વાત કરી. (૨૬૪)

પછી રસોઈ થઈ, તે બ્રાહ્મણ જમ્યા ને સાધુ જમ્યા અને થોડો દિવસ રહ્યો ત્યારે ચાલી નીસર્યા. તે જેતલપુરમાં રાત રહ્યા, ત્યાંથી ઉઠયા તે ધોળકે રાત રહ્યા ને ત્યાંથી ચાલ્યા તે ગણેશ ધોળકાની રાણુંમાં રહ્યા ને ત્યાંથી ગઢડે આવ્યા. વડોદરાની લીલા તે તો પ્રેમાનંદ સ્વામીની લાવણીમાં કહી છે જે, "પધારે વટપતન સ્વામી, સહજાનંદ મહારાજ, પુરુષોત્તમ બહુ નામી" તે જાણજો. (૨૬૫)

એક સમે મહારાજે બંદુકવાળા સાઠ મારવાડી રાખ્યા હતા અને પોતાની પાસે પાળા પણ કેટલાક હતા અને સર્વે સાધુ સહિત કોલિયાટમાં ફરતા ફરતા અદ્રેજ સમૈયો કર્યો અને મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી શામળિયા ચૈત્યાનંદ સ્વામી એ ચાર જણાને સદ્ગુરુ કર્યા જે તમારે સત્સંગની ખબર રાખવી અને સાધુ સત્સંગીને કહ્યું જે, જેમ કહે તેમ કરવું. પછી દંઢાવ્ય દેશમાં ગામોગામ ફરતાં ફરતાં વડનગર, વિશનગર થઈને મહારાજે અડાલજની ભાગોળે વાવ્ય ઉપર ઉતારા કર્યા અને તેમાં અક્ષર છે તે વંચાવ્યા. તે અક્ષરમાં એમ લખ્યું જે, મેં મારા કલ્યાણ સારુ વાવ ખોદાવી છે. પછી મહારાજે કહ્યું જે, સૌ પાણી પીજો, ત્યારપછી ગઢડે પધાર્યા. (૨૬૬)

એક સમે વેદાંતાચાર્ય અમદાવાદ આવ્યા ત્યારે મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, તમે સાધુ પંદર વીશ ભેળા લઈને જાઓ એને તેડી લાવો અને કાંઈ પ્રશ્ન પૂછશોમા પછી મુક્તાનંદ સ્વામી ગયા તે તેડીને આવ્યા તે મહારાજને ખબર કરી તે સામા ગયા અને રુડી રીતે તેડી લાવ્યા અને વડતાલમાં આંબલી તળે પાટ ઉપર વેદાંતાચાર્યને બેસાર્યા અને બ્રાહ્મણ પાસે પૂજા કરાવી પછી મહારાજે કહ્યું જે, પરસ્પર સાધુ ચર્ચા કરે તે તમારે ન બોલવું અને અમારે પણ ન બોલવું એ રીતે અરધા સાધુને વિભાગ કરીને ચર્ચા કરતા હતા. ત્યાં વેદાંતાચાર્ય વચમાં બોલ્યા ત્યારે મહારાજે કહ્યું જે, અમારે આ કોરે બોલ્યું જોઈશે પછી પરસ્પર ચર્ચા થઈ. પછી તેણે કહ્યું જે મારે સંધ્યાનો વખત થયો છે માટે અમે જઈશું પછી સૌ ઉતારે ગયા પછી પરોઢિયે નહાવા ગયા ત્યારે મહારાજે ત્યાં પ્રશ્ન પૂછયા તેનો ઉત્તર ન થયો પછી તે દિવસે રહીને આરતી ટાણે પિપલાદ ગયા. એવી રીતે કેટલીક વાત લખીએ ? (૨૬૭)

એક સમે ગઢડેથી ચાલ્યા તે અયોધ્યાવાસી, સાધુ, પાળા અને સત્સંગી સહિત ચાલ્યા. તે સારંગપુર રાત રહ્યા, પછી ત્યાંથી ચાલ્યા તે સુંદરિયાણે રસોઈ કરીને જમ્યા અને વાગડમાં ગરાસિયા બાજીબાઈને ઘેર ઉતર્યા અને સંઘે

બહાર ફૂલવાડીમાં ઉતારા કર્યા અને સાંજના કંથારીએ રાત રહ્યા અને સવારમાં ચાલ્યા તે ગામ સિયાણી રસોઈ કરીને મહારાજ જમ્યા અને સાધુને જમાડયા પછી સાંજના ચાલ્યા તે તાવીના ગરાસિયાએ સુખડીના લાડવા કરાવ્યા ને સાધુ પાળાને એક એક લાડવો આપ્યો. તે લઈને ચાલ્યા. (૨૬૮)

અને વતુ કરાવવા મહારાજ બેઠા, તે લગારેક વતુ કરાવવા માંડયું તે થોડુક કર્યું ને ત્યાંથી ઉઠી નીસર્યા અને મહારાજે કહ્યું જે, અમારે સંઘને છેટું પડે છે. પછી દેવળિયાના ગરાસિયા જાલમસંગે જાણ્યું જે, વાળંદ સારો નથી તે સારુ મહારાજ ઉઠયા. એમ જાણીને ઘોડી હાંકી તે દેવળીયેથી વાળંદને તેડીને આવ્યા અને મહારાજ તો માર્ગમાં તળાવને કાંઠે પીપર તળે ગાડા ઉપર બેઠા હતા અને ત્યાં જાલમસંગ ઘોડી હાંકીને આવે છે ને એક હાથમાં કોથળી ને એક હાથમાં ચોકડું અને વાળંદ વાંસે દોડયો આવે છે. પછી મહારાજે હસીને કહ્યું જે વાળંદને તેડી આવ્યા ? ત્યારે કહે હા મહારાજ, ત્યારે મહારાજે કહ્યું જે, સારો છે ? ત્યારે તેણે હા પાડી, પછી મહારાજ વતુ કરાવવા બેઠા. વાળંદ વતુ કરતો હતો ત્યારે મુક્તાનંદ સ્વામીને કહ્યું જે સ્વામી, વતું કરાવવું છે ? ત્યારે મુક્તાનંદ સ્વામીએ ના પાડી, ત્યારે મહારાજે કહ્યું જે, વાળંદ સારો છે. કરાવવું હોય તો કરાવો, જીવનું જોખમ તો નહિ થાય અને પાછલે ગામ તો જીવનું જોખમ થાય એવો હતો, તે સારુ અમે ચાલી નીસર્યા. (૨૬૯)

પછી મહારાજે એમ વાત કરી જે, કોઈ કહેશે જે, માન કેવું હોય? તો આ જુઓ, માનની મૂર્તિ છે એક પૂર્ણાનંદ સ્વામી અને પરમચૈતન્યાનંદ સ્વામી, એ બે માનની મૂર્તિ તે જુઓ. પછી મહારાજ વતુ કરાવીને ચાલ્યા તે સાંજે દેવળિયાની ભાગોળે રાત રહ્યા અને સવારમાં રસોઈ કરીને જમ્યા. પછી દદુકે પધાર્યા અને સાંજના મછિયાવ પધાર્યા. ત્યાં રહ્યાનું ઠેપ ન આવ્યું તે બીજે ગામ રાત રહ્યા અને બીજે દિવસ મણીપુર જમીને રાત રહ્યા. (૨૭૦)

અને બીજે દિવસ અમદાવાદ પધાર્યા ને મંદિરમાં ઉતારા કર્યા અને રસોઈ થઈ તે મહારાજ જમ્યા અને સંતને જમાડયા ને થોડાક દિવસ રહીને મહારાજ અસલાલી પધાર્યા ને શંકરાચાર્યે વાંસેથી કહ્યું જે, અમારે ચર્ચા કરવી છે. પછી મહારાજને ખબર કરી તે પાછા અમદાવાદ પધાર્યા ને બે માણસ આગળ મોકલ્યા. તેણે શંકરાચાર્યને કહ્યું જે ઉતારો લાવો, સ્વામિનારાયણ આવે છે. પછી બોલી ફરી ગઈ ને કહે જે મંદિરમાં ઉતરો. પછી રાત્ય રહીને અસલાલીયે પધાર્યા ને હરિભક્તને ઘેર રસોઈ થઈ ને મહારાજ જમ્યા ને સંતને જમાડયા. પછી સાંજના મહારાજ ચાલ્યા તે અસલાલી અને જેતલપુરના વચમાં સારી જાયગા આવી ત્યાં બેઠા, ત્યાં મહારાજે વાત કરી જે, નરનારાયણના દેશમાં રહેવું હોય તે બ્રહ્માનંદ સ્વામીની પાસે નામ લખાવે અને લક્ષ્મીનારાયણના દેશમાં રહેવું હોય તે નિત્યાનંદ સ્વામીની પાસે નામ લખાવે, એમ નામ લખાતાં હતાં અને બ્રહ્માનંદ સ્વામીએ આત્માનંદ સ્વામીનું નામ ના પાડતાં છતાં લખી વાળ્યું. પછી મહારાજ જેતલપુર પધાર્યા અને ત્યાં આત્માનંદ સ્વામીએ મહારાજની આગળ કહ્યું જે, મારુ નામ પરાણે બ્રહ્માનંદ સ્વામીએ લખી વાળ્યું અને હું તો તમે કહો ત્યાં રહું. ત્યારે મહારાજે કહ્યું જે, અમારે કાંઈ કહેવાય નહિ. કાંજે અમે કહીએ તો પક્ષ વદે, માટે અમારે તો આ કોર કે ઓલીકોર ન કહેવાય. પછી આત્માનંદ સ્વામીને તો ઉદ્વેગ બહુ થયો, તે આંખોમાં આંસુ ચાલ્યાં પછી મહારાજે કહ્યું જે, જ્યાં સુવાણ હોય ત્યાં રહેવું, શીદ મૂંઝાઓ છો ? (૨૭૧)

પછી મહારાજ રાત રહીને સાંજના ચાલ્યા તે આવીને રસોઈ કરીને જમ્યા અને સંતને જમાડયા ને સાંજના રઘવાણ જ રાત રહ્યા અને બીજે દિવસે વરતાલ મહારાજ પધાર્યા તે મંદિરમાં આવીને ઉતારા કર્યા અને મહારાજ તો અયોધ્યાવાસી ભેળા જમતા અને સાધુ રસોઈ કરે અને મહારાજ પીરસતા ને પછી પ્રકરણ ફેરવ્યું, જે જેને લક્ષ્મીનારાયણના દેશમાં રહેવું હોય તેને રઘુવીરજી મહારાજની પાસે મંત્ર લેવો અને નરનારાયણના દેશમાં રહેવું હોય તેને અયોધ્યાપ્રસાદજી મહારાજની પાસે મંત્ર લેવો. એ રીત કરી. એક દિવસે બેય આચાર્યને નોખા નોખા પાટ ઉપર બેસાર્યા અને મહારાજે કહ્યું જે, સૌ સૌના દેશના પૂજા કરો, તે અમે જોઈએ. પછી સૌએ પૂજા કરી. તે લક્ષ્મીનારાયણના દેશના હોય તે રઘુવીરજી મહારાજની પૂજા કરે અને નરનારાયણના દેશના હોય તે અયોધ્યાપ્રસાદજી મહારાજની પૂજા કરે અને મહારાજ પાસે વસ્તુ લાવે તેને તેમ પૂછે જે, તમે કિયા દેશના છો ? ત્યારે કહે જે નરનારાયણના દેશના છીએ. ત્યારે અયોધ્યાપ્રસાદની આગળ મેલો અને કહેશે જે, અમે લક્ષ્મીનારાયણના દેશના છીએ, ત્યારે તમે રઘુવીરજી મહારાજની આગળ મેલો. જે ફલ ફૂલ હોય તે મેલો. એ રીતે સૌ સૌનાં દેશનો પ્રબંધ બાંધ્યો, પછી કેટલાક દિવસ રહીને ગઢડે મહારાજ પધાર્યા. (૨૭૨)

એક સમે મહારાજ અમદાવાદમાં બાપુ નાગરની મેડી ઉપર ઢોલિયા ઉપર ઉત્તરમુખે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતા અને બાઈભાઈ હરિભક્ત બેઠાં હતાં. ત્યાં આત્માનંદ સ્વામી એકલા આવ્યા, તે આવીને મહારાજને પગે લાગ્યા અને મહારાજે બરડો થાબડયો અને કહે જે, અમારા પરમહંસ છે. એમ કહીને ધર્મ સંબંધી વાત કરતા હતા, ત્યાં સઈ ફળીમાં આવીને બોલ્યો જે, લ્યો કાપડાં ત્યારે જેટલી બાઈઓ હતી તે સર્વેએ સઈ સામું જોયું, ત્યારેે મહારાજે કહ્યું જે :– (ચોપાઈ)

"ઈંદ્રિ દ્વાર જરુખે નાના, ત્યાં સુર બેઠે કરી સ્થાના;
આવત દેખે વિષે વિહારી, તે સઉ દેવે કપટ ઉઘારી."

પછી એની વિસ્તારીને મહારાજે વાત કરી. (૨૭૩)

એક સમે કણભા ને વેલાલ વચ્ચમાં એક ગામ છે ત્યાં સાધુ હતા તે જમવા બેઠા અને મહારાજ અચાનક આવ્યા. પછી પાટીદારે ઢોલિયો ઢાળી દીધો. તે મહારાજ આથમણે મુખે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને સાધુ જમ્યા ત્યાં સુધી મહારાજે પાટીદાર આગળ વાતો કરી. પછી સાધુ જમીને ઉઠયા ત્યારે મહારાજ જય સ્વામિનારાયણ કહીને ચાલી નીસર્યા. (૨૭૪)

તે મહારાજ ગામ વેલાલ પધાર્યા અને રાતે વરસાદ બહુ આવ્યો અને સવારમાં માણસ આવ્યો તેણે કહ્યું જે, તમને મહારાજે તેડાવ્યા છે પછી સર્વે સાધુ વેલાલ ગયા ને આત્માનંદ સ્વામી ને નિર્વિકારાનંદ સ્વામી તો ધીરેધીરે આવતા હતા, ત્યાં એક ખેડુએ કહ્યું જે, તમારા સ્વામિનારાયણ ફૂલવાડીમાં છે પછી અમે બે ફૂલવાડીમાં ગયા ત્યાં મહારાજ લીંબુના ઝાડ તેના કયારાની પાળ ઉપર પગભર બેઠા હતા અને સર્વે કયારા પાણીએ ભરેલા હતા અને મચ્છર બહુ હતા, ત્યાં આત્માનંદ સ્વામી ને નિર્વિકારાનંદ સ્વામી ગયા અને જય સ્વામિનારાયણ કહીને પગે લાગ્યા ત્યારે મહારાજે કહ્યું જે, આવો બેસો, એમ કહીને કહ્યું જે, ચાર મહિના આવી જાયગામાં રહેવું હોય તો રહો ? ત્યારે નિર્વિકારાનંદ સ્વામી બોલ્યા જે, એવી જાયગામાં તો ન રહેવાય ત્યારે મહારાજ કહે તમથી ન રહેવાય શા માટે જે, તમે દેહાધ્યાસી છો ને અમારે તો કાંઈ નહિ. એવી જાયગામાં ચાર મહિના રહેવું હોય તોય રહીએ. પછી સાખી બોલ્યા જે,

"દેહદર્શી તે જ્ઞાન કસાઈ, તે પરમતત્ત્વ ન જાણે;
રસના રહિત જ્યું પંકજમાં, આધો આધો તાણે." (૨૭૫)

પછી સાધુએ સહિત મહારાજ ગામમાં પધાર્યા તે મહારાજ તો જેસંગભાઈને મેડે ઉતર્યા હતા ને સાધુ તો ચોરે ઉતર્યા હતા ત્યાં સાધુ ગયા પછી રસોઈ થઈ તે સાધુ જમ્યા અને જમીને સાંજને વખત મુક્તાનંદ સ્વામી આદિક દશ બાર સાધુ મહારાજ પાસે મેડે ગયા પછી મહારાજ ઢોલિયા ઉપર બેઠા હતા અને સાધુ પગે લાગીને બેઠા. પછી મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું જે, જ્ઞાનાનંદ સ્વામીના મનમાં એમ રહે છે જે, મારી મા ને ભાઈ, તેનું કલ્યાણ કરવા જઉં એમ ઘાટ થાય છે. પછી મહારાજે કહ્યું જે, જાઓ. અમારી આજ્ઞાએ કરીને જાશો તો તમારું કલ્યાણ થાશે અને અમારી આજ્ઞા વિના જાશો તો તમારું કલ્યાણ નહિ થાય. તો એનું કયાંથી થશે? પછી જ્ઞાનાનંદ સ્વામીએ કહ્યું જે, મારો સંકલ્પ તો ટળી ગયો પછી મહારાજે સૌને પૂછયું જે, તમારે કોઈને મા બાપનું કલ્યાણ કરવા જાવું છે ? પછી સૌએ ના પાડી અને આત્માનંદ સ્વામીએ કહ્યું જે, મનના સંકલ્પનો તો નિરધાર નથી પણ તમારું માનવું છે પછી મહારાજે કહ્યું જે, કોઈને ઘાટ નથી ? પછી મહારાજે કહ્યું જે તમારે કોઈનું કલ્યાણ કરવા જાવું હોય તો આ જીવે લખચોરાશીમાં બધેય મા બાપ કર્યા છે, માટે જેને વર્તમાન ધરાવીએ તેને એમ ધારીએ જે, આ મારી માનું કલ્યાણ કર્યું, આ મારા બાપનું કલ્યાણ કર્યું, આ મારા ભાઈનું કલ્યાણ કર્યું એ દિશની ઘણીક વાત કરી. (૨૭૬)

અને એક સમે મહારાજ અમદાવાદમાં હતા તે એક દિવસ અંગ્રેજની કચેરીમાં ગયા હતા પછી સાહેબ લોક બહુ રાજી થયા અને એમ પૂછયું જે, નારાયણ સ્વામી, એ સબ લોક તમારી અદા કયું કરતે હે ? પછી મહારાજે કહ્યું જે, અમારા સાધુ દારુની નિંદા કરે છે તે જે પીતા હોય તેને વસમું લાગે છે. પછી સાહેબ કહે. આ સબ વૈશ્નવ પૂછતે હે જે, ચાર સંપ્રદાય હે પાંચમી સંપ્રદાય સ્વામિનારાયણની કયાંથી થઈ ? પછી મહારાજે કહ્યું જે, ભાગવતમાં છે જે, શ્રીકૃષ્ણ ભગવાન ધામમાં ગયા ત્યારે ઉદ્ધવજીને બદરીકાશ્રમમાં મોકલ્યા તે ધનસ્ત્રીનો ત્યાગ કરીને ચાલી નીસર્યા તેમ અમારા સાધુ ઉદ્ધવજીની પેઠે ધનસ્ત્રીનો ત્યાગ કરીને વર્તે છે, માટે ઉદ્ધવ સંપ્રદાય કહેવાય છે. જેમ લોકમાં તો કહે છે જે, એમાં તો એના બાપના જેવા ગુણ છે, કાં તો એના કાકાના જેવા ગુણ છે કાં તો એની માના ગુણ છે, કાં તો એના મોસાળ ઉપર ગયો, એ રીતે લોકમાં કહેવાય છે તેમ અમારા સાધુમાં ઉદ્ધવજીના જેવા ગુણ આવ્યા માટે અમારો ઉદ્ધવ સંપ્રદાય કહેવાય છે. પછી સાહેબ બોલ્યા જે, આ સબ કહે જે, નરનારાયણદેવ પધરાવ્યા તે કિયા શાસ્ત્રમાં કહ્યું છે ? ત્યારે મહારાજે કહ્યું જે, ભાગવતમાં છે જે, નરનારાયણ તો ભરતખંડના રાજા છે તેને કોણ ના પાડે છે? એની નજરમાં આવે ત્યાં બેસે, એ રીતે ઘણીક વાત થઈ. (૨૭૭)

પછી મહારાજ ઉઠયા ત્યારે કુબેરસંગે કહ્યું જે, આ દુર્લભ સાહેબનાં ઘરનાં માણસને દર્શન કરવાં છે, માટે અહીં થઈને ચાલો. પછી મહારાજ ગયા ત્યારે મહારાજની આગળ થાળમાં એલચી, લવિંગ, સોપારી, પાન બીડી મેલીને, તે ઉપર રુમાલ ઢાંકીને મહારાજની આગળ મેલ્યો અને પગે લાગીને કહ્યું જે, નારાયણ સ્વામી, એ મેરી દીકરી હે, ઈસકે

પેટમે બચ્ચા હે, ઉસકી તમે રક્ષા કરજ્યો. એ રીતની મહારાજની સ્તુતિ કરી. પછી મહારાજ ત્યાંથી ચાલી નીસર્યા. (૨૭૮)

ગઢડામાં મહારાજ નિરંતર રહેતા. તેમાં એક દિવસ મહારાજ સજ્જાની ઓરડીએ આથમણી ઓસરીએ ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે વિરાજમાન હતા અને હરિભક્તની આગળ શૂરાતનની વાત કરતા હતા, તેવા સમામાં આત્માનંદ સ્વામીની મંડલી આવી ત્યારે મહારાજે કહ્યું જે, એ અમારા શૂરા આવ્યા એમ કહીને મહારાજ સામા આવ્યા ત્યારે આત્માનંદ સ્વામીએ દંડવત્ કર્યા. ત્યારે સોમલે ખાચરે કહ્યું જે, શું લાંબાટુંકા થાઓ છો ? મહારાજ ઉભા થઈ રહ્યા છે. પછી મહારાજ બહુ હેતે કરીને મળ્યા. પછી મહારાજને આત્માનંદ સ્વામી પગે લાગવા ગયા. ત્યાં મહારાજે વાંસલી કોરે એક હાથે કરીને બીજો હાથ છાતી ઉપર ફેરવ્યો અને મહારાજ એમ બોલ્યા જે, જુઓને એકલાં હાડકા છે, એ તો ત્વચાએ કરીને ઢંકાયાં છે, માટે જણાતાં નથી. પછી આત્માનંદ સ્વામીને કાખમાં લઈને બાઈઓ સામા ઉભા રાખીને બે આંખો મહારાજે પોતાને હાથે કરીને ઉઘાડવા માંડી અને હું તો આંખો મીચી ગયો અને મહારાજ બહુ હસ્યા અને બાઈઓ હરિભક્ત પણ હસ્યા એ રીતે હાસ વિનોદ બહુ થયો. (૨૭૯)

એક સમે મહારાજે સત્સંગિજીવન ગ્રંથની પૂજા કરાવી. તેમાં ધન આવે તે અયોધ્યાવાસીનું અને પછી ગંગાજળીઆ કૂવા પાસે બાજોઠ ઉપર પુસ્તક મેલ્યું અને મહારાજ ચાકળા ઉપર બેઠા હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા અને રામપ્રતાપભાઈ અને ચાર પાંચ સાધુ ને હરિભક્ત બેઠા હતા અને એકકોરે બાઈઓ બેઠી હતી અને સૌ હરિભક્તે પુસ્તકની પૂજા કરી. તે રોકડા મેલ્યા. પછી સૌ હરિભક્ત બાઈ ભાઈએ સૌ સૌની પહોંચ પ્રમાણે ભેટ મેલી એ રીતે પૂજા કરી રહ્યા પછી મહારાજે કહ્યું જે, એ બેયને અરધા અરધા વહેંચી દ્યો. પછી રામપ્રતાપભાઈએ સર્વે લઈ લીધા. પછી મહારાજ કાંઈ બોલ્યા નહિ. (૨૮૦)

પછી મહારાજે કહ્યું જે, ગવૈયાને બોલાવો, જે વાડીના ઓટા ઉપર પુસ્તક પધરાવીએ. પછી મહારાજે કહ્યું જે, ગવૈયાને કેમ વાર લાગી? ત્યારે કહ્યું જે, નહાવા ગયા છે. પછી મહારાજ ઉઠયા અને પુસ્તક માથા ઉપર લીધું. આત્માનંદ સ્વામી અને જયાનંદ સ્વામી તે આગળ ગાતાં જાય અને બીજા ઝીલે. તે "સખિ ગોકુળ ગામના ચોકમાંરે."

એ કીર્તન બોલ્યા. એ રીતે ગાતાંગાતાં લક્ષ્મીવાડીમાં મહારાજ પધાર્યા. તે આવીને ઓટા ઉપર વિરાજમાન થયા અને ખોળામાં પુસ્તક લીધું. પછી સાધુ સર્વે નહાવા ગયા હતા તે પણ આવ્યા. મહારાજે પુસ્તક ઓટા ઉપર મૂકયું અને મહારાજ ઓટાથી ઉત્તરાદિ કોરે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સામો આંબો હતો. તે તળે બાઈઓ બેઠી હતી અને નિષ્કુળાનંદ સ્વામી કેળોના થંભ રોપીને મંડપ કરતા હતા. તે સભામાં મહારાજ બહુ દિલગીર થયા અને આંખોમાં આંસુ ચાલ્યાં જાય. પછી કેટલીક વારે રુમાલ લઈને પોતાને હાથે આંસુ લુયાં અને એમ બોલ્યાં જે, કોઈને સંશય થાય જે કેમ મહારાજ દિલગીર થયા ? તેનો ઉત્તર કરીએ જે, આ સૌને વાંસે રોવાવાળા છે અને અમારે કોઈ રોવાવાળો નથી માટે અમે અમારું રોઈ લીધું અને બીજાને વાંસે ખરચ કરવાવાળા છે અને અમારે કોઈ ખરચ કરવાવાળો નથી માટે બ્રાહ્મણ જમાડયા અને સાધુને જમાડયા, એ અમારો ખરચ કરી દીધો અને બીજાને વાંસે દેરી ચણાવવાળા છે અને અમારે દેરી કરે એવો કોઈ નથી. માટે આ મંદિર કરાવ્યાં, તે અમારી દેરી છે અને ગોપીનાથ પધરાવ્યા છે તથા નરનારાયણ પધરાવ્યા છે. તેમાં અમે રહીશું. એટલી વાત કરીને મહારાજ પાછા મંદિરમાં પધાર્યા. (૨૮૧)

પછી એક દિવસ ઝીણાભાઈની બહેને મહારાજ સારુ થાળ કર્યો તે ચાર સાધુ ને મહારાજ આવે એમ બાઈએ કહી મેલ્યું. ત્યારે મહારાજે કહ્યું જે, કિયા કિયા સાધુ આવે ? ત્યારે કહે, બ્રહ્માનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, અખંડાનંદ સ્વામી અને શુકમુનિ એ ચાર સાધુ આવે. પછી એ ચારે સહિત મહારાજ જમવા પધાર્યા. ત્યાં મહારાજને અર્થે થાળ પીરસીને બાઈ તો બહાર ગયાં અને ત્યાં મહારાજ ચાકળા ઉપર બેઠા અને બાજોઠ ઉપર થાળ મૂક્યો, તે મહારાજ જમવા બેઠા અને પાસે સાધુ બેઠા, પછી મહારાજ જમતા જમતા બોલ્યા જે, અખંડાનંદ સ્વામી તો પંજાબી તે બહુ ખાય. એમ મહારાજે કહ્યું. પછી સાધુએ હા પાડી જે, જ્ઞાનાનંદ સ્વામી આદિક એ પંજાબી હતા. તે પાંચ પાંચ છો છો ગોળા ખાતા અને એક પંજાબી પરોણો આવ્યો ત્યારે એને સંગે પૂછયું જે તમારો શો ખોરાક છે ? ત્યારે તે બોલ્યો જે, જો ઘઉંની રોટલી હોય તો અણગણિયાં અને બાજરેદી હોય તો વીશ, તીશ અને ચોખા મગ તો સાયદા કુલ હે કોઈ ધ્રાયા ને ધ્રાશે પછી મહારાજ બહુ હસ્યા ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે કાંઈ પંજાબીનો વાંક કાઢીએ એમ નથી અને પુર્બિયા કયાં ઓછું ખાય છે ? ત્યારે મહારાજે કહ્યું જે, પુર્બિયા બહુ ખાય? ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, પંચાળે રામપ્રતાતભાઈ સવારમાં માખણ ને સાકર જમતા અને મધ્યાહ્ને ઘીનું આંધણ મેલીને વૈતાકનું શાક કરતા અને ચઢતી ખીચડીમાં ઘી નાખતા અને

ઘીમાં લોટ બાંધતા ને ચિકાશ સારુ થોડું પાણી નાંખતા ને તેની પૂરી કરતા. પછી આટલું મધ્યાહ્ને જમીને સૂઈ રહેતા અને સાંજનો વખત થાય ત્યારે પાંચ શેર દૂધ મંગાવીને કઢતા, તે બળતે બળતે બશેર રહે તેમાં સાકર નાખીને પી જાય અને પછી સૂઈ રહેવું પછી સવારમાં ઉઠીને કહે જે, આ ગામના પાણી અચ્છા નહિ. તે અન્ન પચતા નહિ. પછી મહારાજ બહુ હસ્યા અને કહ્યું જે, સવારમાં માખણ કેટલુક દેતા? ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, મને શી ખબર ! એ બાઈઓ જાણે ત્યારે મહારાજે સાદ કર્યો. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, જેમ છે તેમ કહેશે નહિ. ત્યારે મહારાજે કહ્યું જે, શું નહિ કહે ? અમને પૂછતાં આવડે છે. પછી બાઈ ઓસરીની હઠે આવીને ઉભાં રહ્યાં અને કહ્યું જે, મહારાજ, શું કહો છો ? પછી મહારાજે કહ્યું જે, રામપ્રતાપભાઈ એમના દેશમાં ગયા. તે સાધુ આગળ વાત કરી જે, પંચાલે જેતા દિન રહ્યા એતા દિન ધરાઈને માખણ ખાયા નહિ, માટે તમે કેટલુંક દેતા? ત્યારે બાઈ બોલ્યાં જે, અમે કાંઈ તોળીને તો કોઈ દી નથી દીધું. ત્યારે મહારાજે કહ્યું જે, અનુમાને ન જાણીએ ? ત્યારે બાઈ કહે અનુમાને કેમ જાણીએ ? પછી મહારાજ કહે જે, ઓલ્યો પાણો જુઓ, એટલંુક દેતા ત્યારે બાઈ કહે જે, એટલુક તો દેતાં. ત્યારે મહારાજ કહે જે, ઠીક દેતાં જાઓ. પછી મહારાજ કહે જુઓ આ પાણો બશેરનો છે અને બે શેર સાકર આવતી હશે, તે સવારમાં જમવું અને મધ્યાહ્ને ઘીમાં શાક, ખીચડીમાં ઘી ને પુરીઓ એટલું બપોરે જમવું અને સાંજના પાંચ શેર દૂધ મંગાવીને કઢી માવો કરીને માંહે સાકર નાખીને પીવું અને પ્રભાતે પાણીનો વાક કાઢવો જે પચતા નહિ કેટલંુક પચે ? પછી મહારાજ જમી રહ્યા ને સાધુને કહ્યું જે, તમે બેસો, પછી સાધુ જમવા બેઠા અને મહારાજે શીરો પુરી શાક ને અથાણું પીરસ્યું તે સાધુ જમ્યા અને પછી ભાત પીરસ્યો ને ઘી પીરસ્યું. પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, ભાઈસ્વામીને ઘી નથી આપ્યું, ત્યારે મહારાજ કહે ભૂલી ગયા. પછી કહ્યું જે, ભૂલ્યા તો નથી. અમે જાણ્યું જે, નહિ ખાતા હોય ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, ઘી તો ખાય છે ત્યારે મહારાજે ઘી પીરસ્યું. પછી સાધુ જમીને ઉતારે આવ્યા અને મહારાજ પોઢવા પધાર્યા. (૨૮૨)

એક દિવસ આત્માનંદ સ્વામીની મંડળી મહારાજે બોટાદ મેલી. તે રાત પીપળીએ રહીને બોટાદ ગયા. તે માર્ગમાં બોરડી ખોદેલી તેનાં દાતણ સૌએ લીધા અને આ દાતણ તો મહારાજ કરે એવું છે, માટે ન કર્યું. પછી મહારાજ તો ભગા શાહ માંદા તેને જોવાને સારુ અર્ધ રાતે આવ્યા, તે માર્ગમાં બહુ વરસાદ વરસ્યો તે પલળ્યા થકા દાદા ખાચરના દરબારના ફળિમાં પાણી ભરાણું તેમાં ઘોડા ઉભા મેલીને એમના એમ ભીને વસ્ત્રે સોતા ભગા શાહને ઘેર પધાર્યા. પછી દર્શન દીધાં અને ધીરજતાની વાતો કરી જે, ચિંતા રાખશોમા. એમ કહીને મહારાજે પાછા દાદા ખાચરના દરબારમાં આવીને ભીનાં વસ્ત્ર ઉતારીને કોરા વસ્ત્ર ધારણ કર્યા અને ઓસરીએ લાકડાં સળગાવીને મહારાજ તાપવા બેઠા. પછી સવાર થવા આવ્યું ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, મહારાજ દાતણ કરશો ? ત્યારે મહારાજે ના પાડી અને પાછા ભગા શાહને જોવા સારુ પધાર્યા અને વાત કરી જે, કાંઈ ચિંતા રાખશોમા. અમે તો ચાલીશું. એમ કહીને પાછા

દાહ્ના ખાચરના દરબારમાં આવ્યા અને ઢોલિયે બેઠા ને દાતણ સંભાર્યું જે, કોણ કહેતું હતું જે, દાતણ કરવું છે ? ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, હું કહેતો હતો. પછી મેં દાતણ આપ્યું તે મહારાજે દાતણ કર્યું. (૨૮૩)

પછી દિવસ ઉગવા માંડયો, તે હરિભક્ત દર્શને આવ્યા અને મહારાજ દાતણ કરીને સાબદા થયા ત્યારે હરિભક્તે કહ્યું જે, છાશ પીને ચાલો. ત્યારે મહારાજે કહ્યું જે, અમારા ઘોડા રાતના ખડ તથા જોગાણ વિના પાણીમાં ઉભાં છે. માટે છાશ થાય ત્યાં સુધી અમારે નથી રહેવું. ત્યારે હરિભક્તે કહ્યું જે, રાતનું કરી મેલ્યું છે. પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે સોમલા ખાચરના દરબારમાં સાધુની ઓરડી છે ત્યાં ચાકળા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા, ત્યાં હરિભક્ત મોતિયા લાડવા તપેલામાં ભરીને લાવ્યા અને વાંસે પાળા હતા તે પણ આવ્યા. પછી મહારાજને હરિભક્તે કહ્યું જે, વહેંચો ત્યારે મહારાજ કહે જે, સાધુનો માંહી ભાગ છે. ત્યારે હરિભક્ત કહે હા મહારાજ, સહુને અર્થે કર્યા છે. પછી મહારાજે સહુને બે બે લાડવા આપ્યા. ત્યારે કોઈક બોલ્યા જે આ ભીમને બે લાડવે શું થાશે ? ત્યારે મહારાજ કહે જે, અમે શું કરીએ ? વાણીયા તો તોલીને કરે, તે અમે વધુ કયાંથી લાવીએ ? એમ કહીને વધ્યા તે ખડિયામાં નખાવ્યા અને બોલ્યા જે, અમે તો બહાર ધાર ઉપર કોઈ સારી જાયગા હશે ત્યાં જમીશું આ ગામમાં તો શેરીઓ ગંધાય છે તે નહિ જમીએ. (૨૮૪)

એમ કહીને મહારાજ ચઢીને નિસર્યા તે ગામ નાગલપુર આવ્યા, ત્યારે તે ગામનાં માણસ આડાં ફર્યા, તે મહારાજને કહે, છાશ પીને જાઓ, પછી ગામમાં પધાર્યા તે ગામના કાઠીના દરબારમાં વિરાજમાન થયા અને કહ્યું જે, લ્યો અમે તમને છાશ પાઈએ, એમ કહીને ખડિયામાં લાડવા હતા તે વહેંચ્યા. પછી માણસ બહુ ભેળા થયાં, તે કહે જે, અમને વર્તમાન ધરાવો. પછી મહારાજે હાથમાં પાણી લઈને છાંટયું અને કહ્યું જે, આ પાણી જેને અડયું તેને વર્તમાન છે. (૨૮૫)

પછી ગામનો કાઠી કહે જે, મને તો વર્તમાન ન ધરાવ્યું? અને પછી મહારાજે કહ્યું જે, તમને વર્તમાન નહિ રહેવા દે શા માટે જે, બધો મલક નગટો છે અને તમે સત્સંગ કરશો એટલે નાકવાળા થાશો, પછી તમે ભાવનગરની કચેરીમાં જાશો ત્યારે નહિ રહેવા દે.પછી મહારાજે એક દૃષ્ટાંત દીધું જે એક રાજાએ ડુંગર ઉપર શહેર વસાવ્યું, ત્યાં એક કોરે ચઢવાનો માર્ગ ત્યાં બે માણસ ઊભા રહ્યા હોય તો કોઈથી ચઢાય નહિ એમ ધારી રાજાએ ભાવર ઊભા રાખ્યા તે ચોકી કરે. તેણે વિચાર્યું જે, ધન બહુ છે તે રાજાના માણસને ચઢવા ન દેવા. પછી રાજાએ જાણ્યું જે, ભાવર ખૂટલ નીકળ્યા. પછી રાજાએ કાંઈક કળાએ કરીને ઝાલ્યા પછી કહ્યું જે, એને તોપને મોઢે દ્યો. પછી કોઈક ડાહ્યા બોલ્યા જે, તોપને મોઢે દેશો તો મરી જાશે. પછી કોઈ કહેશે જે, મરી ગયા, તે મરી ગયા. એ વાત થઈ રહી. માટે એ કરતાં એનાં નાક કાપીએ એટલે મલકમાં છતરાયા થાશે, એટલે કોઈ ચાકર રાખશે નહિ, પછી સર્વેના નાક કાપીને પોતાના મલક બહાર કાઢી

મેલ્યા. પછી એ નગટાએ એક ગામ વસાવ્યું. તે એ માર્ગે કોઈ આવે તેનું નાક કાપી લે. પછી એ માર્ગે કોઈ આવે નહિ. પછી છોકરાં જન્મે તે માને કહે કે, તારું નાક કયાં? બાપને કહે કે, તારું નાક કયાં? પછી ભેગા થઈને વિચાર કર્યો જે, આ છોકરા કહે છે તેનું કેમ કરવું? ત્યારે તે કહે જે, છોકરાનું જન્મતા નાક કાપી લ્યો, પછી શું કહેશે ? અને તેમ તમે જુઓને, અમારા સાધુને જોઈને સ્ત્રીઓ વાંસે દોડે છે તે નાક કાપવાને સારુ જ ને ? આ નાકવાળા કયાં રહી ગયા ? એ દિશની ઘણીક વાત કરી અને મહારાજ ગઢડે પધાર્યા. (૨૮૬)

પછી કેટલાક દિવસ કેડે ભાવનગરનો મહેતો બોટાદ આવ્યો અને કોરમોરના કાઠી ઝાઝા ભેળા થયા. પછી મહારાજ પણ બોટાદ પધાર્યા, તે દાદા ખાચરના દરબારમાં આવ્યા અને પછી દાદા ખાચરના ઓરડાની વાંસે વાડો છે ત્યાં વતું કરાવવા પધાર્યા, ત્યાં એક દાડમનું ઝાડ હતું તે ઉપર ચઢીને પોતે દાડમ ઉતાર્યું અને કહ્યું જે, આ પાકું છે, શા માટે જે ફાટે તે પાકલ જાણીએ અને કાં તો ખરી પડે તે પાકલ જાણવું. એમ કહીને મહારાજ પોતાને હાથે સુધારીને જમી ગયા, પછી કોગળા કરીને વતું કરાવવા દક્ષિણાદે મુખે બેઠા. પછી વાળંદ વતું કરતો હતો ત્યાં શેરીમાં સ્ત્રીઓ છાજિયા લેતી હતી, તેને સાંભળીને વાળંદને વતું કરતો અટકાવીને પોતે કાન દઈને સાંભળવા લાગ્યા. તે સાંભળીને કહ્યું જે બધી ડાકણો ભેળી થઈ છે. પછી મહારાજ વતું કરાવીને નાહ્યા ને દાદા ખાચરને ઘેર થાળ મહારાજ જમ્યા. (૨૮૭)

પછી જમીને ઓસરીએ ઢોલિયા ઉપર ઉતરાદે મુખારવિંદે વિરાજમાન થયા. ઝીણોભાઈ, પાંચ સાત સાધુ અને બીજા હરિભક્ત બેઠા હતા. પછી મહારાજે કહ્યું જે, ઘોડી ડાચિયું નાખે છે ? ત્યારે દાદા ખાચરે કહ્યું જે, હા મહારાજ, પછી મહારાજે એક હાથનો ડંડીકો લઈને બારી સામા ચાલ્યા, ત્યારે ઘોડી ડાચિયું નાખવા ગઈ, ત્યારે મહારાજે મોઢા ઉપર ડંડીકો મેલ્યો, પછી આવીને ઢોલિયે બેઠા અને કહ્યું જે, એમ બે ત્રણ વાર મોઢા ઉપર મારી હોય તો સ્વભાવ મૂકી દે. (૨૮૮)

પછી બીજે દિવસ માત્રા ધાધલને ઘેર થાળ કર્યો તે મહારાજ જમ્યા ને થાળ સાધુને આપ્યો, પછી મહારાજે કહ્યું અહીં તો તડકો બહુ છે, તે બહાર કોઈ ઝાડ હેઠે જાઈએ. પછી હરિભક્તે કહ્યું જે, ગામથી આથમણી કોરે વડ છે, તેની તળે આંબલી છે. ત્યાં બહુ સારી છાયા છે. પછી મહારાજ ત્યાંથી ઉઠયા અને ઢોલિયો ગાદલું લીધું પછી હરિભક્તે પૂછયું જે, સાધુ આવે ? પછી મહારાજે હા પાડી. પછી ત્યાં ગયા, ઢોલિયો પાથર્યો, પછી મહારાજ પોઢયા અને ઝીણાભાઈને કહ્યું જે, તમે આત્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછો. પછી ઝીણાભાઈએ પૂછયું તેની આત્માનંદ સ્વામીએ વાત કરી દેખાડી. ત્યારે મહારાજ કહે ઠીક ઉત્તર કર્યો. પછી મહારાજે કહ્યું જે, ઝીણાભાઈ તમે રહેવા દ્યો અને સાધુ માંહોમાંહી પ્રશ્ન ઉત્તર કરો. પછી પૂછયું જે, ભગવાન એક છે અને ધામ એક છે ત્યારે સૌને નોખી નોખી ઈચ્છા કેમ છે ? ત્યારે આત્માનંદ સ્વામી

બોલ્યા જે, આપણે ગોલોક, વૈકુંઠ લોકનું શું કામ છે ? આ મહારાજ પાસે બધુંય છે, માટે એ કહે તેમ કરવું પછી મહારાજ ઝબકીને બેઠા થયા અને કળશિયો લઈને આંખો છાંટી અને કોગળા કર્યા ને પાણી પીધું. (૨૮૯)

પછી મહારાજ ગામમાં આવ્યા, તે મહેતાને ઉતારે પધાર્યા, ત્યાં ગાડા ઉપર ગાદલું નંખાવીને વિરાજમાન થયા. ત્યાં જીવનો પ્રસંગ નીસર્યો. તે જીવ ઝીણો છે ત્યાં શ્લોક બાલાગ્રશતભાગસ્ય તસ્ય ભાગસ્ય ભાગયોઃ ।। પછી મહારાજે તે ઉપર વાત કરી જે, એવો સૂક્ષ્મ જીવ કહ્યો છે, તે તો પોતે ઝીણો કહ્યો છે. જેમ પૃથ્વી છે તે પાવડામાં આવે અને જળ પાવડામાં ન આવે, શા માટે ઝીણા પોતું છે અને પૃથ્વીથી દશગણું વધું છે અને દશગણું ઝીણું છે. માટે ઠામમાં આવે પણ પાવડે ન આવે. એ રીતે એક એકથી દશગણું વધુ છે અને એક એકથી દશ ગણું સૂક્ષ્મ છે, એ દિશની શ્રીજી મહારાજે વાત ઘણીક કરી અને જેમ ચાલીસ હાથની પાઘડી હોય તે મૂઠીમાં સમાય, શા માટે જે ઝીણાપોતી છે અને વેજાગરો હાથ એક હોય તો મુઠીમાં ન સમાય. જીવ છે તેને કોણ દેખે છે ? એ તો અનુમાને વાત થાય છે. પછી મહારાજે દૃષ્ટાંત દઈને વાત કરી જે :–

એક વેરાગીએ બે ચેલાને છાણાં વીણવા મેલ્યા, ત્યાં કાચબો હતો તેને છાણું જાણીને લેવા ગયા, ત્યાં તો સળવળ્યો ત્યારે બીજાને સાદ કર્યો જે, આવો ગુરુભાઈ, દેખો કેસા હંસ બેઠા હૈ? ત્યારે બીજે કહ્યું જે, કહા હંસ હે ? એ તો બતક હે. પછી બે જણા વાદ કરીને ગુરુની પાસે ગયા. ત્યારે ગુરુએ કહ્યું જે, કેમ ખાલી આવ્યા ? ત્યારે કહ્યું જે, અમારે વાદ હુવા જે, હું કહેતા હું, એ હંસ હે. એ કહેતા હે, બતક હે. અબ ગુરુ ન્યાય કરે સો ખરા, અરે બચ્ચા, ઈસમાં કયા ન્યાય કરના ? જવારીકા દાણા નાખો અને જો બતક હોયેગી તો ચુંગેગી અને હંસ હોયેગા તો નહીં ચુંગેગા.

એમ સૌ અટકળે જીવની વાત કરે છે. જેમ આપણી આ સભા બેઠી છે, તેમાં કોઈકને ઝોકું આવ્યું ત્યારે કહેશે જે, આકાશમાં વિમાન તથા હાથી તથા ઘોડા તથા પાલખી તે ભરાઈ રહ્યાં છે, એમ જાગીને કહે છે પણ સર્વે કાંઈ દેખે છે ? તેમ એવી સ્થિતિ જેને થઈ હોય તે દેખે. જેમ અર્જુને વિશ્વરુપ દીઠું. પણ કંઈ સૌએ દીઠું? માટે જેને ભગવાનની કૃપાએ કરીને દિવ્ય ચક્ષુ થાય છે. તે જીવ ઈશ્વરના સ્વરુપને દેખે છે, એ દિશની ઘણીક વાત કરી અને પછી આજે બ્રાહ્મણે મહારાજની પુષ્પચંદને કરીને પૂજા કરી, તે મહારાજે હજારીગલનો ભારે હાર હતો તે આત્માનંદ સ્વામીના ગળામાં નાખ્યો. પછી મહારાજ દાદા ખાચરના દરબારમાં પધાર્યા અને સાધુ ઓરડીએ ગયા. (૨૯૦)

બીજે દિવસ મહારાજ ગઢડે પધાર્યા. એક સમે મહારાજ દિવસ ઉગતે ખીજડિયાને આરે નહાવા પધાર્યા તે પાણીમાં એક ટેકરી ઉપર ઉગમણે મુખે દાતણ કરવા બેઠા અને ફરતા સાધુ બેઠા અને ઝીણો ઝીણો મેઘ વરસતો હતો, તે પાળાએ મહારાજની ઉપર પછેડી લાકડીએ તથા તરવારની અણીએ બાંધીને ઝાલી અને ત્રણ કોરે બાંધી અને એક કોરે બાંધવાને દોરડું ન મળે, ત્યાં એક રાજકોટનો પુરબીઓ સામો ઉભો હતો તેણે દેખતા કેડિયાની કસ તોડી ને બાંધી એટલે મહારાજ બહુ રાજી થયા અને સંત પણ રાજી થયા અને સાધુ એમ બોલ્યા જે, એણે તો દ્રૌપદીની પેઠે કર્યું. પછી મહારાજે તેને બોલાવ્યો અને પૂછયું જે, તમારો શો મહિનો છે ? અને બાર મહિને તમને લુગડાં કેટલાં આપે છે ? એવી રીતે વ્યવહારિક વાત પૂછીને તેને રાજી કર્યો. પછી મહારાજે દાતણ કાઢી નાખ્યું અને કોગળા કરીને નહાવા બેઠા. મહારાજ ઉપરવાસ નહાય છે અને સાધુ હેઠવાસ નહાવા લાગ્યા, પછી મહારાજ નાહીને બહાર નીકળ્યા અને વસ્ત્ર બદલીને નદીથી ચઢિયાતી જાગ્યા ત્યાં ઉગમણે મુખારવિંદે બેઠા હતા અને આથમણા મુખે સામા સાધુ બેઠા. (૨૯૧)

પછી અમદાવાદના દામોદર પૂજા કરવા આવ્યા ત્યારે મહારાજે કહ્યું જે, નિત્યાનંદ સ્વામીની પૂજા કરો. પછી નિત્યાનંદ સ્વામીની પુષ્પચંદને કરીને પૂજા કરી. પછી કસુંબલ રેંટો બંધાવ્યો. પછી વિશ્વચૈતન્યાનંદ સ્વામીની પૂજા કરવા ગયા, ત્યારે તેણે ના પાડી, ત્યારે મહારાજે હાકલ કરી જે, કેમ ના પાડી ? તમારે મોરથી કરાવવી હશે ? પછી બોલ્યા નહિ, તે અર્ચા કરી. પછી બીજાની કરવા ગયા, ત્યારે મહારાજે કહ્યું જે, આત્માનંદ સ્વામીની પૂજા કરો, નહિ તો એની પેઠે એ પણ મરડાશે. પછી સૌ સાધુની પૂજા કરી અને મહારાજ ઉઠયા અને ધાર ઉપર ઘોડા હતા અને મહારાજ ઘોડીએ ચઢયા અને એક ઘોડે નિત્યાનંદ સ્વામી બેઠા અને મહારાજે એક પાણો માથે લીધો, એટલે ઘોડાચઢ બધે એક એક પાણો લીધો પછી મહારાજ આથમણે ઝાંપે પેઠા, તે બજાર સુંસરા દરબારમાં પધાર્યા. પછી રસોઈ થઈ તે મહારાજ જમ્યા અને સંતને જમાડયા. (૨૯૨)

એક સમે ગઢાળીને માર્ગે પાણીને કાંઠે ઢીંચણ બાંધીને મહારાજ આથમણે મુખે બેઠા હતા ને પોતાની પાસે સોમલા ખાચર બેઠા હતા ને સર્વે સાધુને કહ્યું જે, તમે ઓલી કોરની ધાર ઉપરથી પાણા કાઢીને પાણાને આ કોરે લાવીને નાખો, એટલે સર્વે બાઈ ભાઈ હરિભક્ત નાહીને જાતાં એક એક પાણો લેતા જાય. (૨૯૩)

એક દિવસ મહારાજ જળમાં ઊભા ઉગમણે મુખે ધ્યાન કરે અને આત્માનંદ સ્વામીએ મહારાજને એક પ્રદક્ષિણા દીધી અને એક દિવસ મહારાજ ખળખળીએ સર્વે સાધુ હરિભક્તે સહિત નહાવા પધાર્યા. પછી મહારાજ જળમાં પ્રવેશ

કરીને ખળખળિયાની વચ્ચે ઉત્તર મુખે ઉભા અને સર્વેને કહ્યું જે, અમારે પગે સ્પર્શ કરવો હોય તેને આજ મોકળ છે અને ઉપરવાસથી ન આવે, પડખેથી ન આવે. પછી હરિભક્ત, સાધુ જે આવે તેને પાણી તાણી જાય, માટે મહારાજની પાસે કોઈ જઈ શકે નહિ. પછી તેને જોઈ જોઈને મહારાજ હસતા હવા અને એક સુરા ભક્ત મહારાજની પાસે આવ્યા, ત્યારે મહારાજે ધક્કો દીધો તે ગડથોલાં ખાતા જાય ને મહારાજ હસતા જાય અને સર્વે સાધુ હરિભક્ત પણ હસ્યા, તે આઘા જઈને નીકળ્યા અને ફરીને આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, સુરાભક્ત કેમ થયું? ત્યારે કહે મહારાજ, ભણે પ્રભુ હાથસું મૂકુંદે ત્યારે એવું જ થાય; પછી બ્રહ્માનંદ સ્વામી આવ્યા, તેને મહારાજે ધક્કો દીધો. તે પણ ગડથોલાં ખાતા જાય અને તણાયા. પછી એ રીતે સૌ મહારાજ પાસે આવે પણ પાણી તાણી જાય. એવી રીતે સૌઆવી રહ્યા અને આત્માનંદ સ્વામી તો નાહીને બેઠા હતા. ત્યારે મહારાજે કહ્યું જે, તમે આવોને. ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, મને તો તરતાં ન આવડે, માટે આ પાણીમાં અથડાઈને માથું ફુટી જાય. તે સારું હું તો બીઉ છું. પછી મહારાજ બહુ હસ્યા અને સાધુને મહારાજે કહ્યું જે, એને તેડી લાવો, પછી સાધુ આવ્યા, તે મારી બે કોરે હાથ ઝાલીને મહારાજ પાસે તેડી ગયા અને પાસે જઈને ડબકી મારીને ચરણનો સ્પર્શ કર્યો, એ રીતે મહારાજે જળક્રીડા બહુ કરી અને સાધુ હરિભક્તને આનંદ પમાડતા હવા. (૨૯૪)

પછી મહારાજ બહાર નીકળ્યા અને વસ્ત્ર બદલીને જ્યારે તાજણ ઘોડીએ ચઢતા ત્યારે તો નદીને ગઢની વચમાં આડી ધારે ચાલતા અને જ્યારે રોઝે ઘોડે ચઢતા ત્યારે તો નદી ઉતરીને ફરીને ગઢાળીને માર્ગે આવતા. તે પાણીની પાસે આવે ત્યારે ઘોડો બણણણણણ કરે ત્યારે બધો ઘેલો ગાજી ઉઠે અને મહારાજ કહે જે, આ ઘોડે બેઠા છીએ તે કેડે બીજે ઘોડે રાંગ નથી ભરાતી. પછી મહારાજ દરબારમાં આવ્યા અને થાળ જમ્યા અને સાધુઓને લાડવા ફેરવ્યા અને માંહેલી કોરે સજ્જાની આથમણી કોરે પાયો ખોદાવ્યો હતો તે પાણે પૂરી દીધો અને કહ્યું જે કાઠિયાવાડમાં તો મોટું મંદિર સારું નહિ, શા માટે જે, અહીં બીક બકોર હોય ત્યારે ઠાકોરને ગાડામાં બેસારીને બીજે ગામ જાતા રહીએ, એવું જોઈએ એ દિશની વાત કરી. (૨૯૫)

એક સમે ધોલેરે મંદિર કરવાની મહારાજે વાત ઉચ્ચારી પછી પુંજાભાઈએ કહ્યું જે, હે મહારાજ, તમે ઠીક કહો છો ? પણ સાધુ તો રહેતા નથી અને કોઈક મંડળ આવે છે તે માંડ માંડ એક બે રાત રહે છે. પછી મહારાજે કહ્યું જે, કાંઈ ચિંતા રાખશોમા. બીજા મંદિર કરતાં તમારું અધિક કરી દેખાડવું છે. (૨૯૬)

પછી મહારાજની મરજી જાણીને ભારે એક ફરજો કરાવ્યો અને ફરતી વંડી કરાવી. પછી પુંજાભાઈ ગઢડે આવ્યા અને મહારાજને કહ્યું જે, સાધુને મોકલો તો ઠીક. પછી મહારાજે સર્વે સાધુને કહ્યું જે, ધોલેરે આપણે દેવ પધરાવવા છે.

માટે જે ધોલેરે જાય તેને મળીએ અને તેને માનત કરીએ. એમ બે ત્રણવાર કહ્યું. પણ કોઈ બોલ્યું નહિ. ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, હે

મહારાજ, કહો તો હું જાઉં. અમારે ને પુંજાભાઈને બનશે. ત્યારે મહારાજે હા પાડી. ત્યારે મૂળજી બ્રહ્મચારી બોલ્યા જે, ક્યાં જાય ? એમને બાજરાનો રોટલો જોઈએ છીએ અને ત્યાં કેવળ ઘઉંના રોટલા છે, ત્યારે મહારાજે કહ્યું જે, એ તો બધું થઈ રહેશે, પછી સવારમાં મહારાજે ગાડામાં મદનમોહનજીની મૂર્તિ બેસારી અને ગાંડો અને પારેવો એ બે બળદ ગાડે જોડયા અને આત્માનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામીને ભેળા મેલ્યા, તે ધોલેરે આવ્યા અને ફરજામાં મદનમોહનજીને પધરાવ્યા. આત્માનંદ સ્વામી ત્યાં રહ્યા અને નિષ્કુળાનંદ સ્વામી પાછા ગઢડે આવ્યા. (૨૯૭)

પછી કેટલાક દિવસ કેડે ગઢડેથી ધોલેરા મહારાજ પધાર્યા અને ઓતારીએથી મહારાજ પગપાળા આવ્યા અને ફરજામાં ઠાકોરજીને પધરાવ્યા હતા તેને નમસ્કાર કરીને ઓસરીએ ઢોલિયા ઉપર મહારાજ વિરાજમાન થયા અને પછી ઉનું પાણી કરીને ફરજાથી દક્ષિણાદે કોરે બાજોઠ ઉપર બેસારીને નવરાવ્યા. તે પુંજાભાઈએ મર્મ કર્યો જે, ઝાઝું પાણી લાવજો, નહિ તો કહેશે જે, ભાલમાં ગયા તે નહાવા પાણી ન મળ્યું, એમ બોલ્યા ત્યારે મહારાજ હસ્યા. પછી નાહીને વસ્ત્ર બદલીને મહારાજ ચાલ્યા અને આત્માનંદ સ્વામીએ મહારાજ ઉપર છત્રી ઝાલી, એ રીતે ચાલ્યા તે હમણાં ઠાકોરજી છે ત્યાં પાળ હતી ત્યાં ઉત્તરમુખે પગભર બેઠા અને પુંજાભાઈને મહારાજે કહ્યું જે, આ ઠેકાણે મંદિર કરવું. છેવાડું જાણશોમા. વસ્તી ફરતી થઈ જાશે. એ રીતે મંદિરની ભલામણ પુંજાભાઈને કરી. પછી મહારાજ ત્યાંથી ઉઠયા તે રસોઈ થાતી ત્યાં ચુલા પાસે આવીને બેઠા અને મહારાજ તાપતા હતા ત્યાં રસોઈ થઈ. તે મહારાજ જમવા બેઠા અને જમીને ફરજામાં ભૂમિ ઉપર ગાદલું નખાવીને પોઢયા અને આત્માનંદ સ્વામીને બોલાવીને કહ્યું જે, વાંસડા છે માટે દેવતાની ખબર રાખજો. પછી મહારાજ સાંજના આવીને ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા અને સભા ભરાઈને બેઠી અને મહારાજે સાધુને ચરણારવિંદ છાતીમાં આપ્યા પછી હરિભક્ત પણ ચરણારવિંદ લેવા તૈયાર થયા. ત્યારે મહારાજે કહ્યું જે, ચરણારવિંદમાં તો ગાડાં રહ્યાં છે, માટે જેની જેટલી પહોંચ હોય તેટલા બરવાળેથી કાંકરી મંગાવીને દે. ત્યારે વસ્તે ખાચરે દશ ગાડાં મંડાવ્યા એ રીતે પહોંચ પ્રમાણે સૌ હરિભક્તે ગાડાં મંડાવ્યા અને સૌએ ચરણારવિંદ લીધા, પછી મહારાજ રાત રહીને વડતાલ પધાર્યા. (૨૯૮)

અને મહારાજ વડતાલથી પાછા વળતા રાત પીપલી રહ્યા તેની ખબર ધોલેરે આવી જે, સવારમાં આવશે. પછી સવારમાં સૌ સામાં ગયા. તે લીંબડે તળાવે મહારાજ ભેળા થયા અને મહારાજને ચોફાળ પાથરી દીધો તે ઉપર મહારાજ બેઠા અને બીજા ઘોડાચઢ તથા સાધુ પાળા નહાતા હતા અને પુંજા ભાઈ મહારાજની ઘોડી ઝાલી રહ્યા અને મહારાજને આત્માનંદ સ્વામી જઈને પગે લાગ્યા ત્યારે મહારાજે કહ્યું જે, કેમ છે ? ત્યારે મેં કહ્યું જે સાધુ ઝોળી માગવા ગયા હતા,

તેને અંગ્રેજ કાંઈક કહેતો હતો. ત્યારે મહારાજે કહ્યું જે, સારું એનું ગમતું ન ગમતું નક્કી થાશે. પછી મહારાજ ઘોડીએ બેસીને ચાલ્યા તે સાધુ પાળા ઘોડાચઢ તે સર્વે બજાર સુંસરા આવતા હતા અને બજારમાં અંગ્રેજ ઘોડે ચઢીને ઉભો હતો અને માણસને આગળ કાંઈક કહેતો હતો. પછી મહારાજ આવ્યા તે એણે ભાળ્યા નહિ તે મહારાજ ઉભા રહ્યા પછી એની પાસે માણસ હતા તેમણે મહારાજ સામું જોયું. એટલે એણે મહારાજને જોયા. એટલે કોરે ખસી ગયો. પછી મહારાજ ચાલ્યા તે મંદિરમાં આવીને ઉતારા કર્યા. (૨૯૯)

પછી મહારાજને અર્થે રસોઈ સાધુએ કરી, તે મહારાજ જમ્યા અને સાધુ પાળા સર્વેને જમાડયા. પછી સાંજના મહારાજ ફિરંગીને મળવાને ગયા. તે ભાવનગર વાળે ગઢડાના મંદિરની બંધી કરી હતી તે વાત સાંભળી ત્યારે તેણે રાજકોટ ઉપર કાગળ લખ્યો, ત્યારે રાજકોટવાળા સાહેબે ભાવનગર ઉપર કાગળ લખ્યો જે, સ્વામિનારાયણ મંદિરના કામ બંધ ન કરના અને ગઢ કરે છે, ને મારા રાજ્યમાં છે, તે હમ દેખેગા પણ તમારે મંદિરના કામ બંધ ન કરના. (૩૦૦)

પછી મહારાજ સવારમાં ચાલ્યા તે કારિયાણી રાત રહ્યા અને કારિયાણીથી ચાલ્યા તે ભાવનગર મહારાજ પધાર્યા અને રુપાભાઈને ઘેર ઉતર્યા અને સવારમાં મહારાજ દરબારમાં પધાર્યા. તે વજેસંગ ઉઠીને મહારાજને મળ્યા અને વજેસંગે કહ્યું જે, મહારાજ, ગાદી ઉપર બેસો અને મહારાજ ન બેઠા એટલે બીજી ગાદી નાખી દીધી તે ઉપર બેઠા અને મહારાજે કહ્યું જે, અમે રાવ કરવા આવ્યા છીએ, જેમ તમારા પટેલીયા વેરો ભરે છે તેમ અમે પણ વેરો તમને ભરીએ છીએ. બ્રાહ્મણ જમાડીએ છીએ. યજ્ઞ કરીએ છીએ અને સાધુને જમાડીએ છીએ, તે સાધુ ભજન સ્મરણ કરે છે, ધર્મ પાળે છે તેનો દશમો ભાગ આપીએ છીએ. માટે તમારો રાજીપો હોય તો ગોપીનાથજી ગઢડે રહે, નહિ તો જુનેગઢ નવાબની ધરતીમાં લઈ જઈએ ! તેણે હાથ જોડીને બહુ સ્તુતિ કરીને કહ્યું જે, એ તો કોઈકે કહ્યું હશે, હું એમ ન કહું અમારે તો તમે આ દેશમાં રહ્યા છો તેને પ્રતાપે મારું રાજ્ય રહ્યું છે. બીજાનાં રાજ્ય ગયાં માટે ગોપીનાથજી આ દેશમાં રહે તેમાં અમે રાજી છીએ. એ દિશની ઘણીક વાત થઈ. પછી મહારાજ ઉતારે આવ્યા અને જમ્યા. રાત રહીને બીજે દિવસ મહારાજ ગઢડે પધાર્યા. (૩૦૧)

એક સમે ધોલેરાથી આત્માનંદસ્વામી ગઢડે આવ્યા અને મહારાજ ઉતરાદેબાર ઓરડાની ઓસરીએ કથા વંચાવતા હતા અને આત્માનંદ સ્વામીને દેખીને ભાવુક થયા અને કથા સામું પણ ન જુવે ને મારા સામું જોતા જાય. પછી એમ જાણ્યું જે, કાંઈક કહેવાનાં થયાં છે. ત્યાં અધ્યાય પૂરો થયો ને મહારાજ બોલ્યા જે, તમારી એક વાત આવી છે. ત્યારે મેં કહ્યું જે, આવી હશે મહારાજ. પછી મહારાજે એમ કહ્યું જે, દશ દશ શેરના ખાતલ બળદને શેર શેર કપાસિયા મેલે છે અને એકવાર ખારું પાણી પીવરાવે છે અને પૂરું ખડ નાખવા દેતા નથી. પછી આત્માનંદ સ્વામીએ કહ્યું જે, સાધુ તો ઠીક કહેતા હશે, પણ જેને મેં કહ્યું હોય જે, શેર શેર કપાસિયા દેજો અને એકવાર પાણી પાજો અને ખડ પૂરું નાખશોમા એમ જેને મેં કહ્યું હોય તે મારે મોઢે થાય પછી મેં કહ્યું જે જે કહેતા હતા તે બોલો? પછી તો કોઈ બોલ્યા નહિ. ત્યારે મહારાજે સૌને ઠપકો દીધો અને કહ્યું જે, જુઓને, કેવળ ખોટે ખોટું બોલે છે. પછી રસોઈ થઈ તે મહારાજ જમવા પધાર્યા અને સાધુ પણ પોતાને આસને ગયા. (૩૦૨)

એક સમે મહારાજ ગંગાજળિયા કૂવા પાસે ચાકળા ઉપર વિરાજમાન હતા અને સર્વે સાધુ બેઠા હતા. પછી મહારાજે કહ્યું જે, આપણે મંદિર કયા કયા ગામમાં હોય તો ઠીક અને કેટલાક હોય તો ઠીક ? અમદાવાદ, વડતાલ આદિક કેટલાક ગામનાં નામ સાધુએ લીધાં. પછી મહારાજે કહ્યું જે, બાઈઓને પૂછો ત્યારે બાઈઓએ કહ્યું જે, ગઢડે તો અવશ્ય મંદિર કરવું જોઈએ, શા માટે જે, ગઢડે મહારાજ બહુ રહ્યા છે માટે વધુ મહિમા તો ગઢડાનો કહેવાય. માટે અહીં

તો જરૂર મંદિર કરવું જોઈએ અને ઝાઝાં મંદિર મહારાજ, સારાં નહિ, શા માટે જે, અયોધ્યાવાસીનું ખરચ પૂરું કરવું જોઈશે. એ વાત સાંભળીને મહારાજે કહ્યું જે, બાઈઓ બહુ ડાહ્યાં કેમ જે આપણને અયોધ્યાવાસીના ખરચની ખબર નહિ અને બાઈઓએ કહી દેખાડયું. પછી મહારાજે કહ્યું જે, લ્યો અમે કહીએ એમ કહીને મહારાજે માળા હાથમાં લીધી અને એમ બોલ્યા જે નરનારાયણને ઝાંઝાં મંદિર ગમતાં હોય તો બેકી આવે અને થોડાં ગમતાં હોય તો એકી આવે, એમ કહીને મહારાજે માળા ફેરવી, ત્યાં તો બેકી આવી. પછી કહ્યું જે, આ તો બેકી આવી ત્યારે મહારાજ કહે મરને ગામો ગામ મંદિર થાય. (૩૦૩)

પછી મહારાજે નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું જે, ગઢડાના મંદિરની ખબર તમારે રાખવી. પછી નિષ્કુળાનંદ સ્વામીએ ના પાડી ત્યારે તાણ કરીને કહ્યું જે, ગઢડામાં તમે મોટેરા. પછી સવારમાં ઉઠીને ગઢાળીએ જાતા રહ્યા. પછી સવારમાં મહારાજે સંભાર્યા. ત્યારે સાધુએ કહ્યું જે, એ તો ગઢાળીએ ગયા ત્યારે મહારાજે કહ્યું જે, એમને માનત નથી થાવું. ત્યારે મહારાજે કહ્યું જે, એકલા ગયા કે બીજો કોઈ ભેળો ગયો. ત્યારે કહે જે, એક વ્રજાનંદ સ્વામી ભેળા ગયા. ત્યારે મહારાજે કહ્યું નિષ્કુળાનંદ સ્વામીને માનત નહોતું થાવું તે સારુ ગયા પણ વ્રજાનંદ સ્વામી કેમ ગયા ? પછી મહારાજે કહ્યું જે, એ તો મરડાઈને ગયા, ત્યારે એક એમની ભેળા ગયા અને નિત્યાનંદ સ્વામી મરડાઈને ચાલે ત્યારે તેમની ભેળા સાઠ સિતેર માણસ જાય અને બ્રહ્માનંદ સ્વામી મરડાઈને ચાલે ત્યારે તેમની ભેળા સાઠ સિતેર જાય એ આદિક મોટેરો જ્યારે મરડાઈને ચાલે ત્યારે તેમની ભેળા તેમના શિષ્ય પણ જાય. ત્યારે આચાર્યજી મહારાજના તો કોણ રહ્યા. પછી મહારાજે પ્રકરણ ફેરવ્યું જે, બ્રહ્માનંદ સ્વામી આદિક મોટેરા તે જાયગાના માનત નહિ અને અક્ષરાનંદ સ્વામી, પરમાનંદ સ્વામી આદિકને મોટેરા કર્યા. (૩૦૪)

એક સમે મહારાજે પ્રકરણ કાઢયું જે, એક પછેડી ભર રહેવું અને અર્ધ રોટલો ખાવો અને રાતદિવસ લાંબા પગ કરી સૂવું નહિ. (૩૦૫)

એક સમે ગામ પીઠવડીમાં આત્માનંદ સ્વામી તદ્રુપાનંદ સ્વામી હતા ત્યાં પીઠવડીના હરિભક્ત મહારાજનાં દર્શન કરીને આવ્યા. તેણે વાત કરી જે, મહારાજને તાપવા સારુ તાપ કરે છે પણ બળતણની ખોટ છે. પછી આત્માનંદ સ્વામીએ બે ગાડાં ભરાવીને મોકલ્યાં. હરિભક્તે ગઢડે અધરાતે મહારાજને ખબર કરી જે, લાકડાનાં ગાડાં લાવ્યાં છીએ. પછી મહારાજે પૂછયું જે, લાકડાં છે, મોભ છે કે વળીઓ છે ? પછી તે ભક્તે કહ્યું જે, મહારાજ, તમારે તાપવા સારુ લાવ્યા છીએ. પછી મહારાજ બહુ રાજી થયા, પછી તેને તે વખતે જીવા ખાચરના દરબારમાં મહારાજ પધાર્યા અને જીવા ખાચર આગળ વાત કરી જે, જીવા ખાચર, જુઓને, અમારે અર્થે તાપવા સારુ સાઠ ગાઉથી લાકડાં લાવ્યા છે, માટે એ તો

સોના થકી અધિક છે, એ રીતની ઘણીક વાત કરી. પછી મહારાજે કહ્યું જે બંધી કરજો, નહિ તો ગામો ગામથી લાવશે. (૩૦૬)

એક સમે સજ્યાની ઓરડીની આથમણી ઓસરીએ મહારાજ જમવા બેઠા હતા ને આગળ બાજોઠ ઉપર થાળ ધર્યો હતો ને મહારાજ જમતા હતા. નિષ્કુળાનંદ સ્વામી ને મોટા આત્માનંદ સ્વામી પાસે બેઠા હતા. ત્યારે મહારાજે નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું જે ઓલ્યું ધાબળીનું કીર્તન બોલો. પછી કીર્તન બોલ્યા જે :–

મારી ધોરાજીની ધાબળી, પાછી આપો તો તમારો પાડરે; મારી ધોરાજીની ધાબળી.....

પછી નિષ્કુળાનંદ સ્વામીને મહારાજે થાળ આપ્યો, પછી મહારાજ પોઢી ગયા. સાધુ ધર્મશાળામાં ગયા. (૩૦૭)

પછી સાંજને સમે મહારાજ વાડીએ પધાર્યા. તે આવીને ઓટા ઉપર વિરાજમાન થયા અને સાધુ હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી મહારાજે નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું જે, તમારું કીર્તન બોલો પછી નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું જે કીર્તન તો ખરડામાં છે. ત્યારે મહારાજે કહ્યું જે, ખરડો લાવો, ત્યારે કહ્યું જે ખરડો ખોવાઈ ગયો. પછી મહારાજે આત્માનંદ સ્વામીને કહ્યું જે, તમે કંઠે કરી લેજો. (૩૦૮)

એક સમે મહારાજે કહ્યું જે, સાધુને ટાટનાં વસ્ત્ર રાખવાં પછી મહારાજે કહ્યું જે, ટાટનાં વસ્ત્ર પહેરીને આવે તેને મળીએ પછી સાધુ ટાટનાં વસ્ત્ર ગામમાંથી હરિભક્ત પાસે મંગાવીને પહેરીને મહારાજને મળ્યા અને જેની પાસે નહોતાં તે બીજા સાધુ પાસેથી માગીને મહારાજને મળ્યા. પછી સોમલા ખાચર આદિક ભક્તજન બેઠા હતા તેણે કહ્યું જે, મહારાજ બીજું તો કાંઈ નહિ પણ ઝોળી માગવા જાશે ત્યારે કૂતરા કરડી ખાશે ત્યારે મહારાજે કહ્યું જે, એક વાંસેથી ખબર રાખશે અને એક આગળથી ખબર રાખશે. ત્યારે શું કરડશે? એ તો ઠીક પણ ચળ થાય છે. ત્યારે મહારાજે કહ્યું જે, કેમ મુક્તાનંદ સ્વામી ? ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, ચળ તો થાય છે. ત્યારે મહારાજે ના પાડી, જે ના રાખશો. (૩૦૯)

એક સમે મહારાજ જીવા ખાચરના દરબારમાં પધાર્યા. તે ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા અને હેઠે મોદ્યો પાથરી હતી, તે ઉપર સાધુ હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી મહારાજે કહ્યું જે, સાધુને કોઈક પ્રશ્ન પૂછો, પછી એમ બોલ્યા જે, માંહોમાંહી એમ કહે છે જે સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તેનું કેમ? ત્યારે મહારાજે હા પાડી અને કહ્યું જે, અમે પ્રભુ છીએ. (૩૧૦)

એક સમે મહારાજ સાધુની જાયગામાં લીંબડાની થડમાં ઓટો હતો તે ઉપર આસન નાખી દીધું તે ઉપર બેઠા અને સાધુને કહ્યું જે, સૌ આવો, તમને અમારે પ્રશ્ન પૂછવો છે. પછી સાધુ આવ્યા, ત્યારે મહારાજે કહ્યું જે, આપણો મિત્ર હોય તે એકલો ચાલે તો ઠીક ન પડે અને બે માણસ ભેળા રાખે તોય ઠીક ન પડે અને છેટે જાય તોય ઠીક ન પડે, ત્યારે તેને કેમ કરવું? પછી સાધુ તો સમજ્યા નહિ ત્યારે મહારાજે કહ્યું જે, લ્યો અમે કહીએ જે, અમારે સાથે ઝાઝાને અદા છે માટે એકલા ન ચલાય અને માણસ રાખીએ તો કહેશે સ્વામિનારાયણ માણસ કેમ રાખે છે ? અને છેટે જાઈએ તો વાંસે ખબર રહે નહિ. પછી આત્માનંદ સ્વામીના ગળામાં અલફી હતી તે કાઢીને પોતાના ગળામાં ઘાલીને બેઠા અને પોતાના રેંટાની કોપીન કરીને પહેરી અને અલફી ને કોપીનભર બેઠા અને કહ્યું જે, તુંબડી ને પતર લાવો. પછી સાધુ સૌ સારી સારી તુંબડીઓ લાવ્યા, તેમાં એક વાંકી ડોકની તુંબડી હતી તે લીધી ત્યારે સાધુ બોલ્યા જે, એની ડોક વાંકી છે, ત્યારે મહારાજે કહ્યું જે, શું પાણી વાકું આવશે ? અને અમે તો આ રાખીશું. હવે એક પતર લાવો, ત્યારે ભાઈ રામદાસજીએ કહ્યું જે, આજ જમ્યા છો અને કાલ સુધીમાં કોઈ પતરની વ્યવસ્થા કરીશું. પછી આત્માનંદ સ્વામીએ કહ્યું જે, સાધુ ઝોળી માગવા જાય છે ત્યારે માથે રુમાલ બાંધે છે અને ધોતિયું પહેરે છે, માટે ઉઘાડે માથે અને કોપીનભર વસ્તીમાં ન જવાય. પછી મહારાજે રેંટો બાંધ્યો અને ધોતિયું પહેર્યું પછી સોમલા ખાચરે કહ્યું જે, માંહેલી કોરે બાઈઓ કળકળે છે. ત્યારે મહારાજે કહ્યું જે, બાઈઓ કળકળે ત્યાં ગયાનું શું કામ છે ? પછી સોમલે ખાચરે કહ્યું જે, લ્યો હું બાઈઓને કહી આવું. પછી માંહીલીકોરે જઈને સમજાવી આવ્યા અને કહ્યું જે, એવાં દર્શન ક્યારે થાય તેની વાટ જુએ છે. પછી મહારાજ માંહેલી કોરે પધાર્યા તે નીચી દૃષ્ટિ રાખીને સાદડી ઉપર આવીને બેઠા અને બાઈઓ સાથે બોલવું જોવું નહિ અને રાતે સાદડી ઉપર અલફીભર સૂઈ રહ્યા અને સવારમાં સજ્યાની ઓરડીની ઉગમણી ઓસરીએ ઉગમણે મુખે સાદડી ઉપર બેઠા હતા. પછી સાધુ આવ્યા. પછી મહારાજે કહ્યું અમે બે સાધુ રાખીશું તે ઝોળી માગી લાવશે અને જે કહે જે, અમારે ઘેર આવો, તેને ઘેર ન જાવું અને પછી બાઈઓ બોલી જે, હવે મહારાજને કોણ કહે જે, બાઈઓ નહાતી નથી અને પાણી કોઈ ગળતું નથી અને લોટ કોઈ ચાળતું નથી અને ચૂલા આગળ છોકરું ઝાડે ફરે, પછી તે ઉપર માખો બેસે અને લૂગડાં ગંધાતા હોય અને બહાર જઈને પાણી પણ કોઈ નથી લેતાં એવા હોય, માટે સત્સંગ વિના સર્વે જગતમાં ક્રિયા ભ્રષ્ટ છે અને તેના ઘરનું અન્ન માગીને ખાવું, એ કાંઈ વાત શોભે ? પણ મહારાજને કોણ કહે ? પછી મહારાજ બોલ્યા જે, તમે સાંખ્યયોગી બાઈઓ છો તે કોઈ દિવસ ગળ્યું ચીકણું ખાઓ છો ? ત્યારે તેણે ના પાડી. ત્યારે મહારાજે કહ્યું જે, અમને પણ ગળ્યા ચીકણા વિના લાવો તો જમીએ. પછી બાઈઓ ઘઉંની રોટલી બે અને દાળ કરીને તત્કાળ લઈને આવ્યા. પછી થાળીમાં બે રોટલી હતી. તેમાંથી એક રોટલી ચોળી અને પાણીની કળશલી માગી. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ આપી નહિ, ત્યારે મહારાજે કહ્યું જે, પાણી પીવાને નહિ આપો? ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કળશલી આપી. તે એમની એમ થાળીમાં નામી દીધી અને અરધી દાળ તાંસળીમાંથી નાખી અને પછી મેળાવીને જમવા માંડયું અને વખાણ કરવા

માંડયા અને કહે જે, આવું તો અમે કોઈ દિવસ જમ્યા નથી એવો સ્વાદ છે. જાણીએ જે, લક્ષ્મીજીએ રસ મેલ્યો હોય ને શું? પછી એક રોટલી ને દાળ જમ્યા અને હજુ એક રોટલી ને દાળ જમી જવાશે, એવો સ્વાદ છે; પણ આજ પ્રથમનો દિવસ છે માટે રખે પેટમાં ન રહે, માટે નથી જમતા. પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, મહારાજ, તમારે આમ મેળાવવુંને ત્યાગી રહેવું અને બાઈઓ સાથે બોલવું નહિ એવું તમારે શીદ રાખ્યું જોઈએ ? અને જે તમારે કરવું હોય તે અમને કહો, તે કરીએ. ત્યારે મહારાજ બોલ્યા જે, અમારે તો મુમતિ બંધાવવી છે. ત્યારે સૌ સાધુએ હા પાડી પછી મહારાજ બહુ રાજી થયા. (૩૧૧)

અને સાધુને જમવાની પંગત બેસારી અને ગાધકડાના જેરામ પટેલ તેની રસોઈ હતી, તે મહારાજ રાજીપામાં લાડું ફેરવતા હતા અને હરિભક્ત સામું જોતા જાય ને લાડુ હાથમાં ઉછાળતા જાય અને હસતા જાય. એવી રીતે હાસ્યવિનોદ કરીને સાધુ હરિભક્તને બહુ પ્રસન્ન કરતા હવા. પછી મહારાજને ચાકળો નાખી દીધો. તે ઉપર આથમણે મુખારવિંદે બેઠા, પછી ફરતા સાધુ બેઠા. પછી મહારાજના હાથમાં હીરકોરનો રુમાલ હતો તેના ચાર ઉભા ચીરા કરીને એક નિત્યાનંદ સ્વામીને આપ્યો ને એક બ્રહ્માનંદ સ્વામીને આપ્યો ને એક ભાઈ સ્વામીને આપ્યો ને એક આત્માનંદ સ્વામીને આપ્યો અને બીજાં લૂગડાં લઈને ફાડવા માંડયાં. ત્યારે હરજી ઠક્કર એમ બોલ્યા જે, હે મહારાજ, એમ કાંઈ લૂગડાં પુગે ? એ તો ચાર આંગળનું લૂગડું. તેને ચાર કોરે દોરા બાંધીને પાવરાની પેઠે કાનમાં ભરાવે છે. પછી મહારાજ કહે લાવો લૂગડાં. પછી હરજી ઠક્કર ગજી પનાના લૂગડાં લાવ્યાં, તેમાંથી ચાર આંગળ પહોળું ફાડી આપે તે બોકાની બંધાય તેવા લાંબા તે સાધુને આપતા હવા. પછી મહારાજે શુકમુનિ પાસે કાગળ લખાવ્યો, તેમાં એમ વાત લખી જે, રોટલા જમે, પાણી પીએ, પ્રભુની વાત કરે, ત્યારે મુમતિ ખોલે. પછી મહારાજે આત્માનંદ સ્વામીને આજ્ઞા કરી જે, તમે બોટાદ જાઓ. પછી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યુંજે, તમે તમારે ઉતારે જાઓ અને મહારાજે ફરી મને કહ્યુંજે, તમે વાંસે જાઓ, જે બજારમાં વાણિયા શું કહે છે? પછી બ્રહ્માનંદ સ્વામી ઉભી બજારે ચાલ્યા, તે હાટહાટમાં વાણિયા દોડી દોડીને એક બીજાને કહે જોયું ! આપણો જૈન ધર્મ સ્વામિનારાયણે ગ્રહણ કર્યો અને મુમતિ બંધાવી. તે વાત મહારાજની આગળ મેં કરી જે વાણિયા બહુ રાજી થયા. તે વાત સાંભળીને મહારાજ પણ બહુ હસ્યા ને બહુ રાજી થયા. દશ દિવસ થયા તે કેડે સાધુ કોરેમોરે હતા તેમને મહારાજે તેડાવ્યા અને પછી સભા થઈ ત્યારે મહારાજે પૂછયું જે લોક શું કહે છે. ત્યારે હર્યાનંદ સ્વામી બોલ્યા જે, આ દેશમાં તો મનુષ્ય મૂરખ હે. સો કયા બોલે! પણ હિંદુસ્તાનમાં તો કોઈ મોટું માણસ હોય અને ઈસકું કોઈ મોઢું બાંધેલ સામો મળે તો માથું કાટ ડારે. પછી આત્માનંદ સ્વામી બોલ્યા જે અમે બોટાદમાં હતા, ત્યાં એક પરગામનો વાણિયો વહાણું લઈને ચાલવા સાબદો થયો, ત્યાં સાધુ નહાવા જાતા હતા. તેને દેખીને નિસાસો નાખીને, ઉદાસ થઈને બેઠો. ત્યારે સાધુએ વિચાર્યું જે આપણને મોઢું બાંધ્યા જોઈને એને અપશુકન થયા; એ વાત

મહારાજ આગળ કરી. ત્યારે મહારાજે કહ્યું જે, જેને દર્શને જીવનું કલ્યાણ થાય, તેને દર્શને જીવનું ભૂડું થાય, માટે એવો વેષ તો ન રાખવો. (૩૧૨)

ભાઈરામદાસજીને દેહ મૂકવા સમે મહારાજે કહ્યું જે, એટલા સાધુમાં તમારે કેની સાથે બને છે ? ત્યારે કહ્યું જે, આત્માનંદ સ્વામી સંગાથે બને છે. પછી દેહનો ત્યાગ કર્યો. પછી દેહની ક્રિયા કર્યા કેડે સભા થઈ. પછી મહારાજે કહ્યું જે, ભાઈની ગોદડી કેને આપીશું? પછી કેટલાકે આનંદ સ્વામીનું કહ્યું એ રીતે જેને જેમ સમજાયું તેમ કહ્યું. પછી મહારાજે કહ્યું જે, અમારી નજરમાં તો આત્માનંદ સ્વામી આવે છે. પછી મહારાજે વસ્તાખાચરને ભેળી ભાઈરામદાસજીની ગોદડી આપીને કહ્યું જે, આત્માનંદ સ્વામી ઝમરાળે છે તેને તમે આપજો અને કહેજ્યો જે, તમને ભાઈની ગોદડી આપી છે, તે સૌ ભાઈ કહીને બોલાવશે. (૩૧૩)

પછી કેટલાક દિવસ કેડે આત્માનંદ સ્વામી ગઢડે આવ્યા પછી મહારાજ હેત કરીને મળ્યા અને રાજી થયા. પછી મહારાજે જમીને થાળ મયારામ ભટ્ટને આપ્યો અને કહ્યું જે, ભાઈસ્વામીને જમાડી આવો અને જમ્યા મોરે ઉઠશોમા. શા માટે જે, એ તો નહિ જમે. પછી ભટ્ટ થાળ લઈને આવ્યા અને કહ્યુંજે મહારાજે થાળ તમ સારુ મોકલ્યો છે, માટે તમે જમો. ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, અમે જમીશું. ત્યારે ભટ્ટે કહ્યું જે, તમે જમશો ત્યાર પછી મારે જવું છે. ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, બીજું ઠામ લાવો જે સાધુ સારુ પ્રસાદી કાઢીએ. ત્યારે ભટ્ટે કહ્યું જે, નોખી ન કાઢવી તમે જમો પછી જેને લેવી હશે તે લેશે. ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે મહારાજને કહો જે, અંતરશત્રુ ન પીડે તો જમીએ. પછી ભટ્ટે મહારાજની પાસે જઈને કહ્યું જે એ તો એમ કહે છે, જે, ઈંદ્રિય અંતઃકરણ અમને ન પીડે તો જમીએ. પછી મહારાજે રાજી થઈને કહ્યું જે, ભટ્ટ જાઓ, કહો જે, તમને અંતઃશત્રુ નહિ પીડે. એ રીતે ભટ્ટે કહ્યું ત્યારે ભાઈસ્વામી જમ્યા અને વાંસે વધી તે પ્રસાદી બીજાએ લીધી. પછી મહારાજે મૂળજી બ્રહ્મચારીને કહ્યું જે, નિત્યે અમારા થાળમાંથી પ્રસાદી ભાઈસ્વામીને આપવી. એમ મહારાજે બ્રહ્મચારીને આજ્ઞા કરી. (૩૧૪)

એક સમે ઈચ્છારામભાઈ માંદા હતા તે મહારાજે સાધુને કહ્યું જે તમે એક એક વાતુ કરવા જાઓ પછી સાધુએ જઈને વાતુ કરી અને પછી મહારાજ ગયા તે વર્ણાશ્રમ તથા દેહ અધ્યાસના નિષેધપણાની બહુ વાત કરી અને બીજે દિવસ પાછલો પહોર દિવસ હતો ત્યારે ઈચ્છારામભાઈએ દેહ મૂક્યો, પછી ડોળી કરીને તેમાં બેસારીને પુષ્પના હાર ને ગુલાલે પૂજા કરી. પછી ગાવતા ગાવતા ઓરીએ લઈ ગયા. પછી ત્યાં દેન દીધું અને મહારાજ આથમણે મુખારવિંદે બેઠા અને બ્રહ્માનંદ સ્વામી ઉગમણે મુખે બેઠા અને "લગાડી તેં પ્રીતિ લાલ રે, પ્રીતડલી તો લગાડી."

એ કીર્તન સવારમાંથી બોલતા હતા અને ઈચ્છારામભાઈની દેહક્રિયા કરી રહ્યા અને દિવસ આથમ્યો અને મહારાજે કહ્યું જે, લુગડાં સોતા નહાઓ, પછી સૌ નહાયા અને ટાઢ પણ બહુ હતી તે સારુ તાપ કરાવ્યો, તે સૌ તાપ્યા અને પછી ગામમાં આવ્યા અને સજ્યાની ઓરડીથી આથમણા ચોકમાં મહારાજ બેઠા અને બ્રહ્માનંદ સ્વામીને કહ્યું જે બોલો કીર્તન, ત્યારે એનાં એ કીર્તન બોલ્યા પછી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને નવો ચોફાળ આપ્યો. પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, આ તો નવો છે, તે મહારાજ, તમારે ઓઢવામાં કામ આવશે માટે મને તો જૂનો પ્રસાદીનો આપો. પછી મહારાજે જૂનો આપ્યો અને અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા રઘુવીરજી, તેમને મહારાજે કહ્યું જે, આ તમારા કુળના દસૂંદી છે તે તમારા કુળના સગાં છે, માટે વસ્ત્ર તો અમે આપ્યાં અને તમારે એને સવારમાં ચોખા દૂધ ને સાકર તેની તાંસળી ભરીને નિત્ય આપવી એમ મહારાજે બેઉ ભાઈને આજ્ઞા કરી. (૩૧૫)

એક સમે દાદાખાચરના દરબારમાં ઉત્તરાદે બારના ઓરડાની ઓસરીએ મોટી પાટ ઉપર ઉતરાદે મુખારવિંદે વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી મહારાજે આજ્ઞા કરી જે, સાધુ સર્વે ફૂલવાડીએ જાઓ અને એક એક કુબો કરી લ્યો અને છાણાં વીણી લ્યો અને લોટ માગી લાવો અને મીઠું મરચું માગી લાવો અને તાવડી આદિક ઠામ માગી લાવો અને વૈરાગી જેમ માગી લાવે છે તેમ માગી લાવો, શા માટે જે એક દાદા ખાચરને ઘેર કયાં સુધી પૂગે ? એમ કરતાં ઓછું રહેશે તો દાદો ખાચર પૂરું કરશે એવી વાત કરતા હતા. ત્યાં આત્માનંદ સ્વામીનું મંડળ આવ્યું તે મહારાજને પગે લાગીને બેઠા અને મહારાજે સૌને કહ્યું જે, ઉઠો, કેમ નથી ઉઠતા ? એમ કહીને એની એ વાત ફરીને કરી. ત્યારે આત્માનંદ સ્વામી જય સચ્ચિદાનંદ કહીને ઉઠયા ત્યારે બાઈએ કહેરાવ્યું જે, ભાઈસ્વામી તો આજ આવ્યા છે. માટે જે પ્રથમ આવે તે એક દિવસ તો અમારે ઘેર પરોણા. પછી મહારાજ હસીને બોલ્યા જે જવા દ્યો. પછી વાંસેથી સૌ સંત ઉઠયા. પછી મહારાજ હસીને બોલ્યા જે બેસો મહારાજો. એમ કહેતા જાય અને મુખારવિંદ આડો રુમાલ દઈને હસતા જાય અને પછી સાધુ સૌ ફૂલવાડીએ ગયા અને એ પ્રકરણ કેટલાક દિવસ રહ્યું. (૩૧૬)

એક સમે મહારાજ દાદા ખાચરના દરબારમાં ઉત્તરાદે બાર ઓરડાની ને લીંબડાની વચમાં બગલ તળે લાકડીનો ટેકો દઈને ઉભા હતા અને પોતાના મુખારવિંદની આગળ ગાયોનું ટોળું ઉભું હતું, તે ગાયું મહારાજની સામું જોઈ રહી હતી અને મહારાજ પણ ગાયો સામું જોઈ રહ્યા હતા અને ઉકો ભક્ત તો ડાબા પડખામાં સુંડલો રાખીને જમણે હાથે છાણાં, ખડ, કાંકરા લઈને સુંડલામાં નાખે અને કીર્તન બોલતા જાય જેઃ–

'કાનુડો રે કાનુડો રે જમનાજીને આરે, પાણીડાં વારે રે બેની કાનુડો.'

પછી મહારાજે કહ્યું જે, ઉકા ભક્ત આવો. ત્યારે રાજી થઈને ગદ્‌ગદ્‌ થઈને મહારાજની આગળ આવીને ઉભા રહ્યા. પછી મહારાજે કહ્યું જે ભક્ત, કોઈ દિવસ ફેરે ગયા છો ? ત્યારે કહે, "હા, મહારાજ, ઘણીયે વાર ગયેલ." ત્યારે મહારાજે કહ્યું જે કોઈવાર આંબેલ ? ત્યારે મહારાજને કહે જે ઘણીયે વાર ભેળા થયેલ અને જ્યારે વાર આવે ત્યારે બરછી ફેરું ને પાછો વળું અને કહું જે ઓરો આવ્ય તારી માને એટલાં વચન બોલતાં વેત ગાયોમાં એક આખલો હતો તેણે શિગડું માર્યું તે પ્રાણ જાતા રહ્યા. પછી મહારાજે પાણીની માણ્યું મગાવીને વાગ્યું હતું તે ઉપર પાણીની ધાર કરી. તે બે ઘડીએ પ્રાણ આવ્યો. ત્યારે મહારાજે પૂ્છયું જે, ઉકા ભક્ત કેમ છે ? ત્યારે ભક્ત બોલ્યા જે, મહારાજ કાંઈ નથી એ તે આખલે માર્યો તેનો મર્મ એ છે જે, ખોટું બોલ્યાનું ફળ તત્કાળ મળ્યું. (૩૧૭)

એક સમે મહારાજ ગઢડેથી વડતાલ જાતા હતા. તે અમને ધોલેરા ખબર થઈ, જે આજ કમિયાળે મહારાજ મધ્યાહ્ને રહેશે તે જાણીને આત્માનંદ સ્વામી તો ગયા અને તે સમે મહારાજ સિસા વણારના ફળિયામાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ત્યાં જઈને મહારાજને પગે લાગ્યા, ત્યારે મહારાજ કહે આવો, તમારે જમવાનું કેમ છે ? ત્યારે મેં કહ્યું જે, મહારાજ ભૂખ્યા છીએ. ત્યારે મહારાજે કહ્યું જે આને રોટલાનું કેમ થાશે ? ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, અમારી ભેળા જમશે. પછી મહારાજે કહ્યું જે, જાઓ જમી લ્યો, પછી ચાલવું છે, એમ કહ્યું તે અમે તો જમવા ગયા અને મહારાજ તો ચાલી નીસર્યા પછી હું તો ઝટપટ જમીને ઘોડીએ બેસીને દોડ કરી તે એક ગાઉ જાતાં મહારાજ ભેળો થયો અને મહારાજ ગાડામાં આડે પડખે પોઢયા હતા. મને આવતો જોઈને મહારાજ બેઠા થયા અને કહ્યું જે, ઘોડી તો તમારી બહુ ચાલે છે, કોણે આપી હતી ? પછી ઘોડાચઢ અસવાર હતા તે સૌ બોલ્યા જે, એતો માવ ગઢવીએ મંદિરમાં બાંધી છે, પછી મહારાજ બોલ્યા જે, બ્રહ્માનંદ સ્વામી તમારે ઘઉંનું કેમ થયું? ત્યારે આત્માનંદ સ્વામી બોલ્યા જે, હે મહારાજ, એનો કાગળ મૂળજીના હાથનો લખાવી લાવ્યો છું. તે કાગળ મહારાજના હાથમાં આપ્યો. ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, કાગળનું શું કામ છે, પંડે આવ્યા છે. ત્યારે મહારાજે કહ્યું જે, તેડાવો. પછી મૂળજી આવ્યા ત્યારે મહારાજે કહ્યું જે તમે કેટલા ઘઉં ધોલેરા આપ્યા ? ત્યારે મૂળજીએ કહ્યું જે દશ મણ આપ્યા છે. ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, અલ્યા ખોટું કેમ બોલ્યો ? અમારે આગળ કળશી કહેતો હતો ને ! એ રીતે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા ત્યાં ઘોડેથી પડયા તે સહુ જોઈ રહ્યા ને બહુ ખરેખરો કર્યો ને એ તો મહારાજે રક્ષા કરી તે ઉગર્યા. (૩૧૮)

પછી મહારાજ વડતાલ પધાર્યા ત્યાં કેટલાક દિવસ રહીને દર્શન દઈને સૌને રાજી કરીને આનંદ ઉપજાવીને પાછા મહારાજ પધાર્યા. તેની ખબર ધોલેરા આવી જે આજ મહારાજ ગામ રોજકે મધ્યાહ્ને રહેશે. ત્યારે આત્માનંદ સ્વામી ને અખંડાનંદ સ્વામી એ બે જણ રોજકે ગયા અને ગજા ગઢવીને ઘેર રસોઈ હતી તે મહારાજ તો વહેલા જમ્યા અને પછી સાધુ જમી રહ્યા ત્યારે અમે બે જણા પૂગ્યા. તે મહારાજ સાધુની જગ્યામાં લીંબડાની તળે વતું કરાવતા હતા અને ત્યાં

આત્માનંદ સ્વામી આવ્યા અને મહારાજને પગે લાગ્યા, પછી મહારાજ તો વતું કરાવી રહ્યા અને પછી વેલ્યમાં બેસીને મહારાજ ચાલ્યા તે ઝીંઝર અને પરવડી વચ્ચે કોઈએ મહારાજને સંભળાવ્યું જે, આત્માનંદ સ્વામી તો જમ્યા નથી ત્યારે મહારાજે વેલ્ય ઉભી રખાવીને તાસળીમાં સાથવો ને સાકર ચોળીને પોતે જમ્યા અને આત્માનંદ સ્વામીને લાડવો વાળી આપ્યો. પછી પરવડી આવ્યા તે ગામથી આથમણે ભીમનાથના માર્ગમાં ઉતારા કર્યા અને મહારાજને અર્થે ઢોલિયો લાવ્યા, તે ઉંધો ઢાળીને તે ઉપર ગાદલું નખાવીને બેઠા હતા અને આગળ લાકડાનો તાપ કર્યો હતો તે સાધુ તાપતા હતા, પછી સાધુએ ખીચડી કરી ને આત્માનંદ સ્વામીને તેડવા આવ્યા ત્યારે ના પાડી. પછી મૂળજી બ્રહ્મચારી તેડવા આવ્યા અને કહ્યું જે ચાલોને, તમારે સારુ ખીચડી કરી છે. પછી મહારાજે કહ્યું જે જાઓને, થોડું જમજો. પછી હું ગયો અને થોડું જમ્યો તે રાત ત્યાં રહીને કુંડળ ગયા ને મહારાજ તો મામૈયા પટગરના દરબારમાં ઉતર્યા અને સાધુ તો સાધુની જગ્યામાં ઉતર્યા અને મહારાજ તો ત્યાં દરબારમાં જમ્યા અને સાધુ પણ જમ્યા અને ત્યાં બરવાળેથી વીરો ભક્ત આવ્યા અને મહારાજના દર્શન કરીને આત્માનંદ સ્વામીની પાસે આવીને કહ્યું જે તમને મહારાજ તેડાવે છે, પછી હું મહારાજ પાસે ગયો, ત્યારે વીરે ભક્તે એક ધાબળી મહારાજના ખોળામાં મેલીને કહ્યું જે આ ધાબળી ભાઈસ્વામીને ઓઢાડવી છે, ત્યારે મહારાજે કહ્યું જે, ઓઢાડો. ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, રઘુવીરજી મહારાજને ઓઢાડો, ત્યારે મહારાજે કહ્યું જે તમે રાખો. પછી ત્યાંથી ચાલ્યા તે કારિયાણી ગયા ને બીજે દિવસ રસોઈ કરીને જમીને મહારાજ ગઢડે પધાર્યા. (૩૧૯)

એક સમે મહારાજ ફૂલવાડીએ પધાર્યા. તે વાડીમાં ગરતાં જમણે હાથે ઝાંપો છે ત્યાં થઈને મહારાજ વાડીમાં પધાર્યા અને સાધુ હરિભક્તને મહારાજે કહ્યું જે તમે પાધરા જાઓ અને મહારાજ આત્માનંદ સ્વામી અને એક પાળો તે વાડી સુંસરા જાતા હતા ત્યાં આંબા આવ્યા, તે ખંભા સુધી ઊંચા અને કેરી બેઠી હતી. તે જોઈને મહારાજે કહ્યું જે, આંબા ઉતાવળ કરે છે જે કાંઈ આપણું ફળ ફૂલ મોટાના ઉપયોગમાં આવે. પછી મહારાજ વાડીમાં થઈને ફૂવા ઉપર આવ્યા. તે સાધુ ને પાળા ફૂવો ખોદતા હતા ત્યાં આવીને ફૂવાના ઉગમણે કાંઠે આથમણે મુખે મહારાજ વિરાજમાન થયા, ત્યાં ગઢાળીના હડુભાઈ આવ્યા તે ફૂવાથી આથમણે પડખે ઉગમણે મુખે ઘોડાને ઉભો રાખીને મહારાજને પગે લાગવાને આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે ઘોડો ઝાલો, ત્યારે હડુભાઈએ કહ્યું જે ઘોડાને કોઈ ઝાલશોમા, ત્યારે મહારાજે કહ્યું જે પડખે ઘોડી ઉભી છે. ત્યારે હડુભાઈએ કહ્યું જે મર ઘોડી ઉભી, પણ ઘોડાને બોલાવશોમા. પછી મહારાજને પગે લાગીને સાધુને પગે લાગવા ગયા, ત્યાં સુધી ઘોડે કાનસૂરી હલાવી નહિ. પછી તે ઉપર મહારાજે વાત કરી જે, જુઓને લોઢાને કાંટ ઝાલ્યો ઉભો છે પણ એ બળ કરે તો કેનો ઝાલ્યો રહે ? માટે ભગવાને મર્યાદા બાંધી છે, તેને લોપતો નથી અને હાથી છે તે એક અંકુશને વર્તે છે એ રીતે સર્વે મર્યાદા પશુ, પંખી કોઈ લોપતાં નથી અને મનુષ્યને નિમ નથી જુઓને ગાય, ભેંસ, ઘોડો એ સર્વેને નિમ છે. એ દિશની ઘણીક વાત મહારાજે કરી. (૩૨૦)

પછી એક દિવસ રાજકોટથી માણસ આવ્યો, તેણે કહ્યું જે ગવર્નર સાહેબ લોકને મહારાજને મળ્યાની બોત ઈચ્છા છે, તે સારુ મને તેડવા મોકલ્યો છે. પછી મહારાજ રાજકોટ પધાર્યા ત્યારે મહારાજની પાસે સાહેબ લોકે માણસ મોકલ્યું અને કહ્યું જે બગીચામાં ઉતારા કરો અને કાલ અમે તમારે દર્શને આવીશું. પછી બીજે દિવસે અદાલત બંધ કરી અને કહ્યું જે અમારે સ્વામિનારાયણને મળવા જાવું છે, તે કોઈ કામ લઈને આવશોમા. પછી મહારાજને સાહેબલોક આવીને મળ્યા અને બહુ રાજી થયા અને જે જે પૂછયું તેના મહારાજે ઉત્તર કર્યા. તે સાંભળીને બહુ રાજી થયા અને મહારાજે શિક્ષાપત્રી આપી અને દાદા ખાચરે ઘોડો દેવા માંડયો ત્યારે સાહેબ લોકે કહ્યું જે, અમને શિક્ષાપત્રી દીધી, તે બહુ ઘોડા દીધા અને કહ્યું જે અહો દાદા ખાચર, તમારે ઘેર સ્વામિનારાયણ રહ્યા છે તે તમારાં મોટાં ભાગ્ય છે. પછી મહારાજને સાહેબે પૂછયું જે તમારા લોકમાં સતી થાય છે, તેનું કેમ છે ? પછી મહારાજે તેનો ઉત્તર કર્યો જે, પતિ મરી જાય અને તેના મનમાં એમ થાય જે આપણા દિવસ નહિ જાય અને લાજવાળાં હોય તેને બળવું તે ઠીક છે, પણ પતિ મરી જાય અને તેના મનમાં એમ હોય જે, આપણે પ્રભુ ભજીશું, તેને ન બળવું તે સારું છે. પછી સાહેબે કહ્યું જે બંધ કરેગા. ત્યારે મહારાજે કહ્યું જે, જેને મરવું હશે તે જીભ કરડીને તથા કૂવે પડીને મરશે. માટે બંધ તો ન કરના અને વાતે કરીને સમઝાવના. પછી સાહેબ લોક બહુ રાજી થયા. અહો ! નારાયણ સ્વામી. બોત સલાહ દીયા અને પછી મહારાજે કહ્યું જે, તમારા રાજ્યમાં રૈયત લોક બહુ રાજી થાય છે પણ બે વાત લોકને નથી ગમતી, જે બ્રાહ્મણને ફાંસી દેવી અને ગાયને મારવી. એ બે વાત લોકને નથી ગમતી. પછી સાહેબે કહ્યું જે, મુંબઈમાં બ્રાહ્મણે ત્રાગું કર્યું, તે સાત માણસ માર્યા, ત્યારે અમે જાણ્યું, જે આ બ્રાહ્મણ નથી, ત્યારે તેને ફાંસી દીધી અને હવે નહિ દઈએ અને નારાયણ સ્વામી, અયોધ્યા આદિક મોટા તીર્થમાં તો ગાય મારવી બંધ કરાવી અને હવે બંધ કરેગા. પછી મહારાજ ગઢડે પધાર્યા.(૩૨૧)

અને બીજે દિવસ નાગમાલના ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર શ્રીજી મહારાજ દક્ષિણાદે મુખારવિંદે વિરાજમાન હતા અને સાધુ તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને કથા વંચાવતા હતા. ત્યાં ઉગતા સૂરજની કિરણ મહારાજના મુખારવિંદ ઉપર આવી. ત્યારે આત્માનંદ સ્વામીએ વસ્ત્ર બાંધીને એ કિરણનો પ્રકાશ મહારાજ ઉપર આવતો હતો તે બંધ કર્યો. તે જોઈને મહારાજ બહુ રાજી થઈને બોલ્યા જે, ભાઈરામદાસજીએ જાણે એમાં પ્રવેશ કર્યો હોયને શું. એમ બોલતા હવા અને મંદિરનું કામ થાતું હતું, તે કડિયે પાણો માગ્યો ત્યારે મહારાજે કહ્યું જે, કોઈક ઉઠો કડિયો પાણો માગે છે પણ કોઈ ઉઠયા નહિ. ત્યારે મહારાજે કહ્યું જે, તમારે એ કઠણ જણાતું હોય તો આપણી મોરલી રીત નથી ગઈ. જેમ ભાડેરમાં નવટાક લોટ ખોરી જારનો તે મીઠા વિનાનો પીને રહેતા અને ચાંચડ માકડ કરડે તો ખંજોળવું નહિ એવું કઠણ હતું માટે અમે જાણીએ છીએ જે આ સારું છે. પછી સાધુ ઉઠયા. (૩૨૨)

વળી એક દિવસ સજ્યાની ઓરડીની ઓસરીએ ઢોલિયા ઉપર મહારાજ આથમણે મુખારવિંદે વિરાજમાન હતા અને કહ્યું જે વાતોના કરતલ કોણ છે ? ત્યારે કોઈકે કહ્યું જે, આત્માનંદ સ્વામી અને નિષ્કુળાનંદસ્વામી છે. ત્યારે મહારાજે કહ્યું જે, તેડાવો. પછી અમે આવ્યા. તે જોઈને મહારાજ હસીને બોલ્યા જે, આજ અમે એક પ્રકરણ વાતોનું કાઢયું છે, જે પ્રથમ માણસ આવે ત્યારે કહેવું જે, આવો બેસો. ક્યાં રહો છો ? ક્યાં જાવું છે ? પાણી પીશો ? ભૂખ્યા છો ? શું તમારું નામ છે ? સુખિયા છો ? ત્યારે તે કહેશે જે સુખિયા છીએ. એમ જ્યારે કહે ત્યારે તેને સુખના સર્ગની વાત કરવી, જે પ્રભુ ભજીને કોણ સુખી ન થયા ? જુઓને ધ્રુવ, અંબરીષ, પ્રહ્લાદ આદિક સુખિયા પ્રભુ ભજીને થયા છે એમ જેને જેટલો આવડે તેટલો સુખનો સર્ગ બતાવવો અને વળી જો એમ કહે જે, હે મહારાજ, આ સંસારમાં સુખ ક્યાંથી હોય ? કેવળ દુઃખ ભોગવીએ છીએ, ત્યારે તેની આગળ દુઃખની વાત કરી દેખાડવી; એ રીતે મહારાજે વાત કરવાની રીત બતાવી. (૩૨૩)

એક સમે મહારાજે પ્રકરણ ફેરવ્યું જે, સાધુને અર્ધ રોટલો જમવો અને રાત દિવસ લાંબા પગ કરીને સૂવું નહિ અને શિયાળામાં એક પછેડીભર રહેવું અને જેતપુર અજરામર ભટ રહે છે તેને તેડાવીએ ને સર્વેને આગન્યા છે તે ભણજો અને નગરથી આજ્ઞા કરી જે, ફરેણી જાઓ અને ત્યાં જઈને ભણજો. પછી સાધુ સર્વે આવ્યા અને ત્યાં ભાઈ રામદાસજી હતા તે સાધુ સર્વેને મળ્યા ને પૂછયું જે આવડા દુબળા કેમ છો? ત્યારે સાધુએ કહ્યું જે, મહારાજે પ્રકરણ ફેરવ્યું છે જે અર્ધ રોટલો જમવો અને રાત્રિ દિવસ સૂવું નહિ અને પછેડીભર રહેવું. પછી ભાઈ રામદાસજીએ હરિભક્ત પાસે કડબ મંગાવીને માંડવો કર્યો અને હેઠે પરાળ નંખાવીને તેમાં સાધુના ઉતારા કરાવ્યા; પછી રસોઈ થઈ ને સાધુની પંગત થઈ; પછી સાધુએ કહ્યું જે અમારે અર્ધ રોટલાનું નિમ છે, ત્યારે ભાઈ રામદાસજીએ કહ્યુંજે તમે સમજ્યા નહિ, એતો અર્ધ આહાર કહ્યો છે. ત્યાં ભગવદ્ ગીતાનો શ્લોક છે જે :– યુક્તાહાર વિહારસ્ય– આહાર વિહાર યુક્ત કરવો તે વિચારજો, પછી સાધુ જમ્યા ને રાતે ધડકી ઓઢાડવા માંડી, ત્યારે સાધુએ ના પાડી ત્યારે ભાઈએ કહ્યું જે, તમે પરમહંસ શાના ? પરમહંસને તો કોઈ ઓઢાડે ને કોઈ તાણી લે, એ બેય બરોબર છે. પછી સાધુ બોલ્યા નહિ. (૩૨૪)

એક દિવસ મહારાજ સજ્યાના ઓરડાના આથમણા ચોકમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ફરતા સાધુ બેઠા હતા, પછી મહારાજે સર્વેને પૂછયું જે આખી રાત એકાદશીનું જાગરણ કરવું, એવું પ્રકરણ કર્યું છે તે સૌને ગમે છે ? ત્યારે સાધુએ કહ્યું જે, હે મહારાજ, સર્વે હરિભક્ત રાજી થયા અને રાત આખી કથા કીર્તન થાશે પછી મારી સામું જોઈને મહારાજે કહ્યું જે, કેમ આત્માનંદ સ્વામી ! ત્યારે મેં કહ્યું જે, સાધુ તો એકાદશીને દિવસ નવરા હોય તે આખી રાત જાગરણ કઠણ ન પડે અને પારણાને દિવસ સૂઈ પણ રહે અને ગૃહસ્થ તો આખો દિવસ મહેનત કરીને આવ્યા હોય માટે

સાધુની બરોબર આખી રાત જાગરણ કરે તો બીજી એકાદશીએ જાગરણ કરવા કોઈ નહિ આવે, પછી મહારાજે કહ્યું જે, અર્ધ રાતનું જાગરણ કરવું, તે કોઈને કઠણ ન પડે. શા માટે જે, કથા કીર્તન કરતાં સહેજે રાત અર્ધ જાય. એ રીતે મહારાજ આજ્ઞા કરતા હવા. (૩૨૫)

એક સમે મહારાજ ગંગાજળિયા કૂવા પાસે સ્નાન કરતા હતા. બે ઓરડીની વચ્ચે રતનજીએ સાદડી પાથરી હતી અને તે ઉપર ધાબળી પાથરીને તે ઉપર મૂર્તિઓ પધરાવી અને ત્યાં નિત્યાનંદ સ્વામી, શુકમુનિ અને આત્માનંદ સ્વામી બેઠા હતા. પછી મહારાજ સ્નાન કરીને પધાર્યા અને મૂર્તિને દંડવત્ કર્યા, ત્યારે શુકમુનિએ નિત્યાનંદ સ્વામીને કહ્યું જે, મહારાજ નિત્ય એક દંડવત્ કરતા અને આજ બે કેમ કર્યા ? ત્યારે મહારાજે કહ્યું જે, શું કહે છે ? ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, એ તો શુકમુનિ એમ કહે છે જે, મહારાજે આજ બે દંડવત કેમ કર્યા, ત્યારે મહારાજે કહ્યું જે લ્યો, એની વાત કરું જે, અલૈયા ખાચરને જોવા અમે ગયા હતા, તે એને જેવું દુઃખ થયું તેવું તો કોઈનું દુઃખ ભાળ્યું નહોતું. માટે ભગવાનના ભક્તને પોતાને નિત્ય નિયમના દંડવત્ કરવા પણ એક તો ભગવાનની પ્રાર્થના કરીને નિત્ય એક દંડવત અધિક કરવો અને એમ માગવું જે, હે મહારાજ, કોઈ દિવસ ભગવાનના ભક્તનો અવગુણ આવશોમા, એ રીતની ઘણીક વાત કરી. (૩૨૬)

એક દિવસ મહારાજે મુક્તાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીને તેડાવીને કહ્યું જે, તમે સત્સંગમાં મોટેરા થાઓ તમારી લાજ આબરુ બધા સત્સંગમાં છે અને તમે પ્રસિદ્ધ છો. સત્સંગ તો બહુધા થયો છે. તે તમારી પાસે રાવ ફરિયાદ ઘણી આવશે. માટે કોઈ બાઈઓની રાવ ફરિયાદમાં પડશોમા. શા માટે જે બેયનો વાક હોય નહિ, ત્યારે એકનો વાક કહીએ તો કહે જે ઠીક એ સાચું કહે તો. એ તો અમે જાણીએ; એટલો મર્મ કરે એટલે માણસોમાં હલકાઈ થઈ જાય. માટે સ્ત્રીને તો પ્રભુયે નથી પૂગતા. એ દિશની મહારાજે ઘણીક વાત કરી. (૩૨૭)

એક સમે મહારાજ આથમણે બાર ઓરડાની ઓસરીએ કથા કરાવતા હતા. ત્યાં ગઢાળીથી આંબો ભક્ત આવ્યા. તે ઉભી બજારે કીર્તન બોલતા આવતા હતા. ત્યારે મહારાજે કહ્યું જે કોણ કીર્તન બોલે છે ? એમ કહીને બોલ્યા જે, એ તો ભક્ત હશે ત્યાં તો આવ્યા. તે એકને માથે ઢોલિયો ને એકને માથે ગાદલું અને એકને માથે ઓછાડ ને એકને માથે ઓશીકું અને એક બીજા ખાટલાના વાણનાં ફિણલાં હતા તે સૌહરિભક્તે લીધાં તેને જોઈને હસીને મહારાજે કહ્યું જે, ભક્ત આ શું છે ? ત્યારે આંબા ભક્તે કહ્યું જે, બીક આવી છે, તે સારુ ઉચાળા લઈને બ્રહ્મમોલમાં જાઈએ છીએ. પછી મહારાજ બહુ હસ્યા. પછી આંબે ભક્તે કહ્યું જે, મહારાજ સારુ આ ઢોલિયો લાવ્યા છીએ, ત્યારે મહારાજ કહે સારુ. ત્યારે ભક્તે કહ્યું જે, બેસવું જોઈશે, ત્યારે મહારાજે કહ્યું જે, બેસીશું. ત્યારે ભક્તે કહ્યું જે, પછી કોણે ભાળ્યું છે ? હમણાં બેસવું જોઈશે. ત્યારે

મહારાજ ઉભા થયા અને બેઠા હતા તે ઢોલિયો ખેસવીને ભક્ત લાવ્યા તે ઢાળીને ઓછાડે સહિત ગાદલું પાથરીને ભક્તે કહ્યું જે, ઓશીકું વાવડીના સઈનું છે. પછી મહારાજ તે ઢોલિયા ઉપર વિરાજમાન થયા અને મહારાજે કહ્યું જે, તમને કોઈએ શીખવ્યું કે તમારી મેળે લાવ્યા છો ? ત્યારે આંબે ભક્તે કહ્યું જે, મારી મેળે લાવ્યો છું. ત્યારે મહારાજે કહ્યું જે, મુક્તાનંદ સ્વામી, જુઓને એને આ કેવો દિવસ જડયો છે ! આજ દેવ પોઢણી એકાદશી છે, તે સજ્યાનું દાન થાય, એવો દિવસ એને સહેજે મળ્યો. (૩૨૮)

ત્યાં તો હડુભાઈ આવ્યા, તે દીકરો ને પોતે બેય એક ઘોડે બેઠા, તે ઘોડાને પગથિયે ચઢાવવા માંડયો, ત્યારે મહારાજે કહ્યું જે રહો, અમે હેઠા ઉતરીએ. ઓશરી ઉંચી છે. પછી હડુભાઈએ કહ્યું જે, તમારે ઢોલિયે બેસી રહેવું અને અમારે ઢોલિયે બેઠાં મહારાજના ચરણનો સ્પર્શ કરવો. પછી ઘોડાને પગથિએ ચઢાવ્યો અને મહારાજને ચરણે સ્પર્શ કરીને પાછલે પગે ઘોડાને ઉતાર્યો, તે જોઈને સર્વે સભા આશ્ચર્ય પામી અને મહારાજે હસીને કહ્યું જે, ઘોડાને કેવો કેદમાં કર્યો છે ! એ દિશની ઘણીક વાત કરી. (૩૨૯)

એક સમે મહારાજ ખરડ પધાર્યા હતા તે પોતે તો અરજણ પટેલને ઘેર જમ્યા અને તળાવની પાળે આવીને લીંબડા તળે ઢોલિયો ઢળાવીને પોઢયા અને સાધુને તો પિપર તળે રસોઈ થાતી હતી. મહારાજ પોઢીને બેઠા થયા અને હરિભક્તોને મહારાજે કહ્યું જે, તમે જમ્યા ? ત્યારે તો હા પાડી. પછી મહારાજે કહ્યું જે, સાધુને કેમ છે ? ત્યારે તે બોલ્યા જે, સાધુને રસોઈ થાય છે. પછી મહારાજ ઝબકીને ઉઠયા ને કહ્યું જે, બધાય જમીને બેઠા છે અને સાધુને તો હજી વાર છે ! પછી મહારાજ એમના એમ અડવાણે પગે ઉઠયા ને એક હાથે રેંટો બાંધતા જાય છે, અરધો વાંસે ઢસરડાતો આવે છે, એમ આકળા થયા થકા આવીને કહ્યું જે, રસોઈનું કેમ છે ? ત્યારે સાધુએ કહ્યું જે, આટલા રોટલા થયા છે અને ખીચડી પણ થોડી છે. પછી મહારાજે જોઈને કહ્યું જે, એટલે શું થાય ઘી લાવો, જેટલું હોય તેટલું લાવો એમ કહીને પંગત બેસારી ને વાટકો લઈને મહારાજે સૌને ઘી પીરસ્યું અને રોટલો તો ચોથિયું ચોથિયું પીરસ્યો અને ખીચડી તો ચટણીની પેઠે પીરસી અને ઘી મનમાન્યું પીરસ્યુંએ રીતે સંતને જમાડતા હવા.(૩૩૦)

એક સમે ગઢડે મહારાજ પાસે બે હરિભક્ત કણબી માનકુવાના સાધુ થાવા આવ્યા, ત્યારે મહારાજે કહ્યું જે, તમે ફૂલવાડી ઉપર રહો. શા માટે જે સાધુ ઝાઝા છે, તે કઠોળ પૂગતું નથી માટે લીલોતરી એક આવી રહે ને બીજી તૈયાર થાય એમ કરો.

"રીંગણાં મૂળાં મોગરી, તાંદળીઓ ને મેથી;
સાધુ જમે બારે માસ, ખૂટે નહિ કાંયે કોઈથી,
કેળાં કેરી કાકડી, જામફળ અંજીર;
નારંગી દાડમ જમતાં, મેં જોયા બળવીર." (૩૩૧)

પછી એક દિવસ ઉકરડો ભક્ત મહારાજને દર્શને દરબારમાં આવ્યો. તે આવીને પગે લાગ્યો ત્યારે માથામાંથી ચિભડાનો કટકો પડી ગયો. તેનો બીયો ઉગેલ તેને જોઈને મહારાજે કહ્યું જે ભક્ત, આ શું? ત્યારે ઉકરડો ભક્ત બોલ્યા જે, મહારાજ ગામની ભાગોળે વાડી છે, તે રાત દિવસ ઢોર આવે છે. તે જો ઉંઘીયે તો ઢોર ખાઈ જાય. માટે રાતદિવસ ઉભા રહેવું પડે છે અને આતો ખાતાંખાતાં કટકો માથામાં ખોસ્યો હતો અને ઉપર વરસાદ વરસે તે લુગડું ભીનું રહે તે ઉગી આવ્યો છે. પછી મહારાજે પરમહંસને તેડાવ્યા અને કહ્યું જે, આ જુઓને માથે બાંધ્યાના લુગડામાં બીજ ઉગી નીસર્યા, માટે દેહ સામી નજર નથી રાખતો. માટે પરમહંસ તે તમે કે આ ભક્ત ? એ રીતની ઘણીક વાત કરી. (૩૩૨)

પછી મુનિમંડળે પ્રશ્ન પૂછયો જે, કર્મ અનાદિ છે કે જીવનાં કર્યાં થયાં છે. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, તમે કહો છો જે કર્મ અનાદિ છે, તે કર્મ અનાદિ કેમ થાય ? તેનું કારણ વિચારી જુઓ, જે ઋષભદેવ પ્રથમ તીર્થંકર થયા તેણે કર્મનું પ્રતિપાદન કર્યું છે, એમ કહેશો તો ઋષભદેવ અનાદિ થયા ને કર્મ આદિ થયાં. તે ઉપર તમે કહેશો જે, એવી તો અનંત ચોવીસીઓ થઈ છે, તો પણ વિચારો જે, આગળ કોઈક કાળે પણ કોઈક મોટા પુરુષો હશે તેણે શુભ અશુભ કર્મના વિભાગ કર્યા હશે તો પણ તે વિભાગના કર્તા અનાદિ થયા ને કર્મ આદિ થયાં. ત્યાં તમે કહેશો જે, કર્મે કર્મનું પ્રતિપાદન કીધું છે, તો પણ વિચારો જે, કર્મ તો દશ ઈંદ્રિયો તથા અંતઃકરણ વડે ઉપજે છે, તે વિના ઉપજતાં નથી, તો પણ ઈંદ્રિયો અંતઃકરણ અનાદિ થયાં ને કર્મ આદિ થયાં. બીજું વળી આ ચોવિસીમાં ઋષભદેવ પ્રભુ થયા છે, તે કોઈક દિ આગે તો જીવ હતા. તે દિ પણ કોઈક તો પ્રભુ હશે. તેણે શુભ અશુભ કર્મનો માર્ગ દેખાડયો હશે ત્યારે શુભકર્મ કરીને અશુભ કર્મ બાળીને પ્રભુ થયા, તો પણ આગે તે દિ જેણે શુભ અશુભનો વિભાગ કર્યો હશે, તે અનાદિ થયા ને કર્મ આદિ થયાં પણ એમ તો નથી, જે કર્મે કર્મનો પોતે પોતાની મેળે ઉપદેશ કર્યો છે, ઉપદેશ તો દેહધારી માત્ર વિના થાય નહિ.

તેનું દૃષ્ટાંત વિચારી જુઓ, જેમ કોઈક વાણિયાનું તથા ઉત્તમ કુળનું બાળક હોય, તેને પોતાના માતાપિતા હોય તે કહે છે ને શુભ અશુભની વિગત સમજાવે છે ત્યારે બાળક જાણે છે, પણ કોઈ કર્મ રુપ ધારીને કહેતું નથી જ્યારે માવતર કહે છે જે, હે પુત્ર, આ સર્પ છે, તે કરડે તો મરીએ ને આ અગ્નિ છે તેથી બળીએ. તે આદિ જેટલાં ભય સ્થાનક છે, તેને ઓળખાવે છે, ત્યારે ભય પામીને બાળક છેટે રહે છે. વળી તે બાળક માખી તથા કીડી આદિ જીવ છે તેને મારે છે, ત્યારે માવતર કહે છે જે, હે પુત્ર જીવ મારે પાપ થાય ને ઉગારે ધર્મ થાય એમ માવતર કહે છે, ત્યારે બાળક જાણે છે. પણ એમ તો નથી જે, માર્યું ત્યારે પાપે રુપ ધરીને આવીને એમને કીધું જે પાપ તેને થયું અને ઉગારે ત્યારે ધર્મ પણ ધરીને આવીને એમ કીધું નહિ જે હું ધર્મ છુંને તું ને થયો એ તો માવતરના કીધાથી પાપ પુન્યનો વિભાગ જાણે છે. એમ જુઓ તો પણ જેણે શુભ અશુભનો વિભાગ જણાવ્યો, તે અનાદિ થયા ને કર્મ આદિ થયાં. ત્યારે તમે કહો છો જે કુકડી પ્રથમ કે ઈંડું? પ્રથમ તો એ ઈંડામાં પાણી છે તે વડે થાય છે. ઈંડામાં સર્વ પાણી જણાય છે તે પાણી સૂક્ષ્મ કણ છે. તે વડે કરીને ઉપજે છે. વાત જક્તમાં પ્રસિદ્ધ છે ને તે કણ અજીવ છે ને તે કણમાં રહ્યો છે તે જીવ છે. તે કણનો સ્ત્રીના ઉદરમાં પ્રવેશ થયો છે. ત્યારે તે દેહ થાય છે. જેમ આ ચૌદ લોક અજીવ છે ને અનાદિ છે, તેમ એ કણને અમે દેહ કહીએ છીએ તે કણ વડે કરીને કર્મ થાય છે. પછી તે કર્મથી જે દેહ પામે છે તે વડે કરીને જેમ આગે શુભ અશુભ કરતો જાય છે, તેમ તેમ તે કર્મે કરીને દેહ ઉપજે છે ને સુખ દુઃખ પામે છે. તે કણ કેવો છે વાલાગ્ર શતભાગસ્ય તસ્ય ભાગસ્ય ભાગયોઃ એવો ઝીણો કણ છે, તે કણમાં રહ્યો છે, તે જીવ છે તે ચૈતન્ય છે, તે એ કણને સંબંધે રહીને કર્મ કરે છે. જેમ ચૌદ લોક છે તે સત્ય છે, તેમ એ કણ પણ સત્ય છે. તે કણ છે તે પ્રથમ દેહ છે ને અનાદિ છે. જ્યારે એ કણમાંથી છુટે છે ત્યારે મુક્ત થાય છે, કેવળીક થાય છે. એ કણ રુપ જે દેહ તેણે કરીને પ્રથમ કર્મ કર્યાં હોય, તેને સંચિત કહીએ. પછી જે કર્મ કરે છે તે કર્મે કરીને દેહ ને દેહે કરીને કર્મ છે પણ પ્રથમ જે કણરુપ જે દેહ છે, તે દેહે કરીને કર્મ ને કર્મે કરીને દેહ છે. માટે કર્મ અનાદિ કરી દેખાડો ને એ આશંકા સર્વે ભાંગો તો જેમ તમે કહો તેમ અમે કરીએ. એ પ્રશ્ન શ્રી સ્વામિનારાયણે લખાવ્યું છે તેનો ઉત્તર કરો તો હમારા સેવક લાખો માણસ છે, તે તમારા જૈન ધર્મનો ઉપદેશ લઈએ ને જો ઉત્તર સૂઝે નહિ તો તે સમજવાનો વિચાર કરજો. (૩૩૩)

એક સમે કારિયાણીમાં મહારાજે વાત કરી જે જીવને ઝીણો કહે છે તે પોતે ઝીણો જાણવો. જેમ ચાલીસ હાથની પાઘડી હોય તે મૂઠીમાં આવે અને વેજાગરો ન આવે કાંજે જાડાપોતો છે. તે પૃથ્વી પાવડે આવે ને જળ પાવડે ન આવે. કાંજે ઝીણાપોતો છે અને તે પૃથ્વીથી દશગણું વધુ છે, દશદશ ગણું ઝીણું છે માટે સળંગ ચાલ્યું આવે કે ઠામમાં આવે પણ પાવડે તથા ટોપલામાં ન આવે ને તે જળથી અગ્નિ દશ ગણો વધુ છે. દશ ગણો ઝીણો છે. માટે સળગાવ્યો આવે, પણ પાવડે તથા ઠામમાં ન આવે. તે એ તો સળગાવ્યો આવે. વાયુ ઠેલ્યો આવે. તે એકથી એક દશગણું વધુ છે ને દશગણું ઝીણું છે. એ રીતે અક્ષર પર્યંત જાણજો. (૩૩૪)

પ્રથમ મહારાજ પ્રગટ થયા તે સમે એક મુળજી નામે શ્રાવક હતો તે મહારાજને દર્શને આવ્યો. પછી મહારાજે વાત કરી ને ધ્યાનમાં બેસાર્યો તે સમાધિ થઈ ને ચોવીસ તીર્થંકરના દર્શન થયાં. પછી કહે જે મને સાધુ કરો. ત્યારે મહારાજે કહ્યું જે વાણિયા પછી વાત નહિ સાંભળે, માટે એનો વેષ રાખવો ને ઝાઝા વાણિયા હોય ત્યાં વાતો કરવી. પછી વાતો કરતો કરતો તે એક સમે એક ગામમાં અમરેલીની જાન પાંચ સાત આવેલી તેમાં વાતો કરતો, પછી જાન વિદાય થઈ. તે ભેળો માર્ગમાં વાત કરતા વાદ થયો તે વાણિયા કહે કે આજ કેવળીક હોય નહિ શા માટે જે પાંચમો આરો કઠણ છે. ત્યારે મુળજીએ કહ્યું જે હું કેવળીક છું. ત્યારે તેણે કહ્યું જે, કેવળીક પોતાની ઈચ્છાએ માવદે ખેતરમાં જાય. ત્યારે મૂળજીએ કહ્યું જે હું મારી ઈચ્છાએ માવદે ખેતરમાં જાઉં છું. એમ કહીને માર્ગને કાંઠે બેસીને દેહ મૂકી દીધો. પછી વાણિયે એમ કહ્યું જે સાધુ તરસે મરી ગયો.(૩૩૫)

એક દિવસ ગઢડામાં ઉતરાદે બાર ઓરડાની ઓસરીએ ઉમરાની માંહેલી કોરે મહારાજ બેઠા હતા અને નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને આત્માનંદ સ્વામી એ ત્રણ બહાર બેઠા હતા અને એક બાઈ માંદા હતા તે માંહેલી કોર ખાટલે સુતા હતા તે આગળ મહારાજ વાત કરતા હતા જે માંદા માણસને ખાધાનો નિમ ના રાખવો ને જે રુચિ હોય તે ખાય. એવી વાત કરતા હતા. ત્યાં મહારાજને અર્થે થાળ આવ્યો તે મહારાજ આગળ બાજોઠ મેલીને તે ઉપર થાળ ધર્યો. પછી મહારાજ ઉગમણે મુખારવિંદે જમવા બેઠા. તે રીંગણાનું શાક હતું, તે મહારાજ લઈને નિત્યાનંદ સ્વામીના હાથમાં આપ્યુંને કહ્યું જે જુઓને કાંઈ કસર છે? પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે સ્વાદમાં એ સમઝે નહિ. હું સમઝું એવું એ ન સમઝે. પછી મહારાજે હસીને બ્રહ્માનંદ સ્વામીને આપ્યું અને એક પૂરી પડસુદીના લોટની કુલેલ ને ધોળી તે હાથમાં લઈને નિત્યાનંદ સ્વામીને આપીને કહ્યું જે સ્વામી, આવી પૂરી ભાળેલ ? એવી રીતે નૌતમ લીલા કરતા હવા. (૩૩૬)

એક દિવસ જીવા ખાચરની ડેલીની આગળ ધર્મશાળા હતી. ત્યાં બ્રહ્માનંદ સ્વામી રહેતા. ત્યાં મહારાજ પધાર્યા અને વાત કરીને કહ્યું જે વાત બહુ ભારે થઈ, પણ રહેશે નહિ. માટે એ ઉપર કીર્તન કરો તો રહે પછી બ્રહ્માનંદ સ્વામીએ કીર્તન કર્યું છે.

એક વાત સુણો વ્રજવાસી રે, પુરુષોત્તમ બોલ્યા પ્રીતે,
સત્ય કહું છું હૃદે તપાસી રે, પુરુષોત્તમ બોલ્યા પ્રીતે.(૩૩૭)

એક સમે મહારાજ શરીરે માંદા હતા તે સાંભળીને સાધુ હરિભક્ત ઝાઝા ભેળા થયા. પછી પુંજેભાઈએ કહ્યું જે આપણે સર્વે અહીં છીએ અને મંદિરમાં કોઈ નથી. માટે તમે એકવાર આંટો દઈ આવો. પછી આત્માનંદ સ્વામી સાબદા થઈને ચાલ્યા અને પાળા બેસે છે તે ઉપર અગાસી છે, તે ઉપર ઢોલિયો હતો તે ઉપર મહારાજ આડે પડખે સુતા હતા અને મોઢા આગળ દાદા ખાચર બેઠા હતા અને આંખોમાં આંસુ ડણક ડણક ચાલ્યા જાય છે. પછી મહારાજે કહ્યું જે આવડા દિલગીર કેમ થાઓ છો ? પછી દાદાખાચર બોલ્યા જે, હે મહારાજ, હવે મારો કોણ ધણી ? પછી મહારાજે કહ્યું જે શીદને ચિંતા રાખો છો ? દેહ છતાં ખબર રાખી છે, તે કરતાં ખબર વધુ રાખીશું. ત્યાં આત્માનંદ સ્વામી આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે ક્યાં જાવું છે ? પછી મેં કહ્યું જે ધોલેરે. ત્યારે મહારાજે કહ્યું જે શું કામ છે ? ત્યાં પુંજાભાઈ બોલ્યા જે મહારાજ, જાવા દ્યો કામ છે પછી મહારાજે કહ્યું જે શું ધૂડય કામ છે ? ત્યારે આત્માનંદ સ્વામીએ જાણ્યું જે મહારાજને ગમતું તો નથી. પુંજાભાઈનું ગમતું જાણીને ગયા તો ખરા પણ જીવ તો ઉંચો ને ઉંચો રહ્યો. પછી રાત ધોલેરે રહીને બીજે દિવસ કમિયાળે ગયો. ત્યાં રાત રહ્યો. ત્યાં રાતે એમ જણાયું જે તેજ આકાશ ને પૃથ્વીમાં સમાય નહિ, એવું દેખાયું. ત્યારે એમ સંકલ્પ થયો જે, મહારાજે શું દેહ ઓચ્છવ કર્યો કે શું? પછી મારાથી રહેવાયું નહિ તે સાંજે કારિયાણી આવ્યા ને વસ્તા ખાચરને પૂછયું જે તમે ગઢડેથી આવ્યા તે મહારાજની શી ખબર છે ? ત્યારે કહ્યું જે કાલ ગોળ વહેંચ્યો અને કહ્યું જે, અમે સાજા થયા. માટે સૌ સૌને ઘેર જાઓ પણ મને તો એમ જણાય છે જે ઝાઝા માણસ ભેળા થયા, તે વેરવા સારુ કહ્યું પણ જાણે તો દેહ નહિ રાખે. (૩૩૮)

પછી સવારમાં હું ગઢડે આવ્યો. તે સજ્યાના ઓરડાની આથમણી ઓસરીએ ઢોલિયા ઉપર ઉગમણે ઓસીકે પડખાભર પોઢયા હતા અને નિત્યાનંદ સ્વામી એક પાસે હતા. તે આત્માનંદ સ્વામીને આવ્યા જાણીને નિત્યાનંદ સ્વામીએ મહારાજના મુખ ઉપરથી વસ્ત્ર કોરે કર્યું. ત્યારે મુખારવિંદના દર્શન કરીને આત્માનંદ સ્વામી ચાલી નીસર્યા. (૩૩૯)

પછી સવારમાં મહારાજે દેહ ઓચ્છવ કર્યો. પછી ડોલી બનાવી તેમાં બેસારીને ચંદન પુષ્પ ગુલાલે પૂજા કરીને ડોલી લીધી ને કીર્તન ગાતા ગાતા કુવલાડીએ લઈ ગયા. ત્યાં ભાઈ રામપ્રતાપજી હતા. તે જેમ ઘટે તેમ દેહનો સંસ્કાર કરતા હવા પછી ખરચને દિવસે દેશાંતરના બ્રાહ્મણ બહુ ભેળા થયા. તેને રુડી રીતે જમાડયા અને દક્ષિણાઓ આપીને બ્રાહ્મણોને બહુ રાજી કર્યા. (૩૪૦)

બીજું પરચાની વાત તો અમે નથી લખી તે શા સારુ જે, મહારાજે વાત કરી હતી જે કોણ પરચામાં સમઝે છે ? જુઓને, પાણીના બુંદમાંથી આવો મનુષ્ય દેહ સર્વ અવયવે યુક્ત થાય છે! આકાશમાં વાદળાં ક્યાંથી થયા ? ગાજવીજ

પાણી તારા આદિક ક્યાંથી થયા ? ક્યાં સમાય છે ? માટે સમઝે તેને તો એ પરચો જ છે તો અને જે બુદ્ધિહીણ છે તેને તો અઢાર ભાર વનસ્પતિ લીલી કરી, તે નજરમાં નથી આવતી અને હળાહળ કળિમાં સતયુગ કર્યો, એ પરચો ન સમજાય ત્યારે બીજો શો પરચો સમજે ? માટે મુરખને તો ભક્તનો કેરડો લીંબડો પલાવ્યો નજરમાં આવે અને મહારાજને દર્શને અનંતના પ્રાણ લીન થઈ જાતા. તે જોઈને કોઈ સત્સંગી નથી થયા. માટે ધર્મ, જ્ઞાન, ભક્તિ ને ભગવાનનો આશરો કરવો એ સંબંધી વાર્તા મુખ્યપણે કરવી. એ દિશની વાર્તા કરી હતી. (૩૪૧)

## પૂર્વછાંયો

આચાર્ય શ્રી રઘુવીરજી, લખવાની આજ્ઞા દીધી;
તેણે મહારાજ સાંભરે, એ કેવળ કૃપા કીધી.
સંત હરિ ભક્ત સઉ, એવી મહેરબાની કીજિયો,
મહારાજ વિના બીજું ન સાંભરે, એવી દુવા દીજિયો.

**ઈતિ શ્રીજી મહારાજની લીલાની વાતો ભાઈ આત્માનંદ સ્વામીની કરેલી સંપૂર્ણ.**